શ્રી જૈન સસ્તી વાંચનમાળા—નાં. ૧૬ વર્ષ ૫ મું સં. ૧૯૮૩.

ॐ ह्रीँ श्रीँ पार्श्वनाथाय नमः

# જગડુશાહ

અથવા

## જગતનો પાલનહાર.

મણીલાલ ન્યાલચંદ શાહ.

પ્રકાશક,

જૈન સસ્તી વાંચનમાળા.

ભાવનગર.

---

વીર સં. ૨૪૫૨ વિક્રમ સં. ૧૯૮૨

કીંમત રૂા. ૧–૮–૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રેમોપહાર.

શ્રીમાન્ ________________

________________

________________

ભાવનગર—ધી "આનંદ" પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

( પ્રકાશકે–સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે. )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સમર્પણ.

## સ્વ. દાનવીર શેઠશ્રી જમનાભાઇ ભગુભાઇ
## અમદાવાદ.

જૈન સમાજમાં જેમનાં કાર્યો ઝળહળી રહ્યાં છે. જેમની ઉદાર સખાવતો, ધર્મનિષ્ઠતા, શાંત સ્વભાવ, સરળતા, સ્વામીભાઇ પ્રત્યેનો પ્રેમ, જીવદયાના સંપૂર્ણ હીમાયતી, વ્યવસાયી છતાં નિત્ય ક્રિયામાં-વ્રત પચ્ચખાણમાં કોઇ પણ દીવસ નહિ ચુકનાર, નરરત્ન, સ્વર્ગવાસી છતાં દરેક જૈન બંધુના હૃદયમાં અમરપણે વિરાજમાન પુણ્યશાળી દાનવીર અને સમાજના અગ્રગણ્ય એવા આપને જગડુશાહ જેવા મહાન્ નરવીરનું ઐતિહાસિક પુસ્તક સમર્પી કૃતાર્થ થાઉં છું.

લી૦ આપનો

**અચરતલાલ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આભાર.

અમદાવાદના જાણીતા દાનવીર નરરત્ન સ્વ૦ શેઠ જમનાભાઇ ભગુભાઇનાં સુપત્નિ બેન માણેકબાએ ઉધાપન નિમિત્તે આ પુસ્તકની પ્રથમથી ત્રણસો નકલ લઈને મારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે તેઓશ્રીનો આભારી છું.

લી૦ પ્રકાશક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

જૈનોના મહાન્ પૂર્વ પુરૂષોનાં ચરિત્રો કેવાં તેજથી ઝળકી રહ્યાં છે તે બતાવવાનો અને એ વિશ્વમાન્ય માર્ગે પ્રજાને દોરવાનો આ ગ્રંથ-માળાનો ઉદ્દેશ અમારા વાચકોને સુપરિચિત છે. અમે બનતાંસુધી ઐતિહાસિક ચરિત્રોજ પસંદ કરી, રસિકતાનો રસ પૂરી વાચકો પાસે ધર્યા છે. કલ્પિત ચરિત્રો કરતાં આવાં ઐતિહાસિક ચરિત્રોની અસર પણ કંઇક જૂદીજ અને ઉત્તમ થાય છે એમ પણ અમે જોઇ શક્યા છીએ.

દાનવીર જગડૂશાનું નામ આપણા ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. વિક્રમની તેરમી સદીમાં એ પુરૂષે "જગતને જીવાડનાર" ની માનવંતી પદવી પ્રજાની પાસેથી મેળવી પોતાનું જીવતર યશસ્વી બનાવ્યું હતું. જે વખતે રાજાઓનાં ધન ભંડાર પણ ખાલી થઈ ગયા હતા અને પેટની આગ બૂઝવવા ચારેકોર આર્ત્તપોકાર થઇ રહ્યા હતા તે વખતે જગડૂશાહે ઠેક ઠેકાણે અન્નગ્રહ ખુલ્લાં મૂકી પોતાના માનવ જીવનની, ઉદારતાની અને જૈનશાસનની કીર્તિનો ડંકો બજાવ્યો ! એ ડંકાના નાદ આજે પણ ઐતિહાસિક વાતાવરણમાં આપણે સાંભળીએ છીએ. એવા પવિત્ર અને કીર્ત્તિશાળી પુરૂષના એક સંતાન તરીકે દરેક જૈન વાજબી અભિમાન લઇ શકે છે.

આપણા સમાજના દાનરૂપી વારી હમણા હમણા આછી ગતિએ વહેવા લાગ્યા છે. વિવિધ કેળવણીની અને ભૂતદયાની સંસ્થાઓ કેવળ દાનના અભાવે શોષાઇ જવાની ફર્યાદો આવવા લાગી છે. જૈનોના ઔદાર્યવૃત્તિને આડે જો કોઇ વિઘ્ન આવ્યાં હોય તો તે વિઘ્નોનો વિનાશ થાય અને જૈનોની જંગમશહૂર દાનશૂરતા પુનઃ પૂરા તેજથી પ્રકાશી નીકળે એ ઇચ્છાથીજ આ પુસ્તક પ્રકટ કરી અમો અમારા વાચકોના કરકમળમાં ધરીએ છીએ. ॐ શાંતિ. પ્રકાશક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# હવે વિલંબ ના કરતા.

કારણકે પાછલી સાલનાં પુસ્તકો શીલીકમાં રહેતા નથી. ગ્રાહક પુરતીજ નકલો છપાય છે માટે આવાં ઐતિહાસિક, નૈતિક–અને ધાર્મીક જીવન આપનારાં અને વાંચતાં કંટાળો ન આવે તેવાં પુસ્તકો મેળવવા માટે ગ્રાહક થવા વિલંબ કરવો નહિ. દર વરસે રૂા. ૩) માં આવાં ત્રણ પુસ્તકો ૯૦૦ પાનાનાં મળે છે. બધા ખરચની સાથે આ ખર્ચ જરૂરીયાત વાળો માની— લખો—

## જૈન સસ્તી વાંચનમાળા.

રાધનપુરી બજાર—ભાવનગર.

---

**તા. ક.** કોઇપણ જાતનાં જૈનધર્મનાં પુસ્તક મંગાવવા માટે તમારી ડાયરીમાં અમારૂં નામ લખી રાખશો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમણિકા.


| નંબર. | | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| પ્રકરણ | ૧લું. | મૂલ્યવંત મણિ. ... ... ... | ૧ |
| ,, | ૨ જું. | બાળા. ... ... ... ... | ૯ |
| ,, | ૩ જું. | જયંતસિંહ. ... ... ... | ૧૮ |
| ,, | ૪ થું. | જગડુશાહ. ... ... ... | ૨૬ |
| ,, | ૫ મું. | ભદ્રેસર. ... ... ... ... | ૩૪ |
| ,, | ૬ ઠું. | વિનોદ. ... ... ... ... | ૪૦ |
| ,, | ૭ મું. | પુત્રચિંતા ... ... ... ... | ૪૮ |
| ,, | ૮ મું. | સમુદ્રદેવનું આરાધન... ... | ૫૬ |
| ,, | ૯ મું. | હૃદય મંથન. ... ... ... | ૬૪ |
| ,, | ૧૦ મું. | સંસારસુખની વાટે. ... ... ... | ૭૧ |
| ,, | ૧૧ મું. | આર્દ્રપુરમાં. ... ... ... | ૭૬ |
| ,, | ૧૨ મું. | હા ! પ્રિયતમ ! ... ... ... | ૮૩ |
| ,, | ૧૩ મું. | આશ્વાસન ... ... ... | ૯૨ |
| ,, | ૧૪ મું. | શેઠ અને મુનિમ. ... ... ... | ૧૦૧ |
| ,, | ૧૫ મું. | યોગીશ્વર. ... ... ... ... | ૧૦૯ |
| ,, | ૧૬ મું. | હવે શું કરવું ? ... ... ... | ૧૧૯ |
| ,, | ૧૭ મું. | મસલત. ... ... ... ... | ૧૨૭ |
| ,, | ૧૮ મું. | પ્રલોભન. ... ... ... ... | ૧૩૪ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| પ્રકરણ | ૧૯ મુ. | મિથ્યાત્વનું સ્વરૂપ શું! ... ... | ૧૪૪ |
| ,, | ૨૦ મુ. | સમકિત શું કરે! ... ... ... | ૧૫૪ |
| ,, | ૨૧ મુ. | ભદ્રેસરનો ગઢ. ... ... ... | ૧૬૭ |
| ,, | ૨૨ મુ. | પીકદેવ. ... ... ... ... | ૧૭૭ |
| ,, | ૨૩ મુ. | કલ્યાણને માર્ગે. ... ... ... | ૧૮૬ |
| ,, | ૨૪ મુ. | ગધેડાને માથે બે શિંગડાં ઉગાડીને પણ દુર્ગ બંધાવીશ. ... ... ... | ૧૯૪ |
| ,, | ૨૫ મુ. | શાસન. ... ... ... ... | ૨૦૬ |
| ,, | ૨૬ મુ. | ધવલક્કપુરમાં. ... ... ... | ૨૧૭ |
| ,, | ૨૭ મુ. | કુંવરાજ વીરધવલ. ... ... ... | ૨૨૮ |
| ,, | ૨૮ મુ. | પરિવર્તન. ... ... ... | ૨૪૦ |
| ,, | ૨૯ મુ. | મદમર્દન. ... ... ... ... | ૨૫૧ |
| ,, | ૩૦ મુ. | સુખ શેમાં છે? ... ... ... | ૨૬૧ |
| ,, | ૩૧ મુ. | પરમદેવસૂરિ. ... ... ... | ૨૬૬ |
| ,, | ૩૨ મુ. | દુર્જન શલ્ય રાજા. ... ... ... | ૨૭૫ |
| ,, | ૩૩ મુ. | શત્રુંજયની યાત્રા. ... ... ... | ૨૮૪ |
| ,, | ૧૪ મુ. | વિભૂતિનો સદ્વ્યય. ... ... ... | ૨૯૧ |
| ,, | ૩૫ મુ. | જગડુશાહ કે જગતનો પાલણહાર. ... | ૩૦૧ |
| ,, | ૩૬ મુ. | શ્રીશ્રેયસૂરિ. ... ... ... | ૩૧૨ |
| ,, | ૩૭ મુ. | ગુર્જરેશ્વર વિશળદેવ ... ... ... | ૩૨૧ |
| ,, | ૩૮ મુ. | ઉપસંહાર... ... ... ... | ૩૨૯ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વર્ગસ્થ શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈ
અમદાવાદ.



જન્મ,
સં. ૧૯૧૫ પોશ શુદી ૨.

અવસાન,
સં. ૧૯૮૧ અષાડ શુદી ૧.

ફીનીક્ષ પ્રી વર્કસ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

॥ ॐ ॥

## સદ્ગત શેઠ શ્રી

# જમનાભાઈનો જીવનવિકાસ.

" अंगं गलितं पलितं मुंडं, दशनविहीनं जातं तुंडम् ।
वृद्धौ याति गृहीत्वा दंडं, तदपि न मुंचत्याशापिंडम् ॥

"અંગ ગળી ગયું, શિરના કેશ શ્વેત થઇ ગયા, મુખ દાંત વિનાનું થઇ ગયું અને વૃદ્ધ થઇ લાકડી લઇને ચાલવા લાગ્યો, તથાપિ માણસ આશારૂપ પિંડને છોડતો નથી." આશા અમર છે. " લાખો નિરાશામાં છુપાયેલી આશા અમર છે. " એમ માની આશા અને આશામાં માનવી સંસારમાં ફુલાઇ ફાળકો બની, રખડી રઝળીને છેવટ રવડી જાય છે. એ સાથે સત્ય તો એ સોચવાનું હતું કે " જીવન અમર નથી. " પુણ્યવન્તને એવાજ વિચાર અને વર્તન સાંપડે છે કે " દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્ય ભવ આત્મસાધન માટેજ છે. "

સંપત્તિ અને સંતતિ સાંપડે, વૈભવ અને સાહિબીનો વિકાસ થાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવું આપણે આપણા કલ્યાણ માટે કામ કરીએ તે આપણા ખરા અને ઉચ્ચતમ કલ્યાણ માટે જરૂરનું છે, તેટલું જ બીજાની સેવા કરવી તે આપણા ખરા સુખ અને કલ્યાણ માટે જરૂરનું છે, માટે જન્મીને ભૂમિને ભારરૂપ નહિ થતાં ભૂષણરૂપ થવું તેજ મનુષ્ય માત્રની ફરજ છે.

ઇંટો અને ચુનો, લાકડા અને લોખંડ, પાટીઆ અને જમીનોવાળી બેંકમાં મૂકેલા પૈસાના હિસાબમાં, ધંધા અને શોખમાં, વાડી ગાડી કે લાડીમાં, કંચન કે કામીનીમાં રહેલી કલ્પિત મોજમજાઓ કરતાં મનુષ્ય જીવનમાં બીજી મોટી ઘણી કલ્યાણકારી મજાઓ છે.

શ્રીમાન્ શેઠ જમનાભાઇ એટલે અનાથ મુંગા જાનવરોના પાળક પિતા, જીર્ણમન્દિરોના સાચા ઉદ્ધારક, દેવ ગુરૂ ધર્મના સાચા ભાવિક, જૈનધર્મના સાચા સહાયક, અને શ્રી શંખેશ્વર ભોયણી તીર્થોના સાચા રક્ષક. શેઠ જમનાભાઇ એટલે દાનની સાચી પ્રતિમા, સાચું જૈનત્વ, સાચી વિનયતા અને શાસનનું સાચું તેજ.

મ્હોટાઇનો મદ એમની ગર્ભશ્રીમન્તાઇને જરાયે છલકાવી શકયો નહોતો. લાખોની દોલતે એમના અસલી ખાનદાનીમાંથી વ્હેતા વિવેકના પ્રવાહને ખાળ્યો નહોતો. બબે મીલોના માલેકીપણાથી ઉભા થતાં કામના બોજાએ એમની ધાર્મિક દિનચર્યાને જરાયે પાંગળી કે ઢીલી કરી નહોતી.

આટલીબધી શ્રીમન્તાઇમાં વસેલી એમની સાચી સરળતા અને નિર્મળ નમ્રતા મ્હોટા તવંગરો અને ગરીબોને અજાયબીમાં નાંખતી હતી. એમની સાદાઇ તો એટલીબધી જગજાહેર છે કે સામાન્ય કોટીના બાળકોની સાથે વાર્તામાં પણ વિવેકભર્યું વર્તન કદી ગુમાવતા નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન્હાના બાળકોની સાથે પણ પોતે બહુ આનંદ ઉપજાવે તેવી ભાષા વાપરતા હતા. એમની લાંબી દરેક મુસાફરીમાં એમના મ્હોટીવયના સોબતીઓ સાથે " આનન્દમાં ઉમેરો " ન્હાના બાળવર્ગોની હાજરીથી હમેશાં થતો હતો. ક્રોધ કે કષાયની છાયા એમના ભવ્ય ચહેરા ઉપર કદી જણાતી નહોતી. આવી પડતા દુર્ઘટ બનાવને સંતોષ અને શાંતિથી સહેતા. " બાંધ્યું હોય તેટલુંજ ભોગવવાનું છે " એવું એ સ્વમુખે વદતા. ધન વૈભવની છલાછલમાં વસતાં છતાં, એકજ હુંકારાના સાદે સેવામાં દશ નોકરોની જોગવાઇ છતાં, સફેદ ઉંચા ઘોડાની મસ મોટી કાળી બ્રુમમાંથી ઉતરી, પોતાનાજ બગીચાના વિધવિધ જાતના ફુલોથી ભરેલી ઝોળી, પોતાના જ હાથે ઉચકીને, બ્હારની વાડીના કે સડક ઉપર શ્રી મહાવીરસ્વામીજીના દેરાસરના દ્વારમાં પ્રવેશ કરતા ત્યારે સહજ અન્તરમાં વસી જતું કે " પ્રભુના સાચા ભાવિક તો આજ શ્રેષ્ઠી છે. ધન્ય છે એ આત્માને. " દોલતની કમીના નહોતી; તથાપિ ઉદ્ભટ વેષ કદી નહિ સજતા, પણ સાચા જૈન–ગૃહસ્થને છાજતા અને ધર્મ–ભાવનાને દીપાવે એવાજ સાજમાં હમેશાં શોભતા હતા.

એમનો જીવન–વિકાસ ધાર્મિક ભાવનાથી તરબોળ હતો. એમની વૃદ્ધ નાડીમાં ધર્મ-ભાવનાનું યુવાન ખમીર જોસબંધ વહેતું હતું. પુસ્તક લખાવવામાં અને ચતુર્વિધ સંઘની ભકિતમાં પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરતા હતા. ધાર્મિક–ભાવનાના અંગે એમની દિનચર્યામાં ધાર્મિક દૃષ્ટિએ નિહાળશું તો આત્મિક સાધન સિવાય બીજું કાંઇ જણાતું નહોતું.

દરરોજ પ્રતિક્રમણ કરતા નિત્ય નવકારશી કે પોરસીનું પચ્ચ-

ખ્ખાણુ કરતા એ પચ્ચખ્ખાણુ પ્રભુપૂજા કર્યા પછીજ પારતા. ગમે તેટલા કામમાં હોય છતાં પ્રભુપૂજામાં ઉતાવળ કરતા નહિ; પણુ સમતા અને શાન્તિથી દેવસેવામાં બે કલાક ગાળતા. પ્રભુપ્રક્ષાલન અને અંગલુહણુ પૂજારી પાસે નહિ કરાવતાં જાતેજ કરતા. સ્નાત્ર ભણાવવાનો નિયમ રોજનો હતો. સ્નાત્રમાં રોજ સવા રૂપીઓ મૂકતા. ફળપૂજામાં બે સ્વસ્તિક ઉપર બે શ્રીફળ અને ઉત્તમ નૈવેદ્ય ધરાવતા. ઓછામાં ઓછા પચીશ વર્ષથી ગૃહ-ભોજનમાં તૈયાર થયેલી બધી રસોઇ રોજ નૈવેદ્યમાં મૂકતા. ગૃહદેરાસરની ઉપજ હરીપુરાના દેરાસરમાં મોકલાવતા. નિત્ય પ્રતિક્રમણુ ન બને તો સામાયિક કરતા અને તે ન બને તો દેવાલયમાં એક રૂપીઓ મૂકતા. દેવસિરાઇ-પ્રતિક્રમણુ અને નવસ્મરણુનો અભ્યાસ હતો. પર્યુષણુમાં છુટક છુટક ચાર ઉપવાસ કરતા. મ્હોટી તિથિ જ્ઞાનપંચમી, મૌન એકાદશી, કાર્તિકી, ચૈત્રી અને અષાડીએ પણુ ઉપવાસ કરતા. રાત્રી ભોજનનો ત્યાગ હતો. હમેશાં ઉકાળેલું પાણી વાપરતા. બાર તિથિ લીલોતરી બંધ કરી હતી. એમાં લીલાં કેળાં, કેરી કે દાતણુની પણુ છુટ રાખી નહોતી. પોતાના બગીચાના ફુલ રોજ ખાસ માણુસની સાથે કલોલ અને ભોયણી મોકલાવતા શહેરમાં પણુ ઘણા દેરાસરોમાં મોકલાવતા. પૂર્વાચાર્યવિરચિત પૂજાઓ ભણાવવા ઉપર સારો રાગ હતો. શેઠ જોઇતારામની ટોળીના સારા અભ્યાસી હોવાથી જાતે ઉલ્લાસપૂર્વક પ્રભુપૂજાઓ ભણાવતા.

સુપાત્ર-દાન દેવાની ભાવના તો કાયમને માટે એટલી હદ સુધી તીવ્ર અને ઉત્કૃષ્ટ હતી કે પરમપૂજ્ય સાધુ સાધ્વીની ઉત્તમ વૈયાવચ્ચની સાથે ખપજોગ વસ્તુઓ આલ્હાદથી વહોરાવતા. ચાતુર્માસ પહેલાં તો દર્શન

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાન અને ચારિત્રના તમામ ઉપકરણો શહેરના બધા ઉપાશ્રયે અને જરૂર જણાયે બહારગામોમાં પણ પૂરા પાડવામાં દરવર્ષે પુષ્કળ નાણાનો ખરચ કરતા હતા.

ગુરૂભક્તિનું તો જબરૂં વ્હેન એમના હૃદયસાગરમાંથી વહેતું હતું. તેનો પુરતો હેવાલ તો આપી શકાય એમ નથી. એમની વહેતી ભાવનાને " નાયગરાના ધોધ " ની ઉપમા આપી શકાય. પરમપૂજ્ય શાન્ત દાન્ત ઉપગારી વયોવૃદ્ધ પન્યાસજી મહારાજશ્રી દયાવિમળજી તથા પંન્યાસજી મહારાજ સૌભાગ્યવિમળજી તથા મુનિ મહારાજશ્રી મુક્તિવિમળજીની હંમેશાં ભક્તિ કરતા હતા. એમની માંદગી સમયની વૈયાવચ્ચ અને ભક્તિપૂર્વકની શુશ્રૂષા તો આત્મભોગ અને ખરચથી ભરપૂર હતી. એ મહાન્ આત્માઓના કાળધર્મ નિમિત્તે ઓચ્છવ–પુજાઓમાં ઘણું દ્રવ્ય વાપર્યું હતું. આ સિવાય દરેક મુનિમહારાજ પ્રત્યે તેમને અપૂર્વ રાગ હતો.

ફુરસદના સમયે ધર્મ કથાઓ, સઝાયો અને રાસો વિગેરે ધાર્મિક ગ્રંથો વાંચતા અને વંચાવતા. એમના ભાવિક હૃદયમાં નિરંતર એજ ભાવના ઉલસી રહેલી હતી કે " જીર્ણ મન્દિરનો ઉદ્ધાર કરવો. " જ્ઞાન-પૂજા–પ્રભુપૂજા એ એમનો અંગિત ભાવ હતો.

આ એમનું ધાર્મિક નિત્યકર્મ હતું. માંદગીના પ્રસંગ સિવાય કદી. એ ક્રિયાથી અળગા રહ્યા નથી.

મર્હુમશ્રીના મુખ્ય કેટલાક પરોપકારી કાર્યોની ટુંક રેખા આ સ્થળે દોરીશું તો તે અસ્થાને નહીં ગણાય.

પોતાની સમાન કોટીના પ્રતિષ્ઠિત ગૃહસ્થોને જરૂર જણાયે ગુપ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે સહાય આપવાને તેઓ ચૂક્યા નથી. દુઃખી દીન અને સાધર્મી બન્ધુઓની એવીજ રીતે માવજત કરતા સત્પાત્રોની માગણી તરફ સદા માનની લાગણીથી અમીદષ્ટિએ જોતા અને બુદ્ધિપૂર્વક એમનું સ્વાગત કરતા હતા.

એમના આંગણે આવેલ વ્યક્તિને કાંઇને કાંઇ દેતા, દીધા વગર પાછા જવા દેતા નહિ. આવનાર તો લઇનેજ જતા. માગણી કરનાર એમના પગથીએથી કદી વિલે મ્હોડે ઉતરતા નહિ. એમનું બારણું નિરાશાનું સ્થાન નહોતું. એ તો સદાને માટે આશા, આશ્વાસન અને દયાનું આશ્રમ દેખાતું. સાધર્મીઓની સેવાનું એવું તો "ગુપ્ત સંગ્રહસ્થાન" હતું કે એમના જમણા હાથનું દાન ડાબો હાથ જાણી શકે નહિ, એવી એમની ઘણી સખાવતો ખાનગી હતી.

લગ્ન અને જમણવારના ટાણાટચકે પોતાની ઉત્તરાવસ્થાને અંગે વધતી ઓછી હાજરી આપી શકતા, તથાપિ મરણ વિગેરેના વ્યવહાર પ્રસંગે માયા મ્હોબત, સગાવ્હાલા અને નાતજાતમાં સદા હાજરી આપતા. આવા બધાયે પ્રસંગો સિવાય વિશેષતા તો એ હતી કે, પ્રભુ–ભક્તિ, જળયાત્રા અને પૂજ્ય વંદનિય સાધુ–સત્કારના વરઘોડામાં અને શાસનોન્નતિના કાર્યમાં રસપૂર્વક ભાગ લેવાને હમેશાં વધુ ઉત્સાહી ને ખંતીલા રહેતા હતા.

દુનિયાએ એમાંજ આનન્દ માન્યો છે કે દીવાળીમાં હરકોઇ બ્હારગામથી ઘેર આવે. દીવાળીનું શુભ ટાણું સંસારી મોજમજામાં ઉજવે. સત્ય તો એ છે કે એ મંગળકારી પર્વો ધર્મારાધન માટે છે. પરમ કૃપાળુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરમાત્મા શ્રી મહાવીર દેવનું નિર્વાણ અને શાસનોપકારી ગણધરદેવ શ્રી ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન આજ પર્વમાં છે. એ સમયે સંસારી મળાએ, વિકથાઓ, પાપારંભનાં કાર્યોનો ત્યાગ કરવો અને ભલી ભાવનાથી આત્મસાધન કરવું યોગ્ય છે. એ લક્ષ્યમાં રાખીને સદ્ગત શેઠ જમનાભાઇ દરેક સાલ બહારગામ જુદા જુદા તીર્થોમાં દીવાળીનું પુણ્યપર્વ ધર્મધ્યાનવડે જ આરાધતા. ભદ્રેશ્વર, કુલપાકજી, ભાંડુક, સંમેતશિખર, રાણકપુર, માતર, ભોયણી અને પાનસર વિગેરે તીર્થોમાં જઇને દીવાળીનું ભલું ટાણું ઉજવતા. આ તીર્થોમાં જે જે ખામીઓ જણાઇ તે તે દૂર કરાવી છે, અને જરૂર જણાતી જગ્યાઓએ તીર્થોનો ઉદ્ધાર કરવામાં પુષ્કળ દ્રવ્ય ખરચ્યું છે.

શ્રી ભોયણીજી તીર્થ અસ્તિત્વમાં આવ્યું અને શ્રી મલ્લીનાથજી ભગવાનની પ્રતિષ્ઠા થઈ ત્યારથી એમની વર્ષગાંઠના દિવસે સ્વામીવાત્સલ્યનો જમણવાર શ્રી સંઘને દરેક સાલ આપ્યો છે.

શ્રી ભોયણીજીનું તીર્થ અસ્તિત્વમાં આવ્યું તે પહેલાં "સાચા દેવ" ની યાત્રા તરીકે "માતરનું તીર્થ" ગુજરાતમાં પ્રસિદ્ધતાની ટોચે બિરાજતું હતું. એ જુના તીર્થનો ઉદ્ધાર શ્રીમાન્ શેઠે એટલી મ્હોટી ઉદારતાથી કરવા માંડયો છે કે જ્યાં ઓછામાંઓછા ચારથી પાંચ લાખ રૂપીઆનો ગંજાવર ખરચ થશે. અત્યારસુધીમાં દોઢથી બે લાખ તો ખરચાઇ ગયા છે.

મ્હોટી અંબાજીનું ધામ ગુજરાતની ઉત્તર બાજુએ છે. એ પહાડપર વિમળશાહ મંત્રી વિગેરેએ બંધાવેલા પ્રાચીન કારીગીરી અને શિલ્પ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રના સુંદર નમુનારૂપ શ્રી નેમિનાથ ભગવાન વિગેરેના મ્હોટા વિશાળ જિનાલયો છે, જેના શિખરોના શૃંગો તરફ પહાડી વાદળીઓ ડોકીયાં કરતી દોડી રહી છે. એ દેવાલયોની સ્હોડમાં જૈનધર્મશાળા ન્હોતી તે પણ મર્હુમશ્રીએ નવિન બંધાવી છે.

કલોલમાં સ્થાનકવાસીની વધારે વસ્તી હતી. ત્યાં જિનમંદિર નહોતું. એની જરૂર જણાતાં મર્હુમના મોટા ભાઇ શેઠ મનસુખભાઈની ઇચ્છાથી નવિન દેરાસર, ઉપાશ્રય અને ધર્મશાળા બની છે. એની પ્રતિષ્ઠા, નવકારશી અને ઓચ્છવમાં આશરે દોઢ બે લાખનો ખરચ થયો છે. એ ઓચ્છવના આમંત્રણમાં અમદાવાદનો જૈન સંઘ, જૈન અને જૈનેતર શ્રીમંત વર્ગ કલોલ પધાર્યો હતો, જેમાં સર ચીનુભાઇ બેરોનેટ પણ હતા.

શ્રી મેવાડ જીર્ણોદ્ધારની ટીપમાં પચાસ હજાર રૂપીઆની મ્હોટી રકમ આપવાનું નક્કી કર્યું છે, દરેક સાલ દશ દશ હજાર આપી પાંચ વર્ષમાં તે પૂરી કરવાની છે. અત્યારસુધી ત્રણ વર્ષના ત્રીશ હજાર અપાઇ ગયા છે.

આસપાસ જીર્ણોદ્ધારના ચરણુમાં ન્હાની મ્હોટી રકમો મળીને લાખો રૂપિયાના ભેટણા મર્હુમ ભાગ્યશાળી શેઠે કર્યા છે.

જીવદયા એ તો એમનું વ્હાલસોયું ધન, પાંજરાપોળ એતો એમના આત્મ-પ્રાણ, એના રક્ષણ માટે જ અખૂટ સંપત્તિનાં સ્વામી બન્યા હતા, એમ સ્હેજે કલ્પી શકાય તેમ છે.

અમદાવાદના શિરેએક પાપ-કર્મનું કલંક ચ્હોટેલું હતું. તે જ્યારથી વસ્યું હશે ત્યારથી ભદ્રકાળી માતાને દુર્ગાષ્ટમીના દિવસે એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બકરાનું બળિદાન અપાતું હતુ. પાંચેક વર્ષ ઉપર અમદાવાદમાં હાલ બિરાજે છે એ પરમપૂજ્ય મુનિ મહારાજશ્રી રામવિજયજીનું ચાતુર્માસ હતું. એમની હિલચાલના અંગે આખું અમદાવાદ ખળભળી ઉઠયું. એનો અવાજ જીલ્લા કલેકટર મી. હાર્ટશોર્નની પાસે ગયો. શહેરમાં શાંતિ અને સુલેહ સાચવવાની ફરજ એ અમલદારની હતી. મી. હાર્ટશોર્ન સાહેબે કાળીમાતાના પૂજારીઓને તથા મહાજનના શેઠ તરીકે શ્રીમાન્ જમનાભાઇ, શેઠ મંગળદાસ, શેઠ સારાભાઇ ડાહ્યાભાઇને પોતાની રૂબરૂ બોલાવી વાટાઘાટ કરીને આખરે પતાવટ કરી આપી. દરસાલનું પાપકર્મ બંધ થયું. એક દશ હજારની રકમ વ્યાજે મૂકવાનું ઠર્યું. એના વ્યાજમાંથી માતાની પૂજાદિ ક્રિયા અને બ્રહ્મભોજનાદિ ખરચ કરવો ઠર્યો. એ રકમમાં ચાર હજાર રૂપીઆ મર્હુમ શેઠ જમનાભાઇએ આપી " કાયમની જીવહિંસા " બચાવમામાં હીસ્સેદાર બની મહા પુણ્ય ઉપાર્જન કર્યું છે.

ઢોરોના વસવાટને સારૂ રાંચરડા ગામમાં કેટલ-હાઉસીસ, પાણી પીવાના હવાડા, ચરવાને સારૂ મોટા બીડો ને ખેતરો પાંજરાપોળ તરફથી વસાવી દીધા છે. ત્યાં પચીસ હજારના ખરચે " ઢોરોના નિવાસ " પુરતી મર્હુમશ્રીએ પડાળીઓ બંધાવી છે. ખોડાઢોરના જીવન માટે લાખોની સખાવતો ઉદાર દિલથી કરવાને જરાયે થંભ્યા નથી. એ દાનનો પ્રવાહ ગંગાનદીના પૂરની જેમ આગળને આગળ ધપ્યે જતો હતો.

બાવીશ વર્ષથી સાર્વજનિક દવાખાનાનો લાભ શહેરી પ્રજાને આપે જાય છે, કાબેલ અને બાહોશ દાક્તરોને સારા પગારથી રોકયા છે. જેમાં રોજ ૩૦૦-૪૦૦ દર્દીઓની હાજરી કાયમને માટે રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાલમાં આશરે બે વર્ષ ઉપર એમના પૂજ્યપિતાશ્રી શેઠ ભગુ-ભાઇના વંડામાં એક નવિન જિનમન્દિર સાથે મ્હોટા રૂમોવાળી વિશાળ ધર્મશાળા બંધાવી છે. જ્યાં બહારગામના યાત્રાળુઓને ઉતરવાની ઉત્તમ સગવડ વાસણુ ગોદડાની સાથે કરી છે.

છેલ્લા દશ વર્ષથી ચૈત્ર અને આસો માસની આયંબિલની ઓળી શહેરમાં કેટલીએક જગ્યાએ જમે છે, પણ તે પહેલાં ભાગ્યેજ કોઇ કોઇ જગ્યાએ જોગવાઇ હતી. આજકાલ લગભગ પચાસ વર્ષથી મર્હુમ શેઠ-શ્રીના વડીલોના વખતથી તેઓ જમાડે છે.

જ્ઞાનોદ્ધારમાં-ગ્રંથો લખાવાવમાં ઘણું દ્રવ્ય વાપર્યું છે. માન્યવર માણેકલાલભાઇના લગ્નપ્રસંગે સાચા મોતી વિગેરે ઉંચી કીંમતના પીસ્તાળીસ છોડનું ઉદ્યાપન ઘણાજ ખરચે મ્હોટા શેઠના ભાગમાં કર્યું હતું. એ સમયે નવકારશી વિગેરે સત્કાર્યોથી શાસનનો સારો ઉદ્યોત પ્રકાશ્યો હતો. એમના જીવન-વિકાસમાંથી ધાર્મિક દૃષ્ટિએ આપણને ઘણું શિખવાનું છે-ગ્રહણ કરવાનું છે.

આ તે પ્રભુ-પૂજા ઉપર કેટલી પ્રીતિ ? પૂજા ભણાવવા ઉપર અંતરની કેટલી પ્રેરણા ? ભાવના અને ભક્તિની કેવી ધગશ ? એનું તો વર્ણન થઇ શકે એમ નથી. કુમસના આરિસાભુવન જેવા રમ્ય-જિના-લયમાં જેઠ વદિ ૧૪ના રોજ અંતરાય-કર્મની પૂજા ઉલ્લાસપૂર્વક ભણાવી, તથાપિ એ તાન જરાકે ઉતર્યું નહોતું. "અસાડ શુદિ એકમનો બેસતો મહિનો છે, માટે એ દિવસે તો બહુજ ધામધૂમથી પૂજા ભણાવવી છે" એ સદ્વિચારે જેઠ વદિ અમાસના દિવસે બધી તૈયારી કરી. સુરતથી ઉત્તમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકારનું ફળ નૈવેદ્ય મંગાવી રાખ્યું. એ ભાવનાપૂર્વક કરેલી તૈયારીનો અમલ નહિંજ થાય, એવી ખબર જ્ઞાની વિના બીજાને કયાંથી હોય ? " મનુષ્ય ધારે છે એક, કર્મ કરે છે કાંઇક બીજું. " " ઘડી પછી શું બનશે ? " તેની ખબર કોઇને નથી. ઉદય કાળની સૃષ્ટિ અંધારામાં જ ડુબેલી છે. પ્રભાતનું ખીલેલું પુષ્પ સાયંકાળે કરમાઈ જાય છે. દીવામાં દીવેલ ખુટયું એટલે ટપ દઇને દીવો ઓલવાઇ જાય છે.

સદ્ગત્ સાક્ષર રાજકવિ કલાપિના કાવ્યમાં કથીશ કેઃ—

" તે માર્ગનાં પથિક હોય બધાં દીસે છે,
છે મૃત્યુ, જન્મ, જીવવું, સહુ ભાસ માત્ર;
તો મૃત્યુથી રૂદન, જન્મથી હાસ્ય શાને ?
વૈરાગ્યમગ્ન રહી આયુ ન ગાળ શાને ? "

" શ્રીમાન્ શેઠ સાહેબ સાજા સારા કુમસમાં રાત્રીએ સુતા અને મોડી રાત્રે છાતીમાં સહજ દુઃખાવો થયો અને તુર્તજ હાર્ટફેઇલ થયું. " સુતી વખતે શ્રીમાનશ્રીને માલુમ નહોતું કે " થોડી વાર પછી આ ફાની દુનિયાને છોડવી પડશે, " એમની જીવન-રેખામાંથી એટલું તો જરૂર સોચજો કે, " શ્રીમંત કે રંક દરેકને અણધારી વખતે-નોટીસ વગર મ્હોતનું વારંટ લાગુ પડશે. " માટે મળેલી સંપત્તિ કે જ્ઞાનબુદ્ધિનો સદ્વ્યય **આત્મકલ્યાણ** કે **શાસનસેવામાં** જરૂર કરશો, એજ હિતકર છે, નહીં તો આવ્યા એવા ખાલી હાથે અને વિલે મ્હોઢે ચાલ્યા જવાનું છે. ઉત્તમ ભવ હારી ગયા પછી તો એમજ મનાઇ જશે કે છાણુ માંહેનો કીડો છાણમાં જ તરફડીને નાશ પામ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જુના સંસ્કાર છતાં નવા યુગમાં " મ્હારો ધર્મ, મ્હારૂં તીર્થ અને મ્હારી પાંજરાપોળ " કહેનાર અને માનનાર મર્હુમશેઠ જમનાભાઈ શ્રીમંતવર્ગમાં એક અગ્રગણ્ય વ્યકિત તરીકે ગણાતા હતા. એમાંજ એમની શ્રદ્ધા, મહત્તા અને કાર્યદક્ષતા અંકાતી હતી.

એમના જીવનનું સહુથી વધારે આકર્ષક પ્રકરણ તો ખોડાઢોર અને પાંજરાપોળને " યાવત્-ચંદ્ર દિવાકરૌ " ની જેમ સદા જીવતી રાખી તે છે. એમની યશસ્વી કારકિર્દી તો મુંગા ઢોરો–અનાથ જાનવરોના સંરક્ષણાર્થે દાખવેલી દયાથી કાયમને માટે ટકી રહેલી જ છે.

વિનય અને વિવેક. પ્રેમ અને દયા, અહિંસા અને ઉદારતા, દ્રઢતા અને નમ્રતા વિગેરે સાદાઇના અપૂર્વ ગુણો જેમના દૈવી જીવનમાં નિરંતર વહેતા હતા એવા આ દાનવીર શ્રીમાનના અવસાનથી એમના ધર્મશીલ પત્ની, એમના આયુષ્યમાન્ શ્રીમાન્ ભત્રીજા અને એમનો કુટુંબ વર્ગ તથા મિત્રમંડળ–એટલાને જ નહિ પણ આખા અમદાવાદને અને ભારતવર્ષની જૈનજનતાને પણ ભારે ખામી પડી છે. એ ખામી પૂરી પાડવાની ફરજ એમના માનવંતા ભત્રીજા શેઠ માણેકલાલભાઇના શિરે ઝૂકેલી છે.

વર્તમાન યુગમાં જીર્ણ મન્દિર અને ખોડાઢોરના ઉદ્ધારકનો કઠીણ અને ગુંચવાડા ભરેલો કોયડો ઉકેલનાર ઉદાર, સખાવતે બહાદુર, મ્હોટા શ્રીમાન્ શેઠ મનસુખભાઇ અને તીર્થ રક્ષણમાં આત્મ-અર્પણ કરનાર શાસનસહાયક સરદાર શેઠ લાલભાઇ જેવા જૈનકોમના બે શ્રીમાન્ તારાઓ આપણી પાસેથી ક્યારના અદ્રશ્ય થયા છે, એ છવાયેલો અન્ધકાર

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

હજુ દૂર થયો નથી, તે આગમજ્ઞ શ્રેષ્ઠીશિરોમણિ શેઠ જમનાભાઇ આજે આપણી પાસેથી ચાલ્યા ગયા. ગયા તે ગયા. કેટલોયે કાળ વહી જશે તોયે એતો કદીયે પાછા આવવાના નથી; પણ એમની ધાર્મિક ઉદારતા અને પરોપકારી જીવનની છાયા એમની અપૂર્વ શ્રદ્ધા--ક્રિયા સાથે શાસનમાં સદાના માટે સતેજ--જીવતીજ છે.

મર્હુમ શેઠ જમનાભાઇના ધર્મશીલ પત્ની શ્રીમતી ગં. સ્વ. માણેક બ્હેન મૂળથીજ ધર્મનિષ્ઠ, સમજુ બાહોશ, સુશિક્ષિત, શાન્ત સ્વભાવી અને વિનયવાન છે. એમના પવિત્ર મનમાં બાલ્યાવસ્થાથીજ ધર્મ અને વિનયના ઉચ્ચ સંસ્કારોના બી રોપાયા છે. ભાગ્યશાળી સુખી--ગૃહમાં વસવાટ થયા પછી એ ગુણોમાં પ્રતિદિન વધારો થતો ગયો છે, અને પ્રભાવશાળી શેઠશ્રીના સમાગમે પોતાની ધર્મજીજ્ઞાસામાં ઉદય પામતી અભિલાષાનો અમલ ધાર્મિક શિક્ષણ અને ક્રિયાઓમાં કરતા રહ્યા છે.

પૂર્વના પુણ્યકર્મોના યોગે મર્હુમ શેઠશ્રીએ આદરેલાં ધાર્મિક કાર્યો ગં. સ્વ. સુશીલ માણેક બ્હેન અધુરાં નહિ રાખે. મર્હુમ માન્યવરશ્રીના સન્માર્ગે ચાલી એમણે ચલાવેલાં ધાર્મિક ખાતાંઓ અને શાસનોન્નતિના કાર્યો કાયમ રાખવાને પોતાના આત્મિક-બળનો ઉપયોગ કરશે. સદ્ગત-શ્રીની આંન્તરિક ઈચ્છાઓનો સન્માર્ગે અમલ કરવાનું હરગિજ નહીભૂલે. એમની ઉજ્વળ કારકિર્દીમાં થયેલો ઉમેરો જોવાને પોતે સદા હોંસીલાં રહેશે.

આ બધી દયા, વિનયતા અને ઉદારતાનો જન્મ એમના અન્તરમાં નવો થયો નહોતો, એ સદ્ગુણો એમના પુજ્ય પિતાશ્રી શેઠ ભગુભાઇના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરફથી કૌટુમ્બિક વારસામાં પ્રાપ્ત થયા હતા. એમના મ્હોટાભાઇ માન્ય-વર શ્રીમાન્ શેઠ મનસુખભાઇએ સંગીન રીતે પોષ્યા હતા. મર્હુમ મ્હોટા શેઠ મનસુખભાઇએ સંપૂર્ણ સ્વતંત્રતા અને ઉદારતાથી ધર્મ દયા અને દાનનાં પરોપકારી કાર્યો કર્યાં છે. એ પ્રાણાલિકાને કાયમને માટે ટકાવી રાખવાનું મોંઘું સૂત્ર મર્હુમ શેઠ જમનાભાઇએ ગ્રહણ કર્યું હતું. એ મુજબ એમના સુજ્ઞ ભત્રીજા શેઠ માણેકલાલભાઇ પોતાના પૂજ્ય પિતાશ્રી અને મુરબ્બી કાકાશ્રીના માર્ગે ચાલી બન્ને મહાન દાનવીરોએ શાસન અને ધર્મના સોચેલા--આદરેલા કાર્યો ચાલુ રાખી નિભાવશે એવી જૈન સમાજ આશા રાખે છે.

આ દષ્ટાંત પ્રત્યે અન્ય શ્રીમંત મહાશય પૂરતું ધ્યાન આપશે. સદ્-ગત મ્હોટા શેઠ મનસુખભાઇ અને સરદાર શેઠ લાલભાઇના સમકાલીન શ્રેઠીઓ નગરશેઠ મણિભાઇ પ્રેમાભાઇ અને શેઠ ચીમનભાઇ નગીનદાસની શાસનસેવા અને જીવદયા ભૂલી શકાય તેવી નથી. એમણે છપનના દુકાળમાં ઢોરોના સંરક્ષણાર્થે અથાગ મહેનત ઉઠાવી હતી; અને એ પ્રસંગે ઢોરોની કતલ માટે નીકળેલા સ્લોટર-હાઉસના દુષ્કૃત્યથી આખા શહેરમાં ભયંકર ત્રાસ વર્તી રહ્યો હતો, ત્યારે એ સ્થિતિ નાબુદ કરવાને સારૂ શહેરીઓની એક ગંજાવર સેના ઉભી થઇ હતી. એ સેનાના મોખરે સૈન્યપતિ તરીકે અડગભાવે એજ મર્હુમ નગરશેઠ મણિભાઇ ઉભા રહ્યા હતા. તીર્થસેવામાં સરદાર શેઠ લાલભાઇની સાથે શેઠ ચીમનભાઇ નગીન-દાસની તર્કશક્તિ અને બુદ્ધિબળ ભલભલાને ચકિત કરે એવું અદ્‌ભૂત હતું. એ બધાની સાથે બુઝર્ગ શેઠ વીરચંદ દીપચંદની શાસનભક્તિ અને ધાર્મિક કાર્યો જગદ્‌વિખ્યાત હતા. આજે તો એ બધાયે જૈન-કોમના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાચા હીરાઓ ગુમ થયા છે. એ પૂજ્ય શ્રીમાનોની ખાલી પડેલી જગ્યાઓ એમના સત્પુત્રો પૂરશે અને એમના માનવંતા પૂજ્યશ્રીના પગલે ચાલી શાસન અને તીર્થોનું રક્ષણ કરી ધર્મની જાહોજલાલી પૂર્વે હતી તેવી વધારશે. જૈનકોમની એવી શુભેચ્છાઓને ફળીભૂત કરવાને તેઓ હરગિજ નહિ ચૂકે.

આ ન્હાનકડા પણ ધાર્મિક જીવાત્માના " જીવન વિકાસ " ના લેખને અન્તે સદ્‌ગત્ શેઠશ્રીના આત્માની શાન્તિ ઇચ્છવા માટે નીચેનું કાવ્ય પૂરતું છે.

" જ્યાં હો ત્યાં હો, પણ સુખી હશે, શાન્ત આત્મા નકી એ;
જ્યાં હો ત્યાં હો, પણ હૃદય કૈં, બોધ દેતું હશે એ.
શ્રીમાનોને, ગરીબ દિલની, વારતા શીખવીને;
જ્યાં હો ત્યાં હો, પણ પ્રભુકને, દોરતું કૈં હશે એ.

**( શ્રી વીરશાસનના પર્યુષણા સાહિત્ય અંકમાં ઉદ્ધરિત. )**



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ॐ ह्रीँ श्रीँ पार्श्वनाथाय नमः

# જગડુશાહ

અથવા

# જગતનો પાલનહાર.

## પ્રકરણ ૧ લું.

### મૂલ્યવંત મણિ.

પ્રાત:કાલનો સમય હોવાથી સવિતા નારાયણની સ્વારી શાંતિથી નિર્ગમન કરતી દૃષ્ટિગોચર થતી હતી. એ સૂર્યનાં તેજસ્વી કિરણોએ આસ્તેથી જગતને પોતાના તેજમાં અંજાવવાનો

J. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આરંભ પણ કરી દીધો હતો. લોકો પોત પોતાના કાર્યને અંગે અત્યારથીજ ધમાચકડીમાં પડેલા જોવાતા હતા. નાની, મોટી સુંદર લલનાઓ સુંદર વસ્ત્રાલંકાર સજીને માથા ઉપર પાણીનાં બેઢાં ચઢાવી પોતાના તેજ ગૌરવથી શહેરનાં ગૌરવ વધારતી જાણે સહસ્ર રશ્મિના તેજ સાથે સ્પર્ધા કરતી હોય તેવી જણાતી હતી.

આ સમયે એક ભરવાડ પોતાનાં બકરાંને શહેર બહાર સીમાડે ચરાવતો હતો, નાનાં મોટાં અનેક બકરાં એમાં વિદ્યમાન હતાં ચારો ચરાવતાં સમય મધ્યાન્હ લગભગ થવા આવ્યો, તેથી ભરવાડ ગામને પાદરે પાણીના હવાડા બાંધેલાં હતા ત્યાં બકરાંને પાણી પાવાને લાવ્યો પોહ ! પોહ ! કરતાં એમને પાણી પીવડાવી તૃપ્ત કરી નજીકમાંજ મોટા વડલાનાં ઝાડ હતાં ત્યાં આ ટોળાંને બેસાડીવિશ્રાંતિ લેવડાવી, મધ્યાન્હ સમય ત્યાંજ પસાર કરવો એ એનો ઉદ્દેશ હતો. એ ઉદ્દેશ મુજબ બપોર ભરવાડે ત્યાંજ ગાળ્યા.

આ અરસામાં કંઇક કાર્ય પ્રસંગે એક ભાગ્યવંત મનુષ્ય ત્યાંથી પસાર થતો હતો. એ મનુષ્યનાં વસ્ત્રો એની ખાનદાનીને શોભા આપે તેવાં હતાં. તેમજ શહેરમાં પણ તે મનુષ્ય મહાજન મંડળમાં આબરૂદાર ગણાતો હતો. જાતે વણિક હોવા છતાં કંઇક શૂરવીરતા, તેજસ્વીતા, એનામાં ચમકતાં હતાં. તેમજ ધન વૈભવથી પણ એ સુખી હતો. એતો એના નૂર ઉપરથીજ કળાઈ જતું.વ્યાપારીની સામાન્યતઃ જે જે વ્યાપારી–વ્યવહારિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કળાઓ હોય છે એમાં એ પારંગત હતો. એક તો પૈસાનું જોર, વળી એવો જ બુદ્ધિનોવૈભવ, તેમજ જાગૃત પુણ્ય અને કુટુંબી જનોની ઓથ એ સર્વે સંજોગો એને અનુકુળ હતા. જેવી રીતે વ્યાપારી કળામાં એ નિષ્ણાત હતો તેવીજરીતે જર ઝવેરાતની પરિક્ષા કરવી એતો એનું અનુભવેલું કામ હતું, જેથી લક્ષ્મી પ્રાપ્ત કરવી એતો એને મન એક રમત વાત હતી પોતાની બુદ્ધિનાવૈભવ વડે કરીને તે પ્રસંગ પ્રાપ્ત થતાં માટીમાંથી સુવર્ણ પેદા કરવાની શક્તિ ધરાવતો. આવો સમર્થ સમૃદ્ધિવંત છતાં વિધાતાએ એક ગુણ એનામાં એવો આરોપણ કર્યો હતો, કે જેથી લોકો એને જોઇને બળીરાજા કે કર્ણને પણ ભુલી જતા. આ જમાનામાં દીન, દુઃખી, ગરીબ, અને અનાથોનો એ કલ્પવૃક્ષ હતો. પોતાની શકિત પ્રમાણે કાંઈ ભેદભાવ રાખ્યા વગર અન્યનું દુઃખ હરવાને તે હમેશાં સાવધાન રહેતો હતો. એટલુંજ નહીં બલ્કે પોતાના કુટુંબ તેમજ સંબંધી વર્ગની પણ હમેશાં કાળજી રાખતો મુસ્કેલીને સમયે કુલ નહી તો કુલની પાંખડી આપીને પણ દુઃખીં જનોને મદદ કરીએ મને આપદામાંથી છોડાવતો. અરે આજના કલિકાલમાં સાક્ષાત્ કલ્પવૃક્ષજ મનુષ્યનો અવતાર લઇને જાણે ન જન્મ્યું હોય! એવો એ પુરૂષ પુંગવ દાનવીર હતો.

અચાનક એ ચકોર પુરૂષની દૃષ્ટિ પેલા ઢોરને પાણી પીવા ના બાંધેલા હવાડા ઉપર પડી. એણે નીલવર્ણયુકત પાણી જોયું અને ચમકયો."અરે પાણીતોહમેશાં પોતાનાસ્વભાવ પ્રમાણેજ

સ્ફટિક જેવું નિર્મળ જણાય છે અને ઢોરના પીવાથી ડોળાય તો ડોળાયેલું કહેવાય ત્યારે આતો નીલવર્ણ વાળું થઈ ગયું તો નક્કી આમાં કંઇક ભેદ છે. એવું કોઇ ઉત્તમ જાતવાન મણિ હોય તો એના સ્પર્શથી પાણીનો પોતાનો રંગ બદલાઈ જાય એના સ્પર્શથી રંગ બદલાય એમાં તે શું મોટી વાત છે! હમણાં હું જતો હતો ત્યારે તો નિર્મળ અને સ્વચ્છ હતું અને એટલી વારમાં તો પાણીએ પોતાનો સ્વભાવ બદલ્યો એતો આશ્ચર્ય."

વિચારમાં પડેલા એ ચતુર પુરૂષની દૃષ્ટિ ચારે કોર ફરી એણે શું જોયું ? આજુ બાજુ વડલાના વૃક્ષની શિતલ છાયામાં અનેક પશુઓ વાગોળતા મંદમંદ વાયુની લહેરોનો સ્વાદ ચાખતાં હતાં. એના માલેકો–ગોવાળો કોઇ ભાતું ખાતા હતા, કોઇ આરામ લેતા હતા, તો કોઇ વાતોમાં રસ લેતા હતા પેલા ચતુર પુરૂષે ગાય ભેંસ વગેરે દરેક પશુઓનું નિરક્ષણ કરવા માંડયું એ ભેદ જાણવાની એકાગ્રતામાં ઘરે જવાનું પણ ભૂલી ગયો કારણકે ફતેહ એ ક્ષત્રીયનું ધ્યેય હોય છે. શેઠને રંજન કરવાનું વાણોતરનું ધ્યેય હોય, સ્ત્રીનું ધ્યેય જેમ સ્વામીની સેવા હોય. વણીકનું ધ્યેય દ્રવ્ય હોય ! તેમ તે ભેદ જાણવાને એ ચતુર પુરૂષનું હૈયું આતુર થયુ.

હવે અનેક પશુઓનું નિરક્ષણ કરતો એ ચતુર પુરૂષ પેલા બકરાંના ટોળા પાસે આવ્યો બકરાં કોઈ સુતેલાં હતાં, કોઈ બેઠાં તો કોઇ ઊભાં હતાં કોઈ અરસપરસ મસ્તીના તો-

કાનમાં હતાં. જોતાં જોતાં એક બકરાના ગળામાં બાંધેલા મણિ–પત્થરના ટુકડા ઉપ એની નજર પડી. એ કાચ જેવો જણાતો પત્થરનો નીલવર્ણવાળો ટુકડો એણે ધારીધારીને જોયો તો એમાં એને અજબ પાણી જોવામાં આવ્યું. એની ચતુર દૃષ્ટિએ જોયું કે પાણીને નીલવર્ણ યુકત બનાવનાર તો ફકત આ કાચનો ટુકડોજ હતો, પણ ભરવાડને મન એનો હિસાબ નહોતો એ ઝવેરાતની પરિક્ષા ઝવેરીજ કરી શકે ગમે તેવું ઉચ્ચમાં ઉચ્ચ ઝવેરાત પણ આ અણઘડને મન પત્થર સરખુંજ હોય. એ ઇચ્છીતને આપનારૂં કિમતી મણિ છતાં ભરવાડને મન તો એ એક રમવાનો પત્થરજ હતો.

એ ચતુર પુરૂષે વિચાર્યું કે. "આ મણિ કોઈ પણ રીતે હાથ તો કરવોજ જોઇએ, પરંતુ જો ભરવાડ પાસે એની માગણી કરૂં તો એને કદાચ શક જાય, વળી અણમોલ મણિ છતાં એનું માહાત્મ્ય એ જાણતો ન હોવાથી એને મન પણ નકામું તો છે જ ને મારા હાથમાં ન આવે તો મારી બુદ્ધિને કલંક લાગે માટે મણિ તો સ્વાધિન કરવોજ જોઇએ." ઇત્યાદિક વિચાર કરતો તે મનુષ્ય એના માલિક પેલા ભરવાડ પાસે આવ્યો ભરવાડ લગાર આડે પડખે પડેલો, વાયુની લહેરીઓનો શાંત સ્વાદ ચાખી રહ્યો હતો તે શેઠને પાસે આવેલા જોઈ બેઠો થઈ બોલ્યો, "રામ ! રામ ! શેઠ ! રામ ! રામ ! ભુલા પડયા કાંઇ આ તરફ શેઠજી ? "

" રામ ! રામ ! ભાઈ ? આજ લગાર તારૂં કામ પડયું છે ? " બોલવામાં માધુર્યતા હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" મારા ગરીબનું આપ શ્રીમંતને કામ ? " ભરવાડ લગાર અજાયબ થયો.

" અજાયબ ન થા ? પ્રસંગે આ તૃણખલાનું કામ પણ શું નથી પડતું ? તો તું તો રૂડો રૂપાળો પાંચ હાથનો પહેલવાન્ મનુષ્ય છે. મનુષ્યનું કામ મનુષ્યને તો અવશ્ય પડેજ?"

" ફરમાવો ? મારા સરખું કામકાજ હોય તો ? " ભરવાડે કહ્યું. એનું હૈયું પ્રસન્ન હતું.

" કામ તો એટલુંજ કે ઘરે હમણાં અમારાં કુટુંબમાં એક નાનકડું બાળક છે. એને બકરીનું દુધ બહુજ માફક આવે છે. માટે આ તારી બકરીઓમાંથી એક સારી બકરી મને વેચાતી આપ ? " આવનારાએ પોતાનો બનાવટી ઉદ્દેશ કહી સંભળાવ્યો.

" એકને બદલે બે શેઠજી ? મારાં આટલાં બધાં બકરાં છે એમાંથી તમને પસંદ પડે તે તમે લઇ જાઓ ? "

" ના ભાઇ મારે તો એકજ બકરી જોઇએ છે ? એક તો ઘણીચે ? "

" તો ભલે એક લઇ જાઓ ? શેઠ ! "

" તુંજ બતાવને; સારી બકરી ક્યાં છે તે ? " શેઠે પૂછયું

" ઠીક ત્યારે હું તમને સારી સારી બકરીઓ બતાવું એમાંથી તમને ગમે તે લઇ જાઓ ? " એમ કહીને ભરવાડ ઉભો થયો. સારી સારી બકરીઓ પાંચ સાત શેઠને બતાવીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યુ. " શેઠજી ? આ બકરીઓનું દૂધ ફોર ને મીઠુ છે, તેમજ એ દુધ નાના બાલકને પણ પાચન થઇ શકશે માટે આપ મારા વિશ્વાસે લઈ જાઓ ? "

એ પાંચ સાતમાંથી શેઠજીએ જેની કોટમાં પેલો મણી લટકતો હતો એને પકડીને ભરવાડ પાસે ખેંચી લાવી કહ્યુ. " ઠીક ત્યારે તારા વિશ્વાસ ઉપર હું આને લઇ જાઉ છું. "

" ભલે જેવી તમારી મરજી ? એપણ સારીજ છે ! "

" ઠીક ત્યારે એની કિમત શું લઈશ ? " શેઠજીએ એની કિંમત પૂછી.

" એની કિંમત તમે આપો તે ? "

" ના ! ના ? તારો માલ છે તુંજ કહેની ? "

" શેઠ ! પચ્ચીશ રૂપૈયા આપજો ? "

" પચ્ચીશ રૂપૈયા એતો બહુ કહેવાય ! ભાઇ ? " શેઠે જરીક અજાયબી બતાવી.

" બે ઓછા આપજો, તમે રાજી થાઓ એમ કરો. તમારૂં તો અમારે દીન રાત કામ પડે છે ને, તો તમને રાજી રાખવા એ અમારૂં કામ છે ? "

" ઠીક ભાઈ, વીશ રૂપૈયા આપીશ ! "

" એતો બહુ ઓછા શેઠજી ? "

" કંઈ નહી હવે ? ઠીક છે. રાજી થાને ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" ભલે શેઠ ! લઈ જાઓ તમે રાજી થાઓ એટલે બસ ! "

તે પછી ભરવાડે એ બકરીના ગળામાંથી પેલો પત્થર છોડી લેવા માંડયો તે જોઇ શેઠ બોલ્યા. " ભાઈ ? એ શું કરે છે ? ભલે ને એ પત્થરો રહ્યો; મારાં છોકરાંને રમવાને કામ લાગશે. તને એ પત્થરો કયાંથી મળેલો ભાઇ ? "

" શેઠ ! એક દિવસ એ રસ્તામાં પડેલો મારા જોવામાં આવ્યો. સુંદર અને ઝગઝગાટ કરતો. લીલાવર્ણવાળો જોઇને એ પત્થરો મને બહુ ગમ્યો જેથી મેં એને ઉપાડી લીધો હં-મેશાં મારા છોકરા એનાથી રમતાં. આજે રમતાં રમતાં છોક-રાએ આ બકરીને ગળે બાંધ્યો લાગે છે, તો સાંજના માગે તો એને આપવા જોઇએ માટે હું લેતો હતો. "

" તારા છોકરા આજસુધી રમ્યા હવે બે દિવસ મારા છોકરાંને પણ રમવા દે બિચારા ભલેને રમે ? એવી નવીન વસ્તુ છોકરાઓને તો બહુ ગમે છે. તારા છોકરાંને તું સમજાવજે. બજારમાંથી એમને માટે હું તને તારી કિંમત ઉપરાંત ભાતુ-ખાવાનું અપાવીશ તે આપજે એટલે છોકરાં ખુશી થશે. " શેઠે ભરવાડને સમજાવી પત્થર છોડતો અટકાવ્યો.

શેઠની વાણી સાંભળીને ભરવાડ ખુશી થયો. " ભલે શેઠ ! તમે રાજી થાઓ લ્યો ત્યારે બકરી મુકવાને હું તમારે ઘેર આવું ? "

" ભલે ચાલ ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભરવાડ પોતાનાં બકરાંને બીજા ગોવાળોને ભળાવી પોતે પેલી બકરીને લઇ શેઠની સાથે એમને ઘેર જઇ બકરીને મુકી આવ્યો. શેઠે એની કિંમતના રૂપૈયા આપી દીધા ઉપરથી સારી રીતે મીઠાઈ વગેરે ખાવાનું અપાવીને ભરવાડને ખુબ ખુશી કર્યો. પ્રસન્ન થયેલો ભરવાડ શેઠનો આભાર માનીને પોતાને ઠેકાણે ચાલ્યો ગયો. એ શેઠ તે બીજો કોઇ નહી પણ **જગડુ-શાહ** પોતેજ હતા !

# પ્રકરણ ૨ જું.

## બાળા.

" આહા ! શું મનોહર ચિત્ર ! આ વદન કેવું સુંદર અને હસુ હસુ થઈ રહ્યું છે. જાણે હમણાં આપણી સાથે વાતો કરશે ? લલાટ ઉપર વાંકડીયા કેશની ઓળવાની શી છટા ? શરીરનો ઘાટ, એનું લાવણ્ય, ઓજસ્વિતા, એતો બાઇ હદ ! જેવી શરીરની સૌંદર્યતા, એવું જ વસ્ત્રાલંકારનું સૌંદર્યપણું ! હાય ! આ છબી જોઇને હૈયામાં તો જાણે કંઇ કંઇ થઇ જાય ! છબીમાં આટલી મોહકતા તો પછી આ મૂર્તી જો પ્રત્યક્ષ ઉભી હોય તો એમાં કાંઇ ખામી હોય કે ભલા ? " આ ઉદાર રમણીય ઉદ્ગારો એક અનુપમ બાળાના હતા. બાળાની ઉમર માંડ તેર વર્ષની હતી. એ દાડમની કળી સમી દંતપંક્તિથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૃદુ મૃદુ હસી રહેલા ચંદ્ર વદનમાંથી એકાંતનો લાભ લઈને આ શબ્દો બહાર નિકળતા હતા. શ્રીમંતાઇના વૈભવમાં ઉછરેલી એકની એક બાળાના સૌંદર્યમાં શું ખામી હોય ? એ બાળાનું નામ પ્રીતિમતિ હતું. પ્રીતિમતિ તે જગડુશાહની એકની એક લાડકોડમાં ઉછરેલી દિકરી ?

ઉપર પ્રમાણે શબ્દો બોલતી બાળા પ્રીતિમતિનું ધ્યાન એ છબીમાંજ હતું. છબીમાં એની એટલી તો એકાગ્રતા હતી કે પાસે કોણ આવેલું એનું ભાનપણ એણે ખોયેલું. ધ્યાનમાં લયલીનવાળો યોગી જેમ પરમાત્માના ધ્યાનમાં એક ચિત્તવાળો થઇ સંસારની મોહ માયાને પણ ભૂલી જાય છે. ભકત જેમ પ્રભુ ભકિતમાં મસ્ત થઇ દુનિયાની આળ પંપાળથી મુકત થાય છે. એવીજ રીતે બાળા પ્રીતિમતિ પણ ઇષ્ટવસ્તુના ધ્યાનમાં એકાગ્ર ચિત્તવાળી હોય તો એનો એમાં શું દોષ ? હરકોઈ પ્રાણી પોતપોતાની ઈષ્ટ વસ્તુનું ધ્યાન ધરે, યોગી યોગીશ્વરનું ધ્યાન ધરે, પોતાને ઈષ્ટ હોય એનું ધ્યાન કરે, એના–એ ધ્યાનમાં યોગી કરતાંય સંસારી અવશ્ય ચઢી જાય. કારણ કે યોગીને તો મહેનત કરતાં એ ઈષ્ટ વસ્તુનું ધ્યાન થઇ શકે. ત્યારે આપણે સંસારીઓ તો આપણી ઇષ્ટ વસ્તુનું ધ્યાન અનાદિકાળનો અભ્યાસ હોવાથી સહેલાઇથી કરી શકીયે ! બાળા પ્રીતિમતિનું ધ્યાન પણ એવું અનાદિકાળના અભ્યાસથી સહજ સાધ્ય હતું, અત્યારે એ બાળાનું ધ્યેય કહો કે સાધ્યબિંદુ કહો અથવા તો એનું સર્વસ્વ કહો પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ છબીમાં રહેલી ઇષ્ટ વસ્તુજ હતી. એ યુવાનીના મુંગા મંત્રો બાળા એ છબી—પ્રતિકૃતિના કાનમાં કુંકી રહી હતી. છબીમાં આળેખેલા એ ચિત્રામણને જોઇને સાક્ષાત્ ઉપસ્થિત વસ્તુની માફક પોતાના હૈયાની ઉર્મિઓ એના આગળ ઠાલવે જતી હતી.

અત્યારે એકાંત હતી. મકાન પણ આલિનશાહ–વિશાળ હતું, પોતાના એક સુશોભિત ભવ્ય ખાનગી ઓરડામાં એક હિંચોળા ઉપર બેઠી બેઠી બાળા અનેક ભાવો હૈયામાંથી ઠલવી રહી હતી. તેની જ પછવાડે ઉભેલી એક બીજી બાળા એ બધી એની ચેષ્ટા જોતી હતી. મનમાં ને મનમાં એની વિહ્વળતા ઉપર હસી હસી મુખ મલકાવી રહી હતી. એના પ્રિયતમના ધ્યાનમાં એકાગ્રચિત્તવાળી આ બાળાને ક્યાં ખબર હતી કે એની ચેષ્ટા એક જણ ચોરીછુપીથી જોઇ રહ્યું છે. કેટલીય વાર પર્યંત આ બાળા બિચારી ઉભાં ઉભાં થાકી ગઇ. પણ આ તરૂણ યોગિનીની સમાધ તો લંબાયે જતી હોવાથી આજને આજ પૂર્ણ થાય એમ એને ન લાગ્યું, ત્યારે એણે વિચાર્યું કે " હવે તો પ્રત્યક્ષ થાઉં ! એ વરઘેલી છબીના ધ્યાનમાં બધી દુનિયાને અત્યારે ભૂલી ગઇ છે. એ તો એની ઇષ્ટ વસ્તુના ધ્યાનમાંજ બસ એકચિત્ત થઇ રહી છે. " એટલામાં તો એણે શું જોયું. બાળા એ ચિત્રને પોતાની દૃષ્ટિ સામે સ્થિર રાખી યોગી જેમ પદ્માસનવાળી સમાધિમાં લીન થાય એવી રીતે એણે પણ છબીમાં એક ચિત્ત રાખી પ્રથમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગીની માફક સવિત્તર્ક સમાધિ કરવા માંડી. સવિત્તર્કમાંથી નિર્વિત્તર્ક સમાધિમાં એણે પોતાનાં ડગલાં લંબાવવા માંડયાં. જેમ જેમ એની એકાગ્રતા વધવા માંડી તેમ તેમ એને રસ પડવા માંડયો. પણ અચાનક એ સમાધિમાં એક વ્યક્તિએ દખલ કરીને પેલી છબી એકદમ ઉપાડી ખડખડ હસી પડી. " વાહરે મોટા યોગીરાજ ! આહ ! શું તમારી સમાધિ ! "

સમાધિનો ભંગ થતાંજ બાળા જેમ નિદ્રામાંથી કોઇ જબકીને જાગે એમ અકસ્માત ઝબકી ઉઠી. " કોણ એ ? " એના મુખમાંથી આકસ્મિક એવા ઉદ્‌ગારો નીકળ્યા.

" પ્રીતિ ? બોલ તો, સમાધિમાં કયા ભગવાન્ તને દર્શન દેવા પધાર્યા હતા વારૂ ? " બાળા હસી. એનું સુંદર ઘાટીલું શરીર પણ જાણે હસી હસી રહ્યું.

" શશી ! તું વળી અત્યારે ક્યાંથી નવરી પડી કે મારી સમાધિ ભંગ કરી ? " બાળા પ્રીતિમતિ કંઇક ઝંખવાણી પડી ને પોતાનું પોગળ આ રીતે વેરાઇ ગયેલું જોઇ એને જરા શરમ આવી.

" તારી સમાધિ જોવા ! અત્યારે ન આવી હોત તો અમારા બાળ યોગીરાજની આવી સમાધિની મને શું ખબર પડત ! પ્રીતિમતિ બોલ તો ખરી, તું સમાધિનો અભ્યાસ વળી ક્યારથી કરવા લાગી. " એવા ટોણાથી એ મશ્કરી થતી હતી, એમાં મીઠાશ ભરી હતી, સ્નેહનો ઉભરો ઠલવાતો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

“ સરસ્વતિ ? પણ તું ક્યારની અહીંયાં ઉભી છે ? અરર ! મારી બધી વાત ત્યારે તો તું સાંભળી ગઇ હશે ખરૂં ને ? ” પ્રીતિ હસી અને મધુરતાભર્યા નાદે બોલી.

“ ક્યારનીય ! પણ તને અત્યારે મારી સાથે વાત કરવાનીયે પરવા કયાં છે ? પણ પ્રીતિ ! બોલ તો ખરી આ છબીમાં એવું તે શું કામણ છે કે તું એમાં મુંજાઇ ગઈ હતી. ”

“ ત્યારે એમાં ખામી શું છે ? ” પ્રીતિએ કહ્યું.

“ ખામી ? ઘણીય ! પણ તે હું તને કહીશ નહી ? ” ચીડવવાની ખાતર સરસ્વતિએ પ્રીતિની મજાક કરવા માંડી.

“ ઘણીય ! તું શું બોલે છે શશી ! ઘેલી તો થઇ નથી ને ? આવી સુંદર છબીમાં પણ તું શું દોષારોપણ કરે છે ? ” કંઈક કટાક્ષથી પ્રીતિ બોલી.

“ તે તારે મન હશે. પ્રીતિ ! જગતમાં ગરજવાનને અક્કલ હોય નહી, મતલબીને દોષ દેખાય નહી. ગમે તેવું બાલક માતાની નજરમાં તો રૂપાળુંજ જણાય. સ્ત્રીને ગમે તેવો પતિ પણ પ્રથમ દ્રષ્ટિએ તો મનમોહનજ લાગે. તેમતને પણ એ ઘેલછા લાગેજ ને ? ” શાંતભરી ઢબે શશીએ કહ્યું.

“ ઠીક બાઇ ગમે તેમ પણ મારે મન તો એ હૈયાનો હાર ને કોડિલો કહાન છે સમજી ? તારા વર કરતાં તો આ સારો છે ને ? મીજાજ શાની કરે છે વળી ? ” ચીડવાઇને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રીતિએ કહ્યું. " એ તો કહે ભલા ! શશી ! તને આમાં ખામી શી દેખાઈ તે ? "

" પણ પ્રીતિ ? અમે કાંઇ તારી માફક વરઘેલાં નહોતાં થતાં ? છબી જોઇને ગાંડાતુર થઇ જવું ને જેમ તેમ બોલવું એ તો પ્રીતિનેજ શોભે ? પ્રીતિ ? "

" હવે રાખની ? તું ગાંડી નહોતી થતી એ બધીય મને ક્યાં ખબર નથી ? આજ પાછી ડાહી ડમરી થઇ ગઇ છે તે હું બધુંય જાણું છું સમજીને શશી ? "

" ઠીક હવે જવાદે એ વાત; પ્રીતિ ? શું આ છબી તને બહુ ગમે છે કે ? પણ કહે તો ખરી અલી હવે લગ્ન કરવાનું મુહૂર્ત્ત કયારે આવે છે તે ? " શશીએ વાતનો વિષય ફેરવ્યો. " કહે તો પ્રીતિ ? આ તારો કાગળ પત્ર લખે છે કે નહી, કંઈ ભેટ મોકલાવી કે ? તદન લુખે લુખુ છે, "

" એવી નમાલી વાત મને શું પૂછે છે; શશી ! પરણ્યા પહેલાં વળી કાગળ શા ને ભેટ સોગાદો પણ શી ? કોઇ જાણે તો આપણા ઉંચ્ચ કુળની લાજ આબરૂ શી ? "

" વાહરે મોટી આબરૂવાળી ! પ્રીતિ ! મારાથી છુપાવે છે. જુદાઈ ગણે છે. ઠીક છે તો હું પણ આજથી તને કંઇ વાત કરીશ નહી ? " શશીએ મોં ચડાવીને ત્યાંથી ચાલવા માંડયું. " ઠીક તને ન ગમતું હોય તો હું જઇશ ત્યારે; આવજે પ્રીતિ ? "

" પણ શશી ? કયાં જાય છે ઉભી રહે ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"ના મારે કામ છે ?"

"અલી શશલી ઉભી તો રહે ? એક વાત કહું ? આવું ગુમાન તે શું રાખે છે ? તારા સ્વામિ આગળ પણ શું આવુંજ ગુમાન રાખે છે ? તારે ને એને કેમ બને છે એ તો કહે ?" પ્રીતિએ એનો છેડો જાલીને ઉભી રાખી. એનો નાજુક હાથ ખેંચીને પોતાની પડખે બેસારી.

"બહુજ સારૂ બને છે ? વળી ? એ કેવી રીતે બને છે એની થોડા દિવસ પછી તને પણ ખબર પડશે. ઉતાવળી શા માટે થાય છે." શશીએ કહ્યું. "પણ પ્રીતિ કહે તો તારા વરનું નામ શું ?"

"તું વળી આવું તે શું પૂછે છે. શરમાતી નથી. વરનું નામ તે કોઇ પોતાના મોંએ બોલતું હશે ?" પ્રીતિએ એને ગાલ ઉપર એક ચુંટી ખણતાં કહ્યું.

"નામ દેતાં શરમાય છે શાની ? વરનું નામ લેવાથી તો પુણ્ય થાય ? સૌભાગ્યમાં વૃદ્ધિ થાય. બોલતો એનો પહેલો અક્ષર શું છે ?"

"ય....શો...." પ્રીતિ બોલતાં બોલતાં અટકી પડી.

"એમ, યશોદેવ કે પ્રીતિ." શશી બોલતાં બોલતાં હસી પડી.

"હા ?" તેં આખરે મારા મોંયેથી નામ બોલાવ-રાવ્યું, શશી ? જબરી બાઇ ? તારા વરને પણ આમજ સતા-વતી હશે. બિચારાને ટળવળાવતી હશે ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" એ સતાવવું એ ટળવળાવવું તને પણ સમજાશે. આપ અનુભવ વગર એની રમણિય લહેજતની ખબર ન પડે, પ્રીતિ ? હવે તારેયણ કયાં ઝાઝી વાર છે ? "

" વારજ છે. આ વર્ષે કાંઇ લગ્ન થાય તેમ તો નથીજ ? " પ્રીતિએ બનાવટી વાત ઉભી કરીને કહ્યું.

" શા માટે ન થાય. તું કાંઇ હવે નાની કીકલી નથી તે આ વર્ષ તારાં માતા પિતા એમે જવાદે ? કામ ઉકેલ્યું એ સાચું ? ને ઉકેલવાના વાયદાજ ? પણ તને વહેલું પરણવું નથી ગમતું કે પ્રીતિ ? "

" જરીય નહી ? શશી ? માબાપના ઘેર લાડકોડમાં કેવાં ગેલ થાય છે. સાસરે ગયા પછી એમાંનું કંઇયે ન થાય, એ તું કયાં નથી જાણતી શશી ? "

" પણ એક વાત તો થાયજ ? નવી દુનિયાનો અનુભવ થાય, નવીન સૃષ્ટિ જોવાય, પતિ તરફના લાડકોડ તો ત્યાંજ પરિપૂર્ણ થાય. માતાપિતાના લાડકોડનો તે એની આગળ કંઇયે હિસાબ ન હોય, સમજી ? " શશીએ કહ્યું.

" એમ શું કુંવારા કરતાં પરણેલી જીંદગીને તું અધિક પસંદ કરે છે ? મને તો સાસરૂ એ એક આ જમાનામાં કેદખાના જેવું લાગે છે, સાસુ, નણંદી, જેઠાણી વગેરેના સકંજામાં રહેવું, એ તલવારની ધાર પર રહેવા બરાબર શું નથી કે ? આપણા આર્ય સંસારમાં કન્યાના સાસરે જવા પછીના એની ઉપરના જુલમના ભવાડા તું નથી સાંભળતી ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" તે હશે, પણ તારે તો એમાંની આપદા ક્યાં જોવી પડે તેમ છે, પ્રીતિ ? પિયરમાં માતાપિતાના લાડ સાસરે જઇશ તો ત્યાં પણ પ્રિયતમનાં લાડ તું તો નશીબદાર છે પ્રીતિ ? " શશીએ કહ્યું. " તારા સુખની તો બીજાને ઈર્ષ્યા થાય, હશે તું સુખી તો અમારે મન પણ નિરાંત ? તને સુખી જોઈ અમે પણ ખુશી થશું સમજીને ? "

" તો શશી તારા મોં માં સાકર ? " પ્રીતિએ પોતાની સખીને કહ્યું.

એ પછી કેટલીએક આડી અવળી વાતો કરીને સરસ્વતી પોતાને ઘેર ગઇ. સરસ્વતી એ પ્રીતિની બાળસખી હતી. બન્ને સખીઓ એક બીજાની ખાનગી વાતોમાં રસભર્યો ભાગ લેતી. ને અરસપરસ મીઠી મશ્કરીઓ કરતી હતી. સરસ્વતી પણ સુખી માબાપની દિકરી હતી. શ્વસુરપક્ષમાં પણ એને ઠીક હતું બન્ને સખીઓ એકજ જ્ઞાતિની તેમજ ભણેલી, ગણેલી ને સૌંદર્ય સંપન્ન હોવાથી એક બીજામાં સ્નેહની ગાંઠ ઠીક પડી હતી. ગયે વર્ષેજ સરસ્વતીનાં લગ્ન થયાં હતાં, છતાં ઉમ્મરમાં બન્ને સખીઓ સમાનવયની હતી.

સરસ્વતીના જવા પછી પ્રીતિમતિ પણ મનમાં પ્રસન્ન થતી નીચે ચાલી ગઇ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩ જું.

### જયંતસિંહ.

" મનુષ્યની તો ગમે તેવી ઇચ્છાઓ હોય, પરન્તુ એ સર્વે ઇચ્છાઓ પૂરીજ થાય એ કાંઇ ઓછું છે ? ઇચ્છાઓ કરવી એ મનુષ્યને સરળ છે પણ એની સફળતા તો દૈવાધિન છે. જે વસ્તુ દૈવને આધિન હોય એ માટે ગમે તેટલો પશ્ચાત્તાપ કરીયે તો પણ શું ? અરે તે વસ્તુઓ તો બુદ્ધિવડે સાધ્ય થઇ શકતી નથી. અનેક પ્રયત્નો કરવા છતાં પણ ભાગ્યમાં ન હોય તો પરિણામ શૂન્યજ આવે ? એ બાળામાં ને મારામાં આસમાન જમીન જેટલો ફેર ? કયાં કીડીને કયાં કુંજર, ? કયાં અમીર ને કયાં ફકીર, કયાં મેરૂને કયાં સરસવ, કયાં પ્રીતિમતિ ને કયાં હું, એ તવંગર માબાપના લાડકોડમાં રમતી હસતી મોટી થયેલી બાળા અને હું તો એક રંક વિધવાનો નિરાધાર પુત્ર, હા ? મારે નશીબે તે આ બાળા કયાંથી હોય, મોટાનું નશીબ તો મોટુંજ હોય, છતાં એના સદ્ગુણો સૌંદર્ય, ચાતુર્ય, કૌશલ્યતા વિગેરે, મારૂં મન અધિક આકર્ષી રહ્યાં છે, મારાં આંતરડાં એ વલોવી નાખે છે, દિલ મારૂં હચમચાવી નાખે છે. એ બાળાનો મોહ ખચીત મને તો દુસ્ત્યાજ્ય છે હવે મારે શું કરવું ? આજ સુધી તો હું વિશ્વાસ રાખીને સમય વ્યતિત કરતો હતો. પણ હવે તો મારે કર્મે નિરાશાજ છે. એનું વેવિશાળ પેલા યશોદેવ સાથે થઇ ગયું.

P. P. Ac. Gunratnasuriji M.S.                Jin Gun Aaradhak Trust

આહા ! યશોદેવ કેવો ભાગ્યવંત છે ? તે બાળા પ્રીતિનો સ્વામિન્ થશે. બન્નેના કોડ મન માન્યા પુરા થશે હાય ? કેવું સંકટ ? દુ:ખીયાઓને ડગલે ડગલે જગતમાં સ્ખલનાઓજ રહેલી છે ત્યારે અમીરોને નશીબે તો વિલાસો-વૈભવોજ લખાયા છે. અરે આ દુનિયા ગરીબને માટે તો નથીજ ? મનુષ્યભવમાં આવ્યો છતાં સાથે પુણ્યરૂપી ભાતુ ન લાવ્યો જેથી આજે મારા મનની આશાઓ બધી વિફળ થઇ જાય છે જે કામ અમીરોને સહેલાઇથી સફળ થાય છે તે મારે તો અતિ દુર્લભ છે. હા ? વિધિ આખરે તેં મને નિરાશ કીધો હમેશને માટે પ્રીતિ ગઇ, એ તો હવે યશોદેવની થઈ. આ હૈયે તો હવે હમેશની બળતરાજ રહી ગઇ." એક તરૂણ યુવક ઉપર પ્રમાણે વિચાર વમળમાં ગરકાવ થયેલો વિશાળ મકાનના એક ઓરડામાં પલંગ ઉપર પડેલો દેખાતો હતો. યુવકે માંડ ચોવીશ દિવાળીઓ પૂરી કરી હશે. તેની રીતભાત ઉપરથી જણાતું હતું કે તે એક ગરીબ માબાપનો દિકરો હતો. અત્યારે સંસારમાં સુખદુ:ખમાં આશ્વાસનરૂપ તેને ફક્ત એકજ વિધવા માતા હતી. તે સિવાય એનો સંસાર શુષ્ક હતો. પૈસા વિનાનો સંસાર અને ગોળ વિનાનો કંસાર સરખોજ કહેવાય !

યુવકનું નામ જયંતસિંહ હતું. જયંતસિંહનો પિતા એ નાનો હતો ત્યારના મરીગયેલા, સ્થીતિપણ ગરીબ, એક વિધવામાતા અને નાનો બાળક જયંતસિંહ બન્નેને ખાવા પીવાનાપણ ફડાકા પડવા માંડ્યા. ગરીબ બિચારી વિધવા

અત્યંત ગરીબાવસ્થાને લીધે ઘરનું ગુજરાન પણ કેમ ચલાવવું, એ માટે પણ એ મુંઝાવા લાગી. જગડુશાહને આ ગરીબ કુટુંબની ખબર પડતાંજ પોતાને ત્યાં એ કુટુંબને આશ્રય આપ્યો નાના છોકરા જયંતને ભણાવી ગણાવી પોતાની પેઢીમાં મુનિમ બનાવ્યો બાળક જયંત અત્યારે ચોવીશ વર્ષનો તરૂણ યુવક બન્યો હતો સ્વરૂપે પણ સુંદરને સોહામણો હતો. તેમજ જગડુશાહે વ્યાપાર રોજગારમાં આગળ પાડેલો હોવાથી એમના મુનિમોમાં જયંત પણ એક હોંશીયાર મુનિમ હતો તે જગડુશાહની સાથેજ રહેતો હતો જેથી પ્રીતિમતિની બાલ્યાવસ્થા પણ એની નજર આગળજ વીતી ગઈ હતી.

પ્રીતિમતિ તો જગડુશાહ જેવા ધનાઢ્ય શાહુકારની એકની એક લાડકોડમાં ઉછરતી સુંદર બાલિકા ! પાણી માગે ત્યાં દુધ આવીને હાજર થતું એના તે સુખમાં શી ખામી હોય. એ સુંદર બાળાને જોઇને જયંતને મનમાં અનેક પ્રકારના વિચારો આવતા. એને પ્રસન્ન રાખવાને તે એનું મન સાચવતો પ્રીતિની રીતિ માટે—એની ખુશીને માટે એ કંઇ કંઇ કરતો એને રાજી રાખવા માટે જયંત ઘણા ઘણા પ્રયત્ન કરતો કોઇ રીતે પ્રીતિની પોતાની ઉપર પ્રીતિ થાય એ માટે તે રોજ પ્રભુને વિનવતો દૈવને અનુકુળ કરવા પ્રયત્ન કરતો અને ઘરમાં પણ જગડુશાહના કુટુંબમાં એવી રીતે ભળી ગયો કે જાણે સ્વકુટુંબનોજ જયંત કેમ ન હોય.

તફાવત માત્ર એટલોજ હતો કે જયંત ઓશવાળ કુટું-

બનો હતો પ્રીતિમતિ શ્રીમાલી કુકુંબમાં જન્મેલી હતી. અમીર ગરીબનો ફેર એ કાંઇ ફેર ન હતો કારણ કે જગડુશાહ એને ગરીબમાંથી અમીર તો બનાવી શકે પણ ઓશવાલમાંથી શ્રીમાલી ન બનાવી શકે જેથી એને માટે જગડુશાહ કે એના કૌટુંબિકજનોમાં કંઇ બીજો વિચાર આવે એ અસંભવિત હતું.

તેમ છતાં જયંત તો અનેક પ્રકારના વિચાર કરતો જ્યાં કોઇની નજરપણ ન પેહોંચે એવા વિચારો પોતે તો કરીજ નાખતો. કારણકે હાથમાં રેખાની જેમ દરિદ્રની વિચાર પરંપરા પણ અધિકજ હોય છે " આહા ? જગડુશાહને પુત્ર તો એક પણ નથી માત્ર એમને પુત્ર કહો કે પુત્રી તે ફક્ત આ એકજ પ્રીતિ ? આજે એ તેર વર્ષની ઉમરની થઈ હવે એને પરણાવવી તો પડશેજને ! ગમે તેવીપણ એતો કન્યા એટલે એ તો પારકાઘરની થાપણ કહેવાય. કન્યા કાંઇ ઓછીજ હમેશાં બાપને ઘરે રહેવાની છે. પિતાને ઘરે કરોડોની સાહેબી હોય પરન્તુ કન્યા તો સાસરે જાય ત્યારે એને સાસરામાં જે સાહેબી હોય તેજ એને ભોગવવાની હોય. આવી લાડઘેલી છોકરીને શું જગડુશાહ પરણાવી સાસરે મોકલશે ? જરૂર એ મને ઘર જમાઇજ કરી લેશે. આહા ! ત્યારે ખચીત મારૂં ભાગ્ય કેવું ઉઘડી જશે. વિધિની મારી ઉપર મહેર થશે. લક્ષ્મીની કૃપા થશે, ત્યારે હું આ ગરીબાઇમાંથી એક શ્રીમંત માણસ બની જઇશ. શેઠને હું ખાનગીમાં સમજાવું કે શેઠાણીને આ વાત કહું ? કેવી રીતે કાર્યની શરૂઆત કરવી. અથવા તો આપણે શરૂઆત કરશું ને કદાચ એમને અજુગતું લાગે તો ઠીક

નહી પણ ધીરજ રાખવી. હમેશાં સમતાનાં ફળ મીઠાં હોય છે આવી બાબતોમાં ઉતાવળે આંબા તો નજ પાકે. જોવા તો દે શું થાય છે તે ? શેઠ એના સંબંધમાં શું પગલાં ભરે છે એતો જોવું જોઇએને ? મારા જેવો વર ભણેલો, ગણેલો, અને વળી ઘર જમાઈ એને કયાંથી મળવાનો હતો, એતો નક્કી એમનાં મનમાં એ વાત ઉતરશેજ, વિધિ કરશે તો આપણો દાવ સફળ થવાનોજ ? " વગેરે અનેક વિચારો જયંતના મગજમાં રોજ પસાર થતા હતા. યુવાન હૈડામાં એવી કંઇ ઉર્મિઓનાં મોજાં ઉત્પન્ન થતાં ને ખડગ સાથે અથડાઇને શમી જતાં. કાગડાના પેર કે બકરીના ગળામાં રહેલા બે આંચળની પેઠે બિચારા દરિદ્ર પુરૂષના મનોરથો એવા વ્યર્થજ હોય છે એની એને આપ અનુભવ વગર શું ખબર પડે ! એતો જગતમાં ઠોકર વાગે ત્યારેજ સમજણ આવે !

ગરીબ બિચારો જયંત, એ પોતાના મનમાં કઈક ગડમથલો કરતો હતો. મોટા મોટા હવાઇ કીલ્લા બાંધી આકાશમાં ઉડતો હતો. એક દિવસ એના એ મોટા મોટા મનસુબા, માત્ર મનસુબાજ હતા. ખાલી ખ્યાલો હતા એવું એને ભાન થયું. એક નવીન વાત સાંભળી એનું માથું ચક્કર ચક્કર ભમવા લાગ્યું. પૃથ્વી જાણે ફરી જતી હોય એમ લાગ્યું. એને લાગ્યું કે આજે જગતમાં એ પોતે એકલો અટુલો નિરાધાર હતો. ગરીબીમાં જન્મેલો તે ગરીબીમાંજ મરવાને સરજાયેલો હતો. વિધિની અથાગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૃપાથી એ વંચિત હતો એ નવીન વાત જાણતાં જીવન એને ઝેર સમાન લાગ્યું. સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો. પોતાની ગરીબાઇ માટે એને તિરસ્કાર છુટ્યો. જે કાર્યો વિધિની મરજીથીજ બની રહ્યાં હોય એમાં એ પોતે શું કરી શકે ? બીજાને માટે જે કાર્યનો માર્ગ ઘણોજ સરળ અને શુદ્ધ સુગમ હતો, એજ માર્ગ પોતાને માટે તો દુઃખે કરીને પણ સાધ્ય કરી શકાય એમ નહોતો. જીવન પર્યંત ભલે તપ કરે તોપણ એ માર્ગ તો આ ભવમાં હવે પોતાને માટે અનુકુળ થાય એમ એને ન લાગ્યું. આ નવીન સમાચારથી જયંત બિચારો નિરાશ–હતાશ થઇ ગયો.

એ સમાચાર બીજા કોઇ નહી પણ પ્રીતિના વિવાહ સંબંધી હતા. પ્રીતિના વિવાહની વાત યશોદેવ નામના ધન-સંપન્ન તરૂણ યુવક સાથે ચાલતી હતી. કારણકે પ્રીતિને હવે તેર વર્ષનાં વ્હાણાં વાયાં હતાં. એ તેર વર્ષની ઉમર છતાં સુખમાં વૈભવમાં મોટી થતી હોવાથી પંદર સોળ વર્ષ જેવી યૌવનમાં વિહરતી હોય એવાં એનાં અંગોપાંગ વિકસિત થતાં હતાં, એકતો એની સુંદરતા, બીજું પ્રતિદિવસ પ્રફુલ્લિત થતું એનું નવીન બાળયૌવન, તેમજ ત્રીજુ સંસારનું બંધન ! સગાં વ્હાલાં એના સગપણ માટે એમને વારંવાર પૂછતાં. જેથી માતાપિતાને એની ચિંતા થાય એ સ્વાભાવિક હતું. જગડુશેઠે પ્રીતિને યોગ્ય વરની તપાસ કરવા માંડી. તપાસ કરતાં યશોદેવ નામના તરૂણ ઉપર એની નજર પડી અને ઠરી. કુટુંબી જનની સલાહ લીધી. ઘણાં ખરાંની દૃષ્ટિ એ યશોદે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વને જોઈ ઠરેલી હોવાથી પ્રીતિનું વેવિશાળ એની સાથે કરવાનું શેઠે નક્કી કર્યું.

જયંતે જે નવીન સમાચાર સાંભળેલા તે આજ–પ્રીતિના વેવિશાળના હતા. આજે એને લાગ્યું કે સંસારના પોતાના વેવિશાળ માર્ગમાં યશોદેવ એક પ્રતિસ્પર્ધી–કંટક સમાન હતો પરન્તુ એમાં એનો શું દોષ ? દૈવનીજ મરજીથી એ એના માર્ગમાં પ્રતિસ્પર્ધી તરીકે ઉભો હતો. નહી કે એ પોતાની મરજીથી એના રસ્તામાં આવ્યો હતો. જો દૈવનીજ મરજી ન હોય તો માર્ગમાંથી કદાચ એને દૂર કરવામાં આવે તો બીજો કાંટો ઉભો થાય. કેમકે જે કાર્યમાં દૈવની સંમત્તિ ન હોય એમાં તો પછી અનેક વિઘ્નોજ ઉપસ્થિત થાય એ ભગ્નહૃદયથી જયંતને લાગ્યું કે હવે આ ઘા તો સહન કરવા વગર બીજો રસ્તોજ નથી, તેમ છતાં હજી લગ્ન તો થયું નથી, જ્યાં સુધી લગ્ન થયા હોય ત્યાં સુધી કાંઈ નિશ્ચય વાત કંઈ પણ કહેવાય નહી. પ્રભાતે શું બનશે એની કોને ખબર છે " ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું છે. " ડુબતો માણસ જેમ બચવાને પાણીમાં બાથોડીયાં મારે એમ તેણે પણ છેવટે નિરાશામાં આશા બાંધી.

યશોદેવ સાથે જે વાત નક્કી થઇ હતી. તે વાત થોડાજ દિવસમાં સત્ય પડી. અને પ્રીતિનાં વેવીશાળ યશોદેવ સાથે થઇ ગયાં. હવે શુભ મુહૂર્ત્તે લગ્ન થાય એટલીજ વાર હતી. એ વાત સાંભળતાંજ આશાતુર થયેલા જયંતના હૈયામાં નિરાશાના અંધકારમય વાદળ ચારેકોર ફરી વળ્યાં.

જો કે પ્રીતિને માટે જયંતસિંહના મનમાં તો અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો થયા કરતા, ભલે તે ગમે તે પ્રકારના વિકારમય મનસુબા પ્રીતિને માટે બાંધતો, છતાં પ્રીતિનાં હૈયામાં એના કમનશીબે એના જેવો વિચાર ઉદ્‌ભવ્યો નહોતો. પ્રીતિ પણ તેને ઘણાજ સ્નેહથી ચાહતી હતી. કોઈ વાર તો તેઓ બન્ને અનેક પ્રકારનો હાસ્યવિનોદ-વાગ્ વિનોદ કરતાં હતાં. એવા વિનોદને લઇને જયંતના હૈયામાં ભલે એ ગમે તે ભરઢોળ કરે પણ પ્રીતિ જો કે એને ચાહતી, પણ એક બાંધવના સ્નેહથી, એકજ માબાપથી ઉત્પન્ન થયેલાં ભાંડુડાંમાં જે સ્નેહ, પ્રીતિભાવ હોય, તેવો ભાવ પ્રીતિના હૈયામાં હતો. ભાઇ દૃષ્ટિ હોવાથી કોઈ દિવસ પ્રીતિના હૈયામાં જયંતને માટે વિકારમય વિચાર ઉદ્‌ભવ્યો નહોતો. તેમજ જયંત જો કે એના હૈયામાં ભલે અનેક મનસુબા કરે, પણ પ્રીતિ આગળ કોઇદિવસ એ મનસુબો એને જાહેર કરવાનો સમય પણ પ્રાપ્ત થયો નહોતો તેની ધીરજને પરિણામે પ્રીતિનાં વેવીશાળ યશોદેવ સાથે થઇ ગયાં, ને એને તો હમેશની નિરાશાજ રહી ગઈ. માણસનું મન કંઇજ દિશા તરફ ઢળેલું હોય છે ત્યારે જગત્ નિયંતા-વિધાતાની મરજી જુદુંજ કાર્ય કરે છે. હા ! ગરીબ બિચારો મનુષ્ય ? મહાન્ વિધાતાની અજબ શક્તિ આગળ એનું તે શું ગજુ ?

# પ્રકરણ ૪ થું.

## જગડુશાહ.

શ્રીપાર્શ્વનાથપ્રભુની છઠ્ઠી પાટે થયેલા રત્નપ્રભસૂરિ વીરસંવત ૭૦ માં વિદ્યમાન હતા. એમણે રજપુતોને જૈન બનાવીને ઓશવાલ અને શ્રીમાલી વંશની સ્થાપના કરી. એજ સાલમાં એમણે ઉપકેશપટ્ટનમાં શ્રી મહાવીર સ્વામીની પ્રતિમાની પણ સ્થાપના કરી હતી. કાળે કરીને તે પછી શ્રીમાળીઓનું કેંદ્રસ્થાન ભિન્નમાલ નગર થયું. ભિન્નમાલના ઇતિહાસમાં ચાર નામ માલુમ પડે છે. શ્રીમાલ, રત્નમાલ, પુષ્પમાલ અને ભિન્નમાલ ?

ઓશીયા નગરી અને ભિન્નમાલ ( શ્રીમાલ ) નગર મારવાડમાં આવેલાં છે. શ્રીમદ્ રત્નપ્રભસૂરિએ ઓશીયામાં પધારી ત્યાંના રાજાને જૈન બનાવી ત્યાંના ચોરાશી હજાર મનુષ્યોને-રજપુતોને જૈન બનાવ્યા. તે સર્વે ઓશવાળ કહેવાયા. ત્યાંથી વિહાર કરી સૂરિ લખીજંગલ નામના શહેરમાં ગયા ત્યાં દશ હજાર રજપુતોને જૈન બનાવ્યા.

રત્નપ્રભસૂરિ જૈનાચાર્યે શ્રીમાલ રજપુતોને જૈન બનાવેલા તેમજ ત્યાંનો રાજાપણ જૈન થયો હતો. વ્યાપાર વગેરે કારણથી તે પછી શ્રીમાલ રજપુતો શ્રીમાલી વાણીયા તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા. કેટલાક જમાના પર્યંત શ્રીમાલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણીકોમાં દશા વીશાનો ભેદ નહોતો, પણ ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે એ ભેદ વસ્તુપાલ તેજપાલના સમયમાં ઉત્પન્ન થયો છે તે પછી શ્રીમાલ નગરમાંથી શ્રીમાલી વાણીયાઓ જેમ જેમ સ્થિતિ પલટાતી ગઇ તેમ તેમ શ્રીમાલ નગર છોડીને જેને જ્યાં ઠીક પડયું ત્યાં ધંધાર્થે ચાલ્યા ગયા. જેમાં ઘણાખરા તો નવમા સૈકાની શરૂઆતમાં ગુજરાતના નાથ વનરાજે અણહિલ્લપુર પાટણનો પાયો નાખ્યો ત્યારે પાટણનો આશ્રય લઇને શ્રીમાલીઓએ રાજકીય પ્રવૃત્તિમાં તેમજ વ્યાપારિક પ્રવૃત્તિમાં ભાગલેવા માંડયો. વનરાજથી લઇને તે ઠેઠ કરણદેવ પર્યંત શ્રામાલીઓએ પાટણમાં રહીને રાજકીય તેમજ વ્યાપારિક પ્રવૃત્તિમાં પોતાનો સારો હીસ્સો આપેલો હતો. તે સિવાય જણાય છે કે નવમા સૈકાથી લઇને શ્રીમાલીઓનાં ધાડેધાડાં શ્રીમાલનગરમાંથી ગુજરાત કાઠિયાવાડ આદિ દેશમાં પથરાવા લાગ્યાં હતાં. એમને રાજ્ય તરફથી ઉત્તેજન આપવામાં આવતું હતું. તેથી જેમને જ્યાં વેપાર કરવાની સગવડતા મળી ત્યાં પોતાનો નિવાસ કરીને વેપાર કરવા માંડ્યા દ્રવ્યને જ મુખ્ય ગણીને શ્રીમાલીઓએ આર્થિક ઉન્નત્તિ તરફ લક્ષ આપવા માંડયું. જેવી રીતે એમણે ધન કમાવા તરફ લક્ષ આપ્યું હતું તેવીજ રીતે પોતાના જૈન ધર્મની ઉન્નત્તિમાં પણ સારો ભાગ લીધો હતો. છતાં એટલું તો આજે જોવાય છે કે આજે એ દરેક શ્રીમાલાઓ પોતાના ધર્મમાં ચુસ્ત રહ્યા નથી. કાળના દોષે કરીને કહો કે ઉપદેશને અભાવે પણ પોતાના મૂળ ધર્મને છોડીને શ્રીમા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લીઓ આજે કોઈ વૈષ્ણવ તો કોઈ શૈવ તો કોઈ સ્વામીનારાયણ વગેરે અનેક ધર્મમાં ફસાયેલા જણાય છે. એ શ્રીમાલીઓની કુલદેવી મહાલક્ષ્મી કહેવાય છે.

શ્રીમાલવંશમાં જાંબમંત્રી નીનમંત્રી, લહીર દંડનાયક, વીરમંત્રી, કપર્દિમંત્રી, સજ્જનમંત્રી, ઉદયનમંત્રી મુંજાલમંત્રી, વિમલમંત્રી, નેઢામંત્રી, વેઢામંત્રી, વસ્તુપાલમંત્રી, આભુમંત્રી, અશ્વરાજમંત્રી વગેરે ગુજરાતના મંત્રીઓ થઈ ગયા છે:

નીનમંત્રી, લહીર, વીરમંત્રી, વિમલમંત્રી નેઢા અને વેઢાએ પેઢી ઘર ચાલ્યા આવતા ગુજરાતના મંત્રીઓ હતા. જાંબ—ચાંપરાજ, નીનગમંત્રી, લહીરદંડનાયક એ બધા વનરાજના મંત્રીઓ હતા. ને વીરમંત્રી, વિમલમંત્રી એ ભીમદેવના મંત્રી હતા. મુંજાલમંત્રી, વીરમંત્રી, નેઢામંત્રીને વેઢામંત્રી એ કર્ણરાજના મંત્રી હતા તેમજ વીરમંત્રી દુર્લભરાજનો પણ મંત્રી હતો ઉદયનમંત્રી, બાહડમંત્રી, કપર્દિમંત્રી, સજ્જનમંત્રી વિગેરે સિદ્ધરાજના મંત્રીઓ હતા. તેમજ કુમારપાલના પણ એ મંત્રીઓ હતા. આભડમંત્રી; અશ્વરાજમંત્રી વગેરે બીજા ભીમદેવના મંત્રીઓ હતા. અને વસ્તુપાળ, તેજપાળ, વિરધવળ અને વિશળદેવના મંત્રીઓ હતા. એવી રીતે શ્રીમાલ વંશમાં ઉત્પન્ન થયેલા આ મહાન્ પુરૂષોએ રાજકીય વિષયમાં ભાગ લઇ દેશ સેવાનો અણમોલ પાઠ આદર્શરૂપ બજાવ્યો છે. રાજકીય પ્રવૃત્તિમાં જીવન ગુંથાએલાં છતાં ધર્મના કાર્યોમાં એમણે પાછી પાની કરી નહોતી. જાંબ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાંપરાજ મંત્રીએ ચાંપાનેરનો પ્રસિદ્ધ કીલ્લો બંધાવી જૈનોનું એક નમુનેદાર ધામ બનાવ્યું હતું. જે ચાંપાનેર ઉત્તરોત્તર ઘણા કાલ પર્યંત વૃદ્ધિને જ પામતું ગયું હતું. એક વખત એ જગપ્રસિદ્ધ ચાંપાનેરમાં વીશ હજાર ઉપર તો ફક્ત શ્રાવકોનાંજ મકાન હતાં. અને ત્યાં જો કોઈ નવીન શ્રાવક રહેવા આવતો તો તેને ત્યાંના શ્રાવકોએ એવો ઠરાવ કર્યો હતો કે દરેકે એક સોનૈયો અને એક ઇંટ આપવી જેથી એનું ઘર બંધાતું તેમજ વીશ હજાર સોનૈયાનો સહેજે તે માલીક થઇ જતો હતો. પાવાગઢની તળેટીમાં આવેલા એ પ્રખ્યાત્ત ચાપાનેરનો જયસિંહદેવ રાજાના સમયમાં અમદાવાદના સુલતાન મહમદ બેગડાએ નાશ કરી નાખ્યો.

વિમલમંત્રીએ કુંભારીયાજીના જગત પ્રસિદ્ધ મંદિરો બંધાવ્યાં. તેમજ આબુ પર્વત ઉપર સોનૈયા પાથરીને દેરાસર બંધાવવા પર્વતની જગ્યા લીધી હતી. વિમલશાહનું ધન ગણી શકાય એવું નહોતું. એવો એ ધનનો અપૂર્વ ભંડાર હતો. સજ્જનમંત્રી સોરઠનો દંડનાયક હતો. એણે સોરઠની ત્રણ વર્ષની આવક ગિરનાર તીર્થના જીર્ણોદ્ધારમાં ખર્ચી નાંખી હતી. ને નમુનેદાર શ્રી નેમિનાથ પ્રભુનું ' કર્ણમેરૂ પ્રાસાદ ' નામે મંદિર બંધાવ્યું. તેમજ શ્રી સંખેશ્વરજીનો જીર્ણોદ્ધાર પણ સજ્જનમંત્રીએ કરાવ્યો હતો.

ઉદયનમંત્રીની પ્રેરણાથી બાહડમંત્રીએ શ્રી શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર કરાવ્યો હતો. તેમજ ગિરનાર ઉપર ચઢવાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પગથીયાં બંધાવ્યાં હતાં. બાહડમંત્રીના બાંધવ આંબડ સોરઠના દંડનાયકે ભરૂચમાં શકુની વિહાર ચૈત્ય બંધાવ્યું હતું.

છેલ્લાં છેલ્લાં વસ્તુપાલ તેજપાલે ક્રોડો રૂપૈયા ખર્ચીને આબુજી ઉપર મંદિરો બંધાવ્યાં હતાં. તે સિવાય બીજાં પણ મંદિરો બંધાવી શાશનોન્નત્તિનાં અનેક કાર્યો કર્યાં છે. વિમલમંત્રી અને એના પૂર્વજો પ્રાગ્વટ વંશના હતા.

એ શ્રીમાલવંશમાં 'વીયદુ' નામે એક પુરૂષ ઉત્પન્ન થયો. ધર્મના મર્મને જાણનારો, 'વીયદુ' લક્ષ્મીએ કરીને શોભાયમાન અને શુદ્ધ બુદ્ધિવાળો હતો. એણે જૈનમંદિરો, દાનશાળાઓ, પાણીની પરબો, સંઘસેવા, જળાશયો બંધાવી પુણ્યનાં કાર્યો કરીને પોતાના યશને ઉજ્વલ કર્યો. વીયદુને વરણાગ નામે પુત્ર ઉત્પન્ન થયો. યૌવનવયમાં વરણાગ વ્યવહારમાં તેમજ ધાર્મિક પ્રવૃત્તિમાં પિતાના જેવોજ પરાક્રમી થયો. જેના ભાગ્યની લોકો ઇર્ષ્યા કરવા લાગ્યા.

વરણાગે કચ્છમાં આવેલા કંથકોટ નગરને પોતાનું રહેઠાણ બનાવ્યું. કંથકોટમાં વ્યાપાર કરવાથી તે ઘણા દ્રવ્યનો માલિક થયો. શત્રુંજય, ગિરનાર આદિ તીર્થની યાત્રાઓ કરીને એણે પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો. તેમજ કલ્પવૃક્ષની માફક દીનજનોને દાન આપીને તેમની ગરીબીનો નાશ કર્યો.

એ વરણાગને સજ્જનોને માનવાયોગ્ય, ઉત્તમબુદ્ધિવાળો અને સતપુરૂષોની સેવાથી નિર્મળ પરિણામવાળો 'વાસ' નામે પુત્ર થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પીતાની પછવાડે યૌવનવયમાં 'વાસ' પિતાની સમૃદ્ધનો માલિક થયો ધાર્મિક મનોવૃત્તિવાળો હોવાથી વાસશ્રેષ્ઠિએ પણ શાસનોન્નતિનાં કાર્ય કરીને પોતાનો માનવ ભવ સફલ કર્યો, દોષરહિત એવા વાસને પાંચ પુત્રો થયા, વીસલ, વીરદેવ, નેમિ, ચાંડુ અને શ્રીવત્સ એ નામે વાસના પાંચે પુત્રો જગતમાં પ્રસિદ્ધ થયા.

મંદાર, પારિજાતક, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન એ પાંચ કલ્પવૃક્ષોથી જેમ મેરૂ પર્વત શોભે છે. પાંચ મહાવ્રતોથી જેમ સાધુ શોભે છે, મિત્રરાજા, કાર્યસાધવાના ઉપાય; દેશ અને કાળની વ્યવસ્થા, આપત્તિનો ઇલાજ અને કાર્યસિદ્ધિ એ પાંચ નીતિનાં અંગોવડે જેમ રાજા શોભે છે તેમ પાંચ કુશલ પુત્રવડે વાસશ્રેષ્ઠિ જગતમાં શોભાને પામ્યો.

વીસલ યૌવનવયમાં આવતાં વાસશ્રૈષ્ઠિની સમર્થ ધુરાનો ભાર વહન કરવાને શક્તિવાન્ થયો. જેષ્ઠ પુત્રને સંસારની ધુરા સોંપીને પિતાએ આત્મકાર્ય સાધ્યું. વીસલપણ પિતાના જેવોજ ધર્મકર્મમાં રસિક અને વ્યવહારમાં દક્ષ થયો. એ વીસલને લક્ષ, સુલક્ષણ, સોલ અને સોહી નામે ચાર પુત્રો ઉત્પન્ન થયા. પુત્રો સંસારની ધુરાને વહન કરવાને શક્તિવાન્ થયા એટલે વીસલ ધર્મમાં ચિત્તને જોડતો આયુષ્ય પૂર્ણ કરીને મહા તેજસ્વી સ્વરૂપવાળો દેવ થયો. વીસલનું સ્મરણ કરનારા પૃથ્વીના પુણ્યવંત મનુષ્યોના અભિલાષ એ દેવ પૂર્ણ કરવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વીસલનો ત્રીજો પુત્ર ' સોળ ' વ્યાપારમાં અધિક કુશલ નિવડ્યો. એને મનોહર રૂપવાળી ' લક્ષ્મી ' નામે પવિત્ર ગુણવાળી સ્ત્રી હતી. સોળમાં દાતારપણાનો ગુણ સારો હોવાથી કવિયો તેમજ બીજા લોકો એનાં જુદી જુદી રીતે વખાણ કરતા હતા. જેથી યાચકોને તે કલ્પવૃક્ષકે ચિંતામણિ સમાન ઇષ્ટ ફલને આપનારો હતો. તેમજ દુષ્ટ જન રૂપ જવા સાને દીન કરનાર ' સોળ ' શત્રુ અને મિત્રોની યથાયોગ્ય ખબર લેવામાં કુશલ હતો.

' સોળ ' નો પૂર્વજ વરણાગ શ્રેષ્ઠી કંથકોટમાં રહેતો હતો, એ કંથકોટમાં વ્યાપાર કરનાર સોળ શ્રેષ્ઠિ અધિક દ્રવ્ય મેળવવાની આશાએ કોઇ સારા ક્ષેત્રમાં જવાને લલચાયો. 'સોળ' ના સમયમાં ભદ્રેસર નગર અપુર્વ જાહોજલાલી ભોગવતું હતું વ્યાપાર, કળા, કૌશલ્યમાં તે નગર કચ્છ દેશનું કેંદ્રસ્થાન જેવું હતું. અપૂર્વ જાહોજલાલીવાળા ભદ્રેસરમાં સોળ શ્રેષ્ઠિનું ધ્યાન ખેંચવાથી તે પોતાના કુટુંબ સહીત ભદ્રેસરમાં આવ્યો. અહીયાં પોતાનું અદ્‌ભૂત વાણિજ્ય કુશલ પ્રગટ કરી એણે અઢળક દ્રવ્ય સંપત્તિ પ્રાપ્ત કરી.

સોળને પ્રસિદ્ધ પરાક્રમવાળા વિનયશીલ જગડુ, રાજ અને પદ્મ નામના ત્રણ પુત્રો થયા. સોળનું કુટુંબ આ ત્રણ ઉત્તમ પુત્રોથી જગતમાં પ્રસિદ્ધિને પામ્યું. પીતાના પાછળ સઘળી દોલતનો માલેક વડીલ પુત્ર જગડુશાહ થયો. જગડુશાહને યશોમતી નામે સ્ત્રી હતી. જગડુશાહના બીજા ભાઇ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજને રાજલ્લદેવી નામે ભાર્યા હતી. તેમજ ઇંદ્રને જેમ ઇંદ્રાણી, ચંદ્રને રોહિણી, હોય તેમ પદ્મને પદ્મા નામે સ્ત્રી હતી.

અતિશય દાન દેવાના વ્યસનવાળા, ગુણવાન અને પુણ્યવંત જગડુશાહને તુચ્છ ધન્ન માટે ચિંતાજ થતી નહી. જગતનો એવો સામાન્ય નિયમ છે કે ભરતામાંજ ભરતી થાય છે. તેવીજ રીતે માણસનું અદ્દભૂત ભાગ્ય જ્યારે પ્રસન્ન થાય ત્યારે ઉંધા દાવ પણ સીધા પડે છે, ચારે તરફથી ધન આવવા માંડે છે. ધન દાટવાને જમીન ખોદવા જાય તો તેમાંથી પણ ધન નીકળે.

એ બધો જગતમાં ભાગ્ય રચનાનોજ પ્રબંધ છે. માટે મનુષ્ય જો એવું સારૂં ભાગ્ય રચવાને ઇચ્છતા હોય તો સંસારના પાપ કૃત્યોથી નિવર્ત્તી ધર્મમાર્ગમાં દૃઢ થવું જોઇએ. સુકૃતનાં કાર્યો કરવાં જોઇએ. ધર્મનાં–સુકૃતનાં કાર્યો કરવાથી આત્મા પુણ્ય બંધન કરે. એ પુણ્ય બંધનમાં એવીતો અજબ શક્તિ રહેલી છે કે મનમાં જે ચીજની ઇચ્છા થઈ એ ચીજ લોહચુંબક જેમ લોહને આકર્ષે તેમ પુણ્ય એ સાંસારિક વસ્તુનું આકર્ષણ કરે છે. જગતમાં પણ આપણે પુણ્ય પાપનાં પ્રત્યક્ષ ફળ અનુભવીએ છીએ.

જગડુશાહને પણ અઢળક સંપત્તિ છતાં જાતવાન્ મણિ પ્રાપ્ત થયું. એની સેવા પુજા કરતાં એ અખુટ દ્રવ્યને આપવા લાગ્યું. હવે જગડુશાહના ધનની ગણતરી થતી નહોતી. મુકત હાથે દાન દેતાં પણ એની લક્ષ્મી વર્ધ્યેજ જતી હતી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું

## ભદ્રેસર.

કચ્છ દેશમાં કંથકોટ પછી બારમા સૈકામાં આ શહેર ઘણીજ જાહોજલાલી ભોગવતું હતું. કંથકોટ કચ્છના પૂર્વ ભાગમાં વાગડ પ્રગણામાં આવેલું હતું નામાંકિત કીલ્લા તરીકે જગતમાં એની ખ્યાતિ સારી હતી. ડુંગર ઉપર આવેલો ઘણો જુનો અને મજબુત પથ્થરનો બાંધેલો કીલ્લો તેમજ ઘણી વસ્તીવાળું એ શહેર હતું. પ્રથમ કંથકોટની જાહોજલાલી હતી પછીથી ભદ્રેસર કચ્છ દેશનું રાજ્યધાનીનું નામાંકીત શહેર થયું.

ગુજરાતનો સોલંકી મહારાજ મૂળરાજ જ્યારે એની ગાદી ઊપર હતો ત્યારે એક તરફથી સાંભરનો રાજા ચડી આવ્યો, બીજી તરફથી લાટનો સેનાપતિ બારપ મોટું લશ્કર લઇને ચડી આવ્યો જેથી એને થોડો વખત કંથકોટના કીલ્લામાં રહેવું પડયું હતું.

ત્યારપછી ઈ. સ. ૧૦૨૪ માં જ્યારે ગીજનીનો સુલતાન મહમદ સોમનાથનું દેવળ લુંટવાને મોટા સૈન્ય સાથે ગુજરાત તફ ધસી આવ્યો તે સમયે ભીમદેવ પહેલાને પણ આ કીલ્લાનો આશ્રય લેવો પડયો હતો, તે પછી વાઘેલના હાથમાં એ કીલ્લો આવ્યો. છેલ્લા કરણ વાઘેલાના હાથમાં એ કીલ્લો હતો. એ કરણનો પાળીયો કંથકોટમાં છે. પણ તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરના અક્ષરો ખવાઇ ગયેલા હેવાથી વાંચી સકાતા નથી. હાલમાં કંથકોટ દેવાણી જાડેજાના હાથમાં છે એની ઊપર અમદાવાદના સુલતાન મુજફરશાહે પણ ચડાઈ કરેલી. છેલ્લાં અંગ્રેજ સરકારે કંથકોટ સર કરીને ત્યાંનો કીલ્લો તોડી નાખ્યો છે.

કંથકોટમાં ઊવડા મંડપનું જુનું મહાવીરસ્વામીનું એક મંદિર છે ત્યાં મંદિરના એક સ્થંભ ઊપર સંવત ૧૩૪૦ નો લેખ છે: એમાં આમ્રદેવનાથ પુત્ર લાખુ અને પાસીલે તે બંધાવ્યું એમ લખેલું છે. એક બીજા સ્થંભ ઉપર બીજો લેખ છે.

આ મંદિરની પાસે એક સૂર્ય મંદિર પણ આવેલુ છે તે સિવાય ત્યાં નોંધણકુવો, ભમરીયોકુવો, એક બીજોકુવો તેમજ એક વાવ છે. એ બહુ મોટાં અને સારા પત્થરથી બાંધેલાં છે; મોટા શ્રીમાળી વ્યાપારીઓની ભરચક વસ્તી હતી. પણ હાલમાં એ કીલ્લો પૂર્વની જાહોજલાલીનું માત્ર સ્મરણ આપી રહ્યો છે. મહાન્ રાજાઓ અને શ્રીમાલી અમીરોને બદલે અત્યારે તો સામાન્ય ઘરો છે કોળી રબારીનાં થોડાંક ઝુંપડાં તેમજ કંથડપીડના દેવળસિવાય બીજું કાંઈ નામ શેષ પણ રહ્યું નથી.

આતો કંથકોટની વચ્ચમાં વાત થઈ. એ કંથકોટ પછી ભદ્રેસરની સમૃદ્ધિ અપૂર્વ હતી. ભદ્રેસર તો અત્યારે પણ પોતાની હયાતિ આપી રહ્યું છે. પણ અણહીલપુર પાટણની પેઠે આ ભદ્રેસર કાંઇ આપણે જે ભદ્રેસરનું વર્ણન કરીએ છીએ તે નથી તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભદ્રેસરતો કચ્છને પૂર્વ કિનારે હતું. જેની એક વખત જાહો-જલાલી હોય તેનો નાશ પણ અવશ્ય હોય એ કુદરતી નિયમને અનુસરી પૂર્વનું ભદ્રેસર પણ ત્યારપછી કાળાંતરે નાશ પામી ગયું. તે જગ્યાએ આજે તો તેની સાક્ષીપુરતાં નામ માત્ર તેનાં કોઇક ખંડેરો રહ્યાં છે. હાલનું ભદ્રેસર એ ત્યારપછીનું નવું વસેલું ભદ્રેસર છે. આજના ભદ્રેસરની પૂર્વ દિશાએ પ્રાચિન ભદ્રેસરની જગ્યા ઘણા વિસ્તારમાં આવેલી છે, ત્યાંની ઘણી ખરી ઇમારતો ભાંગીને તેના પત્થરો નવી ઈમારતો બાંધવામાં લોકોએ વાપરેલા છે કે જેથી પત્થરો લેવાને માટે કેટલીક જગ્યાએ તો લોકોએ પાયા ખોદીને પણ પત્થરો કાઢેલા છે એ જુના ભદ્રેસરમાં જગડુશાહનું મંદિર, દુદાશાહના શિવાલયના થાંભલા, દુદાવાવ, તેમજ આશાપુરી માતાનું પડી ગયેલું દેવળ, બે મસીદો જેમાં એક કિનારા ઉપર ઘણી ખરી દટાઇ ગઈ છે, તેમજ લાલશાહ બાઝપીરની દરગાહ છે.

જગડુશાહનાં દેહરાં જુના ભદ્રેસરની પૂર્વ દિશાએ છે. તેની રચના આબુ પર્વત ઉપર આવેલાં દેલવાડાનાં જૈનમંદિરોના જેવી લગભગ છે. એક દેરાસર તો વિશાળ ૪૮ ફ્રીટ પહોળું અને ૮૫ ફ્રીટ લાંબા ચોકના પાછલા ભાગમાં છે એને ફરતી બાવન દેરીઓ આવેલી છે તેની આગળ થાંભલાવાળી ચાલ છે. તેમાં થઇને દેરીઓમાં જવાય છે. મંદિરનો દરવાજો ઉત્તર દિશા તરફ આવેલો છે તેની આગળ તેની સાથે જોડાયેલો એક મંડપ અને ત્રણ ઘુમટ છે, પરશાળ ઉપર એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજો મોટો મંડપ છે દહેરાં ઉપર તથા આસપાસ બે ત્રણવાર મરામત થઇને સંવતના લેખો લખાયા છે પણ વારંવાર ચુનો દેવાથી તે ઢંકાઇ ગયા છે. છતાં એક સ્થંભ ઉપર સં. ૧૩૨૩ ને બીજા સ્થંભ ઉપર ૧૩૫૮ના લેખો છે તે આજે પણ કદાચ ઢંકાઇ ગયા હોય ?

દેહરાંનો નીચેનો ભાગ સૌથી જુનો છે. આગળ પરશાળ છે. એ પરશાળ આગળ જે થાંભલા છે, તેના ઉપર સં. ૧૨૨૩ –૩૨–૩૫ ની સાલના લેખો ખવાઇ ગયેલા જોવામાં આવે છે. પાછળ પરશાળમાં બીજા કરતાં એક લાંબો લેખ છે. તેમાં લખેલું છે કે " સંવત ૧૧૩૪ના વૈશાખ શુદી ૧૫ ના રોજે શ્રીમાલ વંશના જૈને મંદિર સમરાવ્યું. "

દહેરાસરમાં મુખ્ય મુર્ત્તિ ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની છે તેની ઉપર ' ૬૨૨ ' નો સંવત કોરેલો છે. ડાબી બાજુએ શેષફણા પાર્શ્વનાથની મૂર્ત્તિ ઉપર સંવત ૧૩૩૨ નો લેખ છે. તેની જોડે સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથની મૂર્ત્તિ ઉપર પણ તેજ સંવત કોરેલો છે. તે સિવાય એક શ્રી શામળા પાર્શ્વનાથની મૂર્ત્તિ પણ હતી.

નૈરૃત્ય ખુણામાંની છેલ્લી એક દેરીમાં ભોંયરૂં હતું જે આજે બંધ કરવામાં આવ્યું છે. જ્યારે મુસલમાન કે એવા જુલ્મી રાજાઓ ચઢી આવતા ત્યારે મુર્તિઓને ભોંયરાની અંદર સંતાડી રેતીથી ઢાંકી દેવામાં આવતી હતી.

**તે સિવાય દુદાશાહની બંધાવેલી વાવ જે સેલોર વાવને,**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નામે ઓળખાય છે તે ગામની છેક પૂર્વમાં છે એ વાવનો કેટલોક ભાગ આજે નાશ પામેલો છે.

ભદ્રેસરની ઇશાન કોણમાં એક પુરાતન કુંડ છે. તેનો જીર્ણોદ્ધાર રાવ શ્રી લખપતજીના સમયમાં કોઈ ભાટીયાએ કરેલો છે કુંડની પશ્ચિમે આશાપુરી માતાના દેવળનો પડી ગયેલો મંડપ છે તેના એક સ્થંભ ઉપર સં- ૧૧૫૮ નો લેખ છે. તે સિવાય બીજું વાંચી શકાતું નથી. ત્યાં બીજા પણ ઘણા પાળીયા છે તે ઉપર સં. ૧૩૧૯ ના મહા વદી ૫ ને સોમ, એ પ્રમાણે અક્ષરો છે ગામની પશ્ચિમે સાકરી નદી છે. એક જુનો કુંડ ત્યાં હતો તે લગભગ સો વર્ષ ઉપર વપરાતો હતો, પણ પાછળથી નદીમાં દટાઇ ગયો હોય એમ લાગે છે, દક્ષિણે એક બાજુએ મહાદેવનું દેવલ આવેલું છે ત્યાં એક ધર્મ-શાળા છે. અહીંની એક જગ્યાએ ડેલીના ઓટલાપર ચણેલા એક મોટા પત્થરામાં ગુજરાતના મહારાજા સિદ્ધરાજના સમયનો સં, ૧૧૯૫ના સમયનો લેખ કોતરેલો છે.

શહેરની વાયવ્ય દિશાએ દુલસર તળાવ બાંધેલું છે. તેમાં જુની વાવો તથા કુવાઓ છે કુમારપાળ અને મૂળરાજના તળાવોનો ઉદ્ધાર જગડુશાહે કરાવેલો છે.

વિક્રમના તેરમા સૈકાના મધ્ય કાલ પછીના સમયમાં કચ્છ દેશની રાજ્યધાની ભદ્રેસરમાં ભીમસિંહ પડિહારનું રાજ્ય હતું એ રાજાને ગુજરાતના રાજા વીરધવળ સાથે યુદ્ધ થયું હતું. પછીથી કોલકરાર થયા હતા. પરન્તુ ભીમસિંહના

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મૃત્યુ પછી કચ્છનો સર્વસ્વ અધિકાર વીરધવલના હાથમાં આવ્યો હતો. ઝાલોરના ચૌહાણુ સરદારો સામંતપાલ અનંગપાલ અને ત્રિલોકસિંહને ગુજરાતના રાજાની સેવા પસંદ ન પડવાથી કચ્છના રાજાની સેવામાં રહ્યા હતા. પાછળથી પાછા એ સરદારો વીરધવલની સેવામાં રહ્યા હતા.

એ સમયમાં એ ભદ્રેસરની જાહોજલાલી અપૂર્વ હતી. ત્યાંના મનુષ્યો પણ પુણ્ય બુદ્ધિવાળા, દેવ, ગુરૂની ભક્તિમાં સાવધ અને વ્યાપારમાં ઉન્નત્તિ પામેલા હતા. વળી કુટુંબનું પાલન કરવામાં તત્પર, દંભ, લોભ, મત્સર, અને મદરહિત જણાતા હતા. તેમજ અઢળક વ્યાપાર રોજગારથી ઘણું દ્રવ્ય પેદા કરનારા હતા છતાં કપટ રહિત પણે વર્તનારા હતા. એ નીતિથી મેળવેલું દ્રવ્ય સુપાત્રે દાન દેવું, ધર્મનું પોષણ કરવું, સગાં, સંબંધી ઉપર ઉપકાર કરવો, સ્વામીવાત્સલ્ય વગેરે પ્રશંસા કરવા યોગ્ય કાર્યમાં વાપરનારા અને વિવેકી હતા, કીર્તિને વરેલા હતા.

આપણી વાર્તાના સમયમાં એ ભદ્રેસર નગરીમાં જગડુશાહ અખુટ દૌલતનો ધણી રહેતો હતો. સમસ્ત ભદ્રેસરમાં એના જેવો બીજો કોઇ રૂદ્ધિવાળો પુરૂષ નહોતો. જેમ જગડુશાહ પાસે પુષ્કળ દ્રવ્ય હતું તેવીજ રીતે નગરમાં, મહાજનમાં એમની પ્રતિષ્ઠા પણ સારી હતી. તેમજ ગુજરાતના રાજાએ એમને કચ્છદેશના નગરશેઠની પદવી આપીને એમની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬ ઠું

## વિનોદ.

આજે જગડુશાહને મકાને ધામધુમ હતી સગાં, વ્હાલાં ને સંબંધી જનોથી એમને ત્યાં બે શુમાર માણસ હતાં. સ્ત્રીઓ મંગલ ગીતો ગાતી હતી. આંગણે મોટો મંડપ બાંધી સારી રીતે એને સુશોભીત કર્યો હતો. કારણ કે પ્રીતિમતિનાં આજે લગ્ન હતાં. એની સમાન વયની સાહેલીઓ અનેક પ્રકારે પ્રીતિથી મીઠી મશ્કરીઓ કરી રહી હતી. પ્રીતિને શરીરે પણ પીઠી ચોળી હતી. સ્ત્રીઓ કે પુરૂષોને મન આજે આનંદ હતો પ્રીતિના મનમાં પણ કંઇ કંઇ ઉભરા સમુદ્રમાં ભરતીની જેમ આવતા હતા. પણ પ્રીતિને તો સખીઓમાંથીજ પરવારી વિચાર કરવાની કયાં ફુરસદ હતી ! પણ નવીન દુનિયાને આંગણે જ્યારે પ્રથમ પગ મુકવાનો સમય આવે છે ત્યારે સ્વાભાવિક રીતે હૈયામાં કંઇ કંઇ ગુંચળાં વળે છે પછી ભલે તે સ્ત્રી હોય કે પુરૂષ !

મધ્યાન્હ સમય વીત્યા પછી સરખી વયની સાહેલીઓને લઇ પ્રીતિમતિ પોતાના ઘરની પાછળના ભાગમાં બાગમાં ગઇ. અહીંયાં બગિચાની શીતલ છાયામાં મંદમંદ વાયુની લહેરો આવતી હતી, એકાંત હતી, શાંતિ હતી.

“સરસ્વતી ? એક વાત કહું ? પ્રીતિનો વર તેં જોયો કે ? મેં તો જોયો પણ બાઇ કાંઇ બરાબર નહી ? ” વિમલા બોલી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" કેમ વારૂ વીમળા ! તને એમાં કંઇ ગુણ અવગુણ જણાયો કે શું ? " વચમાં લલીતા બોલી.

" તેથીજ કહું છું ને ? કે આતો ઉકરડે રત્ન ગયું કાગડો દહીથરૂ ઉપાડી ગયો ? કયાં મારી પ્રીતિ અને કયાં એ યશોદેવ ? " વિમલાએ પ્રીતિને ચીડવવા માટે કહ્યું.

" સુવર્ણમાં કુંદન પડયું છે એતો, તને એમ લાગતું હશે વિમળા, બાકી તો જોડે જોડું મલ્યું છે મને તો આ ઠીક લાગે છે ? " સરસ્વતી બોલી.

" શું ઠીક લાગે છે તને શશી ! પ્રીતિની ખોટી ખુશામત ના કર ? સત્ય વાત હોય એતો કહેવીજ જોઇએ ? " વિમળાએ શશી સામે આંખ મારતાં કહ્યું.

" તો તુંજ કહે સખી ? તને એમાં શું ખામી લાગે છે તે ? " વિદ્યા વચમાં બોલી,

" અરે તમે બધાં એટલુંય ન પારખી શકયાં ? આપણી સખી પ્રીતિ કેવી સુંદર છે ત્યારે યશોદેવ જુઓ તો શ્યામ સુંદર ! " વિમળાએ સ્પષ્ટિકરણ કર્યું

" ઓહોહો ! બસ એજને ! પુરૂષો તો એવાજ હોય, રૂપ ન હોય તેથી કાંઇ પુરૂષમાં એ દુષણ ના કહેવાય ? " લલિતાએ કહ્યું.

" સામાન્ય રીતે તો સ્ત્રીઓમાં સૌંદર્ય જોઇએ. " સરસ્વતીએ કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" સ્ત્રીઓમાં પણ એકલું સૌંદર્ય તો કામનું નહી. 'નારી રૂપ પતિવ્રતા ' સ્ત્રીયોમાં પણ ગુણ તો અવશ્ય જોઇએ. " પ્રીતિમતિ બોલી.

" ગુણની હું કાંઈ ના પાડતી નથી ગુણ તો હોય તે ઉપર સૌંદર્ય પણ હોવું જોઇએ તોજ એ સ્ત્રી પતિ ઉપર કાબુ મેળવી શકે છે. અને પુરૂષમાં તો ગુણ હોય તોજ ચાલી શકે ભલેને રૂપ ન હોય ? " વિમળાએ જણાવ્યું.

" કૃષ્ણજી કાળાજ--શ્યામસ્વરૂપજ હતાને ? પણ એમની રમણીઓ સૌંદર્યનોજ અવતાર હતી. છતાં એ સૌંદર્યે કાંઇ શ્યામસુંદરનો તિરસ્કાર તો નથીજ કર્યો ? " લલિતાએ કહ્યું.

" કૃષ્ણજી કાળા હતા તેથીજ એ કપટી હતા. સામાન્ય એવો નિયમ છે કે ' કાળા નર કપટી ઘણા ' બનતા લગી એમજ બને છે કે જેવા ઉપરથી મનુષ્યો કાળા હોય તેમ અંદરથી પણ તેવાજ હોય છે ? " વિદ્યાગૌરીએ કહ્યું.

" કાળા મનુષ્યોમાં દોષજ હોય એવું કાંઈ નથી ! જગતમાં પણ એવું જોવાય છે. કે કાળી વસ્તુઓ જ્યારે ગુણવાળી હોય છે. ત્યારે સફેદ વસ્તુઓમાં દોષો રહેલા માલુમ પડે છે. " પ્રીતિમતિ બોલી.

" વસ્તુઓની વાત જુદી છે અને મનુષ્યોની જુદી છે. વસ્તુઓની સાથે મનુષ્યોનો મુકાબલો કરવો એ તે વ્યાજબી કહેવાય ? કયાં મનુષ્ય ચૈતન્ય અને કયાં વસ્તુઓનો જડ સ્વભાવ ? " વિમલા બોલી.

"તારો વર સુંદર હશે તેથીજ તું સૌંદર્યનો પક્ષપાત કરતી લાગે છે. વિમળા ? અથવા તો તને સૌંદર્ય કદાચ વધારે ગમતું હશે." પ્રીતિએ કહ્યું.

"પણ આ વિજયા કેમ કાંઇ બોલતી નથી ? વિજુ ? બોલતો ખરી આ વિષયમાં તું શું અભિપ્રાય આપે છે." સરસ્વતીએ વિજુને પૂછયું.

"મને એ બાબતમાં કાંઇ પૂછોના ? હું તો તમારા બધાય કરતાં જુદોજ વિચાર ધરાવું છું."

"અને તે વિચાર ?" બધાએ આશ્ચર્યથી પૂછયું.

"સાચું કહું તો હું તો પરણવુંજ પસંદ કરતી નથી."

"તું તો જબરી બાઇ એનું કારણ કાંઇ ?" સરસ્વતીએ પૂછયું.

"કારણ એજ વળી ? પરણવું એટલે સંસારના ખાડામાં પડવું, ઉપાધિમાં પડવું વરના બંધનમાં પડવું, સંસાર વ્યવહારના કેદખાનામાં પડવું, સ્વલ્પ સુખની ખાતર ઘણા દુઃખમાં પડવું. એજ કે બીજું કાંઇ !" વીજુએ કહ્યું.

"પણ એ બધા દુઃખો કરતાં એક સુખ તો એવું અવશ્ય છે કે એ સુખ આગળ અનંત દુઃખો પણ રદ બાતલ છે." સરસ્વતીએ કહ્યું.

"તું એ સુખમાં મોહ પામી છું તેથી તને એમ લાગે છે, બાકી તો સ્વતંત્રતા જેવી કાંઇ બીજી જીંદગી છે ! એ તુચ્છ

સુખની ખાતર સાસરીયાંમાં દરેકના બંધનમાં રહેવું. વરને તો આધિન રહેવું એની કરતાં તો જીંદગીનું એ ધ્યેયજ બદલી નાખીએ તો કેવું ? " વિજયાએ જણાવ્યું.

" પણ વિજુ ? પરણ્યા વગર તે ચાલે મારી બાઇ ? કુવારાં રહેવાથી મનમાં અનેક જાતનો ઉત્પાત થાય. " પ્રીતિમતિએ કહ્યું.

" તારા જેવીએ તો પરણીજ જવું જોઇએ પ્રીતિ ? જેના હૈયામાં વાસનાઓનું યુદ્ધ ચાલતું હોય એ તો કુમારી ધર્મ નજ પાલી શકે ? વાસના તૃપ્ત કરવાની ખાતર સંસારનાં બીજાં અનેક દુઃખો એ તો સહન પણ કરી શકે ? " વિજુએ કહ્યું.

" પણ ત્યારે જીંદગીના ધ્યેય વગર જીવવું પણ કેવી રીતે એમને એમ કુમારપણામાં જીંદગી કેવી રીતે પૂરી કરવી તે જરી કહીશ કે વિજુ ? " શશીએ કહ્યું.

" કેવી રીતે કેમ ? સમાજની સેવા કરીને; આપણી સ્ત્રી ધર્મની ઉન્નત્તિમાં જીંદગી અર્પણ કરીને ? દુનિયામાં આજે આપણો સ્ત્રી સમાજ કેવી અધોદશા ભોગવી રહ્યો છે. તેમનો ઉદ્ધાર કરીને ? પરોપકારમાં જીવન સમર્પણ કરીને હું મારૂં જીવન પસાર કરીશ ? આપણી સ્ત્રીઓની ઉન્નતિ કરીશ ? " વિજયાએ પોતાના જીવનનો ઉદ્દેશ કહી સંભળાવ્યો.

" તારો આદર્શ તો સારો છે. વિજયા ? પણ એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણે તારા નિશ્ચયને તું જીંદગી પર્યંત વળગી રહેશે કે પાછી લપસી પડશે." પ્રીતિમાતએ કહ્યું.

"સંસાર એ તો પાપ બંધન કહેવાય, અને પાપનું ફલ તે દુ:ખ ? જ્યારે પરોપકારમય જીવન એ તો પુણ્યવંતનેજ હોય. આ ભવમાં પણ એ જીવન શાંત રસ ભર્યું હોય, શાંતિમય જીવનના પુણ્ય સંચયથી આગામી જીવન પણ એનું ઉચ્ચ આદર્શમય થાય ? એથી જીવનની સાર્થકયતા બીજી કઇ કહેવાય ? " વિજયાએ જણાવ્યું.

"પણ ત્યારે તું તો કુંવારીજ રહેવાનીને ? વિજયા ? તારાં માતાપિતા તને લગ્ન કરવાનો આગ્રહ કરશે છતાં પણ તું તો નાજ ! પાડવાનીને ? " સરસ્વતી બોલી.

" એમાં પૂછે છે શું, શશી ? રાજેમતી કુંવારાં નહોતાં, સરસ્વતી તો કુમારીજ કહેવાય છે. મલ્લીનાથ પણ કુંવારાજ હતા. ચંદનબાલા કયાં પરણેલાં હતાં ? ઘણી સ્ત્રીઓ-બાળાઓ જીવનપર્યંત અખંડ કુમારિકા વ્રત પાળે છે. " વિજયાએ કહ્યું.

" પણ વિજયા તું રાજેમતી, મલ્લીનાથ, ચંદનબાળા વગેરેનાં દૃષ્ટાંત આપે એ તો આજના જમાનામાં અસ્થાને ગણાય, એમનો વાદ કાંઇ આપણાથી ન થાય, એ બધાં તો તેજભવે મોક્ષે ગયાં, આપણને મોક્ષે જતાં હજી કોણ જાણે કેટલાય ભવ કરવા પડશે. એમનો વાદ કરીયે તો તો આપણે પણ આ ભવેજ મોક્ષમાં જઇએ. વલી સરસ્વતી કુમારિકા કહી પણ સરસ્વતી તો દેવબાળા કહેવાય ? " પ્રીતિમતિએ કહ્યું.

"પ્રીતિ ! જ્યારે દેવબાળા જેવી પણ કુમારિકા વ્રત પાળે તોપછી આપણે તો મનુષ્ય કહેવાઇએ ! મનુષ્ય તો ચાહે સો કરી શકે. દેવ ન કરી શકે તે મનુષ્ય અવશ્ય કરી શકે. સમાજસેવા એ કેવું અણમોલ વ્રત છે, સેવા ધર્મ એજ આજે તો મહાન્‌માં મહાન્ વ્રત છે, એથી અધિક બીજું જગતમાં કયું વ્રત છે." વિજયા બોલી.

"પણ જ્યારે તું કુમારિકા રહેવા માગે છે તોપછી તારે દીક્ષા લેવા ઇરાદો રાખવો જોઇએ. દીક્ષામાં પણ ઉપદેશદ્વારાએ સમાજની ઉન્નત્તિ અવશ્ય થઇ શકે. વળી લોકો વાતો પણ ન કરી શકે." પ્રીતિએ કહ્યું.

'દીક્ષા પણ લઈશ' એ નિમિત્ત જાગશે ત્યારે વાર ઓછીજ લાગવાની છે, વળી સંસારમાં રહીશ છતાં પણ તમારી માફક બંધીખાનામાં તો નહીજ પડું.

'પરણવું એને તું બંધીખાનું કહે છે. કોઇ દિવસ તારા એ વિચારો પણ ફરી જશે. મનુષ્યના એકજ વિચારો હમેશાં કાંઇ કાયમ રહેતા નથી ! સરસ્વતીએ જણાવ્યું.

"શામાટે ન રહે ? ન રહે તો આપણી એટલી માનસિક નિર્બળતા કહેવાય ! એ નિર્બળ હ્રદયવાળાં માણસો જગતમાં કરી પણ શું શકે ?"

"હશે તું તારા નિશ્ચયમાં દઢ રહે, એવી અમારી આશિષ છે. આપણામાંથી એક પણ તારા જેવા વિચારવાળી બાળા નથી કે જે પોતાના જીવનનો સમાજની સ્ત્રીઓને લાભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપે. તારે પગલે ચાલીને અમે પણ સંસારના બંધનમાં પડ્યાં પડ્યાં થોડુંક અનુકરણ કરશું ? ” પ્રીતિએ કહ્યું.

“ કાલની કાંઇ કોઇને ખબર પડે છે. આજે આપણે શું ધારીયે છીએ ત્યારે કાલે શું બને છે ! વિજયાના વિચારો આવી રીતે હમેશાં કાયમ રહેશે કે કેમ ? એજ એક વિચારવાની વાત છે. ” સરસ્વતીએ શંકા કરી.

એક તરફ વિજયા પોતાના વિચારમાં મક્કમ હતી. બીજી તરફ સર્વે જણીઓ એના નિશ્ચયની કસોટી કરી રહી હતી. જેમ જેમ બધીઓ એના ભવિષ્ય માટે શંકાતુર રહેતી તેમ તેમ વિજયાનો નિશ્ચય અધિક દીપી નીકળતો હતો. એણે પોતાના એ નિશ્ચયને વળગી રહેતાં જણાવ્યું કે “ આપણું સ્ત્રીઓનું જીવન શામાટે આપણે લગ્ન કરીને ફક્ત ગૃહકલેશમાંજ વ્યાતત કરવું જોઇએ. વળી ભોગજોગે જો પતિ મનમોજી, અભિમાની અને સ્વચ્છંદી મળ્યો તો જુવો પછી આપણા જીવનની કમબખ્તી ? આખી જીંદગી પર્યંત છતા ધણીએ બળાપામાંજ જીંદગી પૂરી કરવાનીને ? ઉપરથી સાસરીયાંનાં મેણાં ટેણાં સહન કરવાં એતો નફામાં બાઈ ? તો આપણે પણ આપણા ઉચ્ચમાં ઉચ્ચ જીવનને આદર્શમય બનાવવું જોઇએ. જગતમાં શું પુરૂષોજ પરોપકારમય જીવન ગુજારી શકે ? આપણે સ્ત્રીઓ શામાટે સમાજસેવામાં ભાગ ન લઇ શકીયે. ” એના જુસ્સાદાર અને ગૌરવભર્યા શબ્દો સાંભળી સર્વે સખીઓને એના તરફ માન ઉત્પન્ન થયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમય થઇ જવાથી તે પછી સર્વે સખીઓ ઘરમાં આવી પોતપોતાની કામે લાગી ગઈ. અને તેજ રાતના પ્રીતિમતિના યશોદેવ સાથે લગ્ન થઈ ગયાં.

# પ્રકરણ ૭ મું

## પુત્રચિંતા.

" કુદરતનો ન્યાય તો જુઓ ! જ્યાં અનગળ સમૃદ્ધિ-હોય ત્યાં પુત્ર ન હોય, ત્યારે જ્યાં પુત્રો હોય ત્યાં ધનસંપત્તિ ભાગ્યેજ હોય છે અરે ? અમે ત્રણ ત્રણ બાંધવ ! છતાં અમારામાંથી કોઇને પણ પુત્ર નહી. આતે શું ? મારી આટલી બધી સમૃદ્ધિનો ત્યારે કોણ ભોકતા થશે. ગમે તેવું ઘર પણ પુત્ર વગર કેવું શુન્ય લાગે કન્યા થઇ પણ એથી કાંઇ ઘરસૂત્ર ચાલે નહી. કન્યા તો પરણે એટલે સાસરે જાય એતો પારકા ઘરનો પરિવાર કહેવાય. કન્યાઓથી કોઇનાં ઘર રહ્યાં છે. હા? મેં પૂર્વભવને વિષે શાં પાપકર્મ કર્યાં હશે કે મને એકે પુત્ર નહી; ફકત એકજ પુત્ર હોત તો મારૂં ભરેલું ઘર કેવું નંદનવનસમું થાત. મનુષ્ય એતો મનુષ્યજ? એના ભાગ્યમાં દેવતાની માફક સંપૂર્ણ સુખતે ક્યાંથી હોય ? મોટા મોટા ભાગ્યવંત માણસોને પણ કંઇને કંઇ દુઃખ તો હોયજ ! મારે પણ અત્યારે શું ખામી છે. ? અમે ત્રણ ભાઇઓ. બધાય પરણેલા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારી પાસે અખૂટ સંપદા, બહોળો કુટુંબ પરિવાર, નગરશેઠની પદવી જેવું રાજસન્માન, રાજા અને પ્રજા ઉભયના માનિતા, આટઆટલું સુખ છતાં અમારે પુત્રનું દુઃખ; એટલી પણ ભાગ્યમાં ખામી તો ખરીજને ? " એક મહાપુરૂષ પોતાના આલિશાન મકાનના એક દિવાનખાનામાં આરામચેર ઉપર પડયો પડયો વિચાર કરતો હતો સાદા વેશમાં છતાં એનું ભાલ એની પાસે રહેલી ઋદ્ધિની સાક્ષી પુરતું હતું. એના ગૌરવ ભર્યા મુખારવિંદ ઉપર વિચારની છાયા વાદળની છાયા માફક છવાઇ રહી હતી. દરેક પ્રકારની સુખસગવડતા છતાં માત્ર એકજ એવી ચિંતા એને વળગેલી હતી કે પ્રતિદિવસ એના વિચારમાં એ પુરૂષ એટલોતો એકાગ્ર રહેતો કે બીજા કામકાજોમાં પણ એનું ચિત્ત એકાગ્ર થતું નહી. એ પુરૂષ તે આપણી નવલકથાનો નાયક જગડુશાહ હતો.

જગતમાં માણસને સંપૂર્ણ સુખ તો ભાગ્યેજ હોય છે એના સુખમાં કંઇનેકંઇ ખામીઓ તો હોયજ ? પણ સંતોષથી એ ખામીઓ નભાવી લઇને પછી ભલે એ પોતાને સુખી માને ? છતાં જગતની દૃષ્ટિએ વાસ્તવિક સુખી તો એ નજ કહી શકાય. જોકે સંતોષ એ એક પ્રકારનો આત્મ સંયમ હોવાથી એતો આધ્યાત્મિક સુખ કહેવાય. પરન્તુ ધન–વૈભવની સગવડતાથી ધનિકને સંસારમાં જે સગવડતા–અનુકુળતા હોય એ તો પેલા સંતોષીને ધનને અભાવે ન જ હોય. સંતોષથી જોકે પોતાને એ સુખી માને છતાં વ્યવહારિક



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અગવડતાઓ તો એને ધિરજથી ખમવીજ પડે. એ મુશ્કેલીયો સહન કરીને પણ એ પોતાને સુખી માને.

ધનથી, સત્તાથી અને વૈભવથી અનેક પ્રકારની અનુકુળતાવાળા મનુષ્યને પણ કંઇને કંઇ દુઃખ છે. જગડુશાહને પણ સંસારની સર્વ પ્રકારની અનુકુળતા છતાં પુત્રનું મોટું દુઃખ એમના દિલને ડંખતું હતું. એ દુઃખ કાંઈ એવું નહોતું કે એની પછવાડે અખટ દૌલતનો વ્યય કરતાં પણ મટાડી શકાય એ તો ભાગ્યની ખામીનું દુઃખ હતું. અને ભાગ્યનેજ પ્રતાપે એ દુર થઇ શકે તેમ હતું. એથી જગડુશાહ અત્યારે વિચારમાં એક ચિત્તવાળા થઇને મુંજાઈ ગયા હતા.

વિચારમાં આ પુરૂષની એટલી તો એકાગ્રતા હતી કે તેમની પાસે કોણ ઉભું છે, તેનું પણ એમને ભાન નહોતું. એમની એ વિચારગ્રસ્ત મુદ્રા એક વ્યક્તિ નજીકમાં ઉભી ઉભી જોઇ રહી હતી. એ વ્યક્તિએ પાસે આવીને એ પુરૂષના સ્કંધ ઉપર ( ખભા ઉપર ) પોતાનો નાજુક હાથ મુકયો એ કોમલ સ્પર્શના અનુભવથી એ વિચાર વશ થયેલો પુરૂષ એકાએક ચમકયો તીર્ચ્છી નજરે એની તરફ દ્દષ્ટિપાત કર્યો. "કેમ?"

" આપ આટલા બધા કાંઇ વિચારમાં ? " આવનાર વ્યક્તિ જગડુશાહની પત્ની યશોમતી હતી, એણે પોતાના કોયલ સમા મધુર સ્વરથી કહ્યું. સ્વામીના સુખદુઃખની ભાગીયણ યશોમતી પણ પતીને વિચારમાં પડેલા જોઇ મનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અવનવા વિચારો કરતી હતી, જેથી ખાસ કારણ જાણવાને યશોમતી પણ આતુર થઇ રહી હતી.

" કાંઇ નહી, સહેજ એ તો ? " જગડુશાહે પોતાની ગંભીર મુદ્રા બદલી નાખી હસ્તુ વદન કરીને કહ્યું.

" શા માટે મારાથી છુપાવો છો, પ્રાણેશ ! તમારા મનમાં કંઇ પણ ચિંતા થતી હોય તે શું મને જાણવાનો કાંઈ પણ હક્ક નથી ? " યશોમતીએ પૂછયું.

" પણ એ જાણીને તું શું કરીશ ? નાહક તારા જીવને કલેશ થાય, એથી મને પણ અધિક દુઃખ થાય એના કરતાં મને એકલાનેજ એ દુઃખમાં પડી રહેવાદે ? " જગડુશાહે નહી કહેવાનું કારણ જણાવ્યું.

" નહી ? મારે પણ જાણવું જોઇએ મને વાત કરવાથી કાંઇ ગેરલાભ તો નહીજ થાય. હું પણ મારી યથાશક્તિ એમાં આપને ઉપયોગી થઇશ, સલાહ આપી શકીશ. "

" પ્રિયે ! એમાં તારી સલાહ પણ કામ આવે એવું નથી. જે કાર્ય મનુષ્યના પ્રયત્નથી પણ અસાધ્ય હોય એમાં સલાહ તે શું કામ કરી શકે વારૂ ? "

" પણ એવું તે આપનું કયું કાર્ય છે કે જેમાં માણસની બુદ્ધિ કામ લાગતી નથી. જાણ્યા સિવાય એને માટે મત પણ શું આપી શકાય ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" એ દૈવાધિન વસ્તુ છે. ભાગ્યમાં ખામી રહેલી હોય એટલે આપણે અનેક પ્રયત્નો કરીએ પણ નિષ્ફળજ જાય ! "

" છતાં એવાં દૈવાધિન કાર્યો પણ મનુષ્ય પ્રયત્નથી નથી થતાં એમતો નથીજ. મનુષ્યનો પ્રયત્ન ગમે તેવાં કાર્ય પણ સાધી શકે છે. મનુષ્ય પોતાના આત્મબળથી દેવતાઓને બોલાવી શકે. મુક્તિને વરી શકે. પોતાની જીંદગીમાં પણ પરિવર્ત્તન કરાવી શકે. એવું એક પણ કાર્ય નથી કે જે મનુષ્ય સિદ્ધ ન કરી શકે ? "

" તે તારૂં કહેવું કદાચ સત્ય હશે, પણ આપણી બાબતમાં તો એ બધું અસંભવીત છે. આજ આપણી પાસે ઋદ્ધિ–સમૃદ્ધિમાં શું ખામી છે ! પણ એક પુત્ર નથી એજ માત્ર ખામી છે. આટલી બધી સમૃદ્ધિ એક પુત્ર વગર કેવી નકામી છે ? " જગડુશાહે પોતાની પુત્ર સંબંધી ચિંતા પ્રિયા આગળ પ્રગટ કરી.

" સ્વામિન્ ! એ ચિંતા તો વ્યાજબી છે. મને પણ કેટલાક દિવસથી એ વિચાર થયા કરે છે. આપણાં યૌવન પણ વીતી ગયાં છતાં પુત્રનાં દર્શન તો હજી સુધી નજ થયાં. "

" તેથીજ મારૂં મન ચિંતાતુર રહે છે. અરે ભાઇઓમાં પણ કોઇને ઘેર પુત્ર રમતો હોત તોપણ મને ટાઢક વળત. ત્રણ ત્રણ ભાઇએ એકેને પુત્ર નહી એ કાંઇ જગતમાં ઓછું દુ:ખ કહેવાય ? "

" પ્રાણેશ ! હજીપણ ચિંતા કરવા જેવું શું છે ? આપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજીવારનાં લગ્ન કરો ? કદાચ એ બીજી પત્ની થકી પણ પુત્ર થાય. આપણા મનોરથ એ રીતે સફળ થાય ? "

" એ તું શું બોલી પ્રિયા ? આટલી વયે તારી જેવી સતી સાધ્વી જેવી સ્ત્રી ઉપર હું બીજી સ્ત્રી લાવું ? કદિ નહીં. પુત્ર થવાનો હોય તો તારાથીજ થાય નહીતર જેવી દૈવેચ્છા ! બીજી વખત લગ્ન કરવા મારી વૃત્તિ નથી. "

" પણ એમાં આપ નાસીપાસ શા માટે થાઓ છો. હું સંમત્તિ આપું છું. મારી નાની બેનની માફક હું એની સારસંભાલ રાખીશ, રાજાઓ શું એક ઉપર બીજી સ્ત્રીઓ નથી કરતા ? "

" રાજાઓની વાત જુદી ને આપણી ગૃહસ્થની વાત જુદી ? રાજાઓ ગમે તેમ કરે એમને પગલે ચાલી એમના જેવું આપણાથી કાંઈ પણ થાય નહી. માટે એ બીજી વખત લગ્ન કરવાની વાત હવે સંભારીશ નહી. પણ એને માટે બીજો કાંઇ ઉપાય કરીશું. "

" જેવી આપની મરજી ? એને માટે કાંઇ પણ ઉપાય તો કરવો જોઇએ. થવું ન થવું એ તો ભાગ્યાધિન છે પણ મનુષ્યે પ્રયત્ન તો કરવોજ ? "

" તારૂં કહેવું સત્ય છે. પ્રયત્નથી કદાચ આવાં દૈવાધિન કાર્ય થાય કે ન પણ થાય. જોને મહારાજ સિદ્ધરાજે પુત્ર માટે ઓછો પ્રયત્ન કર્યો હતો. અંબિકાદેવીને બોલાવી, મહાદેવને પ્રગટ કરી એમની પાસે પુત્રની પ્રાર્થના કરી જોષીઓ પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોષ જોવરાવ્યા, છતાં મહારાજ એટલી બધી મહેનતને પરિણામે પણ પુત્ર તો નજ મેળવી શકયા. ”

“ આપનું કહેવું ઠીક છે. પણ એથી કાંઇ આપણે મહેનત છોડવી ન જોઇએ એમની માફક આપણે પણ કોઇ દેવનું આરાધન કરીને વરદાન તો મેલવવું જોઇએ. ”

“ દેવતાઓમાં પણ કોઈ સમર્થ દેવતાનું અરાધન કરવામાં આવે તો ઠીક ? કે જેથી આપણો પરિશ્રમ પણ વ્યર્થ જાય નહી ને પુત્ર પ્રાપ્તિનું વરદાન મળે તો આપણી ઋદ્ધિ પણ સફળ થાય. કારણકે પુત્ર વગર બધું શૂન્યજ છે. થાંભલાને આધારે ઘર રહે છે. લંગરને આધારે વહાણ રહે છે તેમજ પુત્રને આધારે કુળ રહે છે. ધુળથી ખરડાયેલો પુત્ર આંગણે રમતો હોય–તોફાન કરતો હોય તો પણ એ તનના તાપને નાશ કરે છે. ” જગડુશાહે પોતાની વ્યથા કહી સંભળાવી.

“ પુત્ર મેળવવા માટે આપ સમુદ્રના અધિષ્ઠાયક રત્નાકર દેવ–સુસ્થિત દેવનેજ પ્રસન્ન કરો ? કે એનાથી–એની પ્રસન્નતાથી આપણા મનોરથ સહેજે ફલીભૂત થાય. કારણકે ઘણા દેવતાઓને પણ આશ્રયભૂત અને પર્વતોનો આધાર એવા સમુદ્રના નાયક રત્નાકરને છોડીને કયો બુદ્ધિમાન્ પુરૂષ બીજા દેવની ઉપાસના કરે ? ” યશોમતીએ સુસ્થિતદેવની આરાધના કરવા સૂચના કરી.

“ તારૂં કહેવું મને પણ રૂચે છે પ્રિયે ? પુત્ર વડે જેમ કુળ રહે છે તેમ ધનથી પણ ધર્મકાર્યો થાય છે. માટે પુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને ધન પ્રાપ્તિને માટે હું અવશ્ય સમુદ્રનું આરાધન કરીશ. સમુદ્રનું આરાધન કરવાથી આપણને બે લાભ પ્રાપ્ત થશે. એક તો પુત્ર પ્રાપ્તિ ? બીજો સમુદ્રમાર્ગે આપણે વ્યાપાર કરશું તો આપણાં વહાણ ભયંકર તોફાની સમુદ્રમાં પણ સહીસલામત રહેશે." ધનની પ્રાપ્તિ ઉપર પ્રાપ્તિ થશે. જગડુશાહે અભિપ્રાય આપ્યો.

"મારું મન પણ સાક્ષી પુરે છે કે તમે સમુદ્રનું આરાધન કરશો તો તમારા સર્વ મનોરથો પરિપૂર્ણ થશે. માટે શુભ મુહુર્ત્તે આપે એ કાર્યમાં જોડાવું કે જેથી કાર્ય સત્વર સિદ્ધ થાય."

"ઉત્તમ સામગ્રી મેળવી સમુદ્ર કિનારે જઈ હું પણ તે પ્રમાણે પ્રયત્ન કરીશ; શુભ મુહૂર્ત્તે કાર્યનો આરંભ કરીશ."

"ત્યાં લગી હું પણ અહીઆં ઘરમાં રહીને આપનું શુભ ઇચ્છતી ધર્મધ્યાનમાં અધિક પ્રવૃત્તિ કરીશ, ધર્મ નિમિત્તે દાન, પુણ્યથી સતકાર્ય કરતી આપણું કાર્ય સત્વર સિદ્ધ થાય તે માટે અધિક પુણ્ય કરીશ. કેમકે પુણ્યે પાપ ઠેલાય છે."

એ પ્રમાણે વિચારને પરિણામે નિશ્ચય કરી પતિ પત્ની પોતેપોતાના કાર્યમાં જોડાયાં, તે પછીના થોડા એક દિવસ પછી શુભ મુહૂર્ત્તે જગડુશાહ પૂજાયોગ્ય સામગ્રી મેળવીને સમુદ્રનું આરાધન કરવા સમુદ્રને કિનારે ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૮ મું.

## સમુદ્રદેવનું આરાધન.

### ' देहं पातयामि वा कार्यं साधयामि. '

જગતમાં મનુષ્યોની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન વ્યવસાયવાળી જોવાય છે જેમ જેમ કાળનું પરિવર્તન થતું જાય છે તેમ તેમ માનવ સ્વભાવનું વલણ એવુંજ વિચિત્ર થતું જોવાય છે કે જનસમુહ બાહ્ય પ્રવૃત્તિમાં આસકત રહી અંતર પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થતો જાય છે. આજે આપણે આત્મશક્તિનો પ્રતાપ ભૂલીને બાહ્ય પુદ્ગલિક શકિતમાં રચેલા છીએ શરીરના બંધારણ નાજુક હોવાથી આજનું માનવશરીર લગારે તનનું કષ્ટ તો સહન કરી શકેજ નહિ. તો પછી તપસ્યાની તો વાતજ શી ? આત્મશકિતનો પણ ખ્યાલ કયાંથી હોય, આજે ધનને માટે, પોતાની ઇચ્છિત પ્રાપ્તિને માટે મનુષ્ય બાહ્ય એટલું બધું કષ્ટ સહન કરે છે કે દેશ પરદેશ રખડે છે. ભયંકર તોફાની સમુદ્રમાં પણ મુસાફરી કરે છે. ધગધગતી અગ્નિજ્વાળામાં ઝંપાપાત કરે છે. વનમાં, પહાડમાં કે પર્વતમાં ધનને માટે મનુષ્ય ભટકે છે. એ પેટનેજ માટે લડાઇઓમાં જઇ મસ્તક કપાવે છે. ટાઢ તડકા, ભૂખ–તરસ, રોગ–શોક બધું એને માટે સહન કરે છે. છતાં આત્મશકિત તરફ કોઈનો ખ્યાલ જતો નથી. એ આત્મશકિતમાં એવું અપૂર્વ બળ રહેલું છે, કે ઘરના એકાંત ખુણામાં બેસીને ખીલવાતી આત્મશકિત ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહે રહે ઇચ્છિત વસ્તુનું આકર્ષણ કરે છે–કાર્ય સત્વર સિદ્ધ કરે છે જે કાર્ય બાહેરથી આટઆટલાં કષ્ટ ભોગવવા છતાં પણ સિદ્ધ થતાં નથી, તે આત્મશકિતના બળથી અલ્પકાલે સાધ્ય થાય છે.

આજની પ્રણાલિકા અને પ્રાચિન કાળની રૂઢિમાં આસમાન જમીન જેટલો તફાવત જોવાય છે. પૂર્વે જે કાર્ય બાહ્ય પ્રવૃત્તિથી અસાધ્ય લાગતું તે કાર્ય આત્મશકિતના બળથી દૈવિ શક્તિનું આકર્ષણ કરીને સિદ્ધ કરવામાં આવતું પ્રાચિન ઇતિહાસોમાં એવા કંઈ સમર્થ પુરૂષો થયા છે કે જેમણે અસાધ્ય કાર્યો પણ દેવશકિતથી સાધ્ય કરેલાં છે અરે સમર્થ પુરૂષો પણ દેવાધિષ્ઠિત વિદ્યાઓને સિદ્ધ કરી અધિક સમર્થ થયા છે. પોતાનું કાર્ય સિદ્ધ કરવાને છેલ્લામાં છેલ્લા પ્રયાસો અજમાવવાને પણ ભૂલ્યા નથી છેવટે તપવડે કરીને પણ એ પુરૂષોએ પોતાનાં કાર્ય સાધેલાં છે.

આજે પણ એક પુરૂષ સમુદ્રના કિનારા ઉપર સમુદ્રદેવને પ્રસન્ન કરવાની ખાતર તપ કરતો બેઠો હતો. સમુદ્રદેવ પ્રસન્ન થાય નહિ ત્યાં લગી એણે અન્ન જળનો પણ ત્યાગ કર્યો હતો. સંસારમાં એને અનગળ રૂદ્ધિ છતાં અત્યારે ફકત એકજ વસ્તુની ખાતર એ મહાપુરૂષ તપસ્વી થઇને બેઠો હતો. મોહ માયાનાં બંધનો. સગાં વ્હાલાંઓનો સ્નેહ, વ્યાપાર વ્યવહાર, એ સર્વ છોડીને ત્યાગીનું વ્રત લઇ પોતાનું સર્વસ્વ સમુદ્રદેવને જ અર્પણ કરીને એક ચિત્તે સુસ્થિતદેવનું ધ્યાન ધરતો હતો. જ્યાં સુધી સમુદ્રદેવ પ્રસન્ન ન થાય ત્યાં લગી અહીંથી ઉઠવું નહિં. પણ આ નાશવંત શરીર એમની પ્રસન્નતા લગી એમને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ—સમુદ્રદેવને અર્પણ કરીને દઢ નિશ્ચયથી એ તપસ્વી તપ કરતો હતો અત્યારે એનું ચિત્ત એ સમુદ્રદેવમાંજ એકાગ્ર હતું.

એ તપસ્વી તે એ જમાનાનો મહાન્ પુરૂષ આપણી વાર્તાનો નાયક જગડુશાહ હતો. કોઈ ઉપાયે પુત્ર તો પ્રાપ્ત કરવોજ જોઇએ એ અભિલાષા પાર પાડવાને માટે એણે સમુદ્રદેવનું આરાધન કરવાનો નિશ્ચય કર્યો એ આપણે જાણી ગયા છીએ અને તે વિચાર અમલમાં મુકવાને તે સમુદ્ર કિનારે અત્યારે ફળ, ફુલ, નૈવેદ્ય આદિ પૂજાના સામાનથી સમુદ્રદેવનું પૂજન કરી તપ તપતો બેઠો હતો. તપ કરતાં અનુક્રમે સાત દિવસ વહી ગયા.

સાતમા દિવસની મધ્ય રાત્રીએ એ પુરૂષના તપના પ્રભાવથી—કાંઈક પૂર્વના ઉગ્ર પુણ્યના પ્રભાવથી સમુદ્રનો અધિષ્ટાયક સુસ્થિતદેવ જગડુશાહની આગળ પ્રગટ થયો. " શા માટે મને યાદ કર્યો ? "

પોતાની સમક્ષ તેજસ્વી સુસ્થિતદેવને પ્રગટ થયેલો જોઇ જગડુશાહે પ્રણામ કરીને દેવની સ્તુતિ કરી. " હે સર્વોત્કૃષ્ટ ? હે સેંકડો પર્વતોના આધાર ? હે લક્ષ્મી અને સુવર્ણના ભંડાર હે રત્નાકર ? જગતમાં તમે જય પામો ? જય પામો ? જગત ઉપર ઉપકારને કરનાર મેઘરાજાને પણ તમેજ પાણી આપીને શ્રેષ્ઠ બનાવો છો. એક ચિત્તે તમારૂં ધ્યાન કરવાથી આજે મારાં પાપ નાશ પામ્યાં કેમકે તમારા દર્શનથી કયો પ્રાણી ઇચ્છિત વસ્તુને નથી મેળવતો ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"હે પુણ્યવાન્ ? કહે ? તારૂં શું પ્રિય કરૂં ? કયું કાર્ય સિદ્ધ કરવા માટે તેં મારૂં સ્મરણ કર્યું." સુસ્થિતદેવે કહ્યું.

"હે દેવતાઓમાં શ્રેષ્ઠ રત્નાકર ? તમે જો પ્રસન્ન થયા હો, તો વંશની વૃદ્ધિ કરનાર પુત્ર અને ધર્મની વૃદ્ધિ કરનારી લક્ષ્મી આપો ? "

"હે પુણ્યાત્મા ? તેં બે ચીજો માગી એ ઠીક ન કર્યું. પણ તને એ બે વસ્તુઓમાંથી એક વસ્તુ આપીશ. તારી મનોઇચ્છા પુરી કરીશ. "

"તો દેવ ? મને પુત્ર આપો ? મારૂં કષ્ટ કાપો ?"

"તારા ભાગ્યમાં પુત્ર નથી. "

"હેં ? શું મને પુત્ર નથી." ચમકીને જગડુશાહે પૂછયું.

"ના ? "

"શું આપ પણ મારી ઇચ્છા પૂર્ણ કરવા શકિતવાન નથી ? " ફરીને પૂછયું.

"જે ચીજ ભાગ્યમાં ન હોય તે દેવતાઓ પણ ન આપી શકે ? "

"કોઇ એવો ઉપાય નથી કે જે ઉપાયથી મને પુત્ર થાય ?"

"નહી ? વિધિના લેખ કદી ફરતા નથી. પૂર્વ જન્મના રૂણાનુબંધ મિથ્યા થતા નથી."

"હા ? હતાશ ? " જગડુશાહે નિ:શ્વાસ મૂકયો.

"શા માટે દિલગિર થાય છે એ તો લલાટના લેખની વાત છે. છતાં તને લક્ષ્મી અખુટ આપું છું. ગમે એટલી વા-

પરતાં તારી લક્ષ્મી ખુટશે નહીં. તને ધર્મની વૃદ્ધિ કરવામાં સહાય કરનારી થશે."

"દેવ ? પુત્ર વગર એ લક્ષ્મીને હું શું કરૂં ! તમારા પ્રભાવે આજે પણ મારે ઘેર લક્ષ્મી તો ઘણી છે. તેમાંય તમે પાછું લક્ષ્મી અખુટ રહેવાનું વરદાન આપ્યું. એક પુત્ર વગર એ બધું સુખ અધુરૂં છે."

"ધર્મને વૃદ્ધિ કરનારી લક્ષ્મી વડે તું માનવ જન્મ સફળ કરી લે ? સુકૃત કરવા વડે જગતમાં તારૂં નામ અમર કરી લે ? વત્સ ! આ ભવ અને પરભવમાં ગૃહસ્થોને તો સુખ આપનારી એક લક્ષ્મીજ છે. પુત્ર નહી ! તું તો વિવેકી છે. સુકૃતમાં વાપરવાથી તું મુક્તિ વધુને પણ એ લક્ષ્મીથી ખરીદી શકીશ. લક્ષ્મીથી તું જે મેળવી શકીશ તે પુત્રથી નહી મળે. વિવેકી થઇ શા માટે અફસોસ કરે છે. પુત્રો કોઈ વખતે પિતાને સંતાપ કરનારા પણ થઇ પડે છે, છતાં પુરૂષો પુત્રના મોહમાં ઘેલા ફરે છે." સુસ્થિતદેવે કહ્યું.

"છતાં દેવ ? પુત્રમોહ દુસ્ત્યાજ્ય છે."

"વિવેકીને જગતમાં શું દુસ્ત્યાજ્ય છે ! જગતમાં કોનો વંશ રહ્યો છે ? કાળાંતરે સર્વનો વંશ તો નાશ પામવાનો છે. એક વખતે હજારો પુત્રવાળા પણ આજે વંશ વગરના થઇ ગયા, એમનું નામ પણ આજે કોઇ જાણતું નથી. ત્યારે જગતના ઉપર ઉપકાર કરી જેમણે પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. એ પુરૂષો મુવા છતાં પણ આજે જીવતા જ છે. લોકો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમના હમેશાં ગુણગ્રામ કરે છે–પ્રભાતમાં ઉઠીને એમનું નામ ગ્રહણ કરે છે.”

“ત્યારે શું આપ ધર્મને વૃદ્ધિ કરનારી એક લક્ષ્મી જ આપો છો ?”

“હા ? તારે ત્યાં લક્ષ્મી અખુટ રહેશે. વ્યાપાર અર્થે તું અનેક વહાણો ભરી સમુદ્રમાર્ગે રવાને કરીશ. તે સર્વે મારા પ્રભાવથી વિઘ્નરહીતપણે રહેશે તારી કોઇ પણ ચીજ હું રાખીશ નહી. વળી વ્યાપારમાં પણ તું લાભજ મેળવીશ.”

“આપનું વચન સત્ય થાઓ ! હવે ફક્ત એકજ વાત કહો ?”

“શી વાત”

“દેવ ? આપે કહ્યું કે ‘મારા ભાગ્યમાં પુત્ર નથી’ તો તેવી રીતે મારા બીજા બે ભાઇઓને પણ પુત્ર થશે કે કેમ ?”

“તારા ભાઇને પુત્ર થાય એથી શું તને સંતોષ થશે કે ?”

“બેશક ! સર્વનો નાશ થતો હોય તે સમયે એમાંથી થોડુંક પણ બચી જાય તો સંતોષ છે.”

“જે મળે એમાં સંતોષ રાખવો, એ વિવેકી પુરૂષોની નીતિ છે. પણ ન્યાય ભ્રષ્ટ ન થવું. તારા ભાઇના ભાગ્યમાં પુત્રનું સુખ તો લખાયું છે.”

“શું મારા ભાઇને પુત્ર થશે ! કોને થશે ! કેટલા થશે ! એ પુત્રોને પણ હું મારાજ પુત્ર સમજીશ ! એમને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોઇને હું મારી આંખો ઠારીશ !–પ્રસન્ન થઇશ.” હર્ષથી ઉભરાતા હૈયે જગડુશાહે સમુદ્રદેવને કહ્યું.

“ તારા ‘ રાજ ’ નામે ભાઈને બે પુત્ર અને એક પુત્રી થશે.”

“ દેવ ! આપની એ વાણીથી હું પ્રસન્ન થયો આપે પ્રગટ થઈ મારો મનોરથ સફલ કર્યો. આપે મને શું નથી આપ્યું ? પુત્ર આપ્યો ધર્મને વૃદ્ધિ કરનારી લક્ષ્મી પણ આપી ?” જગ શાહે દેવનો આભાર માન્યો.

“ લે ! આ ઉત્તમ રત્નો તને ભેટ આપું છું.” એમ કહીને કેટલાંક ઉમદા રત્નો પોતાના ભંડારમાંથી મંગાવી જગડુશાહને ભેટ આપી સમુદ્રનો નાયક સુસ્થિત દેવ અંતર્ધાન થઇ ગયો.

પ્રભાતનો સમય થવા આવ્યો ને કુકડાના પ્રભાતની નોબત સરખા મધુર શબ્દોએ જગતને નિદ્રાના પાશમાંથી મુકત કરવા માંડયું. પરસેવાના બિંદુની પેઠે આકાશમાંથી તારાઓ એક પછી એક અદૃશ્ય થવા લાગ્યા. ચકોર અને ચકોરી રાત્રીરૂપ પિશાચિણીને ભાગી જતી જોઈ એક બીજાના મેળાપ માટે હરખાવા લાગ્યાં. સંકુચિત થયેલાં કમલોની પાંખડીઓ પણ પોતાનો આનંદ વ્યકત કરતી વિકસ્વર થતી જોવાઇ. ધીરે ધીરે રાત્રીનું ગાઢ અંધકાર દૂર થયું ને તે સાથેજ ચોર, જારી, વ્યભિચારી ને ઘુવડને સંતાપ કરનારો સૂર્ય નિશાનો નાશ કરતો પ્રકાશ કરવાની તૈયારી કરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યો. પૂર્વ દિશા અંધકારરૂપ શોકનો ત્યાગ કરવાથી અતિ પ્રસન્ન રૂપે ઉજ્વળ થતી દેખાઇ.

સાત દિવસ અને રાત્રીને અંતે આઠમા દિવસની પ્રાત: કાળે સૂર્યોદય થયા પછી જગડુશાહે મોટા હર્ષ સાથે પોતાનું તપ પૂર્ણ કરીને પારણું કર્યું. દાન, માનથી આપ્ત જનોને સંતોષ્યા.

સમુદ્ર નાયકના વરદાનથી જગડુશાહના તેજ અને ગૌરવમાં મોટો વધારો થયો. એ તેજ અને પ્રતાપને વરેલા જગડુશાહ સમુદ્રનું યથાવિધિ પૂજન કરી સમુદ્રદેવને સંતોષી પોતાના નગરમાં આવીને કુટુંબ વર્ગને મલ્યા.

જગડુશાહને સમૃદ્ધિ તો હતીજ; છતાં ભરતીમાં ભરતી થવા લાગી. એ મુકત હાથે દાનપુણ્ય કરતાં પણ લક્ષ્મી અખુટ હતી. સમુદ્રમાર્ગે એમનો વ્યાપાર અદ્વિતીય હતો. એમનો માલ દુનિયાના દરેક બંદરોમાં જઈ અધિક લાભ મેળવીને સમુદ્રદેવના વરદાનથી ગમે તેવા તોફાન વચ્ચે પણ એ તોફાન વટાવીને સહિસલામત ઘેર આવતો હતો. દુનિયામાં જગડુશાહની ખ્યાતિ એથી અધિક થઇ. લોકો મુકત કંઠે એમનાં વખાણ કરવા લાગ્યા. મોટા મોટા પુરૂષો ઉપર પણ જગડુશાહનો પ્રભાવ પડતો હતો. એ પ્રભાવથી કોઇપણ એમનું વચન ઉલ્લંઘન કરવાને સમર્થ થતો નહી રાજાઓમાં કે પ્રજાઓમાં અથવાતો નાના મોટા દરબારોમાં જગડુશાહનાં માન સન્માન અધિક થવા લાગ્યાં. એમના દાનની તો અવધિજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતી. મુકત હાથે દાન આપવાથી અનેક મનુષ્યોના દરિદ્રપણાને એમણે નાશ કર્યું હતું. નાના મોટા રાજ દરબારો પણ દ્રવ્યની આશાએ એમના ઓશીયાળા જેવા રહેતા હતા. આ જમાનામાં ધનથી, દાનથી જગડુશાહ અદ્વિતીય પુરૂષ ગણાતા હતા. એવું ભાગ્યેજ સ્થળ હશે કે જ્યાં એમની કીર્તિ લોકો ન ગાતા હોય !

# પ્રકરણ ૯ મું.

## હૃદય મંથન.

જગતમાં મનુષ્યોનાં ભાગ્ય જુદાં જુદાં હોય છે. કોઈ સુખ ભોગવે છે ત્યારે તે સમયે બીજા જીવો દુઃખપણ ભોગવતા હોય છે. માનવપ્રકૃતિની ભિન્નતાને લીધે મનુષ્યોનાં મન એમની કાર્ય દિશા પણ જુદીજ હોય છે. જગડુશાહનું કુટુંબ આ સમયે પરિપૂર્ણ સુખમાં પોતાનો સમય વ્યતિત કરતું હતું ત્યારે એક વ્યક્તિ એવી પણ હતી કે જેને મન અત્યારે પારાવાર દુઃખ હતું. એ વ્યક્તિ તે જગડુશાહનો માનિતો મુનિમ યુવક જયંતસિંહ !

આપણે જાણી ગયા છીએ કે જયંતસિંહ શરૂઆતથીજ પ્રીતિમતિને ચાહતાં શીખ્યો હતો. એને મેલવવાની આશામાં એ પોતાનો કાળ નિર્ગમન કરતો હતો. પ્રીતિમતિના વિવાહ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયા, એનાં લગ્ન લીધાં તો પણ એ તરૂણ યુવકની આશા અ-મર હતી. બાળા પ્રીતિમતિ પરણી ગઇ ને સાસરે સુખમાં પડી એટલે જયંતસિંહ નાશીપાશ થઇ ગયો મૂઢ જેવો બની ગયો. પ્રીતિમતિના લગ્નમાં એણે ભાગ લીધો પણ એને લાગ્યું કે " એના કરતાં હું મરી ગયો હોત તો સારૂં હતું, હાય જીવતા માણસને કેટલું બધું દુઃખ હોય છે. ? "

પણ આખરે જયંતસિંહ એક વણીક હતો, નિઃસત્વપુરૂષો પરાભવ પામ્યા છતાં પણ જગતમાં જીવતાજ રહે છે, પરા-ક્રમને અભાવે એમને મરવું ગમતું નથી. જ્યારે સાહસિક પુરૂષો–ધીર પરાક્રમી પુરૂષો હાર ખાઇને જગતમાં જીવવું પસંદ કરતા નથી. એતો જીવનને તૃણની માફક ગણીને તરતજ છોડી દે છે પણ દુઃખનો ભાર લઇને એ પુરૂષો જીવી શકતા નથી.

લાંબાકાળથી પ્રીતિમતિને મેલવવા આતુર થયેલા જયં-તસિંહને હવે પ્રીતિ કોઇ રીતે મલી શકે તેમ નહોતું. છતાં પ્રીતિ તરફનું ગાઢ મોહ બંધન એને દુઃસહ્ય હતું. પુરૂષથી સહન કરી શકાય એટલું દુઃખ જયંતસિંહ પરાભવ–પરવશ-પણાથી સહન કરવા લાગ્યો. શું કરે ? એ સિવાય બીજો કાંઈ ઉપાય નહોતો.

જયંતસિંહની તો કફોડી સ્થિતિ હતી. એ દુઃખ નતો કહેવાય નતો સહેવાય ! કેમકે જગતમાં બીજાને કહેવાથી મનુ-ષ્યનું દુઃખ કાંઇક ઓછું થાય છે. પણ આ દુઃખતો જો બી-

J. ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાની આગળ કહી હૈયાનો ઉભરો ખાલી કરવા જાય તો ઉલટો પોતે બેવકુફ બને ? જગડુશાહની નજરમાં કેટલો બધો એ હલકો ગણાય, જગડુશાહના કુટુંબનું જે કંઈ એની ઉપર વાત્સલ્યભાવ હોય એના ઉપર પાણી ફરી વળે. જગડુશાહને પ્રભાવે જે કાંઈ એના સુખમાં દિવસો જાય છે. બે પૈસાનો જીવ પ્રાપ્ત થયો એ બધુ ધુળમાં મળી જાય--ઉપરથી લોકમાં હાંસીને પાત્ર થાય.

જયંત સમજુ હતો, દુઃખમાં મોટો થયેલો હોવાથી દુઃખ સહન કરતાં એ શીખ્યો હતો, જગડુશાહનો રૂણી હતો. કારણકે એની ઉપર જગડુશાહનો ઉપકાર હતો આજે આટલી બધી હોંશીયારી, ઇજ્જત, આબરૂ પામ્યો એ બધો એ શેઠનો જ પ્રતાપ હતો. હૈયાના ઉંડાણુમાં લાગેલો મોહ બંધનનો એ તીવ્ર ઘા રૂજાવવા માટે અનેક પ્રકારે યત્ન કરવા લાગ્યો એને ભૂલવવા માટે એણે ખુબ મહેનત કરી. મનને સમજાવવા માંડયું. " અરે મન! તારે ને એને શું? સંસારમાં તો જે કાંઈ બને છે તે બધું પૂર્વના રૂણાનુબંધે જ બને છે. તું જે જે ઈચ્છે તે ઓછુંજ બને? હવે તો હે મન! તારે ને એને અંનંત ગાઉનું અંતર પડી ગયું. માટે એ ગઈ ગુજરી ભુલી જા? પરણવુંજ નહી. જેની સાથે આપણું દિલ મળે નહી એવી સ્ત્રીને પરણીને આખો જન્મારો બાળવો તે કરતાં ન પરણવું જ સારૂં." વીગેરે અનેક પ્રકારે એણે મનને શાન્તવન આપવા માંડયું.

પણ એ મન તો હીલોળે ચઢેલું હતું. એમ સમજાવ્યે મન કદિ કોઇનું સમજ્યું નથી–સમજતું પણ નથી. દુઃખમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આર્ત્તધ્યાનમાં એના દિવસો પસાર થતા હતા. હમેશાં એનું વદન ઉદાસ રહેતું. મુખ ઉપર ગંભિરતા જણાતી શોકની –ચિંતાની આછી છાયાથી–હૈયાના એ મુંગા દુઃખથી એનું શરીર ધીરે ધીરે ઘસાવા લાગ્યું. મોં ફીકું પડી ગયું. વ્યાપાર રોજગારમાં પણ એનું ચિત્ત લાગતું નહી, પૂર્વના અભ્યાસથી તે હમેશના કામકાજની હોંશીયારીથી પુતળાની માફક એ પોતાનું કામ કરતો હતો. છતાં વચમાં સ્ખલનાઓ થતી હતી પણ એના હાથ નીચેના માણસો એની ભુલો સુધારી લેતા હોવાથી શેઠના વ્યાપારમાં ધોકો લાગતો નહી પણ એના જીવનને તો ધોકો લાગતોજ રહ્યો.

એના મિત્રો–સ્નેહીઓ વારંવાર એને ખાનગીમાં પૂછતા. ગરીબ બિચારો જયંત ! શું જવાબ આપે ? દિવાના માણસની માફક જયંત પૂછનારા મિત્રોની સામે જોઈ રહેતો. છતાં ખુલાસો કરી શકતો નહી.

જયંતની ઉદાસિનતાની ધીરે ધીરે જગડુશાહને તેમજ જગડુશાહના કુટુંબમાં પણ ખબર પડી ગઇ. જગડુશાહના કુટુંબમાં એ પુત્ર જેવો હતો જેથી સર્વ કોઇ વાત્સલ્યભાવથી દુઃખનું કારણ પૂછતાં પણ તમે કહેશો ભલા ! એમની આગળ જયંતસિંહ શું ખુલાસો કરે ?

શરીરમાં કોઈ ગુપ્ત વ્યાધિ હશે કે ક્ષયરોગ થયો હશે એમ સમજીને જગડુશાહે સારા સારા વૈદ્યોને બોલાવી એની ચિકિત્સા કરવાને ફરમાવ્યું. વૈદ્યોએ શરીર તપાસી ઘણીય

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

ચિકિત્સા કરી પણ રોગ તો કાંઇ પણ જોવામાં આવ્યો નહી. કારણકે શરીરનો રોગ હોયતો વૈદ્યો દવા કરીને આરામ-શાંતી આપી શકે પરંતુ મનના રોગમાં એ ઉસ્તાદ ગણાતા વૈદ્યો પણ શું દવા કરી શકે ? તોપણ પોતાની હોંશીયારી બતાવવાની ખાતર વૈદ્યો ઉપલક દવા કરવા લાગ્યા, છતાં એ દવાથી એના મનનું દુઃખ ઓછુંજ દૂર થવાનું હતું ? અફસોસ ? આજે તો એ દુઃખ એને ભોગવ્યા સિવાય છુટકોજ નહોતો.

હૈયાની વ્યથાથી પીડાતા જયંતે શાંતિના અનેક ઉપચારો કર્યા. શાંતિને માટે કપાળે શરીરે ચંદનનું વિલેપન કરતો. પણ એથી તો એનો ઉકલાટ વધતો હતો. મંદમંદ પવનની શિતલ લહેરોનો સ્વાદ ચાખવાને બગિચાઓમાં જતો હૃદયની વ્યથા ભૂલવાને અનેક પ્રકારના વૈરાગ્યમય પુસ્તકો વાંચતો. ત્યાગીઓનો સહવાસ રાખતો મનની ગતિને ચંચળ બનાવનાર ઘી, દુધ, વગેરે કવચિતજ વાપરતો ને નિરસ આહાર જમતો છતાં એને શાંતિએ છોડયો હતો-ચિંતાએ પોતાના સકંજામાં લીધો હતો જેમ જેમ પ્રીતિને ભૂલવવા પ્રયત્ન કરતો તેમ તેમ એનું ચિત્રપટ એની આગળ સુક્ષ્મ દેહે ખડું થતું. એ સૌંદર્યમાં એકાગ્ર થઇ જતો-એમાંજ સુંજાઈ જતો. એમાંથી જાગૃત થતાં ન તો પ્રીતિ ન તો કાંઇ ? સ્વપ્નાની માફક એ સ્વપ્ન સૃષ્ટિ ક્ષણમાત્રમાં અદશ્ય થઇ જતી હતી. એકાંતનો લાભ મેલવી ગરીબ બિચારો જયંત મુક્ત કંઠે રડી પડી હૈયાનો ઉભરો ખાલી કરતો હંમેશને માટે આ એનો નિત્યક્રમ હતો.

દિવસના તો વ્યાપાર રોજગારમાં તેમજ અન્યજનોના પરિચયમાં આવવાથી એને ઓછું દુઃખ જણાતું હતું. પણ એની ખરી વ્યથા તો રાત્રીએજ માલુમ પડતી. એક એક રાત્રી એને યુગ સમાન થઈ પડતી હતી. પોતાના શયનગૃહમાં આવતો ત્યારથી તે એ બહાર જતો ત્યાં લગી કંઇ કંઇ વિતર્કો એના ઉપર વીતી જતા હતા. અરે દુઃખમાં શાંતિ આપનારી–દુઃખની બેલી એવી નિદ્રાએ પણ એને તજ્યો હતો. ઘડીમાં પુસ્તક વાંચે, તો ઘડીમાં બારીએ ઉભો રહી રસ્તામાં નજર નાખી ચિત્તને બીજી દિશા તરફ વાળતો તો ક્ષણમાં આરામચેર ઉપર પડતો. વળી ત્યાં ઠીક ન પડે તો આંખો મીચી ઉંઘી જવાનો ડોળ કરી પડી રહેતો પણ જેની ઉપર ખુદ કુદરતજ રૂઠી હોય, જેને પોતાના ભાગ્યેજ તજ્યો હોય એવાને આ જગતમાં સુખ કયાંથી હોય. હૈયામાં અનેક વિચારો આવતા ને હૈયા સાથે અથડાઇને સમાઈ જતા. એકલું અટુલું જીવન એને અકારૂં લાગ્યું. જીવવા ઉપરથી એનો મોહ ઉતરી ગર્યો. ઝેર ખાઇ કે આપઘાત કરી મરી જવાની એને ઘણી ઇચ્છા થતી. એ સમજતો હતો કે આ દુઃખમાંથી છુટવા માટે મૃત્યુ સિવાય બીજો હવે મારે માટે આ જગતમાં કોઇ રસ્તો નથી. દુઃખી માણસોને તો મૃત્યુ એજ આવા અનંત દુઃખમાંથી છોડવી શકે તેમ હતું. જયારે જુસ્સો ઉભરાતો ત્યારે મરવાને તૈયાર થતો, પણ એ જુસ્સો નરમ પડતાં વળી મોતથી ડરતો ? મોતથી ડરતો ત્યારે જીંદગી ઉપર એને તિરસ્કાર આવતો પોતાના એ નિઃસત્વ જીવન ઉપર અનેક શ્રાપ વરસા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વતો એ નબળાઇ ઉપર એને ઘણો ધિક્કાર આવતો પણ મરવું ગમતું નહી.

પાછી વિચાર શ્રેણિ બદલાતી. " ત્યારે શું સાધુ થઈ જાઉ બસ કફની પહેરીને જંગલમાં જતો રહું. એટલે મારે દેખવુંય નહી ને દાજવું-બળવું પણ નહી, એજ ઠીક છે. વ્યાપાર રોજગારનું હવે મારે શું કામ છે. બસ ! કફની પહેરી જંગલમાં જઈ તપ કરી મારા પાપનું પ્રાયશ્ચિત કરીશ, ધીરે ધીરે આ દુઃખને હું ભૂલી જઈશ. " એ પ્રમાણે સર્વે સંસારની માયા છોડીને જતા રહેવાનો વિચાર નક્કી થતો. પણ થોડીવારે વળી પાછો એ વિચાર બદલાઇ જતો. જેમ દરિદ્ર પુરૂષના મનોરથ નિષ્ફળ છે. બકરીના ગળામાં રહેલા આંચળ નિષ્ફળ છે તેમ નિર્બળ પુરૂષ-નિઃસત્વ પુરૂષના વિચારો પણ નકામા છે. વિચારો અનેક કરે પણ એનાથી કાંઈ બની શકે નહી. એ બધું મનની નિર્બળતાનુંજ પરિણામ !

રાત્રીના ચારે પહોર આવી વિચાર શ્રેણિમાંજ પસાર થતા. વિચારમાં ને વિચારમાં નિદ્રા આવતી. તો નિદ્રામાં પણ પ્રીતિમતિનાંજ દર્શન ? રાત દિવસ જેનું રટન હોય એનાજ દર્શન સ્વપ્નામાં પણ થાય. તથા પ્રકારના સંસ્કારોને લીધે સ્વપ્નામાં પણ એ પ્રીતિમતિને વિનવતો એને પોતાની કરવાને સમજાવતો અનેક પ્રકારના કાલાવાલા કરતો એના સૌંદર્યમાં મોહ મુગ્ધ થતો, પણ જાગતો ત્યારે સ્વપ્નાની લક્ષ્મી સ્વપ્ન પુરૂં થતાંજ અદૃશ્ય થઇ જતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હમેશની આવી સ્થીતિ છતાં જયંતસિંહ શેઠના વ્યાપાર રોજગારમાં પોતાનું હમેશનું કાર્ય બજાવતો હતો. શેઠની એની ઉપર મીઠી નજર હોવાથી થોડી ઘણી અગવડતા છતાં શેઠ એ ઉપર ધ્યાન આપતા નહી. પણ શેઠે વિચાર્યું કે "જયંતસિંહના હૃદયમાં શું છે એની કાંઇ ખબર પડતી નથી પણ મને લાગે છે કે એને સ્થાનાંતર કરાવવું એજ ઠીક છે એના હૈયામાં કંઇપણ શોક કે દુઃખ હશે તે પરદેશમાં જવાથી એ નવી દુનિયાના સંસર્ગમાં આવવાથી, ત્યાંના વ્યાપારમાં ચિત્ત લાગવાથી એનો શોક દૂર થઇ જશે. ઇત્યાદિક વિચાર કરી જગડુશાહે ઘણા માલથી ભરેલું એક મોટું વહાણ આપી જયંતસિંહને સર્વે વિગત સમજાવીને આર્દ્રપુર-એડન મોકલ્યો. એની સાથે બીજાપણ માણસો એની સંભાળ રાખવાને મોકલ્યા. જયંતસિંહ પણ પોતાના માણસોની સાથે મોટું વહાણ લઇને એડનના બરનો માલ લઇ એડન તરફ રવાના થયો. સમુદ્રનાં પાણી શાંત હોવાથી એનું વહાણ સડસડાટ કરતું એડન તરફ ચાલ્યું.

# પ્રકરણ ૧૦ મું.

## સંસાર સુખની વાટે.

"અરે આટલી બધી વાર લાગી છતાં હજી સુધી કેમ ન આવ્યા ? આ પુષ્પની માળા પણ ગુંથી ને મેં કયારનીય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર કરી, પ્રિયતમના કંઠનું આલિંગન કરવાને કેવી આતુર થઇ રહી છે ? " પોતાના ઉદ્યાનની એક લતાકુંજમાં આરસની બેઠક ઉપર બેઠેલી એક નવયૌવન તરૂણીના આ ઉદ્ગાર હતા. છેલ્લું વાકય પોતાના નાજુક કરકમળમાં રહેલી ફુલની માળાને ઉદ્દેશીને એ રમણી બોલી હતી.

આજે આનંદનો દિવસ હોવાથી વેપારરોજગાર બંધ હતા. જેથી પતિને બગિચામાં આવવાનું આમંત્રણ આપી આ રમણી વહેલાં વહેલાં આવીને પુષ્પની માળા ગુંથી તૈયાર કરતી હતી. પુષ્પની માળા તૈયાર થઇ છતાં એનો પહેરનારો હજી દેખાતો નહોતો. અત્યાર લગી તો એ માળા ગુંથવામાં ચિત્ત હતું. જેથી ગયેલા સમયની ખબર પડી નહી. પણ એ માળા ગુંથાઇ ચિત્ત નવરૂં પડયું એટલે રમણીને બેચેની થવા લાગી. આંખો ઉત્સુકતાથી માનિતા મેમાનની રાહ જોવા લાગી. હૈયામાં કંઈ કંઇ ભાવો વારંવાર ઉત્પન્ન થવા લાગ્યા. પ્રિયતમના આગમનની રાહ જોતું એ હૈયું અધિરૂં અધિરૂં થઇ રહ્યું હતું. બાળા તે એ જમાનાની સુખીમાં સુખી એવી પ્રીતિમતિ હતી.

આતુરતાથી પ્રીતિએ કેટલાક સમય પર્યંત પ્રિયતમની વાટ જોઇ. વાંકી ડોક કરીને પ્રિયતમના માર્ગમાં પ્રીતિ જોવા લાગી. છતાં યશોદેવનું દર્શન થયું નહી. આખરે તે બેઠી હતી ત્યાંથી ઉભી થઇ ગઇ. હવે એકલાં એને કંટાળો આવવા લાગ્યો. " કંઇયે વાર નહોતી. મારા પાછળજ એ આવતા હતા, વળી કયાંય ભેખડે ભરાઈ ગયા હશે. કયાંક ગયા હશે !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મિત્રો પણ કયાં એમને જપવાદે છે એમનેયે કઇ કામ નથી. આજના આનંદના દિવસોમાં પણ બે ઘડીયે અમને વિનોદ નહી કરવાદે ? ”

પણ લતાકુંજની પછવાડે પ્રીતિમતિની પીઠ પાછળ એક વ્યકિત કયારનીય ચુપચુપ ઉભેલી હતી. ઉભી ઉભી આ કામણગારીની ચેષ્ટા જોતી હતી. એણે જોયું કે “ પ્રિયાની ધિરજ ખુટી ગઇ છે પ્રિયના મિલન વગર બ્હાવરી બ્હાવરી બની ગઇ છે તો હવે પ્રગટ થવું આવો અણમોલ સમય વ્યર્થ જવા દેવો એ એની બુદ્ધિને ઠીક લાગ્યું નહી.

એ પ્રમાણે વિચાર કરનાર અને પ્રચ્છન્નપણે પ્રિયાની ચેષ્ટા જોનાર વ્યક્તિ તે યશોદેવ હતો, યશોદેવ:પચ્ચીશ વર્ષનો નવજુવાન તરૂણ હતો. સ્વભાવે શાંત, મિલનસાર અને હસમુખો એટલે પ્રીતિ અને યશોદેવની સ્નેહ ગાંઠ દૃઢ થતાં વાર લાગી નહી. પૈસો હતો, ઐશ્વર્ય હતું. જો કે યશોદેવ એટલો બધો સુંદર નહોતો છતાં એનામાં કેટલાક ગુણો સારા હોવાથી તેમજ પ્રીતિને પણ એનો સ્વભાવ અનુકુળ પડવાથી દૂધમાં સાકરની જેમ બન્નેનાં હૃદયો એક થઇ ગયાં હતાં. જેવી રીતે પ્રીતિનેઅનુકુળ યશોદેવ હતો તેમજ પ્રીતિ પણ યશોદેવને અનુકુળ રાખવામાં જરાય ખામી આવવા દેતી નહી.

જેવી પ્રીતિ જવાની તૈયારી કરી ડગલું ભરે છે ત્યાં તો એકજણે પાછળથી આવીને એની બન્ને આંખો દબાવી. પોતાની ઉપર અચાનક આ હુમલો થવાથી બાળા પ્રીતિમતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગભરાઈ, પોતાના કોમલ હાથે એ હાથો તપાસતી બોલી—
"કોણ એ ? તમેજ કે ?"

"એ તો હું સરસ્વતી, સખી ?" કૃત્રિમ સાદ કરીને જવાબ આપ્યો.

"શું સરસ્વતી ? મુઇ તું અત્યારે અહીં કયાંથી ?" પ્રીતિમતી બોલી.

"બસ એટલી વારમાં વિસરી ગઇ ?" એ વ્યક્તિએ આંખો ઉપરથી પોતાના હાથ ખસેડી લીધા. ને એની સામે ઉભી રહી. "વાહ ? પહેરામણીમાં શિરપાવ તો ઠીક આપો છો, હો ?"

"અરે શું તમે હતા ?" પ્રીતિમતિ યશોદેવને જોઇ ચમકી–હસી. "માફ કરજો હો ? જરાય ખોટું લગાડશો નહી, મેં કાંઈ તમને કહ્યું નથી."

"અમને નહી તો કોને કહ્યું ? એ તો આવતાં વેતજ આ પહેલી પુષ્પાંજલિ ?" યશોદેવ એક બાજુએ મોં ચડાવીને ઉભો રહ્યો. પ્રીતિમતિ એની પાસે આવી. "દેવ ? ક્ષમા કરો ? મારાથી ભૂલથી એ બોલાઇ જવાયું ? મેં જાણ્યું કે સરસ્વતી આ સમયે આપણા બન્નેના રંગમાં ભંગ કરવા કયાં આવી ? તમે તો રાહ જોવડાવીને મારી આંખો પણ ખેંચાવી. તમને મલવાને અધિરી થયેલી મેં તો સરસ્વતીને કહ્યું હતું, તમને નહી."

"એ....મ !" પ્રીતિનો જવાબ સાંભળી યશોદેવનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વદન હસી રહ્યું, આંખો હર્ષથી નૃત્ય કરવા લાગી. નવયુવાનીના પુરજોસમાં વિહાર કરતી. રમણીયોએ કયા પુરૂષનું ચિત્ત નથી હર્યું ! તો પછી આ તો સર્વાંગ સુંદર લક્ષ્મીથી શોભતી સાક્ષાત્ લક્ષ્મી સમી પ્રીતિ હતી. એ પ્રીતિમતિની અખૂટ પ્રીતિ આગળ યશોદેવનો ગુસ્સો કયાં સુધી ટકી શકે તેમ હતો.

" પ્રિયતમ ? કયારનીય હું તમારી વાટ જોતી હતી. અને હું તો વાટ જોઉ એ તો જાણે ઠીક પણ આ મારી બેનપણી તમારી વાટ જોઈ રહી હતી. " એટલું બોલીને પ્રીતિમતિ મૃદુ હસી. અંતરના હર્ષથી નાજુક શરીરનાં રોમરાય પણ વિકસ્વર થયાં.

" તારી બેનપણી વળી કોણ ? " યશોદેવ ચમકયો.

" મારી બેનપણીને તમે નથી ઓળખતા શું ? અરે એ તો મારી કરતાં પણ તમને મળવાને ઘણીજ અધિરી થઈ રહી છે બોલો તો ? અમારા બન્નેમાંથી પહેલાં કોને સત્કારશો ? મને કે મારી બેનપણીને ? "

" પણ તારી બેનપણી તે કોણ ? હું તો એને મુદ્દલે ઓળખતો નથી. તારી બેનપણીનું મારે શું કામ છે મારે તો મારી પ્રતિનુંજ કામ છે." યશોદેવ હસ્યો ને આરસની બેઠક ઉપર બેઠો. "પણ આ તારા હાથમાં શું છે ? આ પુષ્પની માળા શું તેં ગુંથી છે ? "

" હા ? પ્રિયતમ ! એજ મારી બેનપણી ! બિચારી તમારા કંઠનું આલિંગન કરવાને કયારનીય અધિરી થઇ રહી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. તો તમારા હૈયામાં ધારણ કરીને એને શાંતિ આપો ? ” એમ કહીને સ્વામીની ડોકમાં પેલી પુષ્પમાળા પહેરાવી દીધી. બગીચામાં હાસ્ય વિનોદ કરતું યુગલ વખત થઈ જવાથી ઘેર પાછું ફર્યું.

# પ્રકરણ ૧૧ મું.

## આર્દ્રપુરમાં.

“ વાહ ! શું આ પત્થર છે. એની રોનકજ કોઇ જુદી છે આજ લગી દુનિયામાં પત્થર તો ઘણાય જોયા પણ આવો તો જોયોજ નહી ! ખચીત આ પત્થર ગમે તે ભોગે હાથ તો કરવોજ જોઇએ, આ નવાઇ જેવો પત્થર મને લાગે છે, જે શેઠને મન કૌતુક ઉત્પન્ન કરનારો થશે. માટે એને લઇ તો જવોજ” ઇત્યાદિ વિચાર કરતો એક નવયુવાન સમુદ્રના કિનારા ઉપર ઉભો હતો. એ યુવાન તે જગડુશાહનો માનિતો જયંતસિંહ પોતેજ હતો.

ભદ્રેસરથી વહાણ ભરીને જયંત પોતાના માણસો સાથે રવાને થઇ ગયો હતો, તે આપણે જોઇ ગયા છીએ. અનુકુળ પવનથી અને શાંતિમય વાતાવરણથી કેટલાક દિવસ સમુદ્રમાં નિર્ગમન કર્યા બાદ જયંતસિહ આર્દ્રપુરના બારામાં આવી પહોંચ્યો. આવા સુંદર શહેરની રમણીય શોભા જોઇ જયંતે

પોતાના વહાણને ત્યાં થોભાવી લંગર નંખાવ્યું. જયંતસિંહે તથા તેનો કાફલો સમુદ્રને કિનારે ઉતર્યો.

દરિયાની લાંબી મુસાફરીથી જયંતસિંહની ચિંતા કંઇક ઓછી થતાં શરીર જરા સ્વસ્થ થયું હતું. પોતે પોતાના માણસોને વહાણનો માલ નીચે ઉતારવાનો કહીને શુભ શકુને ભેટણું લઇને રાજાની પાસે ગયો. રાજાની આગળ નજરાણું મુકીને જયંતસિંહે બે મીઠા શબ્દોથી રાજાને પ્રસન્ન કરી દાણ માફ કરાવ્યું રાજાએ એનો સત્કાર કરીને વિદાય કર્યો.

જયંતસિંહ **આર્દ્ર**પુરમાં એક વિશાળ મકાન ભાડે રાખીને ત્યાં રહી વ્યાપાર કરવા લાગ્યો. ક્રયવિક્રય કરતાં અનેક દિવસો વહી ગયા. દરમિયાનમાં જયંતસિંહે સારી રીતે દ્રવ્ય પ્રાપ્ત કરી લીધું. સારી રીતે કમાણી થવાથી જયંતને એક રીતે સંતોષ હતો. કેટલાક દિવસથી તે અહીયાં હોવાથી ચિંતાનો બોજો કંઇક એનો ઓછો થયો હતો જેથી એના ચિત્તને આજે કંઇક શાંતિ હતી.

એક દિવસ આરામ મેળવવાની ખાતર તેમજ **આર્દ્ર**પુર શહેરની ભવ્યતાનું નિરિક્ષણ કરવા જયંત શહેરમાં ફરવાને નિકળ્યો આર્દ્રપુરનાં બજાર, ચોક, ભવ્ય ઇમારતો, ને બગિચાઓનું અવલોકન કરતો તે શહેર બહાર આવ્યો. એના વિશાળ રસ્તાઓ, શહેર બહાર, તરૂવરોની ઘટાઓ, અનેક પ્રકારના ઉદ્યાનો જોઇ એનું મન પ્રસન્ન થયું. એના માણસો પણ એની સાથે હતા. પોતાના દેશના એ માણસો હતા.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજા કેટલાક આર્દ્રપુરના વતનીઓને જયંતે પોતાની ચાકરીમાં રાખી લીધા હતા તે સર્વેની સાથે ફરતો ફરતો ને અનેક પ્રકારની તેમની પાસેથી નવા જુની સાંભળતો તે સમુદ્રના કિનારે આવ્યો.

પોતાના માણસો સાથે વાતો કરતાં અને ચારે બાજુએ અવલોકન કરતાં જયંત ક્ષણમાં સમુદ્રની ભવ્યતા અને ઉછળતાં મોજાંઓનું અવલોકન કરતો, તે ક્ષણમાં વૃક્ષરાજી તથા વિશાળ રાજમાર્ગ તરફ દૃષ્ટિ ફેંકતો હતો. એટલામાં જયંતની નજર એક વિશાળ, મોહક પત્થર ઉપર પડી. એ પત્થરની ભવ્યતા, તેજસ્વિતા તરફ એકી નજરે જોઈ રહ્યો એને પત્થર ઘણોજ મર્મવાળો અને ભેદી જણાયો. કુદરતીજ એ પત્થર તરફ એનું દિલ આકર્ષાયું. એ લેવાને એનું મન લલચાયું. ધીરે ધીરે એ પોતાના માણસો સાથે સમુદ્રને કિનારે પડેલા પત્થર પાસે આવ્યો. પાસે આવીને એની ભવ્યતાની એણે ખાતરી કરી અને ઉપર પ્રમાણે ઉદ્દગાર કાઢતાં પોતાના માણસોને એણે યોગ્ય હુકમ આપ્યો. "આ પત્થર ઉપાડી લ્યો !"

"શેઠજી ! આવા પત્થરો તો સમુદ્રમાંથી અનેક બહાર નિકળી પાછા સમુદ્રમાં ઘસડાઇ જાય છે એવા પત્થરને આપ શું કરશો ? નાહક હાંસીને પાત્ર ઠરશો !" આર્દ્રપુરના રહીશ એક ચાકરે કહ્યું.

"હશે ! કોક દિવસ એ અમને ઉપયોગી થઇ પડશે ભાઈ ! માટે તમે એને ઉપાડી લ્યો ?" જયંતસિંહે પોતાનો નિશ્ચય કાયમ રાખ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" પણ આવા પત્થરનું આપને જો કામ હોય તો નાહક અહીંયાંથી ઉપાડવાની મહેનત શા માટે કરાવો છો. આપણે ઘેર જઇશું એટલે એના કરતાંય મોટા પત્થર આપને હું એટલામાંથી લાવી આપીશ."

" ના ? એ પત્થરાઓનું આપણે કામ નથી. આપણને તો આ પત્થર સાથેજ કામ છે."

" ઠીક ? જેવી તમારી મરજી શેઠજી ! " ચાકરે શેઠના વચનને અનુમતિ આપી.

શેઠના વચનને અનુસરીને બે ચાકરો એ પત્થરને ઉપાડવા લાગ્યા. એટલામાં ત્યાં એક તુર્ક વહાણનો મુખ્ય કરાણી પ્રસંગોપાત ફરતો ફરતો આવી ચઢયો. જેવી રીતે જયંતસિંહ ભદ્રેસરથી આવેલો તેવીજ રીતે આ કરાણી પણ સ્થંભનપુર ખંભાતથી આવેલો હતો. એ કરાણીએ પણ આ પત્થર જોયો ને એની ઉત્તમતા એના દિલમાં ઉતરી જેથી તરતજ એણે જયંતસિંહના માણસોને અટકાવ્યા અને પોતાના માણસોને એ પત્થર ઉપાડી લેવાને કહ્યું. એ તુર્કના માણસોને જયતસિંહે પાછા વાળ્યા અને જણાવ્યું કે—" એ પત્થરને પ્રથમ અમે જોયો છે એને અમે અમારે સ્વાધીન કર્યો છે માટે એની ઉપર તમારો કાંઇ હક્ક નથી."

જયંતસિંહનું એ પ્રમાણે વાકય સાંભળી તુર્કનો સેવક ગર્વથી બોલવા લાગ્યો. " અરે આ પત્થર લેતાં તું મને અટકાવનાર કોણ ? એ પત્થર તો હુંજ લેવાનો સમજ્યો ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"કદાપિ નહી એ પત્થર હવે તમારાથી લઇ શકાશે નહી સમજ્યા કે? એની ઉપર અમારો હક્ક પહેલો છે એટલું જ નહી પણ અમે એને અમારા સ્વાધીનમાં પણ લઇ લીધો છે."

"તેથી શું ? આ પત્થરતો અમેજ લેવાના છીએ. કોઇ પણ ઉપાયે અમે તે અવશ્ય લેવાના. તમારો પરિશ્રમ વ્રથા છે. નાહક શા માટે હેરાન થાવ છો રાજીખુશીથી અમને સોંપીને ચાલ્યા જાવ એમાંજ તમને લાભ છે!" તુર્ક સેવકે અભિમાનથી કહ્યું.

"તો શું આ પત્થર તમે એમજ ફોગટ લઇ જવા માગો છો કે ? એમ સહેલાઇથી કાંઇ તમે લઇ શકશો નહી. તેમ તમારી જબરાઈ પણ ચાલી શકશે નહી. અમે રાજા આગળ ફર્યાદ કરી એનો ઇન્સાફ કરાવશું." જયંતસિંહે કહ્યું

રાજાનું નામ સાંભળીને તુર્ક ચમકયો. એણે નવીન યુકિત શોધી કાઢીને જણાવ્યું. "જે કોઇ માણસ આ નગરના રાજાને એક હજાર દીનાર ( રૂ. ૬ નો સિક્કો ) આપે તેજ પુરૂષ આ સમુદ્રકિનારે પડેલા પત્થરને ગ્રહણ કરે!"

"તમારા કહેવા પ્રમાણે આર્દ્રપુરના રાજાને એક હજાર દીનાર આપીને પણ હું આ પત્થર તમારા મમ્મતથી લઇશ." તુર્ક સેવકનું વચન સાંભળીને જયંતસિંહે કહ્યું.

"પણ તું તો એક હજાર દીનાર આપવાનું કહે છે એને બદલે હું બે હજાર દીનાર આપીને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે એ પત્થર હુંજ લઇશિ કીર્ત્તિ મેળવીશ." તુર્કે કહ્યું.

તેનું આવું ઉદ્ધત વચન સાંભળીને જયંતસિંહ બોલ્યો. " તમે બે હજાર આપીને લેવા માગો છો પણ એમ નહી હું દશ હજાર આપીને લઈશ. "

" મારા પંદર હજાર ત્યારે ? તારા કરતાં હું કાંઈ પાછો હઠીશ નહી. "

" તો મારા પચ્ચીશ હજાર ? "

" હું પચ્ચીશ હજાર રાજાને આપીશ ? " તુર્ક સેવક બોલ્યો.

" એ કંઇ નહી. જે પુરૂષ એક લાખ દીનાર આપે તેજ આ પત્થરને લે ? " જયંતસિંહ કહ્યું. બન્નેની રકઝક વધી પડી. ને બન્નેના ચાકરો ઉપરાંત બીજા પણ ઘણા માણસો ત્યાં ભેગા થયા. એક નજીવા પત્થર માટે આટલો વાદવિવાદ, મમત્વ જોઈ બધા વિચારમાં પડ્યા. ડાહ્યા માણસોને લાગ્યું કે " આ પત્થરમાં જરૂર કાંઇ ભેદ હશે. " ત્યારે બીજાઓ સમજ્યા. કે " કેવા મૂર્ખા છે એક પત્થરા માટે લાખ લાખ દીનારની શરત કરે છે. " જેમ જેને ફાવે તેમ બોલે. જગતને કોઇ ઓછુંજ રોકી શકે છે. પત્થર માટે તેમની થતી વાટાઘાટ જોઇ લોકોને મન તો કૌતુક ઉત્પન્ન થયું.

લાખ દીનારની શરત સાંભળીને તુર્કયુવાન ચમક્યો, ક્રોધાયમાન થઇ બોલ્યો. " ઠીક ? તો હુંજ એક લાખ દીનાર રાજાને આપીને આ પત્થર લઈશ. "

J. ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" આ રાજાને બે લાખ દીનાર આપીને એ પત્થર હું લઇશ. " જયંતસિંહે કહ્યું.

" કદી નહી, અહીંના રાજાને ત્રણ લાખ આપે એજ આ પત્થરને લે ? " તુર્કના સેવકે કહ્યું.

એમનો વાદવિવાદ તો વધી પડ્યો ઠેઠ રાજદરબારમાં આ વાત પહોંચી જવાથી પોતાના પ્રધાનો સાથે રાજા પણ ત્યાં દોડી આવ્યો. પત્થરને માટે આ પ્રમાણે વાદવિવાદ થતો જોઈ રાજાને પણ કૌતુક થયું. આખરે ત્રણ લાખ દીનારની માગણી મુકરર થઈ. એ ત્રણ લાખ દીનાર જે આપે તે આ પત્થરને લે. તુર્કસેવકે વિચાર્યું. " આપણી પાસે તો એટલું દ્રવ્ય નથી. અને માનો કે કદાચ હોય તોપણ આ પત્થરમાં એવું તે શું બળ્યું છે કે એને માટે ત્રણ લાખ દીનાર ફેંકી દેવી. મમતમાં ચઢીને એટલી બધી દીનારોનું પાણી કરવું તે કરતાં ભલે એ વાણીયો એ પત્થરને ઉપાડી જાય. રાજાને તો આપણે ત્રણ લાખ દીનારનો લાભ કરાવી આપ્યો. "

તે પછી તરતજ ત્રણ લાખ દીનાર રાજાને આપીને ઝટ એ પત્થર જયંતસિંહે પોતાના માણસો પાસે ઉપડાવી લીધો, કેમકે તુર્ક સેવક પાસે એટલું બધું દ્રવ્ય નહી હોવાથી મુકરર રકમ આપવાને શક્તિમાન થયો નહી.

જયંતસિંહે મુકરર કહેલું દ્રવ્ય રાજાને આપ્યું એ જોઈ તુર્કસેવક ઝંખવાણો પડી ગયો જેથી તરતજ ત્યાંથી ચાલ્યો ગયો. લોકો જયંતનાં વખાણ કરવા લાગ્યા. " અહા ! જયંત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિંહ કેવો સાહસિક પુરૂષ છે કે એણે પોતાના સ્વામીની પ્રસિદ્ધિને માટે એક પત્થરને સારૂ રાજાને આટલું બધું ધન આપી દીધું." લોકો એનાં વખાણ કરતાં વિખરાયાં. રાજાએ પણ જયંતસિંહને પોતાની સભામાં બોલાવી સારી રીતે આદરસત્કાર કર્યો--રાજ સભામાં એનું માન વધાર્યું.

જયંતસિંહે પણ હવે પોતાના વતનમાં જવા સારૂ વ્યાપાર આટોપવા માંડયો. રાજાની રજા લઇને તે પછી થોડા દિવસમાં પેલો પત્થર લઇને જયંતસિંહે પોતાના માણસો સહિત સમુદ્ર માર્ગે પોતાને વતન જવાને મુસાફરી શરૂ કરી.

# પ્રકરણ ૧૨ મું.

## હા ! પ્રિયતમ !

"હા ! દૈવ ! તેં આ શું કર્યું ! અરે ! મનુષ્ય જીંદગાનીનું સુખ તો જુઓ ! જે મનુષ્ય ભવ ઘણી પુણ્યરાશી એકઠી થાય ત્યારેજ પ્રાપ્ત થઇ શકે ! જે મનુષ્યભવની દેવતાઓ પણ આશા રાખે છે, જે મનુષ્યભવ જગતમાં ઉત્તમોત્તમ કહેવાય છે, તે શા માટે ? આવું દુઃખ ભોગવવા માટે, આવો સુંદર મનુષ્યભવ કે જે બળ, બુદ્ધિ, ઋદ્ધિ, સમૃદ્ધિ, વિનય, શીલ, અને દયામય લાગણીઓથી ભરેલો છે. જેમાં ધર્મનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉચ્ચમાં ઉચ્ચ તત્વ રહેલું છે, એવા મનુષ્ય ભવમાં પણુ પ્રાણીઓને ઓછું દુઃખ ભોગવવું પડે છે. હાય ! કેવું ભયંકર દુઃખ આવ્યું ! અરે સુખ તો સ્વપ્નાની માફક આવીને અદ્રશ્ય થઇ ગયું. લાંબી જીંદગીપર્યંત ફકત દુઃખજ હવે ભાગ્યમાં લખાઇ ગયું. આહા ! બાલ્યાવસ્થામાં સ્ત્રીને પતિ મરી જાય એથી અધીક દુઃખ જગતમાં બીજુ કયું હશે ? અરે ! મેં પૂર્વભવે શું પાપ કર્યા હશે ! શું ધણી ધણીયાણીના વિજોગ પડાવ્યા હશે. કે મા દિકરાના વિજોગ પડાવ્યા હશે ! અથવા તો કોઇને મહા આકરાં દુઃખ દીધાં હશે કે જેથી આ ભવમાં પરણીને તરતજ મને વૈધવ્ય પ્રાપ્ત થયું. હાય ! કયા જન્મનું પાપ આવી નડયું ? " લગભગ મધ્યાન્હનો સમય થવા આવ્યો હતો. કચ્છ દેશમાં આવેલું ભદ્રેશ્વર નગર અત્યારે કલ્પાંતમાં કકળી રહ્યું હતું. મહાલયમાં એક સોળ વર્ષની બાલા આંખમાંથી દડદડ આંસુઓ પાડતી સામે ટાંગેલા ચિત્ર સામે એકી નજરે જોતી ઉપર પ્રમાણે દુઃખમય ઉદ્ગાર કાઢી રહી હતી. એનું હૈયું શોકથી ભરેલું હતું વારંવાર રડવાથી ગૌરવર્ણીય વદન ઉપર રક્તતા છવાઈ રહી હતી. અત્યારે તે બાળા આરસથી જડેલી ભૂમિ ઉપર પડી હતી. ક્ષણમાં ચિત્ર સામે નજર કરતી તો ક્ષણમાં બે હાથોમાં પોતાનું સુંદરવદન દાબી રડયા કરતી હતી. એના શરીરની આસપાસ મસ્તકના કેશ વિખરાયેલા હોવાથી એ રમણીની સૌંદર્યતા અત્યારે શોકના આઘાતથી જરા ઝાંખી પડી ગઇ હતી. એ બાળા મહાન્ જગડુશાહની લાડકોડમાં ઉછરેલી પુત્રી પ્રીતિમતિ હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છેલ્લાં પ્રીતિમતિને આપણે સંસારના સંપૂર્ણ સુખમાં આસક્ત થયેલી જોઈ ગયા છીએ. સંસારમાં એનું સુખ બીજાને ઇર્ષ્યા ઉત્પન્ન કરે એવું હતું. એ સુખ, એ વૈભવ પ્રાણીઓને પુણ્ય વગર પ્રાપ્ત થઈ શકતાં નથી. ભાગજોગે જો પ્રાપ્ત થાય તો દીર્ઘકાલ પર્યંત તો ત્યારેજ ટકી શકે કે એવું નિકાચિત પુણ્ય કર્મ કરેલું હોય.

સુખમાં રમતી પ્રીતિમતિ તો દુનિયામાં સુખનાં સર્વોત્તમ સ્થાને હતી. એની સખીઓ એનું કુટુંબ અને જનતા યશોદેવ અને પ્રીતિના ભાગ્યનાં વખાણ કરી રહી હતી. આ અનુપમ જોડું ચોમેર પ્રશંસાને પામી રહ્યું હતું. કેટલાક તો એવું સુખ પ્રાપ્ત કરવાને દૈવની પ્રાર્થના કરતાં હતાં. એવા સર્વોત્તમ સુખમાં લયલીન થયેલી પ્રીતિને સ્વપ્નેપણ ખ્યાલ નહોતો કે કાલે શું થવાનું છે!

જગતમાં પ્રાણીઓને સ્વાભાવિક રીતેજ સુખની આકાંક્ષા રહ્યા કરે છે. મનુષ્યો સુખ પ્રાપ્ત કરવાને અનેક પ્રકારના તનતોડ પ્રયાસો કરે છે. પર્વતમાં રખડે છે. સમુદ્ર ડોળે છે. જંગલે જંગલ ભટકી અનેક પ્રકારનાં કષ્ટ સહન કરે છે છતાં મનુષ્યને સુખ પ્રાપ્ત થવું કે ન થવું એ મનુષ્યના હાથની વાત નથી. મનુષ્યથી પણ એક શક્તિ એવી તો સમર્થ છે કે જે શક્તિ મનુષ્યની ઇચ્છા કરતાં એને જુદુંજ ફલ આપે છે. એ શક્તિ એણે પોતેજ ભવાંતરમાં નિર્માણ કરેલી છે. એ શક્તિનું નામજ દૈવ!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુખમાં આસકત પ્રીતિની દૈવ મશ્કરી કરી રહ્યું હતું તે એ શું જાણી શકે ? પ્રીતિનું સુખ એ સુખ નહી પણ સુખાભાસ હતો. દિપક બુજાવાનો હોય ત્યારે છેલ્લાં એનો પ્રકાશ તેજવાળો હોય છે. ભાદરવા માસનો મેઘ ગડગડાટ બહુ કરી મુકે છે. વરસાદ વરસવાનો હોય તે પહેલાં જગતમાં ઉકળાટ વધારે થાય છે. એવો સામાન્ય કુદરતી નિયમ છે. પ્રીતિનું સુખપણ વીજળીના ઝબકારા જેવું હતું. એ અલ્પ સુખની પાછળ એના ભાગ્યમાં હંમેશને માટે વૈધવ્યનું દુઃખ લખાયેલું હતું. જે વાત દુનિયાના–મનુષ્યોના સ્વપ્નામાં પણ આવી શકે તેવી ન હોતી તે કરવાને એનું અદ્રષ્ટ ટાંપીનેજ બેઠું હતું–માત્ર સમયની રાહ જોતું હતું.

પ્રીતિ અને યશોદેવનું યુગલ જોઇને જગડુશાહની આંખો ઠરી હતી. તેમાંય એ બેના સ્વભાવ એક બીજામાં હળીમળી ગયેલા જોઇને એમને આનંદ થયો હતો. એમનું આખું કુટુંબ પ્રીતિનું સુખ જોઇ રાજી થયું હતું. પ્રીતિનાં હિતસ્વીઓ–સંબંધીઓ હમેશાં દુવા ચાહતાં કે પ્રીતિનું સુખ લાંબો સમય રહે !

જગતમાં મનુષ્યોની ગમે તેવી ઇચ્છા હોય છતાં એ ઇચ્છા કોઇની કાંઈ કામ લાગતી નથી. જો કે મનુષ્યને તો જગતમાં સુખજ જોઇએ છીએ. રાત દિવસ તે સુખના જ વિચારો કર્યા કરે છે. છતાં દરેકનું અદ્રષ્ટ જુદુજ હોય છે. ગમે તેવી ઇચ્છાઓ છતાં જેવું અદ્રષ્ટ હોય છે તેવુંજ અવશ્ય

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

બને છે એ અદ્રષ્ટ–દૈવની એવી તો અથાગ સત્તા ચાલે છે કે એની આગળ સમર્થ–શક્તિસંપન્ન પુરૂષોપણ રાંક–દીન છે. એ અદ્રષ્ટની મરજીથીજ આઠમા સુભૂમ ચક્રવર્તી હય, ગય, રથ અને સૈન્ય પરિવાર સહિત લવણ સમુદ્રમાં હમેશને માટે ગરક થઇ ગયા. એ દૈવની ઇચ્છાથીજ બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી એક સામાન્ય આહીરથી અંધત્વ પામ્યા. સાવ સુવર્ણની દ્વારિકા અગ્નિમાં સ્વાહા થઇ ગઈ. જેની સેવામાં ત્રણખંડની વિભૂતિ હાજર હતી. દેવતાઓ અને સોળહજાર મુગુટબંધ રાજાઓ જેમની સેવામાં હતા બત્રીસ હજાર રમણીઓના સ્વામી હતા. એવા સમર્થ–વિશ્વ વત્સલ પુરૂષને અંત સમયે પાણી પીવાને પણ ન મલ્યું. પાણી, પાણી, પાણી, કરતાં વિષ્નુનો આત્મા દેહ છોડીને પરભવમાં ચાલ્યો ગયો. હમેશના સાથી બલભદ્ર બંધુ એમનો પણ પાણીને બ્હાને વિધિએ વિયોગ કરાવ્યો ત્રણ ખંડની લક્ષ્મીથી શોભતા વિષ્ણુના અંત સમયેપણ કોઇ પાસે નહોતું. અરે એતો મનુષ્યની વાત કહી, પણ દેવતાઓ અને એમના સ્વામી ઇંદ્રો જેવા સમર્થ પુરૂષો–દેવો પણ અદ્રષ્ટ–વિધિ આગળ તો લાચાર હોય છે, ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવનારાને અહર્નિશ સુખમાંજ–વિષયસુખમાજ મગ્ન રહેનારા દેવતાઓ પોતાનાં સાગરોપમનાં આયુષ્ય પણ જતાં જાણતા નથી. છતાં જ્યારે અંત સમય આવે છે ત્યારે હાય હાય કરતા મરી જાય છે. એ દેવ ઋદ્ધિ, એ અનુપમ ભોગો, એ રમણિય વિલાસો, દેવવિમાનો, અને મનોહર, નવયૌવન દેહ એમને છોડવું ગમતું નથી એ પોતાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુંદર અને હમેશ નવીન યૌવનવાળી દેવાંગનાઓને જોઇને છાતી કુટે છે. માથાં કુટે છે. છતાં આયુષ્ય પૂર્ણ થતાં ક્ષણમાત્ર પણ ત્યાં રહી શકતા નથી. પણ એવા આર્ત્તધ્યાનથી ઉલટા હલકી ગતિમાં ઉતરી જાય છે બધા બ્રહ્માંડને ક્ષણમાત્રમાં ચૂર્ણ કરવાને સમર્થ, અને જેની અગાધ શક્તિ છે એવા ઇંદ્રો પણ એ અદ્રષ્ટ આગળ લાચાર હોય ત્યાં પામર, અલ્પજ્ઞ માનવીનું શું ગજું !

યશોદેવ અને પ્રીતિમતિને સંસારમાં સુખ ભોગવતાં કેટલોક સમય ક્ષણમાત્રની જેમ પસાર થઈ ગયો. લગ્ન થયા પછી બે ત્રણ વર્ષનો કાલ એમનો વહી ગયો. અને પ્રીતિની ઉમર સોળ વર્ષની થઇ. એવામાં અચાનક દૈવનો ફટકો પડ્યો અને પ્રીતિનું સુખ હમેશને માટે નષ્ટ થઇ ગયું દિન ઉગ્યે સુખનાં નવીન સ્વપ્નાં જોનારી પ્રીતિ હમેશની દુઃખીયારી—ઓશીયાળી બની ગઇ.

એક દુઃખદાયક દિવસે યશોદેવને શરીરે તાવ આવ્યો એ તાવ ઉતારવાને અનેક ઉપચારો કર્યા, છતાં એ વિષમતાવ મોતનો પેગામ હોવાથી ઉતર્યો નહી. તાવમાંથી શ્વાસોશ્વાસ, સંન્નિપાત વગેરે બીજા રોગો ફુટી નિકળ્યા. બે દિવસમાં તો એ વ્યાધિ વધી પડયો ને યશોદેવના કુટુંબીજનો એની સારવાર કરવા લાગ્યાં, પ્રીતિમતિનાં માતાપિતા વગેરે કુટુંબીજનોને આ સમાચાર મલતાં જીવ નાંખતાં તેઓ આવી પહોચ્યાં. જગડુશાહે યશોદેવના શરીર માટે સારા સારા વૈદ્યોને એકઠા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા. પાણીના પ્રવાહની માફક લક્ષ્મી વાપરવા માંડી. ઉંચ્ચામાં ઉંચ્ચી દવાઓનો, જડીબુટ્ટિઓનો ઉપયોગ કર્યો. પણ યશોદેવનું આયુષ્ય ખુટી ગયું હતું. પરલોકની મુસાફરી કરવાને યશોદેવનો અમર આત્મા અંતિમ ઘડીઓ ગણી રહ્યો હતો. મોતના ક્રુર દૂતે એને ગરદનમાંથી પકડયો હતો ત્યાં દવા કે વૈદ્યો બિચારા શું કરે ?

યશોદેવનો મંદવાડ એટલો બધો વધી ગયો કે સર્વ કોઇએ યશોદેવના જીવનની આશા છોડી દીધી. પ્રીતિનું વૈધવ્ય સર્વેની ચક્ષુ સમક્ષ ખડુ થયું હોય એમ દેખાયું. એક ખુણે બેસી પ્રીતિમતિપણ બેફાટ રૂદન કરવા લાગી. જગડુશાહ તથા એમની પત્ની યશોમતીને પણ લાગ્યું કે હવે યશોદેવ કોઇરીતે જીવી શકે તેમ નથી ત્યારે તેમના હૈયામાં પણ અપાર શોક થયો. ભવિષ્યનું દિકરીનું વૈધવ્યતાનું દુઃખ જોઇને એમના તેજસ્વી વદનપણ કરમાઇ ગયાં,—ઓશીયાળાં જેવાં થઇ ગયાં. છતાં જ્યાંસુધી યશોદેવના શરીરમાં જીવ ભરાઇ રહ્યો હતો ત્યાં લગી એવી નિરાશામાંપણ માણસને આશાનું અવલંબન હોય છે એ આશાનું અવલંબન લઇને સર્વ કોઇ હવે શું થાય છે ! એની વાટ જોઇને બેઠા હતા. એ હજારો મનુષ્યની આશાને નષ્ટ કરવાને દૈવપણ સમયનીજ ગણત્રી કરી રહ્યું હતું. કેમકે મનુષ્યના સુખઃદુઃખની પરવા એને ઓછી જ હોય છે.

થોડા દિવસની માંદગી ભોગવીને યશોદેવનો અમર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મા આ માનવી શરીર છોડીને પરલોકે ચાલ્યો ગયો. એ ઋદ્ધિ, વૈભવ અને પ્રીતિમતિના પ્રેમની અવગણુના કરીને આ લોકની મુસાફરી પૂરી કરી ગયો.

યશોદેવનું મરણ જોઇને જગડુશાહ ને યશોમતી તો ગાંડા જેવાં થઇ ગયાં, પ્રીતિમતિ ચીસ પાડતી બેભાન થઇ જમીન ઉપર તુટી પડી. અન્ય કુટુંબીજનો કલ્પાંત કરવા લાગ્યા. સમસ્ત ભદ્રેસરમાં આ બનાવથી હાહાકાર થઇ રહ્યો.

એ યશોદેવ ગયો ને એની રાખપણ હવામાં મળી ગઇ. સગાં સંબંધી ચાર દિવસ આંસુ પાડી વિખરાયાં, પણ પ્રીતિની આંખમાં તો હવે હમેશના આંસુડાં રહી ગયાં. કારણકે એ આસુડાં લુચ્છનાર તો એને છોડીને કયારનોય પ્રયાણ કરી ગયો હતો. જગડુશાહ પ્રીતિને પોતાને ઘેર તેડી લાવી એને ઘણીજ સગવડતા પૂર્વક રાખતા, એની માતા યશોમતી પ્રીતિની ઘણી ઘણી કાળજી રાખતી, છતાં પ્રીતિના જીવનનું ચૈતન્ય આજે ઉડી ગયું હતું. હવે તો ખાલી ખોખુજ માત્ર હતું. બાલ્યાવસ્થામાં વિધવા થયેલી બાળાનું જીવન ભલે યૌવનના આવેશોથી અનેક આશામાં ઉચ્છળતું હોય છતાં એ જીવન નિસ્તેજ, નિરૂપયોગી અને દુ:ખમય હોય છે. યૌવનના અનેક ઉચ્છળતા આવેશો ઉપર કુલીન બાળાને સખ્ત અંકુશ મુકવા પડે છે એ વિધવા જીવનનો પ્રવાહ એને બીજેજ માર્ગે ઉતારવો પડે છે છતાં એ સમજે છે કે એની આજુ બાજુએ તો દુ:ખના પહાડોજ ઉભા છે. એવી સ્થીતિમાં સ્વપ્ને પણ સુખ કયાંથી હોય !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યશોદેવના સ્વર્ગગમનને આજે કેટલાય મહિના પસાર થઇ ગયા હતા. અન્ય સગાં સંબંધી અને કુટુંબીજનોના મનમાં પણ હવે પ્રીતિના વૈધવ્યની વાત જુની થઈ ગઇ હતી. છતાં પ્રીતિને મન તો હમેશાં તાજુજ દુ:ખ હતું. એવો તો કોઈક જ દિવસ ખાલી જતો હશે કે એની આંખમાંથી આંસુ ન પડયાં હોય, આજે પણ બ્હાવરી જેવી જમીન ઉપર પડેલી અને યશોદેવના ચિત્રને એકી ટસે જોતી ને આંખમાં આંસુ પાડતી ઉપર પ્રમાણે એકાંતમાં ઉદ્દગાર કાઢતી જણાય છે. વારે વારે "હા ! પ્રિયતમ ! પ્રિયતમ !" કહી પૂર્વની સુખની સ્મૃતિ યાદ કરતાં આંસુ ખેરવે છે.

પરણ્યા પછી અલ્પ સમયમાં વિધવાપણાને પ્રાપ્ત થયેલી બાલ વિધવાને એના હૈયામાં જે દુ:ખ ઉત્પન્ન થતું હશે એતો એનો આત્માજ જાણી શકે. બાકી તો એના દુ:ખની બીજા માણસને કયાંથી ખબર હોય ! યૌવન એ એક એવી તો ઉદ્ધત અને તૌફાની વસ્તુ છે કે જેનાથી પુરૂષ દરેક સગવડતામાં છતાં અનેક અનર્થો કરી નાખે છે. ઘરમાં સુંદર સ્ત્રી હોવા છતાં પરસ્ત્રી કે વેશ્યાના દુરાચારમાં નિરંકુશપણે ભટકે છે. લક્ષ્મી હોય તો એનો સુકૃતમાં ઉપયોગ નહી કરતાં અનેક પ્રકારના પાપ વિલાસોમાં હલકા મોજશોખમાં એનો દુર્વ્યય થાય છે તેમજ શરીર જો તંદુરસ્ત અને શક્તિ સંપન્ન હોય તો તપ, જપ કે પરોપકારમાં એ શકિતનો વ્યય નહી કરતાં મારા મારીમાં, બીજાને દબાવવામાં, જુલ્મ ગુજારવામાં એનો ઉપયોગ થાય છે. આ બધું યૌવનની ઉદ્ધતાઇનું પરિણામ છે. એ યૌવનની ઉદ્ધ-

તાઇને સમજુ જ્ઞાની, અને ધર્મના જાણુ મનુષ્યો કાબુમાં રાખી પરમાર્થના કાર્યમાં એને ખેંચી જઇ માનવ જીવન સફલ કરે છે. અથવા તો એનુંજ યૌવન નિર્દોષ હોય છે કે જેને કોઇપણ પ્રકારની ઇચ્છા નથી, મોહ નથી, લક્ષ્મી, રમણી કે એવી કોઇપણ આકર્ષક વસ્તુમાં જેનું મન લોભાયું નથી એજ ભાગ્યવંત પુરૂષો યૌવનના સંતાપથી-તાપથી બચી શકે છે. બાકી તો જેની આશાઓ-તૃષ્ણાઓ હજી જીવંત છે, જેના મનમાં અનેક પ્રકારનાં તોફાનો આવ્યા કરે છે. એ સ્ત્રી હોય કે પુરૂષ ! પણ ઉદ્ધત યૌવનના તોફાનથી એતો ભાગ્યેજ બચી શકે !

# પ્રકરણ ૧૩ મું.

## આશ્વાસન.

બાળા પ્રીતિમતિ એકી નજરે ચિત્ર તરફ જોતી પૂર્વની સુખી જીંદગીનું સ્મરણ કરી બળાપો કરી રહી હતી. દુ:ખના અસહ્ય બોજાથી એના મન ઉપર એટલી તો ભારે અસર થતી હતી કે એ પોતાનું રૂદન પણ રોકી શકતી નહોતી. સાદા સફેદ પોષાકમાં પણ એ સુંદર નવયૌવન બાળા પ્રીતિમતિનું મન એટલું તો અસ્વસ્થ હતું કે કોઈ પુસ્તકમાં કે પરમાર્થના કાર્યમાં એનું ચિત્ત બિલકુલ ચોંટતું નહી. એ વદન કમલમાંથી નિકળતો ઉષ્ણ શ્વાસ, ગરમાગરમ આંસુડાં ખચીત હૃદયભેદક હતાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષણમાં ચિત્રની સામે એકી ટસે જોયા કરતી તો ક્ષણમાં એ છબીને ઉદ્દેશીને પોતાના હૈયાનો ઉભરો ખાલી કરતી હતી.

એની સખીઓ એનું સુખ જોઇને રાજી થઇ હતી. એ પણ પ્રીતિનું અચાનક વૈધવ્ય જોઈ શોકાતુર થઈ ગઇ હતી. વારે વારે પ્રીતિની પાસે આવીને એના દુઃખમાં દિલાસો આપતી. એનું મન પ્રસન્ન થાય એમ કરવાને પ્રયત્ન કરતી હતી. આજેપણ બાળા પ્રીતિમતિ હૈયાના ઉભરા ખાલી કરી રહી હતી એ સમયે સરસ્વતી, વિજયા, વિમલા વગેરે એના દુઃખમાં ભાગ લેવાને આવી હતી. પોતાનાજ વિષયમાં એક ચિત્તવાળી પ્રીતિ સખીઓને જોઇ કંઇક શરમાઇ ભરેલા હૈયે તે એકદમ ઉભી થઇ. એના શ્યામ કેશો બંધનરહિત થઈ એના શરીર આસપાસ વિખરાઈ ગયા હતા. શરીર અસ્વસ્થ હતું અંગ ઉપર એકપણ આભૂષણ નહી છતાં સાદા વસ્ત્રમાં એનું કુદરતી સૌંદર્ય વધારે શોભાયમાન થઇ રહ્યું હતું. જો કે આંખમાંથી આંસુઓ એણે સાફ કરી નાંખ્યા હતા, છતાં એ રકત આંખો રડેલી હોય એવી સાક્ષી પૂરી રહી હતી, એનું સુંદર વદન આજે ગંભીરતાને ધારણ કરતું નિરાનંદપણે જણાતું હતું. પૂર્વનો એ આનંદ, એ મસ્તી એ ઉત્શ્રૃંખલતા, જુસ્સો અત્યારે નહોતાં, એ જીવનમાં આજે ઘણું પરિવર્ત્તન થઇ ગયું હતું.

પ્રતિદિવસ પ્રીતિને આવી રીતે શોક કરતી અને રડતી જોઇને સરસ્વતીએ આવતાં વેંતજ કહ્યું. “ સખી ! આવીરીતે દરરોજ રડી રડીને તારી કોમલ કાયાને કાં કરમાવી નાખે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગમે તેટલો શોક કરીશ કે કલ્પાંત કરીશ પણ હવે જે ઘટના બની ગઇ એતો હમેશને માટેજ બની ગઇ. ભાગ્યમાં લખાયેલા સુખ દુઃખો મનુષ્યે ધિરજથી ભોગવવાં જોઇએ. જેમ સુખ ભોગવામાં આપણે પ્રતિદિવસ તૈયાર રહીયે છીએ, તો પછી દુઃખમાં પણ કલ્પાંત નહી કરતાં એ દુઃખ સહન કરતાં શિખવું જોઇએ. બેન ? કલ્પાંત કરે શું વળે છે ! અને એ આર્ત્તધ્યાનથી પાપબંધન તો અવશ્ય થાય છે. તારૂં દુઃખ એવું છે કે એ દુઃખ દૂર કરવું એ મનુષ્યની શકિતની વાત નથી. અરે આવું દુઃખ તો સમર્થ દેવતાઓ પણ દૂર કરવાને શકિતવાન નથી. તોપછી સાધારણ મનુષ્યની તાકાત તે કયાંથી હોય ! સખી ! એ પૂર્વની વાત ભૂલી જા અને ધર્મ માર્ગમાં તારા ચિત્તને જોડી ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર ! એ ધર્મશાસ્ત્રના વચનામૃતમાં સ્નાન કરીને તારા આત્માને પવિત્ર કર ? પરમાર્થના કાર્યમાં તારા જીવનનો સદ્‌ઉપયોગ કર ? ”

ઘણાજ ભાવયુકત એ સરસ્વતીની મધુર વાણીથી પ્રીતિનું હૈયું ભરાઇ આવ્યું. સરસ્વતીના ખભા ઉપર માથુ મુકી પાછી પ્રીતિ રડી પડી. ડુસકાં ભરવા લાગી. “ શશી ? શશી ? ક્ષણ માત્રની જેમ આ બધું શું બની ગયું ? અરે સ્વપ્નની જેમ સંસારમાં સુખ આવ્યું ને હમેશને માટે જતું રહ્યું. હા ! ક્રૂર વિધિ ! તેં કયા ભવનું વેર વાળ્યું ! ડુસકાં ભરતી ભરતી પ્રીતિ પોતાની સખીઓને ઉદ્દેશીને બોલી.

“ પ્રાતિ ! સંસારમાં તો એવું જ દુઃખ હોય ! પરણવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એનો અર્થજ માત્ર એટલો કે અનેક પ્રકારની ઉપાધિમાં પડવું. સુખની આશાએ દુઃખની જાળમાં વિંટાઇ જવું. અનેક પ્રકારની આફતોને આમંત્રણ કરવું, છતાં મનુષ્ય એમાં સુખ-માનીને દીપકમાં પતંગની માફક ઝંપલાય ત્યારે ઝંપલાયા પછી તે શોક કરવાનો હોય, સુખ દુઃખ એતો પૂર્વના કર્મવિ-પાકનું ફળ છે પૂર્વે અજ્ઞાનતાને લીધે આપણેજ દુષ્કર્મ બાંધ્યું હોય, એ જ્યારે ઉદયમાં આવે ત્યારે આપણે પણ સહન શીલતાથી એ કર્મ ભોગવવું જોઇએ, વ્યર્થ સંતાપ કર્યે શું વળે છે. નાહક દુર્ધ્યાન કરીને સખી ! તું પાપ બંધન કરે છે દાન, શિયલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મનું આરા ધન કરી તારા આત્માનું હિત કર ? જ્ઞાનનો અભ્યાસ કરી ધર્મશાસ્ત્રથી તારા મનને શુદ્ધ કર ! સ્થિર કર ? ” વિજયાએ દિલાસો આપ્યો વિજયા ઉમર લાયક થઇ હોવા છતાં હજી કુમારીકાજ હતી, લગ્ન સબંધમાં એના વિચારો જુદાજ હતા. પરણવા કરતાં સંસારમાં સ્વતંત્ર રહીને પરમા-ર્થનાં કાર્ય કરી પોતાના આત્માને પવિત્ર કરવો એ તરફ વિજયાનું લક્ષ્ય વધારે ખેંચાયેલું હતું. આધુનિક સમયમાં પતિત થતી સ્ત્રીઓનો કેવી રીતે ઉદ્ધાર કરવો, સ્ત્રી સમાજની ઉન્નત્તિ કેવી રીતે કરવી દરેક સ્ત્રીઓ પોતાની શું ફરજ છે ! અને એક ઉત્તમ આદર્શરૂપ ગૃહિણી બની પોતાનું ગૃહજીવન સુધારી વ્યવહારમાં, પતિભકિતમાં, અને પોતાના બાલબચ્ચાંને કેલવવામાં તેમજ ઉછેરવામાં એક ઉચ્ચમાંઉચ્ચ આદર્શ સ્ત્રી રત્ન બને, સ્ત્રીઓ ને એવા ઉચ્ચમાર્ગ તરફ લઈ જવાને શું

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવું એ માટેના વિચારો રાત દિવસ વિજયાના મગજમાં ઘુમી રહ્યા હતા. પોતાના જીવનનો એ ઉદ્દેશ હોવાથી એને પરણીને સંસારના બંધનમાં રહેવું પસંદ નહોતું. પોતાના માતા પિતાને પણ એણે પોતાના વિચારો જણાવી દીધેલા હોવાથી એનાં માતાપિતા એને પરણાવવાની ચિંતામાંથી મુકત થયાં હતાં, પોતાના જીવનને આદર્શમય બનાવવાને વિજયા અનેક પ્રકારનાં ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વૈદ્યકશાસ્ત્ર, વ્યવહારિક શાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરી રહી હતી. અને એ અભ્યાસનો ધીરે ધીરે સ્ત્રી સમાજમાં ઉપયોગ કર્યે જતી હતી.

વિજયા એ ઓશવાળ કુટુંબની બાળા હતી. એનાં માબાપની સ્થિતિ સારી હોવાથી વિજયાને ઘર સંબંધી કાંઇ ચિંતા નહોતી વિજયા જોકે પ્રીતિમતિ જેવી સ્વરૂપવાન નહોતી છતાં એ દૃઢ મનની અને લાવણ્યવતી બાળા હતી. તેમજ બુદ્ધિશકિત તર્કશકિત અને ચતુરાઇમાં તેનાં વખાણ થતાં હતાં, પોતે પંડિતા તેમજ મૃદુભાષિણી અને સ્ત્રીઓને હિતો-પદેશ આપવામાં--પોતાનાથી બની શકે તેમ સારી સલાહ આપવામાં વિજયા આગળ પડતો ભાગ લેતી હોવાથી તેમજ એનો સ્વભાવ પરગજુ હોવાથી એ બધાંને અધીક પ્રિય હતી. દયા, કોમલતા, પરમાર્થ પણું, ગંભીરતા, ધિરજ અને સહન-શીલતા આદિ ગુણો તેનામાં હોવાથી વિજયા બાળા છતાં એનું જીવન ઉચ્ચ પવિત્ર અને નિર્દોષ હતું. એવાં નિર્દોષ મનુષ્યોના ઉપદેશની અસર બીજા માણસો ઉપર તત્કાલ થાય છે એ સત્ય વચનનો મહિમા અપૂર્વ હોય છે એવા માણસોનાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અલ્પ વચનો પણ સામા માંણસને ચમત્કારિક રીતે અસર કરે છે. વિજયાનાં એ સમયોચિત વચનોની પ્રીતિ ઉપર જાદુઇ અસર થઇ. કેમકે પ્રથમથી જ વિજયાના ઉચ્ચ વિચારો શ્રેષ્ઠ જીવન અને સદ્જ્ઞાન તરફ પ્રીતિને માન હતું. વળી આજે એને વિજયા જેવી શુદ્ધ જીવન ગુજારનારી અને પરગજુ સ્વભાવવાળી સહચરીની જરૂર હતી એને લાગ્યું કે એની સોબત કરવાથી—વારંવારના એના પરિચયથી મનનો ઊદ્વેગ કંઇ ઓછો થશે અને પોતે પણ એના જેવું આદર્શમય જીવન બનાવી સંસારમાં અન્યને ઉપકાર થાય એવો પરમાર્થ કરતાં પણ કંઇક શીખે !

"સખી વિજયા ! તારા જીવનની મહત્તા, તારા ઉચ્ચ વિચારો અને પરગજુપણું એ મને બહુ ગમે છે. સખી ! આજના જમાનામાં આપણા સ્ત્રી સમાજને તારા જેવી એક આદર્શ સ્ત્રીની અવશ્ય જરૂર છે. ખચિત તારા વચન આજે સત્ય થયાં. તેં કહ્યું હતું કે પરણવામાં અનેક પ્રકારનું દુઃખ છે. સુખ થોડું ને દુઃખ ઘણું છે. પરણવું એટલે દુઃખના ખાડામાં પડવું એ બધું મારે તો આજે સત્ય થયું. તું નથી પરણી તો કેવી સુખી છે ? નિર્દોષ જીવન ગુજારી તારા જ્ઞાનનો લાભ બીજાઓને આપી પરમાર્થ કરે છે, તારા આત્માને શુદ્ધ કરે છે. સખી ! કયાં તારૂં જીવન અને કયાં મારૂં જીવન ? જગતમાં તારૂં સ્થાન ઉચ્ચમાં ઉચ્ચ કોટી ઉપર છે ત્યારે હું નીચે ખાઇમાં ગબડી પડેલી છું. તારૂં દઢ મન શુદ્ધ, નિર્દોષ અને



P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

નિષ્કલંક છે ત્યારે મારું મન દોષપૂર્ણ, અશુદ્ધ અને અનેક પ્રકારના દુર્વિચારોથી મલીન આર્ત્તધ્યાનયુક્ત છે. તું તો આજની આપણી સ્ત્રીઓમાં મુકુટ સમાન છે ત્યારે હું એમની ચરણરજ તુલ્ય પણ હવે રહી નથી. બસ દુ:ખ, સંતાપ અને શોકથી ઘેરાયેલી મારી જીંદગી છે. એ શોકમાં ઘેરાયલી હું મનને ઘણુંય વારી રાખું છું પણ એ ચપળ મન વારંવાર પૂર્વની વાતનું સ્મરણ કરાવી મને શોકવિહ્વલ કરી નાંખે છે. અરે ! સારાં સારાં પુસ્તકો વાંચવામાં પણ એ માંકડુ મન ક્યાં લાગે છે?" પ્રીતિએ વિજયા આગળ હૈયાનો ઉભરો ખાલી કર્યો.

"પ્રીતિ ! તારા કહેવા પ્રમાણે મનની તો એવીજ ગતિ છે. એ મનને આધિન થઇનેજ આપણે સંસારી જીવો અનેક પ્રકારનાં સારાં નરસાં કૃત્યો કરી રહ્યાં છીએ બેન ! વિચાર કર ? આપણે હમેશાં મનને આધિન રહ્યાં છીએ. મનમાં એક પ્રકારની ઇચ્છા ઉત્પન્ન થઈ એ ઇચ્છા પાર પાડવા આપણે શું શું નથી કરતા ? અરે ! પાપ-પુણ્યનો વિચાર પણ કરતાં નથી. સુખ દુ:ખ પણ જોતાં નથી. એની પછવાડે છુપાયેલી અનેક ભયંકર આફતો સુદ્ધાં પણ આપણે જોતાં નથી. અરે ! એજ મનને આધિન થઇ પ્રાણીઓ ક્રૂર કર્મો કરી દુર્ગતિ ચાલ્યા જાય છે. માનવ જેવો ઉત્તમ જન્મ પામી મનુષ્ય ભવહારી જાય છે આટલું છતાં સખી આપણે મનને આધિન રહીએ છીએ પણ કોઈ દિવસ આપણે મનને કબજામાં રાખવા વિચાર સરખોય કર્યો છે કે ? " એટલું બોલીને વિજયા પ્રીતિનો જવાબ સાંભળવાને અટકી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" સખી ! મનને આધિન તો આપણે નિરંતર રહીએ છીએ પણ શું મન વળી આપણે આધિન રહેતું હશે કે ? અરે એ મનને આપણે ગમે તેટલું સમજાવીએ પણ એ માનેજ શાનું બેન ? મનને આપણે કોઇ પણ રીતે આધિન રાખી શકીએ એ તે વળી શી રીતે બને ! પ્રીતિએ જણાવ્યું.

" બની શકે ? એ પણ બની શકે. જો કે શરૂઆતમાં મનને આધિન રાખવા જતાં ઘણી મુશ્કેલી પડે છે. એ ચંચળ મન વારંવાર ઉચ્છૃંખલ બનીને અનેક પ્રકારના ઉત્પાત મચાવે છે; છતાં હમેશના સતત અભ્યાસથી એ ચંચળ મન પણ સ્થિર–શાંત થઈ જાય છે. જગતમાં એવી કોઈ ચીજ નથી કે જે અભ્યાસથી સાધ્ય ન થઇ શકે. તો પછી મનને પણ સાધ્ય–આધિન કરવામાં સતત અભ્યાસ અને વૈરાગ્યની જરૂર છે. એ અભ્યાસ કરતાં અને વૈરાગ્યના માર્ગે જતાં કંટાળવું ન જોઇએ. માર્ગમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થાય છતાં એ બધું સહન કરી ધીરજથી આગળ વધી મનને તાબે કરવાનો ઉદ્યમ–અભ્યાસ છોડવો નહી જોઇએ. તોજ ભવિષ્યમાં એક દિવસ એવો પણ આવશે કે આજનું તોફાની અને ઉદ્ધત મન તે દિવસે એવું તો શાંત અને સ્થિર હશે કે જેથી એના જીવનમાં તે દિવસથી ઘણોજ ફેરફાર થશે. "

" બેશક ! જગતમાં અભ્યાસ અને વૈરાગ્ય મનને કેળવવા માટે ઉપયોગી વસ્તુઓ તો છેજ ! સખી ! વિજયાનું કથન સર્વથા સત્ય છે. તારે હવે ખેદ–શોક દૂર કરવાને જીવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નનું સુકાન ફેરવવું જોઇએ. ધર્મમાર્ગ તરફ-પરમાર્થના માર્ગ તરફ વળવું જોઇએ." વચમાં સરસ્વતીએ કહ્યું.

"બ્હેનો ! હાલમાં તો મને કાંઇયે સુઝતું નથી. મારૂં મન પણ મારા કબજામાં નથી, પણ ધીરે ધીરે તમારા સહવાસથી આ બધું ભૂલી જવા પ્રયત્ન કરીશ." પ્રીતિએ શોકપૂર્ણ વદન છતાં આશ્વાસન આપ્યું.

"એ તો બ્હેન દુ:ખનું ઓસડ દહાડા કહેવાય. જેમ જેમ દિવસો વહેતા જશે તેમ તેમ મારૂં દુ:ખ ઓછું થશે ધીરે ધીરે એ તીવ્ર દુ:ખ પણ ભુસાતું જશે, તેમ તેમ તારૂં મન શાંત થશે." સરસ્વતી બોલી.

"પરિવર્તન એતો સંસારનો સ્વભાવ છે. સુખ દુ:ખ, ચડતી પડતી, રોગી અને નિરોગી, પુણ્ય કર્મ કરનારો અને પાપાચરણવાળો વગેરે અનેક પ્રકારનાં પરિવર્તન થતાં જગતમાં જોવાય છે. બાવીશમા તીર્થંકર શ્રીનેમીનાથ પરણવા જતાં રથ ફેરવીને દીક્ષા લેવા ચાલ્યા તે સમયે સતી રાજીમતીનું મોહબંધન કેવું તીવ્ર હતું; છતાં એજ રાજીમતીએ મોહબંધન શિથિલ થતાં ભગવંત પાસે વૈરાગ્ય પામીને દીક્ષા અંગીકાર કરી. પરદેશી રાજા કેવો નાસ્તિક અને પાપ સ્વભાવવાળો હતો છતાં કેશીકુમારના ઉપદેશથી કેવો ધર્મમાં દઢ શ્રદ્ધાવાળો થયો. કોશ્યા વેશ્યા સરખી સ્ત્રી પણ સ્થુલિભદ્ર મુનિવરનો ઉપદેશ પામીને કેવી વ્રતધારિણી શ્રાવિકા થઈ-સિંહગુફાવાસી મુનિ અને બાણવિદ્યાની કુશળતા બતાવનાર સુત્રધા-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રને ઉપદેશ કરનારી થઇ. એવા પરિવર્તનથી જગતમાં એટલું તો સમજી શકાય છે કે મનુષ્યનું મન ચંચળ છે છતાં પણ એમાં પરિવર્તન થઇ જાય છે. અસ્થિરમાંથી સ્થિર, પાપ માર્ગેથી ધર્મ માર્ગ તરફ અને મોહના બંધનમાંથી વૈરાગ્ય તરફ વળેલું છે તેવીજ રીતે સખી પ્રીતિ ? તારૂં મન તું ટેવ પાડીશ તો આ શોકમાંથી વૈરાગ્ય તરફ જરૂર ઢળશે " વિજયાએ દાખલા દલીલોથી સમજાવ્યું ને પછી કેટલીક વાતો ચિતો કરી પ્રીતિનું મન કંઇક શાંત કરીને સખીઓ સરસ્વતી, વિજયા વગેરે પોતાને ઘેર ચાલી ગઈ.

## પ્રકરણ ૧૪ મું.

### શેઠ અને મુનિમ.

આર્દ્રપુરથી પેલો કિમતી પત્થર લઇને જયંતસિંહ પોતાના માણસો સહિત ભદ્રેસર પાછો ફર્યો. અનુકુલ પવન હોવાથી સમુદ્ર શાંત હતો. જેથી માર્ગમાં કાંઇ પણ મુશ્કેલી નડી નહી અને તે કુશળક્ષેમ ભદ્રેસર આવી પહોંચ્યો. જયંતસિંહને આર્દ્રપુર–એડનની હવા માફક આવેલી હોવાથી તેમજ ચિંતાનો ભાર કંઇક ઓછો થયેલો હોવાથી એની તંદુરસ્તી પણસારી થઈ હતી. વેપાર કરતાં આર્દ્રપુરમાંથી એણે સારૂં દ્રવ્ય પેદા કર્યું હતું જેથી એના ચિત્તામાં પણ પ્રસન્નતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતી મનમાં જો કોઈપણ વાત ખટકતી હોય તો તે માત્ર એકજ કે ચડસા ચડસીમાં આવી એક પત્થરને માટે એણે ત્રણલાખ દિનાર ( દિનાર રૂ ૬ નો સિક્કો ) આપી દીધા હતા. એ માટે પોતાના શેઠના હૃદયમાં શું વિચાર આવશે ? એમનો કેવો ઠપકો સાંભળવો પડશે ? એટલોજ માત્ર એના મનમાં વિચાર ઘોળાયા કરતો હતો; જે વાત ભવિષ્યના પડદા પાછળ ભરાઈ રહેલી છે એવી બાબતનો વિચાર કરી ખેદ કે હર્ષ કરવો એ નકામું છે એમ એને અનુભવે શિખવ્યું હતું, કારણકે મનની ઇચ્છાઓ–વિચારો કરતાં એનાં પરિણામ અગર કાર્ય જુદાંજ હોય છે.

જયંતસિંહ જ્યારે ભદ્રેસર નજીક આવી પહોંચ્યો ત્યારે એક માણસને આગળ મોકલીને શેઠને પોતાના આગમનની ખબર મોકલાવી માણસે જયંતસિંહ સુખે સમાધિએ આવી પહોંચ્યાના સમાચાર જગડુશાને આપ્યા. જયંતસિંહની કુશળતા સાંભળીને જગડુશાહ ખુશી થયા. મુસાફરીની ટુંક હકીકત શેઠે માણસ પાસેથી જાણી હતી. જગડુશાહ અને એમની પાસે બેઠેલા માણસો આનંદ પામ્યા.

થોડીવારે જયંતસિંહ વહાણમાંથી ઉતરી માલ વગેરેની વ્યવસ્થા કરી જગડુશાહને આવીને નમ્યો. જયંતસિંહની તંદુરસ્તી જોઇ જગડુશાહ અધિક પ્રસન્ન થયા ને કુશલ વર્ત્તમાન પૂછયા.

ધીરપુરૂષ જયંતસિંહ પણ પેલો પત્થર પોતાનાં મા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણુસો પાસે ઉપડાવી પોતાની સાથે લાવેલો તે જગડુશાહની આગળ હાજર કર્યો. અત્યારે જગડુશાહ પાસે ઘણા માણસો બેઠેલા હતા. તેઓ સહિત જગડુશાહ પણ આ પત્થરને જોઇ વિસ્મય પામ્યા. પોતપોતાની બુદ્ધિ અનુસાર દરેક જણ જુદી જુદી કલ્પના કરવા લાગ્યા. આપસ આપસમાં વાતચિત કરવા લાગ્યા. " જોયું ? જયંતસિંહ પત્થરો ઉચકાવી લાવ્યો તે ! કોઇ જર-જવેરાત લાવે, કોઇ સોનું-રૂપું લાવે પણ આ તો મ્હોટો પત્થર લાવ્યો. શી તેની ચાલાકી !

" હજી બાળક છે વ્યાપાર કરવાની એને શું ગમ પડે ! ગમે તે લાવ્યો શેઠને કયાં ખજાને ખોટ જવાની હતી. એમને તો લક્ષ્મી દેવીની મ્હેરબાની છે. " બીજાએ આસ્તેથી જણાવ્યું.

" પણ લક્ષ્મીની મ્હેરબાની હોય એટલે શું આવા પત્થરા ખરીદવાના કે ! " વચમાં ત્રીજાએ ઉમેર્યું.

" ભાઇ, ઉતાવળા કાં થાવ છો ? શેઠનું નસીબ મોટું છે. એ પત્થરામાં કાંઇ ચમત્કાર હશે ! લક્ષ્મી કાંઇ મહેનત મજુરી કે કમાયે આવતી નથી. એતો નશીબ ફાટે ત્યારે ઉંધા દાવ પણ સવળા પડે. ધૂળમાંથીય રત્ન જડે. લક્ષ્મી દાટવા જાય ત્યાંથી લક્ષ્મી નિકળી પડે. એતો ' ભાગ્યશાળીને ભૂત રળે ' એ કહેવત કાંઇ ખોટી તો નજ હોય ! " એક ડાહ્યા માણસે ગંભીરતાપૂર્વક કહ્યું.

"તમે તો એવાવહેમી ને વહેમીજ રહ્યા. એમજ જો ભૂત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રળીને આપી જતાં હોત તો માણસોને કમાવાની ચિંતા જ મટી જાત. આ પત્થરો એ લાવ્યો તો ખરો પણ એને માટે તે શું કહે છે. એતો સાંભળો ? એ પૈસા આપીને લાવ્યો છે કે મફત કયાંય પડેલો એની ધ્યાનમાં આવ્યો હશે એથી ઉપાડી લાવ્યો છે. ખરીવાત શું છે એતો સમજવા દ્યો. ઉતાવળથી અભિપ્રાય આપવો એ કાંઈ વ્યાજબી નથી."

આ હકીકત સાંભળી જયંતસિંહ શું કહે છે તે સાંભળવાને બધા વાતો કરતા બંધ પડી ગયા.

પત્થરને જોઇ બધા ગુસપુસ વાતો કરવા લાગી ગયા એ જયંતની ધ્યાન બહાર નહોતું. એણે ચતુર બુદ્ધિથી જાણી લીધું કે કોઈ એની મશ્કરી કરતા હતા ત્યારે કોઈની આકૃતિ ઉપરથી જણાતું કે એમાં કંઈક મર્મ હશે. છતાં આ વિચિત્ર પત્થરને જોઈ બધા વિસ્મય તો અવશ્ય થયાજ હતા. એ એની ચકોર દષ્ટિએ જોઇ લીધું; છતાં દરેક જણ ભલે એને માટે ગમે તે વિચાર કરે એની જયંતસિંહને પરવા નહોતી; કારણ કે મનુષ્યની બુદ્ધિ પોતપોતાના કર્મને અનુસારે હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

" **दानानुसारिणी कीर्त्ति, लक्ष्मी पुण्यानुसारिणी ॥**
**प्रज्ञानुसारिणी विद्या, बुद्धि कर्मानुसारिणीः॥ १ ॥**

**ભાવાર્થ**—દાનને અનુસરીને કીર્તિ, જેવું પુણ્ય હોય છે તેવીજ લક્ષ્મી મળે છે. જેવી પ્રજ્ઞા–શાસ્ત્ર વગેરેનો અભ્યાસ તેવીજ વિદ્યા અને જેવું કર્મ–ભાગ્ય તેવીજ બુદ્ધિ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જગડુશાહની પાસે બેઠેલા દરેક માણસો જેમ પત્થરને જોઇ વિસ્મય પામ્યા હતા તેવીજ રીતે જગડુ શેઠ પણ વિસ્મય પામ્યા. એમણે પત્થર સંબંધી વિશેષ હકીકત જયંતસિંહને પૂછી. " જયંત ? આ પત્થર કયાંથી લાવ્યો ? એને અહીંયા લાવવાનું શું કારણ છે ? " શબ્દોમાં સત્તા છતાં અંતરમાં કોમલતા અને વાત્સલ્ય છુપાયેલાં હતાં.

" શેઠ સાહેબ ! મેં આપનો એક ભયંકર ગુન્હો કર્યો છે. આપ એને માટે જે શિક્ષા કરો તે હું સહન કરીશ; કેમકે મેં એક મોટું અવિચારી કાર્ય ચડસા ચડસીને પરિણામે કરી નાખ્યું છે. " જયંતસિંહે વાતની શરૂઆત કરતાં કહ્યું ને આર્દ્રપુરમાં પત્થરને લગતી બનેલી વિગતવાર હકીકત સર્વેની સમક્ષ કહી સંભળાવી.

એની હકીકત સાંભળીને મુર્ખાઇ ઉપર બધા હસવા લાગ્યા " જુઓ તો ખરા ? ત્રણ લાખ દિનાર ખર્ચીને આ મોટું ઝવેરાત જયંતે ખરીદ કર્યું ?" બધાનો લગભગ વિરૂદ્ધ અભિપ્રાય સાંભળી તે વખતે તો જયંત જંખવાણો પડી ગયો.

" શેઠજી ! તમારા મુનિમજી પરદેશમાંથી આ કીમતી ઝવેરાત ખરીદ કરી લાવ્યા છે; હવે આપનો તો બેડો પાર થઇ ગયો. " એક ઉતાવળીયાએ ટકોર કરતાં કહ્યું.

" ઉચિત, શેઠ ! મેં તમારા ત્રણ લાખ દિનારનું પાણી કરી નાંખ્યું છે. જોકે ત્રણ લાખ ખર્ચીને મેં તો સાહસ કરી પરદેશમાં આપની કીર્ત્તિની રક્ષા કરી છે; છતાં એવી કીર્ત્તિની

ખાતર ત્રણ લાખ દિનાર ગુમાવ્યા એ બદલ તમારી શિક્ષા સહન કરવા હું તૈયાર છું." એક ગુન્હેગારની માફક જયંતસિંહ જગડુશાહની સમક્ષ ઉભો રહી બોલતો હતો. છતાં પોતે નિડર અને નિર્ભય હતો. પરદેશમાં પણ એ બ્હાને જગડુશાહની કીર્ત્તિ એણે ફેલાવી હતી. જેથી એનું દિલ પ્રસન્ન હતું. જગતમાં સત્યવક્તા અને પ્રમાણિક સર્વત્ર નિર્ભય અને નિડરજ હોય છે. જયંતસિંહ પણ એમાંનો એક હતો.

બધાને લાગ્યું કે-" જરૂર શેઠ આ જયંતને કાંતો નોકરીમાંથી રજા આપી દેશે અથવા તો દરબારમાં ફર્યાદ કરી જેલજાત્રા કરાવશે અથવા કોણ જાણે શી આફત વરસાવશે."

દુનિયામાં સામાન્ય એવો નિયમ હોય છે કે નિર્ધન માણસ લક્ષ્મીને બ્હાલી ગણીને તે મેળવવા પ્રયત્ન કરે છે. એકલો અટુલો નિરાધાર માણસ કંઇક દ્રવ્ય સંપાદન કરી સ્ત્રી મેળવવા પરિશ્રમ કરે છે. રાજાઓને પોતાના રાજ્યનો વધારો થાય એ ઘણું પ્રિય હોય છે ત્યારે લક્ષ્મીવંતોને જગતમાં પોતાની કીર્ત્તિ ફેલાય-નામના થાય એ અધિક પ્રિય હોય છે એ નામના-કીર્ત્તિની ખાતર લાખો રૂપૈયા શ્રીમંતો ખર્ચી નાંખે છે.

જયંતસિંહની ભાવ ભરેલી વાણી શ્રવણ કરીને જગડુશાહનું વદન પ્રફુલ્લિત થયું. પોતે જેવા લક્ષ્મીવંત હતા તેવીજ બુદ્ધિ પણ એમની વિચક્ષણ હતી. જયંતસિંહ તેમજ અન્ય માણસોની વાતચિત ઉપરથી એમણે જોઇ લીધું કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પત્થર ખરીદ કરીને પણ જયંતસિંહે આર્દ્રપુરમાં મારું નામ પ્રસિદ્ધ કર્યું છે—મારી નામના એણે દેશાવરમાં પણ વધારી. છે. ' જે શેઠનો મુનિમ આવા પત્થર માટે ત્રણ ત્રણ લાખ દિનારો ખર્ચી નાખે છે તો એ જગડુશાહ શેઠ તે કેવોક ધનાઢય હશે ? ' આવા વિચારો જયંતસિંહે આર્દ્રપુરના રાજા સુદ્ધાંના મનમાં ઉત્પન્ન કરાવ્યા હતા. જગડુશાહની તીવ્ર બુદ્ધિ આ બધા ભાવો સમજતી હતી. જેથી શેઠ જયંત ઉપર ઉલટા અધિક પ્રસન્ન થયા હતા.

સામાન્ય રીતે કદાચ બીજાને મન તો ત્રણ લાખ દિનાર અધિક વસ્તુ સમજાય. જેથી એવી મોટી રકમ જવાથી મનને આઘાત લાગે એ બનવા સંભવ છે પણ જગડુશાહ જેવા અખુટ સમૃદ્ધિના માલેકને ત્રણ લાખ દિનારનો હિસાબ નજ હોય.

બધાની અજાયબી વચ્ચે જયંતસિંહના વચન સાંભળીને જગડુશાહ તરતજ ઉભા થઇ જયંતસિંહની પાસે આવ્યા. " જયંત ! તેં બહુજ સારૂં કર્યું છે. ત્રણ લાખ દિનાર ખર્ચીને પરદેશમાં તેં મારી કીર્ત્તિને અમર કરી છે. તેં એવા મ્લેચ્છોની આગળ પણ મારૂં—ગૌરવ વધાર્યું છે. તારી બુદ્ધિને હું હજારો ધન્યવાદ આપું છું. તારા જેવા સદ્‌ગુણીને હું શું બદલો આપું ? " એમ બોલતાં જગડુશાહ જયંતને ભેટી પડયા.

જગડુશાહની આવી ઉદારતા અને જયંત તરફનું એમનું વર્ત્તન જોઇ બધાને ઘણી અજાયબી લાગી. એમના વિરૂદ્ધ વિચારો તરતજ પલટાઇ ગયા. સર્વે જગડુશાહની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૃતજ્ઞતાની અને ઉદારતાની સ્તુતિ કરવા લાગ્યા. “ સારૂં કર્યું ? સારૂં કર્યું ? આપને એવુંજ યોગ્ય છે. ”

“ શેઠ ! મેં તો ધાર્યું હતું કે આપના ત્રણ લાખ દિનાર મેં ગુમાવ્યાથી મારી ઉપર આપ ગુસ્સે થશો. પણ મારી દૃષ્ટિમાં એ પત્થર કંઇક ચમત્કારિક લાગ્યો જેથી ગમે તેટલી દિનાર ખર્ચીને પણ એ લેવાનો મેં નિશ્ચય કર્યો હતો. વળી હજારો માણસોમાં જો હું ન ખરીદ કરૂં તો આપની આબરૂ જાય એ પણ વિશેષ કારણ હતું. આપને પણ એ બધું સમજાયું એ બધું ઠીકજ થયું. ” જયંતે જણાવ્યું.

“ જે થાય તે સારા માટે, તેં આ ઉત્તમ કાર્ય કરીને મારી કીર્ત્તિ વધારી છે. જગતમાં ચંદ્રમાની સરખી ઉજ્વળ કીર્ત્તિની માફક આ પત્થર પણ કેવો ઉજ્વળ છે. હું તો માનું છું કે મારી કીર્ત્તિજ જાણે આ ઉજ્વળ પત્થરનું રૂપ ધારણ કરીને આર્દ્રપુરમાં પ્રગટ થઇ અને ત્યાંથી અહીયાં આવી તો એ મને લાભનુંજ કારણ છે. ” એમ કહીને સર્વ જનોની સમક્ષ જગડુશાહે જયંતસિંહને રેશમી વસ્ત્ર અને મહામુલ્યવાળી એક વીંટી શિરપાવમાં આપી.

જગડુશાહની આવી ઉદારતા કયા પુરૂષના ચિત્તને પ્રસન્ન ન કરે. એનો માણસ એક મોટો પત્થર ખરીદ કરી લાવ્યો છતાં જગડુશાહે એનાં વખાણ કરી એને શિરપાવ આપ્યો. આવી ઉદારતાનાં તો શત્રુઓ પણ મુક્તકંઠે વખાણ કરે તો મિત્રો માટે તો કહેવાનુંજ ન હોય. કારણકે જગતમાં દાતાર દુર્લભ છે. કહ્યું છે કે—

**शतेषु जायते शूरः सहस्रेषु च पंडितः ।**
**वक्ता दश सहस्रेषु दाता भवति वा नवा ॥ १ ॥**

**ભાવાર્થ**—સો મનુષ્ય ભેગા થયા હોય એમાંથી કોઇ શૂરવીર નીકળે, હજારમાંથી કોઇ પંડિત પણ કદાચ મળી આવે, દશ હજારમાંથી સારો વક્તા બહાર પડે, પણ દાતાર તો જગતમાં હોય કે ન હોય.

જગડુશાહે જયંતની ઇચ્છા કરતા અધિક ધન આપીને એનું સન્માન વધાર્યું. બધા લોકો શેઠની આવી ઉદારતાની પ્રશંસા કરતા પોતપોતાને ઘેર ગયા અને તે પછી જગડુશાહે એ અણમોલ અમુલ્ય પત્થરને પોતાના રહેવાના મકાનમાં એક સુંદર ચોક આગળ મુકાવ્યો.

# પ્રકરણ ૧૫ મું.

## યોગીશ્વર.

લોકો કહે છે કે 'પુરૂષનું ભાગ્ય, સ્ત્રીઓનું ચરિત્ર, વરસાદનું વરસવું, બાળકનું રૂદન અને ગર્ભમાં રહેલ બાળક પુત્ર હશે કે પુત્રી' એ બાબતો અલ્પજ્ઞ મનુષ્યની દૃષ્ટિથી બહાર રહેલી હોવાથી એના જાણવામાં ન આવી શકે. ભાગ્યહિન મનુષ્યો જ્યારે દ્રવ્ય સંપાદન કરવાને અનેક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકારનાં કષ્ટ સહન કરે છે, ત્યારે પુણ્યવંત જનોને લક્ષ્મી સ્વયમેવ આવીને વરે છે. એને તો ધૂળમાંથી સુવર્ણ મળી જાય છે. ને કોલસામાંથી ધનના રાફડા ફાટી નીકળે છે. કારણ કે લક્ષ્મી તો પુણ્યને આધિન છે. જ્યાં સુધી મનુષ્યનું પુણ્ય જાગૃત હોય છે, ત્યાં લગી લક્ષ્મી એને છોડતી નથી. એને ત્યાં લક્ષ્મી સ્થિરવાસ કરીને રહે છે. એ લક્ષ્મીથી તે અનેક પ્રકારનાં કાર્ય સિદ્ધ કરીને પોતે જગતમાં ઠકુરાઇ ભોગવે છે. દરેક ઉપર હકુમત ચલાવે છે તેમજ જગતમાં કીર્તિ પણ સંપાદન કરે છે. એ બધું પુણ્યકર્મનું ફળ છે. પુણ્યરહિત જનો ભલેને અનેક પ્રકારનાં કષ્ટ સહન કરે, મોટા વ્યાપાર રોજગાર કરે પણ એ તો: રોટલો જ મેળવી શકે. કારણ કે મહેનતનું ફળ તો જગતમાં ઉદરપૂર્તિ જેવુંજ કહેવાય છે. માટે લક્ષ્મીના અર્થીજનોએ પુણ્ય ઉપાર્જન કરવું એ પુણ્ય ધર્મ કરવાથી થઈ શકે છે. દાન, શિયળ, તપ અને શુભભાવ એ :ચાર પ્રકારના ધર્મમાં પ્રતિ દિવસ જાગૃત રહેનાર માણસ ભલે દરિદ્રિ હોય, દુ:ખી કે દુર્ભાગી હોય છતાં એ અથાગ પુણ્ય સંપાદન કરી ઇચ્છિતને મેળવે, એ ધર્મનો જાગતો પ્રભાવ આ લોકમાં જ એ મનુષ્ય જુવે, ઉત્તરોત્તર એથી અધિક સુખ સામગ્રીવાળું સ્વર્ગ અને મોક્ષ પણ મેળવવા સમર્થ થાય છે.

**આર્દ્રપુરમાંથી જયંતસિંહે લાવેલો પત્થર જગડુશાહે પોતાના મકાનના બહારના ચોકમાં મુકાવેલો, પણ એ મર્મભેદી પત્થરનું માહાત્મ્ય સમજવાની મનુષ્યની શક્તિ નહોતી.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો જગડુશાહ એનો મર્મ શું સમજી શકે ? એમણે તો પત્થર સમજીને અહીંયાં મુકાવ્યો હતો. તેમજ એનાથી પરદેશમાં પોતાનો યશ વિસ્તાર પામ્યો એથી સંતુષ્ટ હતા.

જયંતસિંહને આર્દ્રપુરથી આવ્યાને આજ કેટલાય દિવસો વચમાં પસાર થઈ ગયા. છતાં એ પત્થર જગડુશાહના ચોકમાં દુનિયાની હવા ખાતો પડેલો હતો. કોઇ સમર્થ કે દિવ્ય શક્તિવાળા પુરૂષ કે દેવ સિવાય એનો અંદરનો ગુહ્ય મર્મ કોણ ઉકેલી શકે ?

એક દિવસે કોઈ યોગીશ્વરે ભદ્રેસર નગરમાં દેખાવ દીધો. યોગીશ્વરનું યોગ તેજ આકર્ષક હતું. અહલેક જગાવતાં અને ભિક્ષાને માટે ભદ્રેસર શહેરમાં ફરતા યોગીશ્વર જગડુશાહના દ્વાર પાસે આવીને ઉભા રહ્યા. મધ્યાન્હ સમય થયેલો હોવાથી અત્યારે માણસો પોતપોતાના કામકાજમાં હતાં. જગડુશાહના બાંધવ **રાજ** અને **પદ્મ** પણ કુશલ અને વ્યવહારજ્ઞ હતા. રાજની સ્ત્રી રાજલ્લદેવી અત્યારે આંગણામાં બેઠેલી હતી. એણે આ યોગીરાજને જોયા. પોતે ચુસ્ત જૈન ધર્મની શ્રાવિકા હતી. વળી આ યોગીરાજની ભવ્યતા જોઇને એના હૈયામાં ભક્તિ જાગૃત થઈ. એણે જાણ્યું કે—" યોગીરાજ ભિક્ષાના અર્થે કયારનાય ઉભા છે માટે હું એમને ભિક્ષા આપીને મારા આત્માને કૃતાર્થ કરૂં. " એમ વિચારી રમણી રાજલ્લદેવી યોગીરાજને ભિક્ષા આપવાને ઉઠી.

યોગીરાજ તો કોઇ અલૌકિક પુરૂષ હતા. જગડુશાહના પુણ્યથી ખેંચાયેલા એ મહાન્ યોગીશ્વર ભિક્ષાને બ્હાને શા માટે અહીંયાં જગડુશાહના મકાન આગળ ઉભા રહ્યા છે એ એ પોતે જ જાણતા હતા. ઉપકાર કરવો એ મહાન્ પુરૂષોનો ધર્મ છે. ઉત્તમ પુરૂષો ઉપકાર કરીને કયારે પણ પોતાના સ્વાર્થની અપેક્ષા રાખતા જ નથી. છતાં ઉપકાર એ શબ્દમાં જ કોઇ અલૌકિક સામર્થ્ય રહેલું છે કે નિઃસ્વાર્થવૃત્તિથી ઉપકાર કરનાર પુરૂષનો સ્વાર્થ તો બીજાનો ઉપકાર કરતાં સ્વતઃ સિદ્ધ થઈ જાય છે, એવો નિઃસ્વાર્થ ઉપકાર કરનારા મનુષ્યો તો જગતમાં વિરલા જ હોય છે. અથવા તો દેવતાઓ એવો જ ઉપકાર કરી પોતાનો દેવ જન્મ સફળ કરે છે. તેમજ પૂર્વના પ્રબળ પુણ્યના પ્રભાવથી પણ નજીકમાં રહેલા ક્ષેત્રદેવતાઓ આકર્ષાઈ મનુષ્યોને વાંચ્છિત આપી જાય છે. અસ્તુ. જગડુશાહના આંગણે પણ અત્યારે ભિક્ષાની રાહ જોતા યોગીરાજ ઉભા હતા. એમના મનના વિચારો કંઇક જુદા જ હતા.

યોગીરાજે ચોકમાં પડેલો પત્થર જોયો. એમણે જ્ઞાનથી જોયું કે એ પત્થરના પોલાણમાં ઘણાં રત્નો ભરેલાં છે. અને તે જગડુશાહના પુણ્યનાં હોવાથી આ પત્થર આદ્રપુરથી ચાલી ચલાવીને જગડુશાહના આંગણે આવેલો છે. એનો ભેદ સ્પષ્ટ કરવાનું નિમિત્ત, યોગીરાજને લાગ્યું કે પોતાને શીર હતું અને તે સમય પણ અત્યારે આવી પહોંચ્યો હતો.

એ અરસામાં રમણી રાજલ્લદેવી ભિક્ષા ગ્રહણ કરીને યોગીરાજ પાસે આવી પહોંચી. “ યોગીરાજ ! આપ ભિક્ષા ગ્રહણ કરો ? ” રમણીએ યોગીરાજને ભિક્ષા આપવા માંડી.

“ સુંદરી ! પુત્રવતી થજે ? ” યોગીરાજે આશિષ આપી.

“ આપનું વચન સત્ય થાઓ ? ” રમણીએ શકુનની ગાંઠ વાળી. યોગીરાજના આશિર્વચન સાંભળી એનું હૈયું હર્ષથી ઉછળતું હતું. શરીરનાં રોમરાય વિકસ્વર થયાં હતાં. એ પ્રસન્નતાનાં ચિન્હ એના વદનકમળ ઉપર પ્રગટ જણાતાં હતાં.

“ યોગીરાજ ! અમે સર્વે વાતે સુખી છીએ પણ માત્ર અમને એક પુત્રની જ ખામી છે મને જો પુત્ર થાય તો અમારી એ ખામી દૂર થઇ જાય. અમારા મકાનમાં કુશળ કુશળ થાય. પુત્ર વગર ઘર શૂન્યકાર જેવું લાગે છે. ઘણી સમૃદ્ધિ, ઘણો પરિવાર, વિશાળ કુટુંબ છતાં એ બધું દિકરા વગર તો નકામું જ ને ? હવે તો માત્ર એક જ ઇચ્છા છે કે આપનું ભવિષ્ય કથન સત્ય થાઓ ? પણ યોગીરાજ મારી જેઠાણી યશોમતીને પુત્ર થશે કે કેમ ?” રાજલ્લદેવીએ ચોકસી કરવાને પૂછયું.

“ નહી ? એને એક વિધવા પુત્રી છે. તે સિવાય એના ભાગ્યમાં અધિક સંતાન સુખ નથી. છતાં એમના ભાગ્યમાં લક્ષ્મી તો અધિક છે. એ લક્ષ્મીથી પુણ્યદાન કરીને ધર્મ-

J. ૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માર્ગમાં એનો સારો વ્યય કરશે." યોગીરાજે કહ્યું "હે સુશિલે ! મારા વચનથી ખચિત અલ્પ સમયમાં હવે તુંજ પુત્રવાળી થઇશ. હવે એક કામ કર ? "

"ફરમાવો યોગીરાજ ? આપની શી આજ્ઞા છે ? " રાજલ્લદેવીએ જણાવ્યું.

"આ મકાનના માલેક જગડુશાહને મારી પાસે બોલાવી લાવ ? " યોગીરાજે કહ્યું.

"હમણાં જ આપની પાસે એમને બોલાવી લાવું છું." એમ કહીને પ્રસન્ન વદના રાજલ્લદેવી મનમાં અનેક પ્રકારનાં વિચાર કરતી મકાનમાં ચાલી ગઇ. "ઓહો યોગીરાજને શેઠનું શું કામ હશે ? શું મને જેમ પુત્રવતી થવાની આશિષ આપી તેમ જગડુશાહને પણ કંઇ આશિષમાં આપવાનું હશે કે શું હશે. યોગીરાજ કોઇ અદ્દ્ભૂત વ્યકિત જણાય છે. ખેર ? જે હશે તે જણાશે " ઇત્યાદિક અનેક પ્રકારના વિચારો એના મનમાં ઘોળાતા હતા.

રાજલ્લદેવીએ અંદર દિવાનખાનામાં જ્યાં જગડુશાહ બેઠા હતા ત્યાં જઇને યોગીરાજના સમાચાર આપ્યા. રાજલ્લદેવીનું કથન સાંભળીને જગડુશાહ વિચારમાં પડયા, "અહો ! યોગીરાજને મારૂં શું કામ હશે ? હશે કાંઈ એમને જોઇતું હશે. એમને કંઇ જોઇતું હોય તો આપવું એમાં મારૂં શું કામ છે." એમ વિચારી શેઠે કહ્યું "જો યોગીરાજને કાંઇ દાન, દક્ષિણા કે સીધુ જોઇતું હોય તો બેશક એમની મરજી મુજબ આપો એમાં મારૂં શું કામ છે ! "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" એ તો આપનેજ બોલાવે છે હમણાંને હમણાં તાકીદે બોલાવે છે આ કોઈ સામાન્ય યોગીરાજ મને જણાતા નથી. આપ એક વખત બહાર આવી જુઓ તો ખરા ? "

રાજલ્લદેવીનાં વચન સાંભળી જગડુશાહ તરતજ ઉભા થયા અને મકાનની બહાર આવ્યા તો યોગીરાજને આંગણામાં ઉભેલા જોયા એમની દૃષ્ટિ પેલા પત્થર તરફ લાગેલી હતી. પત્થરને એક ધ્યાનથી યોગીરાજને જોતા જોઇને જગડુશાહ વિચારમાં પડયા. " શું યોગીરાજને આ પત્થરની જરૂર હશે? જો એમને જરૂર હોય તો ભલે એ લઇ જાય એમની માગણી થતાંજ હું એમને આપી દઈશ. અથવા તો પત્થરમાં કાંઈ એમને ચમત્કાર લાગતો હશે. " ઇત્યાદિક વિચાર કરતો જગડુશાહ યોગીરાજને આવીને નમ્યો. " યોગીરાજ ! મારાં અહો ભાગ્ય કે આજે આપે મને યાદ કર્યો. કહો ! આપનું શું ફરમાન છે ? શું આ પત્થર આપને જોઇએ છે તો બેશક લઇ જાઓ ? "

" હે બુદ્ધિમાન્ ? આ પત્થર ઘણોજ ભેદ ભરેલો છે એને તાકીદે ઘરમાં લઇ જા ? " યોગીરાજે કહ્યું.

" યોગીરાજ ? આ પત્થર મારો મુનિમ આર્દ્રપુરથી લાવેલો છે આજ કેટલાય વખતથી તેને મેં અહીંયાં–મારા આંગણામાં રખાવ્યો છે આપના વચનથી હું એને તત્કાલ મકાનમાં લઇ જાઉં છું " યોગીરાજને જગડુશાહે પત્થરને લગતી ટુંક હકીકત કહી સંભળાવી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

"આ પત્થરની અંદર રત્નો રહેલાં છે. પૃથ્વીપતિ દિલીપ રાજાએ ભરેલાં રત્નો તારા ભાગ્યથી આજે અહીંયાં આવેલાં છે તેને તું લે ?" યોગીરાજનું કથન સાંભળી જગડુશાહને આશ્ચર્ય થયું.

"યોગીશ્વર ? શું આ પત્થરની અંદર રત્નો ભરેલાં છે એ તો આશ્ચર્ય ! આપે કેવી રીતે તે જાણ્યું, ખરે ! આપ કોઈ મહાન પુરૂષ છો ?–દિવ્યસ્વરૂપ છો ?"

"જો હે મહામતે ? આ પત્થરની સાંધ દેખાય છે તે ? એને તીક્ષ્ણ ટાંકણાના પ્રહારથી તોડીશ એટલે પત્થરના બે ભાગ છુટા પડી જશે. ત્યારે અંદર રહેલી દિવ્ય રત્નોની હાર તારી નજરે પડશે." યોગીરાજના એ સત્ય વચન ઉપર જગડુશાહને વિશ્વાસ આવ્યો. જગડુશાહે પત્થરને મકાનની અંદર મુકાવ્યો અને એની સાંધમાં ટાંકણાનો તીક્ષ્ણ ઘા કરીને એના બે ભાગો છુટા પાડયા તો અંદર મનોહર રત્નોની હાર એની નજરે પડી.

જગડુશાહ આ અપૂર્વ યોગીને જોઈ વારંવાર નમ્યો. યોગીરાજ ? કહો ! કહો ! આપ કોણ છો ? શું આપ સત્ય યોગીજ છો કે ? મારા ભાગ્યથી અહીંઆં પધારેલા કોઇ અન્ય છો ?"

અત્યારે મહેલમાં જગડુશાહ અને યોગીરાજ બન્નેજણ હતા. જેથી જગડુશાહે ભેદનું સ્પષ્ટીકરણ કરવાને યોગીરાજને વિનવ્યા. "ખચીત ! મને લાગે છે કે આપ મારા પુણ્યથી

મારે મંદિરે પધાર્યા છો ? આપ મને હવે વિશેષ ભરમમાં ન રાખો ? આપનું સત્ય સ્વરૂપ પ્રગટ કરો ? "

જગડુશાહની ભક્તિ અને મધુર વચનથી પ્રસન્ન થયેલા યોગીરાજ બોલ્યા. " હે શ્રેષ્ઠી ! હું યોગીરાજ નથી પણ આ ભદ્રેસરનગરનો અધિષ્ઠાયક ભદ્રનામે દેવ છું. તારા પુણ્યના પ્રતાપથી આકર્ષાઈ આ પત્થરમાં રહેલાં રત્નોનો ભેદ સ્પષ્ટ કરવાને આજે હું યોગીરાજનું સ્વરૂપ ધારણ કરીને તારે આંગણે આવ્યો હતો. " યોગીરાજે પોતાનું સ્વરૂપ ટુંકમાં કહ્યું.

" અહા ! દેવ ! આપની હું શું ભક્તિ કરૂં ? મારાથી આપનો અણજાણતાં પણ અવિનય થયો હોય તો ક્ષમા કરજ્યો. મારા જેવા એક સામાન્ય મનુષ્ય ઉપર આપ ઉપકાર કરવાને પધાર્યા છો એથી હું નિશ્ચય માનું છું કે મારા ભાગ્ય જાગૃત છે. મારૂં પુણ્ય હજી જીવંત છે. આપને કાંઈપણ આપવાને સમર્થ નથી આપજ સમર્થ, શક્તિવંત અને પ્રભાવવંત છો ? આપ ક્યાં ને હું ક્યાં ! ક્યાં મેરૂ ને ક્યાં સરસવ ? ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ? અમારા જેવા અલ્પ બુદ્ધિવાળા અને અલ્પ સત્વવાળા મનુષ્યો ઉપર આપ આપની અમી દૃષ્ટિ હમેશાં વરસાવજો. "

" હે મહામતે ! તારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું જે કામ માટે હું આવ્યો હતો તે મારૂં કાર્ય સમાપ્ત થયું છે. તું જેવો છે તેવો પરોપકારી રહેજે. તને દ્રવ્ય મલ્યું છે તો જગતનો પાલનહાર થજે. અનાથ, ગરીબ, દુઃખી અને રંક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જનનો પ્રભુ થજે એવા પરોપકારી મનુષ્યોના અમે પણ તાબે-દાર છીએ. જેણે લક્ષ્મી પ્રાપ્ત કરીને પોતાના જ્ઞાતિબંધુઓને કે દીન અનાથ જનોને પોષ્યા નથી એવા સ્વાર્થી મનુષ્યો જીવતાં છતાં મુએલા છે. અને મુવા પછી એમની લક્ષ્મી બીજાઓ ભોગવે છે અને એ કૃપણનું નામ પણ કોઇ યાદ કરતું નથી માટે બચ્ચા ? તું તારી લક્ષ્મીનો સદ્‌વ્યય કરી જગતને જીવાડજે ! " યોગીરાજે જગડુશાહને લક્ષ્મીનો સદ્‌વ્યય કરવાનું જણાવી કર્ત્તવ્યનું ભાન કરાવ્યું.

" દેવ ! આપે એ મારી ફરજનું ભાન મને ઠીક કરાવ્યું. મારી લક્ષ્મી ગરીબ, સંત, સાધુ અને અનાથ જનોના ભલા માટે વપરાશે ધર્મ માર્ગમાં, સુકૃત કાર્યમાં અને એવા અનેક પરોપકાર ને પરમાર્થના કાર્યમાં વાપરીશ આપના હિતકારી વચનનું હું હમેશાં સ્મરણ કરીશ આપ આપનું સ્વરૂપ પ્રગટ કરી મને આપનાં દિવ્ય દર્શન કરાવો એજ મારી પ્રાર્થના છે ? " જગડુશાહે યોગીશ્વરનું વચન અંગીકાર કરતાં કહ્યું.

જગડુશાહની પ્રાર્થનાથી યોગીરાજે—ભદ્રદેવે પોતાનું દિવ્યસ્વરૂપ પ્રગટ કર્યું. જગડુશાહને પોતાનું દિવ્યસ્વરૂપ બતાવીને તત્કાલ એ યોગીરાજ-ભદ્રદેવ અદ્રશ્ય થઇ ગયા.

ભદ્રદેવના અંતર્ધ્યાન થયા પછી જગડુશાહ મનમાં સંસારની વિચિત્રતાના સંકલ્પ વિકલ્પ કરતા એમણે રત્નોને પત્થરમાંથી લઇને ભંડારમાં મુકયાં, રત્નો બહાર કાઢતાં પત્થરના મધ્યમાં રહેલા તામ્રપત્રપર નીચે પ્રમાણેના અક્ષરો કોતરેલા

જગડુશાહે જોયા. "પૃથ્વીપતિ દિલીપે આ મનોહર રત્નો આ ઠેકાણે રાખેલાં છે."

પરોપકાર કરવામાં તત્પર અને જેની નિર્મળ કીર્તિ દેશ પરદેશમાં પ્રસિદ્ધ થયેલી છે. એવા જગડુશાહ રત્નોથી-અખુટ લક્ષ્મીથી ઉત્તરાયણ સૂર્યની પેઠે જગતમાં અધિક શોભવા લાગ્યા. એમનો યશ દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો.

# પ્રકરણ ૧૬ મું.

## હવે શું કરવું.?

બાળા પ્રીતિમતીના વૈધવ્યને આજે કેટલોક સમય પસાર થઈ ગયો હતો, છતાં એના શોકમાં હજીસુધી ન્યૂનતા જોવામાં આવતી નહોતી. હંમેશાં તે એકાંતમાંજ રહેતી. એનો સુંદર ચહેરો ઉદાસ, ગંભીર અને શોકપૂર્ણ જણાતો હતો. એનું અસ્થિર અને ચંચળમન વારંવાર પૂર્વની વાતોનું સ્મરણ કરાવી એના હૈયાને વલોવી નાખતું હતું. હમેશના એવા શોક અને દુઃખથી પ્રીતિમતીની કાંતિ ઝાંખી પડી ગઈ હતી. એની સખીઓ એનાં માતાપિતા વારંવાર એને દિલાસો આપતાં હોવા છતાં એને પૂર્વની સુખ સ્મૃતિ વારંવાર યાદ આવ્યા કરતી હતી. વારંવાર પોતાના શરીર તરફ, ઉમર તરફ જોતી અને બાળા પોતાના શોકમાં વધારો કર્યા કરતી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરરોજના એના શોકથી એનાં માતાપિતાપણ હમેશાં દુ:ખી રહેતાં હતાં. માતાપિતાને સુખમાં પણ વારંવાર પ્રીતિનું વૈધવ્ય હૃદયમાં ખટકયા કરતું હતું. પ્રીતિ કેવીરીતે સુખી થાય એ માટે તે અનેક વિચારો કર્યા કરતાં હતાં, પણ એના સુખનો માર્ગ તે શોધી શકતાં નહી. આખરે જગડુશાહે મનમાં પ્રીતિના સુખને માટે એક નિશ્ચય કર્યો. એમણે ધાર્યું કે "પ્રીતિ હજુ સોળ વર્ષની બાળા હતી. સંસારની અનેક વાસનાઓ આશાઓ અને અભિલાષાઓથી એનું મન ભરેલું હતું, માટે એ આશાઓ, વાસનાઓને તૃપ્ત કરવામાં ન આવે ત્યાં લગી એ દુ:ખીજ રહેવાની એનો વૈધવ્ય ધર્મ એ નહીજ પાળી શકવાની માટે એના સુખને વાસ્તે એનો માર્ગ સરળ કરવો જોઇએ, દિકરીના સુખને સારૂ ભલે સગાં સંબંધી અને ન્યાત જાતનો ગમે તેટલો મને સંતાપ થશે તે હું સહન કરીશ. દુનિયાનો માર હું નિભાવી લઇશ. પણ આ દિકરીનું વૈધવ્યપણાનું દુ:ખ મારાથી જોઇ શકાતું નથી. માટે એના સુખને સારૂ મારે કાંઇ પણ પ્રબંધ કરવો જોઇએ."

પ્રીતિમતી એક દિવસે વિચારમાં ગમગીન થઇને પૂર્વની સુખ સ્મૃતિઓ યાદ કરતી શોકમાં બેઠી હતી. એકાંતમાં આંખમાંથી અશ્રુ પાડતી પોતાના નાજુક બે હાથમાં મોઢું દબાવી રડયા કરતી હતી, પુસ્તક વાંચવામાં કે વૈરાગ્યના વિચારોમાં પોતાના મનને વાળવા તે અનેક પરિશ્રમ કરતી હતી. પણ એ ચંચળ મનને તો સુખ જોઇતું હતું વાસનાઓથી અતૃપ્ત રહેલું હૃદય વારંવાર વાસનાઓમાં રમ્યા કરતું

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

હતું. પુદ્ગલીક સુખના વિચારોમાં તે એકાગ્ર હતું. મનની એવી ચપળગતિથીજ પ્રીતિમતીનો શોક ઓછો થતો નહોતો.

પ્રીતિમતીને શોક પૂર્ણ જોઇ એક સ્ત્રી પુરૂષ ત્યાં એના એકાંતખંડમાં આવી પહોંચ્યાં. પુત્રીના દુઃખે દુઃખી એનો પિતા એના સુખને માટે અનેક સંકલ્પ વિકલ્પ કરવાં લાગ્યો. એને સુખી કરવાને એણે પોતાનો નિશ્ચય દૃઢ કર્યો. ગમે તેમ કરીને પ્રીતિ કોઇ રીતે સુખી થાય ને હમેશાં આનંદમાં રહે એ જોવાને પિતા આતુર હતો. " હા ? જગતમાં બાળપણમાં વિધવા થનારી બાળાની સ્થિતિ કેવી કફોડી હોય છે વાસનાઓ, અને અભિલાષાઓથી ભરેલું એ હૈયું પતિ વગર કઇ રીતે શાંત થઇ શકે. અનેક પ્રકારની રૂદ્ધિ, સમૃદ્ધિ અને સંસારની અનુકુળતાઓ આશા ભરેલી સ્ત્રીઓના હૈયાને શાત કરી શકતી નથી. પુરૂષ વગર સ્ત્રીઓને ઉલટું એ બધું દુઃખદાયીજ છે. અને પ્રીતિમતી પણ એવીજ રીતે હંમેશાં દુઃખી રહેવાની."

માતાએ દિકરીને રડતી અને ડુસકાં ભરતી જોઇને પોતાના બાહુ પાશમાં લીધી, એને માથે અને શરીરે હાથ ફેરવતી આશ્વાસન આપવા લાગી. પોતાનાં માતા પિતા અચાનક આવેલાં જાણી પ્રીતિ સ્વસ્થ થઇ છતાં એની આંખો રડી રડીને થાકી ગયેલી હતી એમ સ્પષ્ટ જણાતું હતું. એનું ગૌરવદન ભારેખમ અને શોક પૂર્ણ હતું. સ્વસ્થ થઇને એણે નજર કરી તો એક બાજુએ મ્લાન મુખે એના પિતા પણ ઉભેલા હતા જેથી એને શરમ આવીને નીચું જોઇ રહી.

એની માતા યશોમતીએ પ્રીતિને પોતાના પડખામાં લઇ એના દિલને શાંત્વન કરવા માંડયું. " દિકરી ? શા માટે રડે છે ! શું તારી પ્રકૃતિ કાંઇ અસ્વસ્થ છે કે શરીરમાં કાંઈ વ્યાધિ થયો છે ? "

માતાના એ પ્રશ્નનો દિકરી શું જવાબ આપે ! એના જવાબમાં એણે મોટો નિ:શ્વાસ મુકયો, માતાના એ આશ્વાસનથી એની વિશાળ આંખોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં એ અશ્રુ પોતાના વસ્ત્રના પાલવથી સાફ કરતાં માતા યશોમતિએ પૂછયું " દીકરી ? તને થયું છે શું ? તારા દુઃખનું કારણ તું મને નહી કહે તો કોને કહીશ ? કહેવાથી એનો કાંઇ ઉપાય પણ થઇ શકે ? "

એનો જવાબ એણે દીર્ઘ નિ:શ્વાસ મુકીને આપ્યો. મૌનપણે તે માતાપિતાની સામે ટગર ટગર જોવા લાગી. એનું હૃદય એનો ઉત્તર આપી રહ્યું હતું. પણ મોંએથી કહી શકાય એમ નહોતું.

" દીકરી ? તું અમારી એક લાડકોડમાં ઉછરેલી પુત્રીને દુઃખી જોઈ અમને રાત દિવસ ઘણોજ સંતાપ રહ્યા કરે છે અમારૂં હૈયું પણ વારંવાર ભરાઇ આવે છે જો તારા પિતા પણ કેવા દિલગીર અને દુઃખી થઇને ઉભા છે, કહે તારા સુખને સારૂ અમે શું કરીએ. " માતા યશોમતીએ ગળગળા સ્વરે પુત્રીને કહ્યું.

પોતાના માતાપિતાને પોતાને દુઃખે દુઃખી જોઇ પ્રીતિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મતી શાંત અને સ્વસ્થ થઇ એમને દુઃખી થતાં દેખી એણે દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો. શું જવાબ આપવો એ માટે એ વિચાર કરવા લાગી "પ્રીતિ ? બેટા ? તારૂં દિલ ખોલીને તારી માતાને વાત કહે કે તારી શું ઇચ્છા છે ? તે જાણવાથી એને માટે કાંઇ પ્રબંધ થઇ શકે !" એના પિતા જગડુશાહે વચમાં પ્રીતિને વિચારમાં પડેલી જોઇને કહ્યું.

"પિતાજી ? મારા દુઃખે તમે શા માટે દુઃખી થાવ છો ! તમારા આશ્રય સ્થાનમાં તમારા સ્નેહપૂર્વક આલંબનમાં મને કાંઇ દુઃખ નથી. શરીરે પણ કાંઇ અસુખ નથી. દુઃખ કે સુખ પ્રાણીઓને કર્મ વશે આવેલું તે એને ભોગવવું જ જોઇએ. મારૂં દુઃખ પણ એવું સ્વાભાવિક અને દૂર ન કરી શકાય એવું હોવાથી એને માટે તમારે દુઃખી થવું એ યોગ્ય નથી." કંઇક ગંભિરવદન ધારણ કરીને નિઃશ્વાસ મુકતાં પ્રીતિમતીએ જવાબ આપ્યો.

"શા માટે દુર થઈ ન શકે ? એક વખત સ્પષ્ટતાથી તારો મનોભાવ અમને કહી સંભળાવ ? પછી જો કે એ દુઃખ દૂર થઇ શકે તેમ છે કે નહી ?" જગડુશાહે આગ્રહથી કહ્યું.

"તારા પૂજ્ય પિતાનું કહેવું વાસ્તવિક છે તું મનમાં ને મનમાં મુંજાઇ રહ્યા કરે એના કરતાં તારા હૈયામાં શું છે એનું દિલ ખોલીને અમારી આગળ નિવેદન કરે તો એનો રસ્તો થઈ શકે. આતો એકલી મુંજાઇને રડયા કરે ને અમને પણ રડાવ્યા કરે એ શું વ્યાજબી છે ? તને દુઃખી જોઇને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારૂં હૈયું પણ કેમ ઠરે ? " માતા યશોમતીએ વચમાં જણાવ્યું.

માતાપિતાના એક સામટા પ્રશ્ન સાંભળી પ્રીતિમતીનું હૈયું ધબકવા લાગ્યું. એણે પોતાની છાતી ઉપર હાથ મુકયો પુખ્ત વિચાર કરી હૈયાને દઢ બનાવ્યું અને ગંભીરતાથી માતા પિતાને કહ્યું. " પૂજ્ય માતાપિતા ? હું તમારી એકનીએક પુત્રી હોવાથી આટલી બધી કાળજી રાખો છો અને મને સુખી બનાવવાની મારી ઇચ્છાઓ પરિપૂર્ણ કરવાની જે ઉમેદ ધરાવો છો એ ખચિત મારી ઉપરનો તમારો પૂર્ણ શુદ્ધ પ્રેમ સૂચવે છે. તમારી આવી સુશિતલ છાયામાં મને શેનું દુઃખ હોય. તમારા જેવાં માતાપિતા ભવોભવ દરેકને પ્રાપ્ત થાઓ કે જેથી જગતમાં સંતાનોનું ઘણું ખરૂં દુઃખ ઓછું થઇ જાય. મારા સુખને માટે જો કે તમે આટલી બધી કાળજી રાખો છો પણ દૈવે-નિર્દય વિધાતાએ સુખના શિખર ઉપરથી ધકેલીને દુઃખની અંધારી ગર્ત્તા-ખાઇમાં નાખી દીધી છે. મારૂં સ્ત્રી તરીકેનું સાચું સુખ એણે છિનવી લીધું છે એ વિષયનું મને જ્યારે સ્મરણ થાય છે ત્યારે હા ? મારૂં મન તદ્દન હતાશ-નિર્બળ થઇ જાય છે. મારા મનને ઘણુંય શાંત કરવા, વૈરાગ્ય માર્ગ તરફ વાળવા પ્રયત્ન કરૂં છું, છતાં મારાથી રડી જવાય છે. પણ હવે એનો શો ઉપાય ? મારૂં દુઃખ એવું છે કે હવે માણસની તો શું પણ સમર્થ દૈવની પણ શકિત નથી કે તે ઓછું કરી શકે; એ પૂર્વકર્મના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિપાકો ઉદય આવેલા અવશ્ય ભોગવવા જોઈએ એમાં તમે શું કરો ? એ તો મારા દુષ્ટકર્મનું ફલ છે. "

પ્રીતિમતીના દુઃખની વાર્ત્તા માતાપિતાથી અજાણી તો નહોતીજ, છતાં એના મોંએથી એના વૈધવ્ય દુઃખની ઘટના સાંભળતાં માતાપિતાને અધિક દુઃખ થયું. એમના ચહેરા પુત્રીના દુઃખથી ફિક્કા પડી ગયા. એના પિતાએ એનું ભાવી જીવન એ કેવી રીતે ગુજારવા ચાહે છે તે જાણવાના ઇરાદાથી પૂછયું.

" પુત્રી ? તારૂં દુઃખ જોઈને અમારી મતિ જો કે મુંજાઇ ગઈ છે. છતાં કહે કે હવે ભવિષ્યમાં તું કેવું જીવન ગુજારવા માગે છે, તારી શું ઇચ્છા છે ? તારૂં દુઃખ દૂર કરવાને જગત્‌માં શું એક પણ માર્ગ નથી. ? તારી ઇચ્છા હશે તો તારા સુખ માટે અમે કાંઈક રસ્તો કાઢશું ? " જગડુશાહે કાંઇક મનમાં નિશ્ચય કરતાં કહ્યું. એણે મનનો પોતાનો નિશ્ચય પુનઃદૃઢ કર્યો.

" પિતાજી ? ભવિષ્યમાં મારે કેવી રીતે જીવન વ્યતિત કરવું એ સંબંધી મેં હજી સુધી કાંઇ પણ વિચાર કર્યો નથી. જો કે હું હંમેશાં એજ વિચાર કર્યા કરૂં છું કે ' હવે મારે શું કરવું ? ' છતાં હજી કશા નિર્ણય પર આવી શકી નથી. " પ્રીતિએ જવાબમાં જણાવ્યું.

" તો દિકરી ? તારે વિચાર કરીને જે નિશ્ચય ઉપર આવવું હોય તેનો અમને તું જવાબ આપજે. તારો જે નિર્ણય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હશે–તારી ઇચ્છા હશે એનો અમે અવશ્ય અમલ કરીશું તારી ઇચ્છિા પૂર્ણ કરશું. છતાં તારા માટે અમે એક નિશ્ચય કરી રાખ્યો છે કે તે નિશ્ચય અમલમાં મુકયા સિવાય મને લાગે છે કે તારૂં દુઃખ દૂર થઇ શકે તેમ નથી. એ નિશ્ચય પછીથી હું તને જણાવીશ. આજ સુધી મેં એ નિર્ણય કોઇને તારી માતાને પણ કહ્યો નથી. છતાં તારી માતાની અનુમતિ મેળવીને એ નિશ્ચય અમલમાં મુકી તારા સુખને માટે મારાથી બનતું કરીશ. પણ એક વખત તું નિશ્ચય ઉપર આવ કે તને હવે કયો માર્ગ અનુકુલ છે ? " જગડુશાહે દૃઢતાથી કહી સંભળાવ્યું. બોલતાં બોલતાં એના વદન ઉપર દૃઢતાની છાયા છવાઇ રહી હતી. કંઇક જુસ્સાથી એ શબ્દો નિકળતા હતા. પોતાનો નિશ્ચય અને પુત્રીને પોતાના ભાવી જીવનનો નિશ્ચય કરવાનું જણાવી જગડુશાહ ત્યાંથી ચાલ્યા ગયા.

એની માતાએ પણ ત્યારપછી દિકરીને કેટલુંક આશ્વાસન આપ્યું મમતાથી એને હૈયા સાથે દબાવી પોતાનો સુકોમળ હાથ એની દેહલતા ઉપર ફેરવતી એને પોતે શિખામણ આપવા લાગી અને શોક ન કરતાં જીવનનો માર્ગ હવે એવો લેવો કે ભવાંતરમાં આજની માફક એનાં કડવાં ફલ ચાખવાનો વખત ન આવે. એવો જીવનનો કોઈ સારામાં સારો માર્ગ શોધવાનું કહી માતા યશોમતી પણ એ ખંડનો ત્યાગ કરી ગઇ. એકલી પડેલી પ્રીતિમતી માતા પિતાના વિચારોનું મનન કરતી ' હવે શું કરવું ' એ વિચારમાં ગરકાવ થઇ ગઇ.

# પ્રકરણ ૧૭ મું.

## મસલત.

જગડુશાહનો મુનિમ જેતસિંહ ( જયંતસિંહ ) જેના માટે આપણે પૂર્વે ઘણું જાણી ગયા છીએ. એ જયંતસિંહ ઉપર શેઠની કેટલી બધી કૃપા હતી તે પણ જાણીતી વાત છે. તરૂણ જયંતસિંહ શેઠનો માનિતો અને વિશ્વાસુ હોવાથી શેઠે પોતાના ઘરનો પણ બધો કારભાર એને સોંપ્યો હતો. જયંતસિંહ પણ પ્રીતિમતીનો ઉમેદવાર હતો, છતાં વિધિની ઘટનાએ કરીને પ્રીતિ યશોદેવ સાથે પરણી ગઇ. પોતાનો મનોરથ વ્યર્થ જવાથી જેતસિંહના હૃદય ઉપર સખત આઘાત થયો છેવટે જગડુશાહે એને વહાણમાં માલ ભરીને વ્યાપાર અર્થે આર્દ્રપુર તરફ મોકલ્યો. ત્યાંથી આવ્યા પછી જયંતસિંહને પ્રીતિના વૈધવ્યની તરતજ ખબર પડી ગઇ હતી. જેથી એનેપણ ઘણું દુ:ખ થયું હતું. કોણ જાણે કેમ હજીપણ જેતસિંહનું મન પ્રીતિ તરફ આકર્ષાયા કરતું હતું. પ્રીતિ સાથે સંબંધ જોડવાને એનું દિલ હંમેશાં આતુર રહેતું હતું છતાં એ એક પ્રકારનો એના મનનો વેગ હતો. મનના એ અવિચારી જુસ્સાને દબાવી દેવાને પ્રયત્ન કરતો અને પોતાનાથી અવિચારી પગલુ ન ભરાઇ જાય તે માટે તે હમેશાં સાવધ રહેતો.

એક દિવસે જેતસિંહના આર્દ્રપુરથી આવ્યા પછી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જગડુશાહ અને જયંત એકાંતમાં બેઠા હતા, તે વખતે વ્યાપારને લગતી અનેક પ્રકારની વાતો ચાલતી હતી. જયંતની બોલવાની સફાઇ, એનું તાદૃષ્ય, બુદ્ધિ અને વ્યાપારિક કુનેહ જોઇ શેઠને મનમાં એકાએક એક નવીન વિચાર સ્ફુર્યો. "મારી પ્રીતિને સુખી થવાનો માત્ર એકજ રસ્તો છે, અને તે પુનર્લગ્ન!"

"એને માટે ખચીત જયંત યોગ્ય છે. જયંતની મરજી હોય અને પ્રીતિની પણ ખાસ ઇચ્છા હોય તો જયંત સાથે પ્રીતિનું ભલે પુનર્મિલન થાય. પુરૂષો જ્યારે એક પછી એક અનેક વખત લગ્ન કરે છે. અરે એક સ્ત્રી હયાત છતાં પણ લગ્ન કરવાને અચકાતા નથી તોપછી કાચી વયની વિધવા થયેલી બાળાને શા માટે બંધન હોવું જોઇએ. જો એ બાળા પોતાના મનને સંયમમાં રાખી વૈરાગ્ય ભાવથી સંસારમાં રહી શકતી હોય તો ભલે નહીતર બલાત્કારે એની પાસે વૈધવ્ય ધર્મ પળાવી એની ઉગતી આશાઓને દાબી દેવી એ કાંઇ મને તો ઠીક જણાતું નથી. ઉલટું જબરજસ્તીથી એની પાસે વૈધવ્ય ધર્મ પળાવા જતાં કોઇ વખતે એનું પરિણામ જગતમાં ઉલટું આવે છે, માટે મારી દિકરી જેવી રીતે સુખી થાય તે પ્રમાણે અવશ્ય કરવું જો કે એમ કરવા જતાં કદાચ મને સમાજ તરફથી ઘણું સાંભળવું પડશે. હું સમાજનો તિરસ્કાર પામીશ તોપણ દિકરીના સુખ ખાતર મારે એટલો ભોગ આપવો જોઇએ." શેઠ જો કે જેતસિંહ સાથે વાતો કરતા

હતા છતાં એમના મનના વિચારોની ઘટમાળ તો અનુક્રમે ચાલ્યાજ કરતી હતી. કેટલીક આડી અવળી વાતો કરતાં શેઠેજ વાતની શરૂઆત કરી. "જયંત ! તને ખબર છે ને યશોદેવનું મૃત્યુ થયું તે ?"

"જી હા ! એ માટે હું ઘણો દિલગીર છું. આપને સર્વ પ્રકારની સુખ સગવડતામાં એ સખત આઘાત પડયો છે. જીવંત પર્યંત સાલ્યા કરે એવો આ આઘાત છે શેઠ ?" જયંતે પ્રત્યુત્તરમાં કહ્યું.

"એ આઘાત અમારાથી ભૂલાય તેવો તો નથીજ. પ્રીતિનું દુઃખ જોઇને અમને ખીલકુલ ચેન પડતું નથી. મને કાંઇ સુઝતુ નથી કે એના સુખ માટે હવે શું કરવું ? દિકરી કેવી સુખી હતી. એનું સુખ જોઇ અમે રાજી થતા હતા, પણ ક્રૂર વિધિએ એ સુખ લાંબો સમય ટકવા ન દીધું. એ ઉગતી આશાની લત્તાપર દુર્દૈવે કુહાડાનો ઘા કરીને એનું જીવન છુંદી નાખ્યું."

"ખચીત એમજ થયું છે. એ દુઃખ અસાધ્ય છે. એ વૈરાગ્ય તરફ મનને વાળીને ધર્મમાર્ગનું અવલંબન લેશે તોજ હૃદયમાં કંઇક શાંતિ થશે–પૂર્વની સ્મૃતિ ઓછી થશે."

"એ ઠીક છે, પણ એના સુખને માટે મારો કોઇ બીજો જ વિચાર છે. હું ફરીને એને સુખી–આનંદમાં રમતી ફરતી જોવા ઇચ્છુ છું. જયંત ?"

J. ૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જગડુશાહનું વચન સાંભળીને જેતસિંહ ચમકયો એના મનમાં વિચાર થયો " કઇ રીતે શેઠ પોતાની દિકરીને સુખમાં રમતી ફરતી જોવા ચાહે છે. "

" શેઠજી ! સમાજના બંધન પ્રમાણે એને કેવી રીતે સુખી કરવા માગો છો. હા ! જો એનું મન વાસનાઓ રહિત હોય, આશાઓ–ઇચ્છાઓ રહિત એનું હૈયું હોય તો તો એને સુખજ છે કેમકે સંસારમાં તો એનેજ દુઃખ છે કે જેના મનમાં અનેક પ્રકારની વાસનાઓ રહેલી હોય, નવી નવી આશાઓથી જેનું હૈયું ભરાયેલું હોય, એ આશાઓ–ઇચ્છાઓ અધુરી હોય ત્યાં લગી દુઃખજ હોય. કારણ કે એ વાસનાઓ ઉપર કાબુ નહી મેળવવાથી એને આધિન થઇને એ પૂર્ણ કરવા માટે જગતમાં અનેક પ્રકારનાં તરફડીયાં મારવાં પડે છે. વાસનાઓને પરવશ પડેલો મનુષ્ય પુણ્ય પાપ કાંઈ પણ જોતો નથી. માટે મને લાગે છે કે દુઃખનું કારણજ વાસનાઓ ઇચ્છાઓ છે. " જેતસિંહે પોતાનો અભિપ્રાય શેઠને કહી સંભળાવ્યો.

" અને તેથીજ મારી પુત્રીને હું ફરીને કોઇ લાયક યુવક સાથે પુનર્મિલન કરવા ઇચ્છું છું. જયંત ? " જગડુશાહે ભેદનું કંઈક સ્પષ્ટીકરણ કર્યું.

" પુનર્મિલન ? " જેતસિંહની આંખો ચમકી. એની મંદ પડી ગયેલી આશાઓને અંકુરા આવવા લાગ્યા. " કોની સાથે શેઠ પુનર્મિલન કરાવવા ઇચ્છતા હશે ? એ બાળાનું

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પુનર્મિલન કરવાને ફરીને વળી કોણ ભાગ્યવંત સરજાયોં હશે." આતુરતાથી જેતસિંહે શેઠને પૂછયું.

"હા ? પુનર્મિલન ? તોજ એ સુખી થઈ શકે. અને હંમેશના વૈધવ્યના દુઃખથી છુટી શકે. તે સિવાય બીજો કોઇ માર્ગ એને માટે મારી ધ્યાનમાં આવતો નથી, જયંત ?"

"આપની ધારણા ઘણી વિકટ છે એ ધારણા પરિપૂર્ણ કરવા જતાં માર્ગમાં અનેક પ્રકારનાં વિઘ્નો ખડાં થશે. સમાજ જ્ઞાતિ અને કુટુંબ તરફથી શિરપાવમાં આપને તિરસ્કાર મલશે. આપની ઈજ્જિત આબરૂમાં ન્યૂનતા થશે." જયંતે સમાજ અને જ્ઞાતિ તરફના ભયનું દિગ્દર્શન કરાવ્યું.

"જે થવાનું હશે તે થશે. એના સુખની ખાતર હું એ બધું સહન કરી લઇશ. માત્ર હું તો એકજ વાત ઇચ્છું છું કે મારી પુત્રીને સુખી કરી શકે એવો કોઈ લાયક યુવક મળે એટલે બસ ?"

"આપે એ સંબંધમાં કાંઇ તપાસ કરી છે. અગર આપ તપાસ કરશો તો મળી રહેશે. "બહુરત્ના વસુંધરા" દુનિયા કાંઇ રત્ન વગરની નથી થઇ. દીન ઉગે અનેક રત્નોને જન્મ આપે છે. આપને નિરાશ થવાનું કાંઇ કારણ નથી."

"પણ જયંત ! તારા જેવો ગુણિયલ મળે તો અવશ્ય મારી પુત્રીને સુખી કરી શકે. તું એટલું કામ ન કરી શકે ?"

પોતાનું નામ સાંભળીને જયંતસિંહની મરવા પડેલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશાઓને નવચેતન મળ્યું, એનું હૈયું હર્ષથી નૃત્ય કરવા લાગ્યું, એના વદનપર પ્રસન્નતાની છાયા છવાઈ રહી જે વસ્તુને આજે વર્ષોથી તે સાચા સ્નેહથી ચાહતો હતો એ વસ્તુ એની નજર આગળ ઉભેલી જણાઈ. અનેક પ્રકારના વિચારો એના મનમાં આવવા લાગ્યા. શેઠે પૂછેલા પ્રશ્નનો શો ઉત્તર આપવો તે માટે એ વિચાર કરવા લાગ્યો જો કે પ્રીતિને માટે ચાહ્ય સો કરવાને એ હમેશાં આતુર હતો. આજે ચાલી ચલાવીને શેઠ એની ઇપ્સિત વસ્તુ આપવાને તૈયાર થયા હતા. કુદરત એને અનુકુળ થતી હોય એમ લાગ્યું. વર્ષોની ખમેલી ધિરજનું પરિણામ આજે એના લાભમાં આવતું હોય એમ જણાયું. પ્રીતિ તરફના શુદ્ધ સ્નેહની ખાતર; જયંત પણ શેઠની માફક ન્યાત જાતનું બંધન નહિ ગણકારતાં સમાજનો તિરસ્કાર સ્વીકારવાને તૈયાર હતો. કોઇ પણ ભોગે પ્રીતિની પ્રીતિ સંપાદન કરવાને જયંત ઉત્સુક હતો. જગડુશાહનું વચન સાંભળીને પ્રત્યુત્તરમાં જયંતે કહ્યું.

“ શેઠ સાહેબ ? હું તો હમેશનો આપનો કરજદાર છું આપે મને મારી ગરીબાઇમાંથી છોડવી આ સ્થિતિએ પહોંચાડયો છે એ આપનો ઉપકાર હું આ જન્મે તો ભૂલી શકું તેમ નથી. આપ જે હુકમ કરો તે પ્રમાણે વર્ત્તવા આ સેવક હમેશાં તૈયાર છે. આપને સુખે સુખી અને દુઃખે દુઃખી આ કિંકર કહો આપના સુખ માટે શું કરી શકે ? ”

“ જયંત ! કોઇ રીતે મારી પુત્રી હમેશાં સુખી રહે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એજ મારી ઉચ્છા છે, અને એ માટે તારા જેવા ગુણવંત સાથે એનું પુનર્મિલન થાય એ માટે પ્રથમ તું એના વિચારો જાણી લે ? મારી પુત્રીનું હૃદય કેવું છે ? એ પોતાના જીવનને હવે કેવી રીતે વ્યતીત કરવા માગે છે તે સમજી લે, ત્યારપછી શું કરવું એનો વિચાર કરશું." જગડુશાહે કહ્યું

"આપના કથન અનુસાર હું એમના વિચારો જાણી લઈશ." જયંતે કહ્યું.

તે પછી શેઠ બીજી કેટલીક વાત ચિતો કરી પોતાના કામે ચાલ્યા ગયા. શેઠ ગયા એટલે જયંતના મનમાં અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા. "આહા ? પ્રથમથીજ આ વિચાર શેઠના હૃદયમાં આવ્યો હોત તો આજે પ્રીતિને આવો દુઃખમય સમય ન આવત. આખરે મારા માટે વિચાર આવ્યો તો ખરો પણ ઘણો અસુરેથી આવ્યો. આ ધારણા જો પૂર્ણ થાય તો મારા સુખમાં શું ખામી રહે ? જેની ખાતર શોક સાગરમાં મગ્ન થઈને મેં મારી જાત ગાળી નાંખી. જેને માટે શરૂઆતથીજ મારા હૈયામાં સ્નેહની ઉર્મિઓ ઉછળી રહી છે. એને મલવાને એની સાથે વાતો કરવાને અધિરૂં હૈયું તલસી રહ્યું છે એવા સ્નેહી માણસના સમાગમમાં સ્નેહને કેટલું પોષણ મળે—કેવું અનુપમ સુખ મળે એ તો એના અનુભવીજ સમજી શકે. હવે અનુકુળ સમય મેળવી પ્રીતિ પાસે જઈ એનું દિલ મેળવવાને—એનો પ્રેમ સંપાદન કરવાને હું પ્રયત્ન કરીશ."

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જયંતને શેઠની વાત સાંભળ્યા પછી સુખનાં સ્વપ્નાં આવવા લાગ્યાં, પોતાને એણે ઉન્નત્તિના ઉચ્ચ શિખર ઉપર ઉભેલો જોયો. "અહા ! પ્રીતિ સાથે પુનર્મિલન થતાં કેવું એનું ભાગ્ય ફરી જશે. જગડુશાહની અખુટ દોલતનો એ માલેક થશે." એવાં સુંદર સ્વપ્નાં એનું હૈયું નિહાળી રહ્યું હતું, હર્ષથી એ હૈડું ઉછળી રહ્યું હતું.

મનુષ્યની ઈચ્છાઓ સુખના અનેક સંકલ્પો કરતી જ્યારે જુદી જ દિશામાં વહી જાય છે ત્યારે વિધિનું વિધાન એનાથી જગતમાં ઘણું નિરાળું જ હોય છે. એનાં કંઇને કંઇ નખરાં મનુષ્યને ફટકા ઉપર ફટકા લગાવ્યેજ જાય છે.

# પ્રકરણ ૧૮ મું.

## પ્રલોભન.

જેતસિંહના મનમાં પ્રીતિ માટે ગમે તે ભાવો હોય, પણ પ્રીતિનું હૃદય એથી ઉલટુંજ હતું. બચપણથીજ પ્રીતિ જેતસિંહને પોતાની સાથે રહેલો હોવાથી સગાભાઈ જેવો ગણીને ભાતૃસ્નેહથી ચાહતી હતી. ત્યારપછી પરણીને સાસરે ગઇ. વૈધવ્ય પ્રાપ્ત થયું, એના જીવનમાં અનેક પ્રકારનું પરિવર્ત્તન થયું છતાં પ્રીતિ તો એને ભાઇ જ ગણતી હતી. એક તરફ જગડુશાહ પ્રીતિના સુખ માટે અનેક પ્રકારના

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તરંગો દોડાવી રહ્યા હતા. જેતસિંહે પોતાના વિચારો હવામાં છોડી દીધા હતા. છતાં પુનર્મિલન માટે પ્રીતિનો મુદ્દલે ખ્યાલ નહોતો. વૈધવ્યપણાથી અત્યારે જો કે એને ઘણું દુઃખ થયું હતું. પૂર્વનાં સુખી સંસ્મરણો યાદ આવી આવીને એના હૃદયને સતાવી રહ્યાં હતાં. પતિનો પ્રેમ, એ સૌભાગ્યમય અણમોલ જીવન સંભારીને જો કે રડી પડતી હતી. છતાં એના મનમાં એવું કાંઈ નહોતું કે હવે પુનર્લગ્ન કરીને ફરીને સુખી થવાનો હું પ્રયત્ન કરૂં.

આજે કેટલાય સમયથી એના જીવનમાં ઘણું પરિવર્ત્તન થયું હતું. દુઃખને સહન કરવાની શકિત એણે પ્રાપ્ત કરી હતી. ધિરજ, ગંભિરતા, સ્થિરતાથી એના હૈયાનો ભાર કંઈક ઓછો થયેલો માલુમ પડતો હતો. વિજયાનાં હિતવચનો એને વારંવાર યાદ આવતાં હતાં. જેથી મનને તે વારંવાર અંકુશમાં રાખીને જીવનનો ઉદ્દેશ પરમાર્થ કરવામાં ગુજારવો એવા નિશ્ચય ઉપર તે આવી હતી. વિજયાનું જીવન સુકાન એને પડખે હતું. એનો પરિચય એના જીવનનો ક્રમ ઘડવાને વિશેષ ઉપયોગી હતાં. એ પરગજુ ઉચ્ચ આદર્શ વિચારવંત જીવનનો સમાગમ એના ઉપર જાદુઈ અસર કરી રહ્યો હતો.

એક દિવસ મધ્યાન્હ સમય પછી પ્રીતિમતી ભોજન કાર્યથી પરવારીને પોતાના ખંડમાં ધર્મશાસ્ત્રનું અધ્યયન કરતી બેઠી હતી તે સમયે જયંતસિંહ પણ ત્યાં આવી પહોંચ્યો. જેતસીના આવવાથી પ્રીતિને કાંઈ આશ્ચર્ય થયું નહી, કારણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે જયંત અને પ્રીતિ બધા સાથે એક ઘરમાં રહેતાં હોવાથી જયંત અને પ્રીતિ ઘણી વખત મલતાં હતાં. તેમજ પ્રીતિના ખાનગી ઓરડામાં પણ જેતસી જઈને એની સાથે જુદા જુદા વિષયોમાં તેમજ ધર્મ સંબંધી અનેક પ્રકારની ચર્ચા કરતો હતો છતાં કોઈના મનમાં લેશ પણ અંદેશો આવતો નહીં. કેમકે જયંતને જગડુશાહ તેમજ યશોમતી પોતાના સગાપુત્ર જેવો ગણતાં હતાં. તેમજ પ્રીતિ પણ બાંધવ તુલ્ય ગણીને એને માન આપતી હોવાથી એના હૃદયમાં પણ નતો બીજો કાંઈ ભાવ પ્રગટયો હતો, કે નતો એના હૃદયમાં શંકાએ સ્થાન લીધું હતું ?

જેતસીએ ઓરડામાં પ્રવેશ કરતાંજ પૂછયું "કેમ ! શું વાંચી રહ્યાં છો ?"

જયંતનો શબ્દ સાંભળીને પ્રીતિએ પોતાનું વદન પુસ્તકમાંથી બહાર કાઢીને એના તરફ ફેરવ્યું "ભાઇ ! ઠીક થયું આવ્યા તે ? આ ધર્મશાસ્ત્રનો ગ્રંથ વાંચતાં એક ઠેકાણે મને શંકા પડી છે. તમે એનું સમાધાન કરી શકશો કે ?"

"કહો તો ખરાં ! તમારી શું શંકા છે ! બનતાં લગી તો એને માટે હું મારો અભિપ્રાય આપીશ." પ્રીતિની સામે બેઠક લેતાં જેતસીએ કહ્યું "એ કયો ગ્રંથ છે વારૂ ?"

"આ અધ્યાત્મજ્ઞાનનો ગ્રંથ છે. આત્મા અને પુદ્‌ગલની ભિન્નતા સમજાવી આત્મજ્ઞાનનું બહુજ સારી રીતે સ્પષ્ટીકરણ કરેલું છે. આવા આત્મતત્વનું ભાન કરાવનારા ગ્રંથોનું

મનનપૂર્વક અધ્યયન કરવામાં આવે તો મનુષ્યોના જીવનમાં મને લાગે છે કે ઘણું પરિવર્તન થાય. એમના જીવનનો ક્રમજ ફરી જાય. ”

“ તે શું તમે આવાં અધ્યાત્મ શાસ્ત્રોનું પઠન કરી રહ્યાં છો. આત્મજ્ઞાનની ઉંડી ઉંડી વાતો તમે કેવી રીતે સમજી શકો છો, આવાં પુસ્તકો વાંચતાં તમને કંટાળો નથી આવતો ? ” જેતશ્રીએ મૃદુ વચનથી કહ્યું.

“ જરીયે નહી, ભાઇ ? મને તો એમાં આનંદ આવે છે. એ વિચારતાં મનન કરતાં કોઈ કોઈ વખત મારૂં તો મન એવું એકાગ્ર થઈ જાય છે કે ગયેલા વખતની પણ મને ખબર પડતી નથી. ખરૂં જ્ઞાન તો મને લાગે છે કે અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિમાંજ રહેલું છે બાકીતો આ બધું બાહ્યજ્ઞાન છે. શરીરને પોતાનું માનીને આત્મા એના સુખની ખાતર પુદ્ગલીક સુખમાં કેટલો બધો રક્ત રહે છે. એ બહિરાત્મ દશા ભોગવવાથી તે અનેક પ્રકારનાં અજ્ઞાનતાથી પાપબંધન કરે છે. આવાં પુસ્તકોના પઠનથી, મનનથી એ પોતાની વસ્તુ-સ્થિતિ સમજી જાય છે. શરીર અને પુદ્ગળના ભિન્ન ભિન્ન ધર્મોનું ભાન થતાં એનામાં કોઇ નવીન જાગૃતિ આવે છે. બચીત તમારે પણ આ પુસ્તક મનન પૂર્વક વાંચવા લાયક છે. ” પ્રીતિમતિએ વાંચેલા પુસ્તકનું ટુંકાણમાં વર્ણન કરી બતાવ્યું.

“ તમે આવાં પુસ્તક વાંચવા કરતાં ચરિતાનુયોગનાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુસ્તક વાંચો તો વધારે રસ પડે. વાર્ત્તાનાં પુસ્તકોથી મનને આનંદ આવે અને જ્ઞાન પણ વધે." જેતસીએ અભિપ્રાય આપ્યો.

"મને તો આવાં તત્વજ્ઞાનનાં કે વૈરાગ્યનાંજ પુસ્તકો ગમે છે. ચરિત્રો વાંચવાનો મોહ હવે રહ્યો નથી. એ ચરિત્રો કરતાં આવાં પુસ્તકોથી મને તો વધારે લાભ થયો છે. આત્માની અનંત શક્તિનું ભાન તો આવાં પુસ્તકોથીજ થાય." મૃદુ હસ્તાં પ્રીતિએ કહ્યું.

"જગતમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ ધર્મનો પક્ષપાત કરતી વધારે જણાય છે. વ્યવસાય પરાયણ પુરૂષો કરતાં ધર્મભાવના સ્ત્રીઓમાં અધિક જોવાય છે." જેતસીએ હસતાં હસતાં જણાવ્યું.

"તો શું પુરૂષોમાં ધર્મભાવના નથી એમ તમે કહેવા માગો છો. કેટલાક પુરૂષો કદાચ તમારા ધારવા પ્રમાણે હશે, પણ એથી કાંઇ સર્વ પુરૂષોને આશ્રયીને એ વચન કહેવાય નહી. જગતમાં તીર્થંકર–ગણધર વગેરે પૂજ્ય પુરૂષો ધર્મના પ્રભાવથીજ એવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરીને મોક્ષ મેળવી શકયા છે. પુરૂષોની ધર્મભાવના એમનું મનોબળ એમની ચારિત્રશિલતા આગળ સ્ત્રીઓની ધર્મભાવનાનો કાંઈ હિસાબ હોતો નથી." પ્રીતિમતીએ પોતાનો અભિપ્રાય કહ્યો.

"તમારૂં કહેવું સત્ય હશે, છતાં સામાન્ય રીતે મને તો પુરૂષો કરતાં સ્ત્રીઓ ધર્મરસમાં ભાગ લેતી અધિક જોવાય છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" તમને સ્ત્રીઓ તરફ સન્માન હોવાથી એમ લાગે છે. ભાઈ ? "

" સ્ત્રીઓ તરફ સન્માનની નજરથી જોવું એ શું ખોટું છે ! મને તો એમની તરફ સંપૂર્ણ માન છે. " જેતસિંહે મગરૂરીથી કહ્યું. " પણ અત્યારે તો એક અગત્યના કામ માટે હું તમારી પાસે આવ્યો છું. તમે શાંતિથી મારી વાત લક્ષ્ય આપીને સાંભળો અને વિચાર કરીને જુવાબ આપો તો કહું ? "

જયંતસિંહનું કથન સાંભળીને પ્રીતિમતી વિચારમાં પડી. વળી એવી શું અગત્યની વાત હશે. એણે કહ્યું. " ખુશીથી કહો. મને એમાં કોઇ જાતની અડચણ નથી. "

પ્રીતિમતિનાં વચન સાંભળીને જેતસી એના ગૌર વદન તરફ નિહાળી રહ્યો. એ તેજસ્વી, પ્રભાવવંત અને નિર્દોષ મુખ તરફ જોઈને વાર્ત્તાની શરૂઆત કેમ કરવી એ માટે તે વિચારમાં પડયો, હિંમત અને ધૈર્યનું અવલંબન લઇને એણે કહ્યું. પ્રીતિમતી ? હું જે કહું તે પ્રથમ ધ્યાન દઇને સાંભળજો. જ્યારથી હું તમારા પિતાની સેવામાં રહ્યો ત્યારથીજ તમારી બાલિશતા અને નિર્દોષ રમત ગમત જોઈ મારા હૃદયમાં ચોક્કસ ભાવ જાગૃત થયો. જોકે એ ભાવ આપણે પરિચય વધતાં વધતો ગયો છતાં તમારામાં ને મારામાં આસમાન જમીન જેટલું અંતર હોવાથી મારો એ ભાવ નિષ્ફળ થયો ને ઉમરમાં આવતાં જ તમારાં લગ્ન થઇ ગયાં.

લગ્ન થયા પછી થોડાજ સમયમાં તમે વિધવા થયાં. આ પ્રસંગે તમારા માતાપિતાને દુ:ખ થાય અને તમારા દુ:ખનાં તે પણુ ભાગીદાર બને એ સ્વાભાવિક છે. તમારા દુ:ખે દુ:ખીયારાં તેઓ કોઈપણુ રીતે તમારૂં દુ:ખ દુર થાય એ ઇચ્છે છે. માત્ર તમારી મરજી શી છે ? તેજ જાણવાને તેઓ થોભ્યાં છે. એટલું બોલીને જેતસી પ્રીતિમતીનો જવાબ સાંભળવાને અટકયો.

અત્યારસુધી મૌનપણે પ્રીતિમતી જેતસીનું કથન સાંભળતી હતી તે એકદમ બોલી. "મારા માતાપિતાની શી મરજી છે ? અને તેમાં મારીજ સંમત્તિની જરૂર છે એ બધું તમે શી રીતે જાણી લીધું વારૂ ?"

"પ્રીતિમતી ! તમારાં માતાપિતાની ઇચ્છા ફરીને તમને સુખી જોવાની છે. જો તમે સ્વિકાર કરવાને તૈયાર હો, તો કોઇ લાયક તરૂણ સાથે તમારૂં પુનર્મિલન કરાવી, તમને સુખી કરવા."

"એમ....તેનો જવાબ હું મારા માતાપિતાને આપીશ. તમારે એમની વકીલાત કરવાની શી જરૂર પડી વારૂ ?" કંઇક કરડાકીથી પ્રીતિમતીએ કહ્યું.

"મને !" કંઇક ધ્રુજતા અવાજે જેતસી બોલ્યો. પ્રીતિમતી ? શામાટે ગુસ્સે થાવ છો જો તમારા માતાપિતાની ઇચ્છાનો સ્વીકાર કરવાને તમે તૈયાર હો તો તમારી સાથે— એક વિધવાની સાથે સંબંધ બાંધવાને હું તૈયાર છું. આજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કંઈ વર્ષોથી તમારે માટે મારા હૃદયમાં જે લાગણી ઉદ્ભવી છે તેને કર્ત્તવ્યના રૂપમાં પ્રગટ કરવા ઉન્તેજાર છું. ”

જેતસીના આ સ્પષ્ટ કથનથી પ્રીતિમતિને સખત આઘાત થયો. એના સરલ વદન ઉપર ક્રોધની રેખાઓ ચમકવા લાગી. ગુસ્સાથી શરીર ધ્રુજવા લાગ્યું. “ તમે અત્યારે મારી પાસે આ કાર્યમાટે આવ્યા છો ? કોના કહેવાથી તમે અહીં આવ્યા છો ? ”

“ તમારા માતાપિતાના ?” ઠંડે કલેજે જેતસીએ કહ્યું. એણે પ્રીતિમતીમાં થયેલા ફેરફારો જોયા. પણ હિંમત નહિ હારતાં મૃદુતા લાવીને ફરીને કહ્યું. “ પ્રીતિમતી ? શામાટે દુઃખી થાવ છો અને બીજાને દુઃખી કરો છો. તમારા સુખની ખાતર સમાજમાં, જ્ઞાતિમાં ગમે તેવો ભોગ આપવાને પણ તેઓ તૈયાર થયાં છે તો તમને તેમાં અયોગ્ય શું લાગે છે ? ”

“ બસ ? ચૂપ ! જેતસી ! તમે જે કાર્ય માટે આવ્યા છો તે માટે હું બિલકુલ તૈયાર નથી. હવે એ સંબંધી વિશેષ વાત ન કરતાં તમે ચાલ્યા જાવ, મારા મન ઉપર કાબુ મુશ્કેલી મને આવડે છે. મારે જીવન કેવીરીતે વ્યતિત કરવું એમાં તમારી સલાહની મારે કાંઇ જરૂર નથી. સમજ્યા ? ” ગુસ્સાથી પ્રીતિ બોલી.

“ પ્રીતિમતી ! શાંત થાવ. જરી વિચાર કરી જવાબ આપો ! તમારા સુખની ખાતર અમે આટલો બધો પ્રયાસ કરી રહ્યા છીએ છતાં એની તમે આવીજ કદર કરો છો. ને !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારા માટે મારા હૃદયમાં કેવી લાગણી છે એ તમે કેવી રીતે સમજી શકો ?

" એ બધી લાગણી કાઢી નાખો, તમારા હૃદયમાં ગમે તેવી લાગણી હોય પણ એની મને જરીયે પરવા નથી. હું કોઇ રીતે પુનર્લગ્ન કરવા માટે તૈયાર નથી, સમજ્યા ? " પ્રીતિમતી કંટાળતાં બોલી. જેતસીનાં અનેક પ્રલોભનો છતાં પ્રીતિમતીનું મન ચલિત થયું નહી, પણ એનો તિરસ્કાર કરતાં એણે કહ્યું કે. " જેતસી ? જેમ બને તેમ જલદીથી હવે તમે અહીંથી ચાલ્યા જાવ, ફરીથી એક શબ્દ પણ એ સંબંધી હવે ઉચ્ચારશો નહીં ? એક આર્ય વિધવા–બાળા સાથે પુનર્લગ્નની વાત કરતાં તમે જરીપણ શરમાતા નથી ? અરે તમે એક ઉચ્ચ કુળના યુવક થઇને વિધવા સાથે સંબંધ બાંધવા તૈયાર થયા છો ? શરમ છે તમને જેતસી ? જો આવી વાત ફરીને મારી આગળ ઉચ્ચારશો તો એનું પરિણામ સારૂં આવશે નહી, ને હમેશને માટે અમારા કુંટુંબ સાથેનો તમારો સંબંધ તુટી જશે, આજ સુધી અમારા કુટુંબમાં મેળવેલી તમારી ઈજ્જત બધી ધુળધાણી થઈ જશે. તમને હજી સ્ત્રીઓના હૃદયની ખબર નથી. એક આર્યકુંટુબની વિધવા ગમે તેટલું સંકટ સહન કરે. પોતાનું મન કાબુમાં ન રાખી શકતી હોય તો વિષ ખાઈને મરી જાય; પણ એ પવિત્ર સંસ્કાર વાળી વિધવા પુનર્લગ્ન તો નજ કરે ? તમે પુરૂષો ભલે એક ઉપર અનેક સ્ત્રીઓ કરો, એ હક્ક તમને જ મુબારક ? પણ અમારા સુખ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નો વિચાર તમારે કરવાનો નથી. અમારૂં સંભાળી લેવાની અમારામાં પણ કુદરતે શક્તિ આપી છે. સમજ્યા, બસ જાઓ હવે ! "

પ્રીતિમતીનાં એ સખ્ત વચનો જેતસી અધોમુખે સાંભળ્યા કરતો હતો એણે એકવાર પ્રીતિમતી તરફ નજર કરી તો એના ચંદ્રવદનપર પવિત્રતાની છાયા જણાતી હતી. આખરે તો નીતિ આગળ અનીતિની હાર છે. પવિત્રતા આગળ અશુદ્ધિ કયાં સુધી ટકી શકે ? પ્રીતિમતી માટે જેતસીના મનમાં જે વિકારી ભાવો હતા તે બધા નષ્ટ થઇ ગયા. પ્રીતિ માટે એના હૃદયમાં પૂજ્યભાવ જાગૃત થયો. એની સહનશીલતા આગળ, એના ઉચ્ચ આદર્શમય જીવન આગળ પોતાનું જીવન એને તુચ્છ સમજાયું. આવી કાચી વયમાં વૈધવ્યનું દુ:ખ છતાં અનેક પ્રકારના પ્રલોભનોથી નહી લલચાતાં એ દૃઢ મનની વિધવા બાળા આગળ પોતે પુરૂષ છતાં–કુશલ છતાં નિસ્તેજ દેખાયો. આહા પુરૂષ જેવો પુરૂષ થઇને તે કેવો વિકારોને વશ બની ગયો હતો. એ વિકારોને આધિન થઈ જ્ઞાતિનું બંધન તોડીને શું કરવાને તે તત્પર થયો હતો. ઉચ્ચ મનુષ્ય જીવનની મહત્તા અંધાર ખાઇમાં નાખવાને તૈયાર થયેલો જેતસી પ્રીતિમતીને ચરણે પડયો. "બેન ? મારા અપરાધ ક્ષમા કરજો. તમારા જેવી એક ઉચ્ચ આદર્શમય વિધવા-બાળાની હું અત્યાર સુધી આશાતના કરી રહ્યો હતો. તમને અવળી સલાહ આપી કેવું અનિષ્ટ કરી રહ્યો હતો ? એ મારા સર્વ દોષો હે ગુણિયલ બેન ? તમે ક્ષમા કરજો. ને મારા ઉપર જે કાંઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રોષ હોય તે કાઢીને એક સગા ભાઇના જેવો મને આજથી ગણજો. આજથી હું તમને મારાં સગાં બ્હેન ગણીને માન આપીશ. તમારા સુખદુઃખમાં હું ભાગીદાર થઇશ. " પ્રીતિમતીની ક્ષમા માગતાં જયંત ગળગળો થઇ ગયો, એની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. આવા નિર્દોષ માણસનું અપમાન એના હૃદયમાં ડંખતું હતું. પ્રીતિમતી પણ એને પશ્ચાત્તાપ થતો જોઇ શાંત થઇ ગઈ. એનો ગુસ્સો નરમ પડી ગયો. અને સ્મિત વદન કરતાં બોલી. "જાઓ ભ્રાત? હવેથી ડાહ્યા થજો ? "

# પ્રકરણ ૧૯ મું.

## મિથ્યાત્વનું સ્વરૂપ શું ?

પરમદેવસૂરિ તે સમયમાં એક ચારિત્રશીલ અને વિદ્વાન સાધુ ગણાતા હતા. શુક્લપક્ષના ચંદ્રમા સરખી નિર્મળ બુદ્ધિવાળા શ્રી સંખેશ્વરાપાર્શ્વનાથનું જ એકચિત્તે ધ્યાન કરનારા અને જ્યોતિષ શાસ્ત્રમાં પણ પૂર્ણ માહીતગાર છતાં ગુણે કરીને ગંભિર અને ક્ષમાદિ ગુણોથી અલંકૃત હતા. પોતે શાસ્ત્ર નિપુણ હોવાથી એમના ઉપદેશની ધારા ઝીલવાને ઘણા માણસો –નરનારીઓ એકઠાં થતાં ચારિત્રરૂપ લક્ષ્મીથી સુશોભિત હોવાથી એ પરમ પવિત્ર વાણીની અસર શ્રોતાઓ ઉપર જાદુઇ રીતે થતી હતી. એમના ઉત્તમ ગુણોથી અન્ય વિદ્વાન સાધુઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ એમને માનની નજરથી જોતા હતા. એમની વિદ્વત્તા વિદ્વજ્જનોમાં પ્રશંસનીય ગણાતી હતી. એ પરમદેવસૂરિ જગડુશાહના કુલગુરૂ હતા. જગડુશાહના પૂર્વજોએ એમનીજ પૂર્વપરંપરાને ગુરૂ તરીકે સ્વીકારી હતી.

ગુરૂ પરમદેવસૂરિ ભવ્યજનોને પ્રતિબોધ કરતા આચાર્યપદને સાર્થક કરી રહ્યા હતા. એકદા વિહાર કરતાં ગુરૂવર કચ્છ દેશમાં પધાર્યા. ત્યાં અનેક નાનાં મોટા ગામોમાં અજ્ઞ જનોને પ્રતિબોધ આપી એમને ધર્મતત્વનું સ્વરૂપ સમજાવી ધર્મ પમાડતા હતા.

જગતમાં ગૃહસ્થ મનુષ્યોનું મુખ્ય કર્તવ્ય અર્થ ઉપાર્જન કરવાનું હોય છે. એ અર્થ ઉપાર્જન કરીને એનાથીજ ગૃહસ્થ ધર્મ, અને કામ સાધી શકે છે. જો એ અર્થ સાધી શકતો નથી તો બીજું એકે કામ એનાથી સિદ્ધ થઇ શકતું નથી. માટે ગૃહસ્થો સંસારમાં જેમ અર્થપ્રધાન હોય છે ત્યારે પંચમહાવ્રતને પાલન કરવાને ત્યાગી પુરૂષોને ધર્મપ્રધાન હોય છે; કેમકે અર્થ અને કામ એ બંને વસ્તુઓ એમણે તજેલી હોવાથી રાતદિવસ ધર્મમાંજ રક્ત–પ્રીતિવાળા રહીને મોક્ષ પ્રાપ્ત કરવાને તે ઉત્સુક રહે છે. પરમદેવસૂરિ પણ મુકિતરમણીની વરમાળ ગ્રહણ કરવાને ઉત્સુક હોવાથી દાન, શીલ તપ અને ભાવ એ ચતુર્વિધ ધર્મ સાધન કરવામાં જાગૃત હોયજ.

J. ૧૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કચ્છ દેશની રમણીય ભૂમિને પાવન કરતા પરમદેવસૂરિ ભદ્રેસરનગરીમાં પધાર્યા. જગડુશાહને પોતાના ગુરૂના આગમનની ખબર પડતાં એમણે મોટા આડંબરથી ગુરૂનો પ્રવેશ મહોત્સવ કર્યો. એ પ્રવેશમહોત્સવમાં જૈનજનતા તો શું બલ્કે નગરીનાં દરેક વર્ગના નરનારીઓએ એમાં ભાગ લઇ પોતાનો આનંદ વ્યકત કર્યો. દરેક લોકો એ પરમદેવસૂરિનાં ચારિત્રનાં, વૈરાગ્ય ભાવનાનાં મુકત કંઠે વખાણ કરવા લાગ્યા. જગડુશાહે પોતાના વિશાલ મકાનની નજીકના ઉપાશ્રયમાં ગુરૂની ધામધુમથી પધરામણી કરી. શાસ્ત્રમાં પારંગત થયેલા ગુરૂએ પોતાની ઉપદેશધારા વર્ષાવી સ્વવિદ્વતાથી સર્વેને આશ્ચર્ય ચકિત કર્યા. એમના એ વૈરાગ્યમય ઉપદેશથી ઘણા લોકો ધર્મ પામ્યા અને વ્રત પચ્ચખ્ખાણ ગ્રહણ કર્યાં.

જગડુશાહે ગુરૂને સમકિતનું સ્વરૂપ પૃછયું. "ભગવન ? સમકિત એટલે શું અને તેની પ્રાપ્તિથી શો લાભ થાય છે ?

જગડુશ્રેષ્ટીના પ્રશ્નના ઉત્તરમાં પરમદેવસૂરિએ સભા સમક્ષ સમકિતનું વર્ણન કરવાનું શરૂ કર્યું " શાસ્ત્રમાં સમકિતને માટે એક ગાથા આપી છે કે–

**"दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणम्**
**सिज्झंति चरणरहिश्रा, दंसण रहिश्रा न सिज्झंति" ॥ १ ॥**

ભાવાર્થ—દર્શન એટલે સમકિત, સમકિતથી ભ્રષ્ટ થયેલા જીવોજ આ સંસારરૂપી સાગરમાં ડુબેલા છે. કેમકે જ્યાં

સુધી સમકિત આત્માને-જીવને પ્રાપ્ત થતું નથી ત્યાંસુધી જીવ કર્મોથી મુક્ત થઇને મોક્ષ લક્ષ્મીને મેળવતો નથી. ચારિત્રથી ભ્રષ્ટ થયેલા પ્રાણીઓ જો સમકિત હશે તો કાળાંતરે સમક્તિના પ્રભાવે મોક્ષને પામશે પણ સમકિતથી ભ્રષ્ટ થયેલાઓને તો ક્યારેપણ મોક્ષ નથીજ."

અનાદિકાલથી આ જીવ સંસારમાં સમકિત વગર પરિભ્રમણ કરી રહ્યો છે. જો કે જીવ તત્વ અનાદિ અને અરૂપી છે, છતાં દરેક જીવોનું ઉત્પત્તિ સ્થાન નિગોદ છે. આ શાશ્વત ચૌદ રાજલોકમાં અસંખ્યાતા નિગોદના ગોળાઓ રહેલા છે. એ એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે અને એક એક નિગોદમાં અનંતા જીવ છે અનંતા એટલે કોઇ કાળે એનો અંત આવી શકેજ નહી. આજસુધીમાં અનંતોકાલ ગયો છતાં હજી એક નિગોદપણ ખાલી થઇ નથી વલી સંસારની ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતા જીવો પણ સરવાળે સરખાજ રહે છે કર્મોનો ક્ષય કરીને સંસારમાંથી જેટલા જીવો મુકિતમાં જાય છે એટલા જીવો નિગોદમાંથી બહાર આવે છે એવી રીતે સંસારમાં સરેરાશે જીવો સરખાજ રહે છે.

નિગોદના જીવોપણ બે પ્રકારે જીનેશ્વરે કહેલા છે. એક વ્યવહાર રાશિવાળા અને બીજા અવ્યવહાર રાશિવાળા; વ્યવહારરાશિવાળા એટલે નિગોદમાંથી બહાર નિકળેલો જીવ સંસારની ચોરાશી લાખ યોનિમાં ભમીને પાછો ફરીને તથા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકારની ભવિતવ્યતાએ કરી–કર્મ કરીને નિગોદમાં ગયો હોય તે જીવ વ્યવહારરાશિવાળો કહેવાય. બીજા અવ્યવહાર રાશિવાળા જીવો કે જે અનંતો કાલ ભૂતકાલમાં વહી ગયો છતાં હજી નિગોદમાંથી બહાર નિકલવા પામ્યા નથી. અનંતકાલથી નિગોદમાંજ એ જીવો તથા પ્રકારની ભવિતવ્યતાથી જન્મ મરણ કરે છે. નિગોદના જીવો અવ્યકતપણે જન્મ મરણ કર્યાજ કરે છે એમનો ભવ ઘણોજ સુક્ષ્મ હોય છે. જે ક્ષુલ્લક ભવને નામે શાસ્ત્રમાં ઓળખાય છે. એક શ્વાસોશ્વાસમાં નિગોદના જીવો સત્તર ભવ ઝાઝેરા કરે છે. કેટલાક નિગોદીયા જીવો તો એવા છે કે ભવિષ્યમાં અનંતો ભવિષ્ય કાલ જશે તોપણ નિગોદમાંથી બહાર નિકલવા પામશે નહી. જ્યારે કોઇ પ્રશ્ન કરે કે મોક્ષમાં કેટલા જીવો ગયા. ત્યારે એના જવાબમાં એજ કહેવાનું કે એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો, શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

"जइ आई होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइआ
इक्कस्स निगोयस्स, अणंत भागोय मुख्खगयो " ॥ १ ॥

ભાવાર્થ—" જ્યારે જ્યારે જીનેશ્વરને કોઈ પૂછશે કે મુક્તિમાં જીવો કેટલા ? ત્યારે ત્યારે તેમને એજ ઉત્તર મલશે કે એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે. "

જીવ–આત્મા જો કે અજર અને અમર છે છતાંપણ કષાયોથી પીડા પામીને એના તાપ સહન કરતો સંસારમાં અનેક પ્રકારનાં જન્મ મરણ પ્રાપ્ત કરે છે જ્યાંસુધી જીવ સમકિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાપ્ત કરતો નથી ત્યાં લગી એ બહિરભાવમાંજ–પુદ્‌ગલીક સુખમાંજ રાચ્યો માચ્યો રહે છે એ પુદ્‌ગલીક સુખમાં રક્ત–પ્રીતિવાળો થઈ કુટુંબ આદિને કારણે અનેક પ્રકારનાં કર્મ બંધનો કરે છે અને એનાં ફલ પરવશપણે ભોગવે છે. પુદ્‌ગલીક સુખનો લાલચુ જીવ એ સુખને આધિન થઇને સ્ત્રી પુત્ર આદિકમાં લપટાઈ જાય છે કે જે વસ્તુઓ એની પોતાની નથી. એક દિવસ એ બધી વસ્તુઓને છોડીને જવાનો છે. લક્ષ્મી, રાજ્ય સત્તા, વૈભવ કે ઠકુરાઇ એ બાહ્ય વસ્તુઓના સૌંદર્યમાં પ્રતિબદ્ધ થઇ પારકી વસ્તુઓ પોતાની માની એનેજ સર્વસ્વ માની બેઠો છે. અને જે પોતાની વસ્તુઓ છે એને ભૂલી ગયો છે. આવા અજ્ઞાનરૂપ મિથાત્વને પરવશ થઇને પોતે પોતાને પણ ભૂલી ગયો છે. અને આ અનિત્ય શરીર તેને હું માની બેઠો છે. પણ એ આત્મા સમજતો નથી કે હું એ કાંઇ શરીર નથી પણ શરીરથી ભિન્ન એ કોઈ નિરાળીજ વસ્તુ છે. આ ક્ષણભંગુર શરીર તો પરવસ્તુ છે. જ્યાંસુધી એવું મિથ્યા જ્ઞાન–મિથાત્વ આત્માને વળગેલું છે ત્યાં લગી એ બાહ્ય દૃષ્ટિ એની ટળવાની નથી. આત્મા જેમ અનાદિ કાળથી સંસારમાં રખડે છે તેમ આવું મિથ્યત્વિ પણ એને અનાદિ કાળથી જ લાગેલું છે. એ મિથ્યાત્વ પાંચ ભેદે શાસ્ત્રમાં કહ્યું છે. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨, અનભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિનિવેશિક મિથ્યાત્વ, ૪ સાંશયિક મિથ્યાત્વ, અને ૫, અનાભોગિક મિથ્યાત્વ.

આ મિથ્યા જ્ઞાનથી અંધ થયેલા જીવો કષાયોને વશ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઇ અનેક પ્રકારનાં ગાઢ કર્મો-પાપો કરીને ઘોરતમ નરક પૃથ્વીમાં ચાલ્યા જાય છે. સમાકત અને મિથ્યાત્વ પરસ્પર વિરોધી સ્વભાવવાળાં છે. જેથી બન્ને એક સ્થાનકે રહી શકતાં નથી. એ પાંચે પ્રકારનાં મિથ્યાત્વનો સમજણ પૂર્વક ત્યાગ થાય ત્યારેજ આત્મા યથાપ્રવૃત્તિકરણ કરીને અપૂર્વકરણ કરી સમકિતની સન્મુખ આવી શકે.

૧ અભિગ્રહિક મિથ્યાત્વ—મનુષ્ય વિદ્વાન હોય, સમાજમાં માન્ય હોય-નેતા હોય કે પ્રતિષ્ઠિત પુરૂષ હોય છતાં પોતાની લીધેલી હઠ છોડે નહી. પોતાનો કદાગ્રહ સાબીત કરવાને અનેક પ્રકારની કુયુક્તિઓ ઉભી કરતાં પણ ડરે નહી. હાલર નામના પક્ષીને બચપણમાં એની માતા જ્યારે એને ઉડતાં શીખવે ત્યારે બે પગ વચ્ચે લાકડાની કટકી રખાવે છે કે તેનાથી ઝટ ઉડી શકાય. ઉડતાં શિખ્યા પછી એ લાકડાની કટકી છોડી દેવી જોઇએ. પરન્તુ એ પક્ષી ઉડતાં શીખ્યા પછી પણ એ કટકી છોડે નહી. એના મનમાં એવો ભ્રમ પડી જાય છે કે એ લાકડાની કટકીની મદદથીજ તે પોતે ઉડી શકે છે. એવી ખોટી શંકાની મનમાં ગાંઠ પડી જવાથી મરણ પર્યંત એ ઉપાધિ ગ્રહણ કરી રાખે છે. અથવા તો એક મનુષ્યને સોનાનું કડું પહેરવાનું મન થયું. એટલે સુવર્ણ ખરીદ કરીને સોનીને કડું તૈયાર કરવા આપ્યું. કડું તૈયાર થતાં સોનીએ તે મનુષ્યને બજારમાં સોનાની કસોટી કરાવવા મોકલ્યો અને કહ્યું કે તમારે મારૂં નામ લેવું નહી. અને આ સોનાની પરીક્ષા કરાવવી. કેમકે આ બધા લોકો

મારા દુશ્મન હોવાથી તમે મારૂં નામ લેશો તો સોનાને બદલે પિત્તળ કહેશે. પેલા માણસે બજારમાં જઇને તપાસ કરાવી તો સોનું શ્રીકાર માલુમ પડયું. જેથી એ મનુષ્યને સોની ઉપર વિશ્વાસ બેઠો. પછી સોની પાસે આવીને તે કડાં પાછાં આપ્યાં. સોનીએ કડાં ધોવા સમયે ધોતાં ધોતાં એના જેવાંજ પિત્તળનાં કડાં તૈયાર કરેલાં તે ગોઠવી દીધાં.

એ બદલેલાં કડાં આપીને તે મનુષ્યને બજારમાં મોકલ્યો અને કહ્યું કે હવે મારૂં નામ લઇને આની પરીક્ષા કરાવજો. એ બધા મારા દુશ્મન છે કે નહી એની તમને ઝટ ખાતરી થશે. તે માણસ પણ બજારમાં જઇ પેલા સોનીનું નામ દઇને એ કડાંની પરીક્ષા કરાવી. ત્યારે ગામના શરાફો કહેવા લાગ્યા કે આ કડાં તો પિત્તળનાં છે. તું પ્રથમ લાવ્યો હતો તે આ નથી. અરે મૂર્ખ ? તું ઠગાઈ ગયો. એ લોકોનું સાચું વચન સાંભળીને તે મનુષ્ય બોલ્યો કે તમે બધા સત્યવાદી છો તે હું જાણું છું. બિચારા સોનીનો નાહક દ્વેષ કરો છો તે મેં આજેજ જાણ્યું. એવી રીતે મનમાં જે ખોટું શલ્ય ઠસી ગયેલું હોય તે કોઈ રીતે નિકળે નહી.

૨, અનભિગ્રહિક મિથ્યાત્વ—જોકે આ મિથ્યાત્વમાં એટલો બધો કદાગ્રહ તો નથી છતાં આપણા આત્માના ગુણને મલિન તો અવશ્ય કરે છે. સુદેવ, કુદેવ, સુગુરૂ અને કુગુરૂ, સુધર્મ અને કુધર્મ એ બધાંને એક સરખા માને ! શત્રુ અને મિત્ર ને સરખા માનવા, સર્પ અને ફુલની માળાને એક સમાન જાણવી, ચંદ્ર અને સૂર્ય, સ્વર્ગ અને નર્ક, સિદ્ધ અને

સંસારી, વિષ અને અમૃત, ચિંતામણિ રત્ન અને પાષાણુનો ટુકડો, દિવસ અને રાત્રી એ બધાંને એક સરખાં માને એના જેવો બીજો વધારે મિથ્યાત્વી કોણ હોય. એ તો મહાનિવિડ ગાઢ મિથ્યાત્વ કહેવાય.

૩. અભિનિવેશિક મિથ્યાત્વ-ઉપયોગ રહીત પણે ભૂલથી ઉપદેશ કે વ્યાખ્યાન સમયે સભાસમક્ષ જીન વચનથી વિરૂદ્ધ બોલાઇ જવાય, એ વચન સર્વથા અસત્ય છે એવું પોતે જાણુતા છતાં પણુ એને સાચું ઠરાવવા અનેક કાવાદાવા કરે, પણુ હઠવાદ મૂકે નહી. જો ભૂલ કબુલ કરે તો પોતાની પ્રતિષ્ઠામાં હાની થાય એવી બીક લાગે. આવી ઉત્સૂત્ર પ્રરૂપણાથી જીવને અનંતો સંસાર જન્મ-મરણુ કરવાં પડે.

૪ સાંશયિક મિથ્યાત્વ--જીનેશ્વરના વચનોમાં શંકાદિક કરે, પોતાની અલ્પ બુદ્ધિથી ન સમજાય એવી સુક્ષ્મ વાત હોય ત્યાં કુકલ્પના કરી પોતાનું ડહાપણુ ચલાવે, નિગોદ આદિ સુક્ષ્મ તત્વો પોતાની બુદ્ધિથી ન સમજાય તો એમાં શંકા કરે એ શું સત્ય વાત હશે ? અથવા તો અન્ય ધર્મમાં ચમત્કાર મંત્ર પ્રમુખ દેખી એ ધર્મ સારો છે એમ સમજી એની અભિલાષા કરે.

૫ અનાભોગિક મિથ્યાત્વ-સમુર્છિમના પેઠે એકબીજાની દેખાદેખીએ શૂન્યમને કાંઇ પણુ ક્રિયા કરે. પણુ વસ્તુ તત્વનો પરમાર્થ સમજે નહીં.

આ પાંચે મિથ્યાત્વથી જીવ અનાદિ કાળ સંસારમાં

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિભ્રમણ કરી રહ્યો છે ચારગતિ અને ચોરાશીલાખ જીવાયોનિમાં ગર્ભાવાસનાં, જન્મ મરણનાં, રોગ, શોક, સંતાપ, આધિ, વ્યાધિ, અને ઉપાધિથી પીડા પામતો અનંતા દુ:ખ સહન કરી રહ્યો છે. અનિષ્ટને સંયોગ ને ઇષ્ટને વિજોગ થાય એથી જીવ અનેક પ્રકારનાં અજ્ઞાનતાને લીધે આર્ત્તરૌદ્ર ધ્યાન કરે અને એથી અનેક પ્રકારના નિકાચિત–ગાઢ કર્મ બંધન કરીને બ્રહ્મદત્ત અને સુભૂમની પેઠે દુર્ગતીએ એ જીવો ચાલ્યા જાય છે, કષાયો એ મિથ્યાત્વના સહાયકારી છે. કષાયોમાં એક એક કષાય પણ જ્યારે જીવને દુર્ગતિમાં લઇ જાય છે તો પછી એક સામટા બધા કષાયો–પાપસ્થાનકો એકસ્થાનકે ભેગા થાય તો એ જીવની અધોગતિ થવામાં કાંઇ બાકી રહે ખરી કે ?

મિથ્યાત્વની પ્રબળતાએ એ તીવ્ર કષાયો અનંતાનુંબંધીયા હોય તો જીવને અવશ્ય નરક ગતિમાંજ લઈ જાય છે. એમ ક્રોધને વશે કરીને હિંસક પ્રાણીઓ સિંહ, વાઘ, સમળી, સર્પ, બિલાડી, ઘરોળી પ્રમુખ માંસ ભક્ષી જીવો જન્મપર્યંત જીવહિંસા કરીને મરણ પછી નરકનાંજ મેમાન થાય છે. માનને વશ પડીને રાવણ અને દુર્યોધન જેવા સમર્થ મનુષ્યો પણ આ લોકમાં અંત સમયે દુ:ખ પામીને દુર્ગતિના મેમાન થયા અને અનંતાનુબંધીના લોભપાપના ઉદયથી આઠમા સુભૂમ ચક્રવર્તીને છ ખંડની સમૃદ્ધિથી પણ સંતોષ ન થયો કે જેથી ધાતકીખંડના ભરતક્ષેત્રના બીજા છ ખંડસાધવાને ચાલ્યો તો લવણ સમુદ્રમાં સકળ સૈન્ય પરિવાર સહિત ગરક થઇ ગયો–સાતમી નરક પૃથ્વીનો અતિથિ થયો. માયા–કપટ કરવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મલ્લીનાથ સ્ત્રીપણે ઉત્પન્ન થયા, માયા કરવાથી મનુષ્યો ભવાંતરમાં તિર્યંચગતિમાં ચાલ્યા જાય છે અથવા તો સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે. કારણકે દેવતાઓમાં લોભ અધિક હોય છે, મનુષ્યોમાં માન અધિક જોવાય છે, તિર્યંચમાં માયા–કપટ વધારે હોય છે ને નારકીમાં ક્રોધ વધારે હોય છે. એવી રીતે એક કષાય પણ પ્રાણીની કેવી અધોગતિ કરે છે. અરે સ્ત્રી પુત્ર અને ધનમાં મૂર્ચ્છિત થયેલો મોહથી મુંઝાઇ ગયેલો પ્રાણી એની આસક્તિને પરિણામે ગાઢ મોહના બંધનથી એકેંદ્રિયમાં ચાલ્યો જાય છે સ્ત્રીમાં આસકત થયેલો પ્રાણી એનીજ યોનિમાં ઉત્પન્ન થાય છે. એવી રીતે મિથ્યા જ્ઞાનથી અંધ બનીને જીવ સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારની યોનિમાં ઉત્પન્ન થઇ દુઃખ ભોગવે છે એ બધો પ્રભાવ એક મિથ્યાત્વનો !

# પ્રકરણ ૨૦ મું.

## સમકિત શું કરે ?

" अन्तो मुहुत्त मित्तं पि, फासिअं हुज्ज जेहि समत्तं ॥
तेसिं अवड्ढ पुग्गल, परिअट्टो चेव संसारो " ॥ १ ॥

ભાવાર્થ—સમકિત એક એવી અણમોલ વસ્તુ છે કે તે સમકિત અંતર્મુહૂર્ત્ત માત્ર ( બે ઘડીની અંદરનો સમય ) પણ આવીને ચાલ્યું ગયું હોય તો તે જીવો અર્ધ પુદ્ગલ પરાવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ર્તન કાલમાં નિશ્ચય મોક્ષ પામે છે. ઘણા ભારે કર્મી જીવને આશ્રયીને આટલો કાલતો સમજવો, બાકી તો શુદ્ધ સમકિતી તો કોઇક તેજ ભવે, કોઇ ત્રીજે ભવે, કોઇ સાતમે ભવે, અને કોઇ આઠમે ભવે પણ મોક્ષ પામે છે.

"અત્યાર લગી તો આપણે સમકિતના સ્વરૂપની વ્યાખ્યા કરતાં મિથ્યાત્વનું વર્ણન કર્યું. પણ હવે સમકિત શું વસ્તુ છે અને એનાથી શું લાભ તે જણાવવાનું રહ્યું."

"ભગવન્! સમકિત કેટલા પ્રકારનું હોય?" જગડુશાહે પૃછયું.

એના ઉત્તરમાં સૂરિજી બોલ્યા. "જગડુશાહ! સમકિત સામાન્ય રીતે બે પ્રકારનું હોય."

"અને તે બે પ્રકાર?" વચમાં એક ઉતાવળો બોલી ઉઠયો.

"એક વ્યવહાર સમકિત અને બીજું નિશ્ચય સમકિત એમ સમકિત બે પ્રકારનું શાસ્ત્રમાં કહ્યું છે." સૂરિજીએ કહ્યું.

"વ્યવહાર સમકિત તે શું?"

"શુદ્ધ દેવ જગતમાં કોણ છે! એનું સ્વરૂપ ઓળખવું. સંસારમાં અનેક પ્રકારના દેવો વિદ્યમાન છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર, જીન આદિ દેવોમાં સૌથી શ્રેષ્ઠ અને ગુણવાન દેવ કોણ છે. એનું સ્વરૂપ પોતાની વિવેક બુદ્ધિથી વિચારવું. આપણે જેને દેવ તરીકે અંગીકાર કરીયે એ દેવ એવા હોવા જોઇએ કે કંચન અને કામીનીના ત્યાગી, રાગદ્વેષ રહિત,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કષાયાદિ અઢારે પાપસ્થાનકોનો જેમણે નાશ કર્યો છે એવા વીતરાગ, શાંતમૂર્તિ, શત્રુ–મિત્રમાં સમચિતવાળા, સર્વગુણ સંપન્ન, અનંત શકિતના ધણી છતાં ક્ષમાના ભંડાર. ત્રણે કાલનું સ્વરૂપ જાણવા છતાં ગુણે કરીને ગંભિર, જન્મ જરા અને મરણ જેમણે નાશ કર્યા છે એવા અલૌકિક દેવ તેજ દેવ તરીકે અંગીકાર કરવા જોઇએ.

શુદ્ધ ગુરૂ એજ કહેવાય કે જેઓ વીતરાગને પંથે પડેલા હોય, સંસારરૂપ સમુદ્ર તરવાના ઉત્સુક અને તીર્થંકરના પ્રરૂપેલા માર્ગે ચાલનારા, પંચમહાવ્રતના પાલનારા હોય. અન્ય ભાવિક જનોને પણ તીર્થંકરનો શુદ્ધ માર્ગ સમજાવી ધર્મના સત્યમાર્ગે દોરી જનારા હોય, ક્રોધાદિક કષાયોને જીતવાના અભ્યાસી શાંત દાંત અને ક્ષમાદિ ગુણના ભંડાર હોય, એવા શુદ્ધ ગુરૂઓ તીર્થંકરના માર્ગે ચાલીને પોતે પણ સંસારથી તરે છે અને બીજાને પણ શુદ્ધ ઉપદેશ આપીને તારે છે. એવા ગુરૂઓનેજ સદ્‌ગુરૂ કહી શકાય.

શુદ્ધ ધર્મ તીર્થંકર દેવે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એ બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે. જે જીવો લઘુકર્મી હોય, મોક્ષ માર્ગના અભિલાષી હોય, જીતેંદ્રિય હોય, સંસારનાં કોઈપણ આકર્ષક બંધનો એમને અસર ન કરી શકતા હોય એવા મુમુક્ષુ જીવો સાધુ ધર્મનું આરાધન કરી તીર્થંકર દેવે પ્રરૂપેલા માર્ગને અનુસરી શીઘ્ર મોક્ષે જતા રહે છે, જે જીવો સાધુ ધર્મ પાલવાને અશકત હોય, બહુલકર્મી હોય, સંસારની વિષય વાસનાઓના બંધનથી બંધાયેલ હોય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓ શ્રાવક ધર્મ સહેલાઈથી પાળી શકે છે. શ્રાવકો પણ ઉત્તમ મધ્યમ, અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારે હોય છે. બારવ્રતધારી, દેવગુરૂ અને ધર્મની ભક્તિ કરનાર, એમને માટે પોતાની જીંદગી કુરબાન કરનાર એવા ચુસ્ત શ્રાવકો જીર્ણશેઠની માફક બારમા દેવલોક સુધી જઇ શકે છે. બારવ્રતધારી ચેટક મહારાજાના જેવા રાજ્ય વ્યવસાયી શ્રાવકો પણ યુદ્ધોના પ્રસંગો સાચવવા છતાં આઠમા દેવલોક સુધી પહોંચી ગયા છે.

મધ્યમ શ્રાવકો બારવ્રતથી ઓછાં વ્રત છેવટે એકાદ વ્રત પણ પાળી દેવગુરૂ ધર્મની ચુસ્તપણે ભક્તિ કરનારા હોય છે. અને સંસાર વ્યવહારમાં પ્રીતિવાળા પણ હોય છે; છતાં ધર્મના પ્રેમી હોઇ યથાશક્તિ વ્રત પચ્ચખ્ખાણ કરનાર હોય છે અને મધ્યમ શ્રાવકો પાંચમે ગુણસ્થાનકે હોય.

તેથી ઉતરતી પંક્તિના શ્રાવક વ્રત વગરના અવિરતિ સમ્યક્દૃષ્ટિ કહેવાય એ દેવગુરૂ અને ધર્મની ભક્તિ કરવામાં શ્રેણિક મહારાજની માફક દૃઢ આસ્થાવાળા હોય, તીર્થંકરની ભક્તિથી ક્ષાયિક સમકિત જેવું ઉત્કૃષ્ટ સમકિત પામે છતાં બહુલકર્મી હોવાથી અને પૂર્વના કોઇ અંતરાયથી વ્રત થઇ શકે નહી. એક પણ નજીવું વ્રત પાળવાને પણ એ અશક્ત હોય. આ શ્રાવક ચોથેગુણસ્થાનકે હોય.

એવી રીતે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એ બે ભેદે ધર્મ સમજવો તે સિવાય ધર્મના ચાર ભેદ પણ શાસ્ત્રમાં બતાવ્યા છે." પરમદેવસૂરિ બોલ્યા.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

"ધર્મના ચાર પ્રકાર કેવી રીતે ?" એક જણે પુછયું.

ગુરૂદેવ બોલ્યા. "દાન, શીયળ, તપ, અને ભાવ એ ચાર પ્રકારમાંથી એક પ્રકારનું આરાધન કરનારનાં પણ કામ થઇ ગયાં છે."

"કોનાં કોનાં કામ થયાં અને કયા ધર્મનું આરાધન કરવાથી મહારાજ ?" જગડુશાહ બોલ્યા.

"દાન–અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન એ પાંચ પ્રકારે છે. એમાં છેલ્લા ત્રણ પ્રકારે કરેલું દાન સંસારની સમૃદ્ધિ આપનારૂં છે ત્યારે પહેલું અને બીજું એ મોક્ષને દેનારૂં ઉત્તમદાન કહેવાય એમ શાસ્ત્રમાં કહેલું છે."

"એ દાન કોના મોક્ષને માટે થયું ? અને તે કેટલા ભવમાં મોક્ષને આપનારૂં થાય વારૂ ?"

"જુઓ સુપ્રસિદ્ધ શાલિભદ્ર. પૂર્વભવે એ એક ગોવાળીયાનો જીવ હતો, ભાવથી માસોપવાસી સાધુને ક્ષીરનું દાન આપવાથી શાલિભદ્રની સમૃદ્ધિ પામ્યા, એટલી સમૃદ્ધિ છતાં સમય આવતાં એ ઋદ્ધિ છોડીને મહાવીર સ્વામી પાસે એમણે વ્રત ગ્રહણ કર્યું સર્વાર્થ સિદ્ધ વિમાને ગયા. ત્યાંથી મનુષ્ય ભવપામી મોક્ષે જશે. એમનાજ બનેવી ધનોશેઠ ! એમને પણ પૂર્વભવના સુપાત્ર દાનથીજ સમૃદ્ધિ મળી હતી તે પણ શાલીભદ્રની માફક એકાવતારી થઇ મોક્ષે જશે. પ્રથમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તીર્થંકર શ્રી ઋષભદેવના જીવ ધનાસાર્થવાહે પૂર્વભવમાં સાધુ-ઓને ઘૃતનું દાન કરવાથી મોક્ષનું આમંત્રણ કર્યું. એવા તો કેટલાય દાખલા ઇતિહાસમાંથી સુપાત્ર દાન વિષે તપાસ કરતાં મલી આવે. એ તો સુપાત્ર દાનની વાત કહી પણ અભયદાન પણ એવુંજ મુક્તિવધુની વરમાળ આકર્ષવામાં આગળ પડતું છે, મેઘરથ રાજાએ એક પારેવાની પોતાના જીવના ભોગે રક્ષા કરી તો ચક્રવર્ત્તી અને તીર્થંકર થઈ મોક્ષે ગયા. બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ રાજેમતિને પરણવા જતાં માર્ગમાં એમના લગ્ન પછી ગૌરવ કરવાને પશુઓને ભેગાં કરેલાં, એમનો આર્ત્તનાદ–કરૂણ પોકાર સાંભળીને રાજેમતિને છોડી દીધી ને રથ તરતજ પાછો ફેરવ્યો. દીક્ષા ગ્રહણ કરી શિવરમણીના વલ્લભ થયા. ધર્મરૂચિ અણગાર–સાધુને કોઇએ કડવા તુંબડાનું શાક વહોરાવેલું, તે ગુરૂની આજ્ઞાથી પરઠવવા જતાં કીડીઓ ઉપર કરૂણા કરીને પોતેજ માસખમણને પારણે એનો આહાર કરી ગયા. નમન હો એવા શ્રેષ્ઠ મુનિવરોને ?

એ કડવા તુંબડાના શાકનો આહાર કરીને સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મનુષ્ય થઇને મોક્ષે જશે એવા ઘણાંય દ્રષ્ટાંત ઇતિહાસને પાને સુવર્ણ અક્ષરે લખાયેલાં છે.

એવોજ શીયલનો મહિમા–શીયલના પ્રભાવથી સુદર્શન શ્રેષ્ઠીને શુળીનું સિંહાસન થઈ ગયું, એજ શીયલના મહાત્મ્યથી દ્રૌપદીનાં ભરી સભામાં ૧૦૮ એક પછી એક નવા વસ્ત્રો પ્રગટ થયાં. કલાવતીના કપાઈ ગયેલા હાથ નવા પ્રગટ થયા. મહાસતી સીતાજીની શીયલની ખાતરી કરવાને રામચંદ્રજીએ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

એમણે કંઇક દિવ્ય કરી બતાવવાની આજ્ઞા કરી ત્યારે ધગધગતી અગ્નિની જ્વાળાઓ પણ એમના શીયલના પ્રભાવથી શીતલ થઇ ગઇ. સતી સુભદ્રાએ કાચે તાંતણે ચાલણી બાંધીને કુવામાંથી જળ કાઢી ચંપાનગરીના દરવાજા ઉઘાડ્યા. એ એના શીયલનોજ પ્રભાવ હતો. એવી રીતે શીયલનો પ્રભાવ તો આ લોકમાં પણ જાગતો છે ને ભવાંતરમાં પણ આત્માના સુખને માટે થાય છે, ધન્ય છે એવાં શીયલવંતાં નર નારીઓને ?

તપનો મહિમા તો પ્રગટજ છે એને માટે કાંઇ વિશેષ વર્ણન કરવાનું ન હોય, કેમકે મયુરનાં ઈંડાં કાંઇ ચીતરવાં પડતાં નથી. તપ એ ગમે તેવા કિલષ્ટ કર્મને પણ નાશ કરનારૂં છે. ખુદ મહાવીર ભગવંતે લગભગ સાડાબાર વર્ષ પર્યંત કિલષ્ટ તપસ્યા કરીને કઠીણ કર્મોનો નાશ કરેલો છે અરે ઢંઢણ રૂષિએ ષટ્ માસીતપને પારણે કેવળજ્ઞાન મેળવ્યું, ધમ્મિલકુમારે ષટ્માસ પર્યંત તીવ્ર તપસ્યા કરીને પોતાનું ઇચ્છિત મેળવ્યું. સંસારનું કોઈ પણ અસાધ્ય કાર્ય તપથીજ સિદ્ધ થઈ શકે છે. મનુષ્ય ગમે તેવો દુઃખી હોય, દુર્ભાગી હોય પણ ષટ્માસ જો આંયબિલનું તપ કરે, તો આ લોકમાં પણ પ્રગટપણે ધમ્મિલની માફક સુખ પ્રાપ્ત કરે, એ તપથી દેવતાઓ પણ આધિન થાય છે. ચક્રવર્તી જેવાઓને પણ દેવતાઓનું આકર્ષણ કરવા સમયે અઠ્ઠમતપ કરવું પડે છે કૃષ્ણ વાસુદેવે અઠ્ઠમ તપના પ્રભાવથી શ્રી સંખેશ્વરપાર્શ્વનાથની પ્રતિમા પાતાલમાંથી મેળવીનેજરા રાક્ષસીનો નાશ કર્યો. માટે તપ તો ગમે તેવા અસાધ્યને પણ સાધ્ય કરે છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવ—ભાવનાતો ભવનો—સંસારનો નાશ કરે છે કહ્યું છે કે ' ભાવના ભવ નાશિની ' એ કાંઇ ખોટું તો નજ હોય પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજને આરિસા ભુવનમાં ફક્ત ભાવના ભાવતાંજ કેવલજ્ઞાન મળ્યું એટલુંજ નહી પણ તેમની પાટે થયેલા આઠ રાજાઓ પણ એવીજ રીતે ભાવના ભાવતાં કેવળ જ્ઞાન મેળવીને મોક્ષે ગયા. નાટકણીઓના સ્નેહમાં ફસાયેલા આષાઢાભૂતિએ ભરતચક્રીનું નાટક કરવા જતાં છેવટે આરિસા ભુવનમાં આવતાં શુદ્ધ ભાવનાથીજ તરત કેવળજ્ઞાન મેળવ્યું. અરે અત્યારે પણ મનમાં એક એવા શુદ્ધ ભાવ ક્ષણમાત્ર પણ આવે તો તે ભાવ અનેક કાળનાં સંચિત કર્મોનો નાશ કરીને આત્માને લઘુકર્મી કરે છે માટે ભાવ જગતમાં શ્રેષ્ઠ છે નમન હો એવી શુદ્ધ ભાવનામાં વર્ત્તતા ઉત્તમ નરનાયકોને ?

" વાહ ? શું ભગવંતે તત્વજ્ઞાનના વ્યાખ્યાઓ કરી છે ? દાન, શિયલ, તપ અને ભાવ એ એકે એક વસ્તુપણ આત્માનું કલ્યાણ કરનારી છે, તો પછી એ ચારે એકજ સ્થાનકે વર્ત્તતાં હોય એના કલ્યાણ માટે તો શંકાજ શાની હોય." દાનાદિકની પ્રશંસા કરતાં જગડુશાહ બોલ્યા.

" દેવાનુપ્રિય ? એ ચાર પ્રકારનો ધર્મ ભગવંતે કહેલો છે. એમાંની એક એક વસ્તુ પણ તમારા કથન પ્રમાણે આત્માનું કલ્યાણ કરનારી છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી રીતે શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનું તત્વ સમજીને એ ત્રણે તત્વની ભક્તિ કરે-યથા શક્તિ એની આરાધના કરે એને શાસ્ત્રો વ્યવહાર સમકિત કહે છે સમકિત જ્યાં સુધી પ્રાપ્ત થતું નથી ત્યાં લગી મુક્તિ ગમન કરનારાઓની સંખ્યામાં એ જીવની ગણના થતી નથી. એક વખત આવીને પણ ભલે પછી સમકિત જતું રહ્યું હોય તોપણ એ ભવ્ય જીવની શુકલપક્ષમાં અને મુક્તિગમન કરનારાઓમાં ગણના થાય છે. સંમકિત પ્રાપ્ત થયા પછી ગમે તેટલા ભવે જીવ મોક્ષે જઈ શકે છે. એ જીવ વધારેમાં વધારે સંસારમાં રખડે તો અર્ધ પુદ્દગલ પરાવર્ત્તન સુધી ? ”

“ અર્ધ પુદ્દગલ પરાવર્ત્તન એ શું ? મહારાજ ! ” વચમાં એક જણે પ્રશ્ન કર્યો.

“ અર્ધ પુદ્દગલ પરાવર્ત્તન એ કાળનું માપ છે દશ કોડાકોડી સાગરોપમનો અવસર્પિણીનો સમય અને દશ કોડા કોડી સાગરોપમનો ઉત્સર્પિણીનો સમય, એ બન્ને મલીને વીશ કોડાકોડી સાગરોપમનું એક કાલચક્ર કહેવાય. અને એવા અનંતા કાલચક્ર વહી જાય ત્યારે એક પુદ્દગલ પરાવર્ત્તન થાય, સમકિતવંતને વધારેમાં વધારે એવું અર્ધ પદ્દગલ પરાવર્ત્તન સંસારમાં ભમવાનું હોય. ”

“ ત્યારે નિશ્ચય સમકિત કોને કહેવાય ! ભગવન્ ? ” પ્રશ્ન પૂછાયો.

“ હા ! અત્યાર લગી તો આપણે વ્યવહાર સમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કિત ઉપર વિવેચન કર્યું હવે નિશ્ચય સમકિતની વાત કરીયે, આ નિશ્ચય સમકિત વ્યવહાર સમકિત પાલતાં પ્રાપ્ત થઇ શકે છે. વ્યવહાર સમકિતમાં જેમ જેમ શુદ્ધ ભાવે તીર્થંકર ભગવંતની ભકિત કરતાં એમની ઓળખાણ, એમનું સ્વરૂપ સમજાતું જાય છે એમ એ પ્રભાવિક, વીતરાગી પ્રભુની આપણા જીવન ઉપર જાદુઇ અસર થાય છે. એ જાદુઈ અસર થતાં આપણો આત્માપણ બહિરાત્મપણું તજીને અંતર આત્માને પીછાણતાં શીખે છે. અંતરદૃષ્ટિ જાગૃત થતાં પોતાનો આત્મા કોણ છે ? ને આ બધું આળપંપાળ અનાદિકાલથી મને હેરાન કરી રહ્યું છે એ કોણ ? આત્મા અને પુદ્‌ગલીક ધર્મોની એવી રીતે ભિન્નતા સમજાતાં આત્મતત્વને ઓળખી જતાં પોતે કોણ છે ! કયાંથી આવ્યો છે ! કયાં જવાનો છે ! અરે પોતે એક કાળે નિગોદમાં હતો આજે સંસારમાં રખડે છે. એનું સત્યસ્થાનક અજર અમર એવું મોક્ષ છે એ સમજી જાય છે. અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ પોતાના ગુણો સમજાતાં એને પ્રગટ કરવાના કાર્યમાં હમેશ સાવધાન રહે છે પછી એ સમજે છે કે હું પણ આત્મશકિત ફોરવી મોક્ષે જઇ શકું છું. તીર્થંકરપદ પ્રાપ્ત કરી શકું છું. શુદ્ધદેવ બની શકું છું. એવી રીતે અજ્ઞાન પડલ દૂર થતાં જ્યારે પોતાના આત્માની ઓળખ થાય છે ત્યારે એને નિશ્ચય સમકિત પ્રાપ્ત થાય છે. એ જીવ પોતાના આત્માને ઓળખ્યા પછી સંસારિક વિષયોમાં રકત થતો નથી. ત્યાગજ એને પ્રિય હોય છે એને બીજાના ઉપદેશની પણ અપેક્ષા રહેતી નથી અરે શુદ્ધ દેવ, ગુરૂ કે ધર્મની

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ નિશ્ચય સમકિતવંત આત્માને જરૂર પડતી નથી. એ તો સંસારને ત્યાગી રાત દિવસ પોતાના આત્મ ધ્યાનમાં જ મસ્ત રહે છે. સંસારની કોઇપણ સ્ત્રી પુત્ર કે લક્ષ્મી વીગેરે ઉપાધિયો–ખટપટો એમને ગમતી નથી. માન, આબરૂ કે ઇજ્જતની આત્મજ્ઞાનીઓને પરવા નથી, કીર્ત્તિની એમને ભૂખ નથી. ફક્ત મુકિતમાંજ દૃષ્ટિ રાખીને હમેશાં આત્મરમણતામાંજ મગ્ન રહે છે. સકલ કર્મોથી–અષ્ટકર્મોથી રહિત થવું એજ એનું લક્ષ્યબિંદુ હોય છે. પાપનું આકર્ષણ કરનાર અઢાર પાપ સ્થાનકોથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. એમને જીતે છે. કંચન અને કથીરમાં, રાગ અને દ્વેષમાં, શત્રુ અને મિત્રમાં, સુખમાં અને દુઃખમાં સમચિત્ત રાખવાના પ્રયત્નમાં સાવધ હોય છે. પોતાના આત્માનેજ નિશ્ચય સમકિતી દેવ સમજે છે. ગુરૂ પણ એજ અને ધર્મતત્વ ગુણતત્વો પણ એનામાંજ પ્રચ્છન્નપણે રહેલા છે. એ બધાને પ્રગટ કરી વીતરાગ થવા–તીર્થંકર પદવી પ્રાપ્ત કરવા આત્મા ભગીરથ પ્રયાસ કરે છે. આત્મતત્વમાં રાત દિવસ રમણ કરનારા અને સંસારના આશ્રવ–પાપમાર્ગથી રહિત નિશ્ચય સમકિતી કાંતો તેજ ભવમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિની માફક કૈવલ્યપદ પામે છે. અથવા તો એક બે કે એવા અલ્પ ભવમાં નિશ્ચય એ મુકિત રમણીને વરે છે. કારણ કે નિશ્ચય સમકિતવંત જીવ સંસારના બંધનમાંથી તો મુકતજ હોય. એટલે એનો આશ્રવ માર્ગ બંધ થતો હોવાથી તેમજ ફકત આત્મ રમણતામાંજ રકત હોવાથી એ જીવ કેવલ નિર્જરાજ કરે, એમ

નિર્જરા કરતાં ઘણાં કર્મોનો નાશ કરી નાંખે જેમ જેમ આત્મ ધ્યાનથી એનાં કિલષ્ટ કર્મ પડલો વીખરાતાં જાય તેમ તેમ એ આત્મા શુદ્ધ, શુદ્ધતર થતો જાય છે. એમ કરતાં સર્વથા કર્મ મુકત થતાં કેવલજ્ઞાન અને કેવલદર્શનને પામે છે.

સંસારમાં પોતાની અને પર વસ્તુનું વાતસ્વિક સ્વરૂપ આત્મજ્ઞાનીને ઓળખાયા પછી અને જડ એવા પૂદ્‌ગલીક વસ્તુનો મર્મ જાણુવા બાદ એને પૂદ્‌ગલીક સુખની કોઇપણ વાસના રહેતી નથી. એ વાસનાઓનો નાશ થયો એટલે સંસારીક સુખની એને ઇચ્છાઓ શેનીજ હોય. જ્યાં સુધી ઈચ્છાઓ હોય ત્યાં લગી ધર્મી મનુષ્યો પુણ્ય બંધ કરી એ વાસનાઓ-ઈચ્છાઓની આ ભવે નહીં તો ભવાંતરમાં પણ તૃપ્તિ મેલવે છે. પણ આત્મતત્વમાં રમણતા કરનાર તો મુકિત રમણુની વરમાળાનેજ ઉમંગી–હોંશીલો હોય છે. એ મુકિતમાં રહેલું અનંત સુખ પ્રાપ્ત કરવાને એનું મન અધિરૂં હોય.

પણ એ નિશ્ચય સમકિત વ્યવહાર સમક્તિ વગર પ્રાપ્ત ન થઇ શકે. જો વ્યવહાર સમકિત માર્ગ ઉલંઘીને એકદમ નિશ્ચય સમકિત ઉપર જાય, આત્મતત્વની વાતો કરે અને સંસારના વિષયોમાં મગ્ન રહે તો એનો તો એકે અર્થ ન સરતાં ઉલટો ઉભય ભ્રષ્ટ થાય. જ્યાં સુધી જીવ સંસારના બંધનમાં હોય, સ્ત્રી પુત્ર કુટુંબ પરિવાર અને વ્યવહારની ફાંસથી જકડાયેલ હોય ત્યાં લગી એણે વ્યવહાર સમકિત અવશ્ય પાળવું જોઇએ અને દેવ ગુરૂ તેમજ ધર્મની ભકિત કરવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોઇએ કેમકે એ વ્યવહાર સમકિતમાં એકંદરે લાભજ રહેલો છે. શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મનું આરાધન કરતાં સંસારના અનેક પ્રકારના કુટિલ વ્યવહારોથી બંધાયેલા પાપ કર્મોથી એ આત્મા મુકત થાય છે. બીજો લાભ એ કે નિરંતર તીર્થંકર દેવની ભકિત કરવાથી એમના વીતરાગપણાની પ્રભા ભકિત કરનારના ઉપર અલૌકિક અસર કરનારી થાય, એથી એના આત્મામાં પણ પરિવર્ત્તન થાય અને ત્યાગ તરફ એની પ્રીતિ વધતી જાય. સંસારમાં કદાચ બંધાયેલો હોય તોપણ અનિચ્છાએ એ બધો વ્યવહાર ચલાવ્યા કરે છતાં એનું મન તો ત્યાગ તરફ-વીતરાગ થવામાંજ લાગેલું હોય.

એવી રીતે સમકિત અનાદિ કાલથી જન્મ મરણ અને જરાના દુઃખથી પીડા પામતા આ જીવને એ દુઃખોમાંથી છોડાવીને મુકિત વધુના ઉત્સંગમાં અનંતકાળ પર્યંત ક્રીડા કરવાને ખેંચી જાય છે."

સૂરિ પરમદેવે સમક્તિનું સ્વરૂપ વિસ્તાર પૂર્વક કહી સંભળાવ્યું. સર્વે લોકો એમની વિદ્વત્તાનાં વખાણ કરતા વીખરાયા. એમની સમક્તિની પ્રરૂપણાથી ઘણા ભવ્ય જીવો પ્રતિબોધ પામ્યા. જગડુશાહ, જયંતસિંહ અને એમનું કુટુંબ પણ પોતાના ઘર તરફ રવાને થયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૧ મું.

## ભદ્રેસરનો ગઢ.

અત્યારે સમય મધ્યાન્હનો હતો, જમી પરવારીને જગડુશાહ પોતાના દિવાનખાનામાં બેઠા બેઠા પાન ચાવતા હતા. ગુરૂદેવના આગમનથી એમના વદન ઉપર પ્રસન્નતાનાં ચિન્હ જણાતાં હતાં છતાં પુત્રી માટે એમના હૈયામાં ગુપ્ત ચિંતા રહ્યાં કરતી હતી. આજ કેટલાય દિવસથી ગુરૂશ્રીના ઉપદેશથી પ્રીતિમતિનું હૃદય શાંત હતું તેમજ આત્મજ્ઞાનનાં પુસ્તકોના પઠનથી એના મનની પ્રવૃત્તિ તદ્દન બદલાઇ ગઈ હતી. એમાં વિજયાની સોબતે ઠીક અસર કરી હતી. ગુરૂમહારાજના ઉપદેશમાં ધર્મ માટે દાન, શીયલ, તપ અને ભાવનું મહાત્મ્ય સાંભળતાં દાન ધર્મ તરફ એનું લક્ષ્ય આકર્ષાયું હતું. પરમાર્થના કાર્યમાં પોતાની જીંદગીનો સદ્‌ઉપયોગ થાય એવી એની ઇચ્છા હતી. પોતાના પિતા પાસે અઢળક દ્રવ્ય હતું. ગમે તેટલું દ્રવ્ય સદ્‌કાર્યમાં વાપરવાની પ્રીતિને પોતાના પિતા તરફથી છુટ હતી. અગરતો પિતાજી આગળ પોતાના વિચારો રજુ કરતાં એ વિચારોનો અમલ કરવાને પિતાજી–જગડુશાહ ગમે એટલા દ્રવ્યને ભોગે પણ આતુર હતા. એવી રીતે જો કે પ્રીતિમતિનો પોતાના જીવનનો ઉદ્દેશ નક્કી કરી રહી હતી છતાં હજી જગડુશાહને–એ પુત્રીવત્સલ પિતાને એની ચિંતા રહ્યા કરતી હતી. કેમકે પ્રીતિએ હજી પોતાનો જીવન ઉદ્દેશ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પિતા આગળ જાહેર કર્યો નહોતો. તેમજ જેતસીને અને પ્રીતિને શું વાતચિત થઇ તે પણ હજી સુધી એના જાણવામાં આવ્યું નહોતું આજે જેતસી સાથે કેટલીક વાતો કરવાની હોવાથી એને પોતાની પાસે એકાંતમાં બોલાવ્યો હતો. ધન્ય છે એવા પુત્રીવત્સલ મા બાપોને ?

જગડુશાહ વિચારમાં હતા એવામાં જેતસી (જયંતસિંહ) દિવાનખાનામાં દાખલ થયો. જગડુશાહને નમીને એમની સામે બેઠો. જગડુશાહે વિચારમાંથી જાગૃત થઇ એના સામે જોયું. "કેમ શું-થયું ? જેતસી ?" જગડુશાહે પૂછયું.

"શેઠ ? આપે આપની પુત્રી સંબંધી એકદમ ખોટો અભિપ્રાય બાંધી લીધો છે. આપના વિચારો જુદા છે. ત્યારે આપની પુત્રીના વિચારો પણ જુદા જ છે." જયંતસિંહે કહ્યું.

"કેમ વારૂ ! એણે પોતાના જીવનનો શું નિર્ણય જણાવ્યો ?"

"એનું જીવન વૈરાગ્યને માર્ગે ચડયું છે. અધ્યાત્મ-જ્ઞાનનાં, ધર્મ સંબંધી ઉચ્ચ વૈરાગ્યનાં શાસ્ત્રનો અભ્યાસ કરતાં શોકમાંથી એનું જીવન નિવૃત્ત થતું જાય છે–સત્યને માર્ગે ઢળતું જાય છે."

"એમ...." જગડુશાહના મુખ ઉપર પ્રસન્નતાનાં લક્ષણ જણાયાં. "ત્યારે શું વૈરાગ્ય માર્ગ તરફ એટલું બધું એનું મન દ્રઢ થયું છે. તમારા વિચારો એના મન ઉપર કાંઈ અસર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી શકયા નહીં અથવા તો એના ઉચ્ચ આદર્શ વિચારો શું એટલા બધા દૃઢ અને આગળ વધેલા છે કે?"

"હા ! શેઠ ! તમારી પુત્રી માનુષી નથી પણ સાક્ષાત્ દેવી છે એના ગુણોથી જગતમાં એ પૂજાવા યોગ્ય છે. શું એની દૃઢતા, શું એની શિયલ ધર્મ ઉપરની ચુસ્ત એકાગ્રતા ! શું એના ઉચ્ચ વિચારો એ બધું જોઇને હું તાજુબ થઇ ગયો. સારૂં થયું કે તમારી રજાથી હું ગયો નહીતર મારે અપમાન સાથે તમારા ગુસ્સાના ભોગ થવું પડત. જે થયું તે સારાને માટે ! આપ હવે પુત્રી સંબંધી ચિંતાથી મુકત થાવ ! એના જીવનનો નિર્ણય એ પોતેજ કરી લેશે. આપે તો ફક્ત એની ઇચ્છાનો અમલ કરવાનો છે.

"બહુ સારૂં" ચાલો, આખરે પરિણામ સારૂંજ આવ્યું. એ બધું સારી કેળવણીનુંજ પરિણામ છે." જગડુશાહ બોલ્યા. જેતસીનાં વચન સાંભળીને શેઠને પરમ સંતોષ થયો હતો.

"તેમાંય મનુષ્યના નૈતિક જીવન ઉપર ધાર્મિક કેળવણી જેટલી અસર કરે એટલી વ્યવહારિક કેળવણી તો નજ કરી શકે. બચપણમાંથી ધર્મશાસ્ત્રના સારા અભ્યાસથી એના મગજમાં સારા સંસ્કારો પડે છે એ સારા સંસ્કારો મનુષ્યના ભાવી જીવનને શુદ્ધ અને ચારિત્ર શીલ ઘડે છે એનામાં વિનય, વિવેક પ્રગટ કરે છે આપે એને જે ધાર્મિક કેળવણી આપીને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો એનુંજ આ પરિણામ છે." જેતસીએ પોતાનો મત આપ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" બરાબર છે. તમારૂં કહેવું વ્યાજબી છે. વ્યવહારિક કેળવણી જેમ વ્યવહારમાં–વ્યાપાર રોજગાર વગેરે કાર્યમાં જેટલી ઉપયોગી છે તેનાથી અધિક ધાર્મિક કેળવણી મનુષ્યના જીવનને સુસંસ્કારિત અને ચારિત્રશીલ બનાવવાને ઉપયોગી છે શુદ્ધ ધર્મનું સ્વરૂપ સમજાતાં–એના સારા સંસ્કારોની છાપ એના મન ઉપર પડતાં મનુષ્યનું જીવનજ ફરી જાય છે. " જગડુશાહે જયંતસિંહના મતને અનુમોદન આપ્યું.

પુત્રીના ઉચ્ચ વિચારો જાણી એના તરફથી જગડુશાહને સંતોષ થયો અને એની ચિંતા હવે કંઇક ઓછી થઇ ગઈ. તે પછી જેતસી સાથે બીજી કેટલીક વાતચિતો કરતાં વ્યાપાર સંબંધી વાતો કરી.

તે અરસામાં નગરના સારા સારા ગ્રહસ્થો જગડુશાહને મળવાને આવ્યા. જગડુશાહે એમને આવકાર આપીને સત્કાર્યા. દાનાંતરાય કર્મનો નાશ થયેલો હોવાથી જગડુશાહ પોતાનો અને પરનો ભેદ જાણ્યા વગર છુટે હાથે દાન કરતા હતા. ગરીબ, અપંગ, લુલા, લંગડા, અંધા, બહેરા, દીન, દુઃખી વગેરેને મદદ કરીને એમને સંતોષ પમાડતા હતા. તે સિવાય જ્ઞાતિજનોમાં, કુટુંબીજનોમાં છુટે હાથે મદદ કરવાનું ભૂલતા નહી. વ્યાપારીઓને કવચિત નાણાંભીડ સમયે નાણાંની જરૂર પડે તો તેમને પણ અવશ્ય મદદ કરતા હોવાથી જ્ઞાતિજનમાં તો શું બલ્કે ભદ્રેસરની ઉચ્ચ નીચ અઢારે વર્ણમાં જગડુશાહ લોકપ્રિય કહેવાતા. દાતારમાં એમનું નામ પહેલે નંબરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણાતું. જગડુશાહને જોઇને ભાટ–ચારણો પણ કર્ણ વગેરે દાનેશ્વરીઓને ભૂલી જઈ જ્યાં ત્યાં જગડુશાહની કીર્ત્તિનાંજ વખાણ કરતા. પુરાણા–જુના દાનેશ્વરી કર્ણ વગેરેને લોકો જગડુશાહનું દાતારપણું જોઇ ભૂલી ગયા હતા.

આવેલા ગ્રહસ્થો સાથે અનેક પ્રકારની વાતો થવા માંડી. દેશ, પરદેશની રાજકિય સંબંધી, વ્યાપાર સંબંધી એમ અનેક વાતો એક એક પછી એક ઉકેલાતી ગઇ. "સમય શું નથી કરતો? મનુષ્યોને માથે જેમ ચડતી પડતી આવે છે તેમ દેશ, નગર અને શહેરોને માથે પણ શું દશાવીશી નથી આવતી!" એક ગ્રહસ્થ બોલ્યા.

"કેમ વારૂ? એમ બોલવાનું કારણ કાંઇ?" જગડુશાહે પૂછયું.

"આપણીજ નજર આગળની વાત કરીયે. વ્યાપાર રોજગાર આદિએ એક દિવસ પાટણનું ગૌરવ કેવું હતું. એજ પાટણનાં તેજ અને ગૌરવ ઝાંખાં પડ્યાં." જવાબ મળ્યો.

"બરાબર છે. અને પેલું ગુજરાતના એક ખુણામાં પડેલું ધોળકા–ધવલક્કપુર કેવી જાહોજલાલી ભોગવે છે આજે એનો દિવસ ચડીયાતો લાગે છે." એક બીજા ગ્રહસ્થે વચમાં જણાવ્યું.

"એતો ભાઇ સંસાર છે. એમાં તો પરિવર્ત્તન થયાંજ કરે. આપણા કચ્છદેશની વાત કરીએ તો જુઓ કંથકોટની

જાહોજલાલી કેવી હતી. ગુર્જરેશ્વર મહારાજ મૂળરાજે સંવત ૧૦૪૯ માં આ કીલ્લાનો આશ્રય લીધો હતો. અરે આ મજબૂત અને નામાંકિત કીલ્લાવાળી રમણીય કંથકોટ નગરની જાહોજલાલીનાં તે કેટલાં વખાણ કરીએ ગુર્જરેશ્વર ભીમદેવ બાણાવળી પણ ગિજનીથી મહમદ સુલતાન ચડી આવ્યો ત્યારે આ કીલ્લાનો આશ્રય એમને પણ લેવો પડ્યો હતો. એવો એ નામાંકિત ગઢ હતો. સુલતાન જેવાને પણ આ કીલ્લો તોડતાં સાત પાંચ થઈ હતી. એવું એ નામાંકિત કીલ્લાવાળા શહેરની આજે એ જાહોજલાલી બધી અદૃશ્ય થઇ ગઇ. " એક ત્રીજા ગ્રહસ્થ બોલ્યા અને એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો.

" જેમ પાટણનાં તેજ ઝાંખાં પડયાં ને આજે ધવલક્કપુર ખીલ્યું એવી રીતે કંથકોટનું ગૌરવ ન્યૂન થતાં આપણું ભદ્રેસર વધ્યું." મૃદુ હાસ્ય કરીને મીઠાશથી જગડુશાહ બોલ્યા.

" આપનું કથન વ્યાજબી છે. ધવલક્કપુરની માફક આજે પણ આપણા કચ્છદેશમાં ભદ્રેસરનો જાહોજલાલી વ્યાપાર રોજગાર કાંઇ ઓછાં નથી. " જેતસી અત્યાર સુધી મૌનપણે વાત સાંભળી રહ્યો હતો તે બોલ્યો.

" અને શેઠ સાહેબ ? આ ભદ્રેસરનાં તેજ, ગૌરવ અને ઉજ્વળતા તો આજે આપના જેવા લક્ષ્મીવાન્ ને લીધેજ ગણાય, જેમ શાલિભદ્ર જેવાથી રાજગૃહી શોભાયમાન હતી. " એક ગ્રહસ્થ વચમાં બોલ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" તમે શાલિભદ્ર સાથે શેઠની તુલના કરી એ કાંઇ ઠીક ન કહેવાય. " એક બીજા ગ્રહસ્થે ટીકા કરી.

" બરાબર છે કયાં શાલિભદ્ર અને કયાં હું એક સામાન્ય વણિક, કયાં એમની સમૃદ્ધિ અને કયાં મારી, એવા મોટા પુરૂષની સાથે તે મારી સરખામણી થાય ? " જગડુશાહે વચમાં જણાવ્યું.

" નહી શેઠજી ? આપની ભૂલ થાય છે મેં એમ ધારીને કહ્યું નથી. શાલિભદ્રની સાથેની આપની સરખામણી મને અયોગ્ય લાગવાનું કારણ તો કોઇ જુદુંજ છે. " પેલા ગ્રહસ્થ બોલ્યા.

" અને તે કારણ ? " જગડુશાહે આતુરતાથી પૂછયું. સર્વેજણા એ કારણ જાણવાને આતુરતાથી એની તરફ જોઇ રહ્યા.

" કારણ ? કારણ તો એજ કે શાલિભદ્ર તો પોતેજ એ લક્ષ્મીનો ઉપભોગ કરતા હતા. ભોગીપણાથી એ તો પ્રસિદ્ધ થયા છે કાંઇ દાતારપણાથી નહી. જ્યારે આપતો એમનાથી અધિક છો ભોગી અને દાતાર ? આપ પોતે પણ લક્ષ્મીને ભોગવો છો. છુટે હાથે એનો સદ્વ્યય કરવાથી જગત્‌ના ઉપયોગમાં પણ આપની લક્ષ્મી આવે છે જેથી આપની લક્ષ્મી તો દાન, અને ભોગથી કૃતાર્થ થઇ કહેવાય જ્યારે શાલિભદ્રની સમૃદ્ધિ ગમે તેવી અખુટ હતી છતાં એ લક્ષ્મી ફક્ત ભોગથીજ કૃતાર્થ થયેલી હતી. " એ ગૃહસ્થે શાલિભદ્ર અને જગડુશાહ વચ્ચેના અંતરનું સ્પષ્ટીકરણ કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" વાહ ? વાહ ? બહુજ સારૂં તમે સ્પષ્ટીકરણ કર્યું તમે સર્વથા સત્ય અને વ્યાજબીજ કહ્યું છે જગડુશાહ શેઠની બરાબરી તો કોઇ વીરલા પુરૂષોજ કરી શકે. " સૌ કોઇએ પૂર્વોકત પૃથક્ કરણને એકી અવાજે વધાવી લીધું.

પોતાનાં વખાણ સાંભળી જગડુશાહ શરમાઇ ગયા. " તમે બધા નાહક મારાં વખાણ કરીને મને છાપરે ચઢાવો છો. " બહુરત્ના વસુંધરા " એક એકથી અધિક દુનિયામાં ઘણાં રત્નો ઉત્પન્ન થાય છે. એમાં મારો તે શું હિસાબ " જગડુશાહે પોતાની લઘુતા બતાવતાં કહ્યું.

" શેઠ સાહેબ ! એતો આપને એમ લાગતું હશે બાકી અમે સત્ય હકિકતજ અત્યારે જણાવીયે છીએ, આપજ કહો આપણા ભદ્રેસરમાં અત્યારે આપના જેવો ધનાઢ્ય અને દાતાર બીજો કોણ છે. " એક જણે કહ્યું એના જવાબમાં જગડુશાહ મૌન રહ્યા.

" આપણા ભદ્રેસરની અત્યારે જાહોજલાલી તો અપૂર્વ છે પણ ફકત એક વાતની ખામી છે. " વચમાં એક જણે આસ્તેથી કહ્યું.

"શી ખામી તમને જણાઇ વારૂ ? " જગડુશાહ બોલ્યા.

" ભદ્રેસરને ફરતા એક મજબુત કીલ્લાની જરૂર છે. આ પડી ગયેલો કીલ્લોજ ફકત શહેરની શોભામાં ન્યુનતા કરનારો છે, " એ ગ્રહસ્થે પોતાને જે ખામી જણાતી હતી તે કહી સંભળાવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" પણ એ કીલ્લો તોડી પાડવાનું કારણ શું ? કે એના મેળે પડી ગયો વારૂ ? " એકજણે પૂછયું.

" આ મજબુત કીલ્લાને કચ્છના રણની ઇશાને આવેલા થરપારકર દેશના નૃપતિ પીઠદેવે તોડી પડાવ્યો છે. કાંઇ એની મેળે પડી ગયો નથી. " જવાબ મલ્યો.

" હા ! એ અભિમાની પીઠદેવેજ આપણો કીલ્લો તોડીને એની શોભા ન્યૂન કરી નાખી. નહીતર ભીમદેવ બાણાવળીનો બંધાવેલો એ ગઢ કેવો મજબુત હતો. આહા ? શું એની રોનક–શોભા હતી. " એક ગ્રહસ્થે પોતાની દિલગીરી બતાવી

" એથી શું ? એ કીલ્લો શું નવો ન થઇ શકે ? ગઢ નવો બંધાવીને એની શોભા વધારીએ તો " જગડુશાહે કહ્યું.

" કીલ્લા બાંધવા એતો રાજામહારાજાઓના કામ ! એમાં કેટલું બધું દ્રવ્ય જોઇએ એ કાંઈ નાનાં છોકરાંની રમત છે આપણી તે એ કામ કરવાની ગુંજાસ શી ? "

" તમે શા માટે એમ બોલો છો; આપણા ભદ્રેસર શહેરની ફરતો ગઢ હું ચણાવીશ. શહેરની શોભાને વધારીશ. " જગડુશાહે કહ્યું.

જગડુશાહનાં વચન સાંભળીને બધા અજાયબીથી એમની સામે જોઇ રહ્યા. " આહા ? શું એમની લક્ષ્મી ઉપરની નિર્મોહતા ? ખચીત આવા ઉદાર પુરૂષોથીજ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. " એક જણે કહ્યું.

" બેશક આપ બંધાવી શકો એમ છો, પણ એમાં મને

લાગે છે કે આપને ઘણી મુશીબત પડશે. ” એક જણે શંકા કરી.

“ શી મુશીબત તમે ધારો છો વારૂ ? ” જગડુશાહે પૂછ્યું.

“ આ કીલ્લાનો તોડનાર રાજા પીઠદેવ જીવતો છે ત્યાં લગી તો કીલ્લો બાંધવા દેશે નહી. પીઠદેવસાથે તરતજ વિરોધ ઉભો થાય અને એ રહ્યો રાજા–સત્તાવાળો, બળવાન્ આપણે સામાન્ય વણિક, કહો એ વિરોધ, વેર, ઝેરનું પરિણામ શું આવે ? ”

“ ગમે તે પરિણામ આવો, હું ભદ્રેસર ફરતો ગઢ તો અવશ્ય કરાવીશ. ” કંઇક જુસ્સાથી જગડુશાહે પોતાનો નિ-શ્ચય જણાવ્યો.

“ આપનો એ નિશ્ચય પાર પડો ? અમે બધા એની ફત્તેહ ઇચ્છીએ છીએ, અમે પણ અમારાથી બનતી મદદ તન, મન અને ધનથી આપને આપશું. ” સર્વેએ જગડુશાહના કાર્યની ફત્તેહ ઇચ્છી.

કેટલીક વાતચીત થયા પછી સમય થઇ જવાથી સર્વે પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. જેતસી શેઠના કામે ચાલ્યો ગયો જગડુશાહ કીલ્લો બાંધવાનો વિચાર કરતા પોતાની પેઢી ઉપર ગયા. તે પછી શોડાજ દિવસોમાં શુભ મુહૂર્ત્તે જગડુશાહે કીલ્લો બાંધવાનું કાર્ય શરૂ કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૨ મું.

## પીઠદેવ

આપણી નવલકથાના સમયમાં કચ્છના રણની ઇશાન કોણે આવેલા થરપારકર દેશમાં પીઠદેવ નામનો કોઇ રાજા રાજ્ય કરતો હતો. જોકે થરપારકર દેશ ઘણોજ નાનો ગણાતો હતો અને એજ પ્રમાણે પીઠદેવ રાજાનાં બળ અને સામગ્રી હતાં છતાં પીઠદેવ રાજા ગોધ્રાના રાજા ધુંધુલની માફક ઘમંડી અને મિથ્યાભિમાની તેમજ કંઇક બળવાન હોવાથી ઘણોજ ગર્વિષ્ઠ રહેતો હતો. એ મિથ્યાભિમાનથી સર્વને એ તૃણવત્ ગણતો હતો. આસપાસના નાના નાના રજવાડાઓમાં પોતાનો પ્રભાવ બતાવી એમને પોતાના બળનો ચમત્કાર બતાવતો. એમની પાસેથી નજરાણું લઇ એણે સમૃદ્ધિ પણ ઠીક સંપાદન કરી હતી. પોતાની ધારણામાં પીઠદેવ એવી રીતે ફળીભૂત થતો હોવાથી એનું ગુમાન વધે જતું હતું.

કચ્છદેશમાં આવેલું ભદ્રેસર નગર પ્રથમ ભીમસિંહ પ્રતિહારના હાથમાં હતું. ભીમસિંહ ભોળા ભીમદેવનો મંડલિક હતો, છતાં પાછળથી ભીમદેવની વૃદ્ધાવસ્થા અને નિર્બળતાનો લાભ લઇને પોતે સ્વતંત્ર થયો હતો. ભોળા ભીમદેવની એવી નબળાઇનો લાભ લઇને એની વૃદ્ધાવસ્થામાં જુનાગઢ, કચ્છ, ગોધ્રા વગેરે મંડલિકો, સામંતો સ્વતંત્ર થઇ ગયા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા. પણ ભીમદેવે લવણુપ્રસાદને મહામંડલેશ્વર બનાવી એના પુત્ર વીરધવલને યુવરાજ પદ આપી પોતાના તાજનો વારસ બનાવ્યો ને દેશની વ્યવસ્થા કરવાનું કાર્ય સોંપ્યું ત્યારે પરાક્રમી વીરધવલે ધવલક્કપુરમાં રાજગાદી સ્થાપી વસ્તુપાલ અને તેજપાલની મદદથી સ્વતંત્ર થઇ બેઠેલા મંડલિકોને એક પછી એક જીતી લીધા. અનુક્રમે કચ્છદેશનો વારો આવ્યો. ભીમસિંહ પ્રતિહાર પણ સ્વતંત્ર થઇ ગયેલો હોવાથી વીરધવલની આજ્ઞા એણે માન્ય રાખી નહીં વીરધવલે જુનાગઢ, સિંધ વગેરે રાજ્યોને જીતીને પોતાની આણા કબુલ કરાવી, ગોધ્રા વગેરેના ઘમંડી રાજાઓને જીતી એમનાં માન ખંડિત કર્યાં. એના આવા અતુલ પરાક્રમથી ભીમસિંહ પ્રતિહાર ડર્યોને એની આજ્ઞા માનવાને તૈયાર થયો. પણ એક ઘટના એ અરસામાં એવી બની ગઇ કે જેથી ભીમસિંહ પ્રતિહારે બેધડક ગુજરાતના રાજા સાથે યુદ્ધ જાહેર કર્યું.

મારવાડમાં આવેલા જાલોર નગરના રાજા ઉદયસિંહના ત્રણ ભાઇઓ સામંતપાલ, અનંગપાલ અને ત્રિલોકસિંહ પોતાના ભાઈ સાથે ગરાસ સંબંધી તકરાર થતાં પોતાની જન્મ ભૂમિનો ત્યાગ કરી વીરધવલની કીર્તિ સાંભળીને એની ચાકરી કરવાને આવ્યા પણ એમણે પગાર વધારે માગવાથી વીરધવલે એમને ન રાખ્યા જેથી તેઓ કચ્છદેશના રાજા ભીમસિંહની સેવામાં રહ્યા એમના બળ-પરાક્રમની ખાતરી થવાથી ભીમસિંહે ગુજરાતના રાજા સાથે લડાઇ જાહેર કરી પંચગ્રામ આગળ મોટું યુદ્ધ થયું. એ યુદ્ધમાં જાલોરના સરદારોએ સારૂં પરાક્રમ

બતાવી ભીમસિંહની લાજ રાખી. યુદ્ધને પરિણામે ભીમસિંહ સાથે કોલકરાર કરી વીરધવલ પોતાને દેશ ચાલ્યો ગયો. તે પછી થોડા સમયમાં ભીમસિંહનું મૃત્યુ થતાં વીરધવલે કચ્છ દેશ પોતાને સ્વાધિન કરી લીધો અને તેના તરફથી નિમેલો અધિકારી ભદ્રેસરમાં રહીને રાજ્ય ચલાવતો હતો. એ ચોહાણ સરદારોના પરાક્રમથી ખુશ થયેલા વીરધવલે ત્યારપછી એમને અનુકુળ સમયે પોતાની ચાકરીમાં રાખી લીધા.

એક દિવસ થરપારકરનો રાજા પીઠદેવ સમય સાધીને કચ્છ દેશ ઉપર ચડી આવ્યો પોતાનું સમસ્ત સૈન્ય બળ લઇને તે કચ્છ દેશના ભદ્રેસર નજીક આવી પહોંચ્યો. ભદ્રેસરના હાકેમ પાસે એટલું બળ, સામગ્રી, નહી હોવાથી પીઠદેવ આગળ ફાવ્યો નહી. જેથી પીઠદેવ નિર્ભયપણે કચ્છ દેશનાં નાનાં મોટાં ગામડાં અને શહેરને ત્રાસ આપતો, એમની દ્રવ્ય સંપત્તિ લુંટતો ભદ્રેસર ઉપર ચડી આવ્યો. ભદ્રેસર પાસે પુરતું સૈન્ય બળ નહી હોવાથી એ કયાં સુધી બચાવ કરી શકે ? છતાં પણ ભદ્રેસરનો કીલ્લો મજબુત હોવાથી કેટલાક સમય પર્યંત ભદ્રેસરના હાકેમે બચાવ કર્યો, પણ આખરે તે હારી ગયો. પીઠદેવ નૃપતિએ આ કીલ્લો આડખીલી રૂપ નડવાથી તોડી પાડવાનો પોતાના સૈન્યને હુકમ કર્યો તે મુજબ નગરનો ફરતો એ મજબુત દુર્ગ અલ્પ સમયમાંજ જમીન દોસ્ત થયો કેટલુંક દ્રવ્ય ભદ્રેસરના હાકેમ પાસેથી લઇને વિજયી પીઠદેવ પોતાના સૈન્ય પરિવાર સહિત પોતાના રાજધાની થરપારકર દેશમાં આવ્યો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જો કે એણે આસપાસના રજવાડાઓ ઉપર નાની મોટી આજસુધીમાં ઘણી જીતો મેળવી હતી. તેમાં આ કચ્છદેશની જીતથી એનો ગર્વ આસમાન પર્યંત પહોંચી ગયો. એવો ગર્વિષ્ઠ છતાં ગુજરાતના રાજા વિરધવળના ભયથી તે હૃદયમાં ડરતો હતો વીરધવલ બીજા રાજકીય વ્યવસાયમાં પડેલો હતો જેથી આ તરફ એનું લક્ષ્ય ઓછું જ હતું, છતાં પાછળથી ભદ્રેસરનો દુર્ગ પીઠદેવે તોડી નંખાવ્યાનું એની જાણમાં આવ્યું હતું. જેથી એ કીલ્લો ફરીવાર બંધાવવા ને પીઠદેવને શીક્ષા કરવાને વીરધવલ આતુર થઈ રહ્યો હતો.

એ અરસામાં ભવિતવ્યતા યોગે જગડુશાહે શહેરના રક્ષણ માટે અને નગરની પ્રજાની સુખ સગવડતા ખાતર ભદ્રેસરનો પડી ગયેલો કીલ્લો બંધાવવાનું કાર્ય શરૂ કર્યું. એ સમાચાર ફેલાતાં ફેલાતાં અનુક્રમે પીઠદેવને પહોંચી ગયા.

પોતે તોડી પાડેલા કીલ્લાને એક સામાન્ય વણિક જગડુશાહ ફરીને બંધાવતો સાંભળી પીઠદેવ નૃપતિ ગુસ્સે થયો. " આહ! શું હું જીવતાં એ જગડુ ભદ્રેસરનો કીલ્લો બંધાવશે. આ કેસરીસિંહ આગળ શું એક નામર્દ શીયાળવું સહેલાઇથી ફાવી જશે. અરે એ કીલ્લો અને કીલ્લાનો બંધાવનાર જમીન દોસ્ત થશે મારા ક્રોધની આગમાં બળીને ખાખ થશે એ વાણિયો શું પૈસાને બળે આટલો બધો કુદી રહ્યો છે ? મારો ભય એના મનમાં લગારે આવ્યો નહી હોય. કે બળીયા સાથે વેર કરીને એનાં કડવાં ફળ કેવાં ચાખવાં પડશે. ખચીત હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એનો ક્ષણમાત્રમાં નાશ કરી નાખીશ, ભદ્રેસર ઉપર બીજીવાર ચડાઈ કરી એની દ્રવ્ય સંપત્તિ લુંટી લઈ જગડુને કેદ કરી લાવું તોજ હું પીઠદેવ !”

રાજા પીડદેવ ગુસ્સાથી એવા અનેક વિચારો કરી રહ્યો હતો એકવાર ફરીને ભદ્રેસર ઉપર ચડાઇ કરી જગડુશાહને શિક્ષા કરવા અને દુર્ગ તોડી પાડવા આતુર થઇ ગયો. વિજયી પુરૂષો, ગર્વથી ઉન્મત્ત થયેલા પુરૂષો, ક્રોધી પુરૂષો, મિથ્યાભિમાની પુરૂષો, ઉતાવળીયા પુરૂષો અને અલ્પ વિચારવાળા મૂર્ખ પુરૂષો સમય પરત્વે ધિરજ ધરી શકતા નથી તો પછી મિથ્યા અભિમાનથી ગર્વિષ્ઠ બનેલા પીઠદેવને ધિરજ કયાંથી હોય. કયાં પોતે એક સત્તાધીશ રાજા અને કયાં જગડુવાણીયો જગડુશાહ તો એને મન એક તૃણ જેવો હતો. વાઘને બકરાનો શિકાર કરવો એમાં શું કાંઇ વિચાર હોય. જેણે રાજ્યોને દબાવેલાં, એને મન સત્તા વગરનો જગડુ કાંઇ હિંસાબમાં નહોતો કારણકે જગડુશાહ પાસે ભલે લક્ષ્મીના ભંડારો ભર્યા હોય પણ એ લક્ષ્મી કાંઇ શત્રુઓને–રાજાઓને જીતી શકે નહિ. એમને જીતવાને માટે તો સૈન્યબળ, હથીયાર આદિ સામગ્રી જોઇએ પીઠદેવને જીતવા માટે જગડુશાહ પાસે એવું લશ્કરી બળ ન હોતું જ.

પીઠદેવે તરતજ મનમાં નિશ્ચય કરીને લશ્કર તૈયાર કરવાને તેમજ બીજી વ્યવસ્થા કરવાને પોતાના પ્રધાનને બોલાવ્યો પ્રધાન આવીને રાજાને નમી એની આગળ ઉભો રહ્યો. પીઠદેવની આજ્ઞા થતાં પ્રધાન રાજાની સામે એક આસન ઉપર બેઠો

પ્રધાને જોયું તો અત્યારે પીઠદેવ જોકે એક સૂરવાળ અને ઝીણી મલમલના પહેરણ ભેર સાદાપોષાકમાં પોતાના સુંદર દિવાનખાનામાં બેઠેલો હતો છતાં એ આનંદમાં ન હોતો એનું પ્રચંડ શરીર ક્રોધથી કંપી રહ્યું હતું. વિશાળ આંખો અગ્નિ વરસાવતી હોય એમ એમાંથી આગના તણખા ખરી રહ્યા હતા. એનું ગૌરવદન ગુસ્સાથી તપી જઈ લાલ લાલ થઇ ગયું હતું પ્રધાન રાજાની સામે બેઠો કે તરતજ રાજાએ હુકમ કર્યો કે—" આવતી કાલે પ્રભાતના ભદ્રેસર તરફ કુચ કરવાનું છે લશ્કરને તૈયાર થવા હુકમ કરો ? "

" મહારાજ ? ભદ્રેસર તરફ કુચ ! આપના હુકમનો અમલ થશે પણ એનું કાંઈ કારણતો જણાવો ? " આસ્તેથી પ્રધાન કર્મચંદે પૂછયું.

" તમને ખબર નથી ભદ્રેસરનો દુર્ગ મેં તોડી પડાવેલો તે પેલો નિર્માલ્ય વણીક જગડુ આજે નવો દુર્ગ બંધાવે છે હું જીવતાં તે દુર્ગ બંધાયજ કેમ !" ગુસ્સાથી પીઠદેવે ભદ્રેસરની ચડાઈનું કારણ જણાવ્યું.

જગડુશાહ કીલ્લો બંધાવે છે એવા સમાચાર કોણ લાવ્યું બાપુ ? "

" આપણો દુત ? " રાજાએ ટુંકમાંજ પતાવ્યું.

એટલામાં સેનાપતી પણ આવી પહોંચ્યો. તે રાજાને નમન કરીને રાજા અને પ્રધાનની એક બાજુ એ બંન્નેની મર્યાદા સચવાય તેવી રીતે બેઠો. સેનાપતિને આવેલો જોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રધાને સેનાપતિને ઉદ્દેશીને કહ્યું. " વિરૂભા ! આવતી કાલે લશ્કર લઇને તમારે ભદ્રેસર તરફ રવાને થવાનું છે ? ".

" ને હું પણ સાથે આવીશ." રાજાએ વચમાં કહ્યું.

" આપના હુકમ પ્રમાણે વર્ત્તવા તૈયાર છું. આપ હુકમ ફરમાવો, આપને આવવાની શી જરૂર છે જ્યાં સુધી અમે જીવતા છીએ. " સેનાપતિએ કહ્યું.

" નહી મારે આવવું જ જોઇએ મારો ભેદેલો દુર્ગ તોડનાર એ જગડુશાહને મારેજ હાથે પકડું તો મારા હૈયાની આગ બુઝાય ? " પીઠદેવે ક્રોધથી ફફડતાં કહ્યું.

બરાબર છે આપેજ એને પકડવો જોઇએ છતાં આપને મારી એક નમ્ર અરજ છે જે સાંભળવા કૃપા કરો તો કહું ?" પ્રધાન કર્મચંદે કહ્યું.

" આપને આટલી ઉતાવળ કરવાની કાંઇ જરૂર ? આપણે પ્રથમ તપાસ કરવી જોઇએ ને પછી યુદ્ધનું આમંત્રણ કરવું વ્યાજબી છે. " ફરીને કર્મચંદ પ્રધાન બોલ્યો.

" શું ત્યારે આપણો દૂત ખબર લાવ્યો તે ખોટા કે ? આવી સામાન્ય બાબતમાં તમે શંકાશીલ બહુ રહો છો ? ". રાજાએ કહ્યું.

" મહારાજ ! લગાર મારા બે શબ્દો પણ આપને કદાચ ન ગમે તોય સાંભળવા જોઇએ એ શબ્દો આપને જો યોગ્ય લાગે તો સ્વીકારવા નહીતર યુદ્ધ તો છેજ ! "

" કહો તમારૂં શું કથન છે ? " રાજાએ પૂછયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" જગડુશાહ કદાચ કીલ્લો બંધાવતા હશે એ વાત માનો કે સાચી હશે. પણ આપે એને ના પાડેલી છે. જો આપે ના પાડવા છતાં એ દુર્ગ બંધાવવાનું કાર્ય કરતો હોય તો નિશ્ચય આપના કોપનો એ ભોગ થાય. પણ આપને ગુસ્સે કરવાની ખાતર ઉપરવટ થઈને એ દુર્ગ બંધાવતો હશે એવું આપ શામાટે માની લ્યો છો. " પ્રધાને આસ્તેથી પોતાનો અભિપ્રાય આપ્યો.

સેનાપતિ વીરૂભા પણ ભદ્રેસર ઉપર ચડાઇ કરવાને નારાજ હતો કારણકે તે જાણતો હતો કે અત્યારે કદાચ આપણે ફાવશું પણ એ કેશરીસિંહની ગુફામાં હાથ નાખવાનો છે. ગુર્જરેશ્વર વીરધવલ જાગ્યો નથી ત્યાંસુધીજ એમની જીંદગીઓ સલામત છે. વીરધવલના તાબાનો એ મુલક હોવાથી વીરધવલનું લશ્કર ચડી આવતાં ક્ષણમાત્ર પણ પીઠદેવ કે પોતે ટકી શકે તેમ નથી. એ તે સમજતો હતો. તેથી પ્રધાનના મતને સેનાપતિએ અનુમોદન આપ્યું. " મહારાજ ? પ્રધાનજી ? ઠીક કહે છે. આપ એને હુકમ કરો કે મારો તોડેલો દુર્ગ તું બંધાવીશ તો મારો ગુન્હેગાર થઇશ. તને શિક્ષા કરીશ. છતાં જો એ હઠ કરીને બંધાવશે તો આપણને ભદ્રેસર જતાં કયાં વાર છે ? "

પ્રધાન અને સેનાપતિનો એકમત સાંભળીને રાજા વિચારમાં પડ્યો અને બોલ્યો: " શું એને ખબર નહી હોય કે મારો તોડેલો દુર્ગ એ બંધાવતો હશે. "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" પણ આપણને ખાતરી કરવામાં કાંઇ અડચણ છે ? ધિરજથી કામ કરતાં એનું પરિણામ સારૂંજ આવશે. આપે અહીંથી સમજાવીને એક દૂત જગડુશાહ તરફ મોકલવો જોઇએ. " પ્રધાને કહ્યું.

પ્રધાન પણ સમજતો હતો કે ભદ્રેસરનો દુર્ગ તોડીને વીરધવલની સાથે હજી એક વેર તો ઊભું છે વીરધવલ રાજ્યના પ્રબંધમાં પડેલો હોવાથી હજી આ તરફ એનું લક્ષ ખેંચાયું નથી. પણ જે ઘડીએ વીરધવલ ચડી આવશે તે સમયે થરપારકર આખું ખેદાન મેદાન કરશે. પીઠદેવને શરણે થઇ કાંતો મેં માગ્યો દંડ આપવો પડશે અથવા તો રાજપાટ ખોવા વખત આવશે પણ રાજ્યમદ, બલમદ, મિથ્યા અભિમાન આગળ એ વાત સમજવામાં આવતી નથી. ક્રોધી, મિથ્યાભિમાની પુરૂષો જ્યારે આફતને સામે ઉભેલી જુએ છે ત્યારેજ એમનાં નેત્ર ખુલે છે. પીઠદેવની પણ એવી સ્થિતિ હતી. સેનાપતિ પણ ક્ષત્રીય હતો પાણીવાળો હતો છતાં એ કંઇક વસ્તુ સ્થિતિ સમજતો હોવાથી યુદ્ધે ચડવા નારાજ હતો એક વેર જીવતું જાગતું હજુ ઉભું છે. ત્યાં બીજું નવીન વેર જગાડી કાલે આવનારી આફત આજે શામાટે વહોરી લહેવી.

" ના જરીયે નહી ! એ વાણિયો ડાહ્યો છે, મહારાજનો હુકમ એને મળતાંજ મને તો લાગે છે કે દુર્ગ બાંધતાં અટકી જશે. નાહક બળીયાની સાથે વેર કોણ બાંધે ? " સેનાપતિએ અનુમતિ આપી.

" ઠીક છે. તમારી મરજી એવી છે તો દૂત મોકલી

આપણે એને ના પડાવીએ. તેમ છતાં જો ન માને તો અવશ્ય આપણે એને શિક્ષા કરશું." રાજાએ આખરે શાંત પડીને કહ્યું.

"એ આપનું કહેવું સત્ય છે." તે પછી પ્રધાને પ્રતિહારી માર્ફતે એક ચાલાક અને છટાદાર બોલનાર દૂતને બોલાવી રાજા પીઠદેવ આગળ ઉભો કર્યો. દૂતને જોઇ થરપારકર પતિએ હુકમ કર્યો. જા ! ભદ્રેસર જઇને જગડુને મારો હુકમ પહોંચાડ કે" મારો તોડી પાડેલો કીલ્લો તું બંધાવી શકીશ નહી. મારો હુકમ મલતાંજ તું કીલ્લો બાંધવાનું કાર્ય બંધ કર, કેમકે જો ગધેડાને માથે એ શીંગડાં ઉગે તોજ તું ભદ્રેસરમાં કીલ્લો બાંધી શકે !"

થરપારકરપતિ પીઠદેવનો સંદેશો લઇને દૂત ત્વરિત ગતિએ ભદ્રેસરને માર્ગે ચાલ્યો ગયો, અને આજે પડનારી આફત આવતી કાલ ઉપર જવાથી પ્રધાન અને સેનાપતિ મનમાં ખુશી થતા પીઠદેવની રજા લઇ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

# પ્રકરણ ૨૩ મું.

## કલ્યાણને માર્ગે.

સૂરિ પરમદેવના સતત્ ઉપદેશથી પ્રીતિમતિનું જીવન ઘણુંજ બદલાઇ ગયું હતું. હવે એ જીવનમાં શોક કે ઉદ્વેગ નહોતો, પણ જ્ઞાન, વૈરાગ્ય, ગંભિરતા, ક્ષમા, ઉદારતા આદિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણો એનામાં પ્રગટ થયા હતા. દાન, શીયળ, તપ અને ભાવ એ ચારે પ્રકારના ધર્મમાંથી પોતાને માટે કયો ધર્મ પસંદ કરવો. એનો એણે નિર્ણય કર્યો હતો. ચારે પ્રકારના ધર્મનું આરાધન કરવું તે એના મનથી નક્કી થયું હતું. છતાં હાલમાં દાનધર્મને મુખ્ય પદ આપી જગતમાં-સમાજમાં કંઇક ઉપકાર કરવો એવી એની ધારણા હતી. શીયળ તો હમેશાં પળાતુંજ હતું. તપ બાહ્યથી વ્રત પચ્ચખ્ખાણ કરીને કાયાને દમવી, જેમ બને તેમ વિગયો-ઘી, દુધ, દહી વગેરે ન વાપરવા, કારણકે એ વિગયો વિકારને કરનારી હોવાથી ઓછી વિગયથી અથવા તો વિગય રહીત સાદુ ભોજન કરી મનને નિયમમાં રાખવું ને અભ્યંતરથી ઇચ્છાઓને રોકવી. એ પણ એક જાતનું તપ ગણાય. વળી ભાવ વગર એ બધું કાંઇ બની શકતું નહી હોવાથી ભાવ તો અંતરગત રહેલોજ છે. એ શીયલ, તપ અને ભાવ તો પોતાના એકલા માટેજ સ્વાર્થ પુરતાં છે. પણ દાન એ તો પોતાને અને બીજાને ઉભયને ફાયદા કારક હોવાથી પરમાર્થ કરવા તરફ પ્રીતિમતિનું દિલ આકર્ષાયું હતું.

એક તો પિતાની લક્ષ્મીનો સદ્વ્યય થશે, વળી એ પરમાર્થીક કાર્યમાં પોતાનું ચિત પરોવવાથી બીજા અનિષ્ટ વિચારો કે નકામા સંકલ્પ વિકલ્પો કરતાં અટકશે. જેથી પોતાને એ વ્યવસાય ઠીક લાગ્યો છતાં એનો મુખ્ય ઉદ્દેશ તો સાધ્વી જીવન ગુજારી આત્મ કલ્યાણનોજ હતો. આત્મ કલ્યાણ કરવાને ઇચ્છનારો પુરૂષ કે સ્ત્રી પ્રાયઃ કરીને ગૃહસ્થપણામાં જોઇએ તેવું ધ્યાન સ્વાધ્યાય કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકતો નથી. આત્મ કલ્યાણના મુમુક્ષુએ ત્યાગ ધર્મનો તો અવશ્ય સ્વીકાર કરવો જોઇએ. એ ત્યાગ ધર્મનો સ્વીકાર ત્યારેજ થઇ શકે કે આત્મા વિષયવિકાર રહિત, વાસનાઓ રહિત લઘુકર્મી થયેલો હોય.

પ્રીતિમતી હજી એટલી ઉચ્ચ સ્થિતિ પર પહોંચેલી ન હોવાથી મનમાં સાધુ જીવનનો ઉદ્દેશ સાચવી રાખી ભાવ સાધ્વીપણે સંસારમાં સાદું જીવન ગુજારી પરમાર્થનાં કાર્ય કરી કંઇક પુણ્ય સંપાદન કરવું અને સાધ્વી જીવન માટે એની યોગ્યતા પ્રાપ્ત કરવાનો અભ્યાસ કરવો એ ઉદ્દેશ એણે મનમાં નક્કી કર્યો હતો.

વિજયાના સહવાસમાં રહીને પ્રીતિએ ધર્મક્ષેત્રમાં ઝુકાવ્યું. બીજાને સમજાવી શકે, ગમે તેવી વાત એના હૃદ-યમાં ઠસાવી શકે એવી નૈતિક અને ધાર્મિક તેમજ વ્યવહારિક કેલવણીના સંસ્કારો એના મગજ ઉપર પડ્યા હોવાથી તેમજ તીવ્ર બુદ્ધિ હોવાથી બીજાને સમજાવવાની શક્તિ એનામાં સારી હતી.

પ્રીતિમતિ જેવી સહાયકારિણી મલવાથી વિજયાને પગમાં જોર આવ્યું. એનો ઉત્સાહ હવે વધી પડ્યો. અત્યાર સુધી વિજયા નજીવું કાર્ય કરી ફક્ત પોતાની બુદ્ધિ કેળવ-વાનુંજ કાર્ય કરી રહી હતી. હવે કંઇક કાર્ય કરી બતાવવાની એને અભિલાષા ઉત્પન્ન થઇ.

શરૂઆતમાં એમણે સ્ત્રીઓનું જીવન સુધારવા તરફ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાન આપ્યું. સ્ત્રીઓને ઉંચા પ્રકારની કેળવણી આપીને એમને ઉચ્ચ આદર્શરૂપી ગૃહિણી બનાવવી કે જેથી એ પોતાનું ગૃહજીવન સુધારે. ઘરની વ્યવસ્થા કેવી રીતે કરવી એની કાળજી રાખે બાલકોને કેવી રીતે ઉચ્છેરવાં, પોતાના ગૃહકાર્ય ઉપરાંત પતિના કાર્યમાં પોતાને કેવી રીતે મદદગાર થવું. વગેરે અનેક પ્રકારના એવા ઉચ્ચ સંસ્કારો એના મગજ ઉપર પડેલા હોય તો એ પોતાનું ગૃહ સુધારે એવા હેતુથી એમણે "મહિલા સમાજ" નામની એક સંસ્થાનું સ્થાપન કર્યું. દરેક સ્ત્રીઓ એનો લાભ લેવા લાગી. સારી સારી કેળવાયેલી અને સુસંસ્કારિત અને ધર્મશાસ્ત્રની જાણ અને નીતિમય જીવન ગુજારનારી ઉચ્ચ આદર્શમય સ્ત્રીઓને અજ્ઞાન સ્ત્રીઓને કેળવવા માટે સારા પગારથી રોકવામાં આવી. તમામ વ્યવસ્થા પ્રીતિમતીએ પોતાના હાથમાં રાખી હતી. તે સિવાય ગરિબ, અનાથ અને વિધવા સ્ત્રીઓને એવી ધાર્મિક અને નૈતિક શિક્ષા ઉપરાંત એઓ પોતાનું ગુજરાન ચલાવી શકે તે માટે સંસ્થામાં અનેક પ્રકારના ઉદ્યોગ હુન્નરો સ્ત્રીઓથી બની શકે તેવા દાખલ કર્યા–જાતિભેદ ગણ્યા સિવાય દરેક નાની મોટી, ગરીબ કે તવંગર, સૌભાગ્યવંતી કે વિધવા, પરણેલી કે કુંવારી સર્વેને સરખો લાભ આપવા માંડયો. ભદ્રેસરની તો શું પણ દેશ પરદેશની નિરાધાર સ્ત્રીઓ આ સંસ્થાનો લાભ લઇ પોતાનું જીવન સફળ કરવાને આવેલી એમને માટે પણ પ્રીતિમતિએ વ્યવસ્થાપૂર્વક બંદોબસ્ત કર્યો. એવી સ્ત્રીઓ માટે પણ દરેક પ્રકારની સગવડતા સંસ્થામાં તૈયાર કરવામાં આવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મહિલા સમાજ ' નું કામ વ્યવસ્થાસર અને નિયમિત રીતે ચાલુ થયું એટલે પ્રીતિએ એક બીજી સંસ્થા સ્થાપન કરી દીધી જેનું " બાલમંદિર " એવું નામ આપીને નાના નાના બાળકોને રમત રમતમાં જ્ઞાન આપીને એમના મગજમાં અત્યારથી સારા સંસ્કારો પાડવા જેથી એમનું ભાવી જીવન ઘણુંજ સંસ્કારવાળું અને નીતિમય બને. પાંચ વર્ષથી તે દશ વર્ષ પર્યંતના બાલકો ત્યાંજ શિક્ષણ લઇને પછી આગળ વધારે શિક્ષણ લેવાને બીજી નિશાળોમાં જઇ શકે. સુવ્યવસ્થાથી અને દરેક પ્રકારની અનુકુળતાઓથી બાલમંદિરનો લાભ પણ છોકરાઓએ લેવા માંડયો. એમને એવી તો સહેલાઇથી જ્ઞાન મળતું કે એમના મગજ ઉપર જરાય બોજો જણાતો નહી. બાલ્યોચિત સર્વે સાધનો ત્યાં આગળ હોવાથી બાળકોને પણ મજાહ પડતી હતી.

બેહેરા, મુંગા, લુલા, પાંગળા, અંધા આદિ મનુષ્યોને માટે એક અપંગશાળા ઉઘાડી એમાં અપંગ માણસોને દાખલ કરી એમાં રાખવામાં આવ્યાં. એમના ભોજન માટે તથા કપડાં માટે વ્યવસ્થા કરવામાં આવી. એક બાજુ એમની અપંગતા દૂર કરવાને અનુભવી વૈદ્ય રોકવામાં આવ્યો. બીજી તરફ એમને પણ હુન્નર ઉદ્યોગ શિખવી એમનાં જીવન આળસુ અને સુસ્ત હતા તે દૂર કરાવી ઉદ્યોગી બનાવ્યાં.

તે સિવાય એક સદાવ્રત ચાલુ કરવામાં આવ્યું કે જેથી કોઇ દેશી કે પરદેશી, સંત, સાધુ, ફકીર, દીન, દુ:ખી બ્રાહ્મણ અગર ગમે તે કોઈ આવે તેને સીધું આપી સંતોષવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી રીતે જે જે સંસ્થાની એને જરૂરીયાત જણાઈ એવી સંસ્થાઓ ખોલી પોતે એની વ્યવસ્થા તપાસી શકે–સંભાળી શકે. એ પ્રમાણે એણે પોતાના જીવનની સફલતા પરમાર્થના કાર્યમાં કરવા માંડી. આવા પારમાર્થિક જીવનથી એના જીવનને નવચેતન મલ્યું. એનું જીવન સફલ થયું એની પોતાની ખંત, કાળજી અને દેખરેખથી સર્વે સંસ્થાઓ વ્યવસ્થાસર અને નિયમિત ચાલતી હતી.

દિવસ ઉપર દિવસ જતાં આ સંસ્થાઓના સ્થાપનથી સમાજને એના મીઠા ફલનો લાભ મલવા લાગ્યો જેથી સમાજની આ સંસ્થાઓ તરફ સહાનુભૂતિ વધી. આ સંસ્થામાં અભ્યાસ કરતી નિરાધાર વિધવાઓ સંસ્થામાંથી નિકળ્યા પછી સ્હેલાઇથી હુન્નરવડે પોતાની આજીવિકા ઇજ્જતભેર ચલાવતી. એટલુંજ નહિ પણ ધાર્મિક જ્ઞાનના સંસ્કારો પડેલા હોવાથી ધર્મક્રિયામાં પણ રસ પૂર્વક ભાગ લઈ પોતાનું આત્મકલ્યાણ કરવાને ચુકતી નહી. સૌભાગ્યવંતી અભણ સ્ત્રીઓ ઘરમાં કંકાશ કરતી અને પતિને વારંવાર પ્રથમ કંટાળો આપતાં ઘરમાં સાસુઓ સાથે પણ અવિનયથી વર્ત્તતી હતી એવી અજ્ઞાન સ્ત્રીઓ પણ ભણીગણીને સુસંસ્કારિત બની થોડું બોલતાં શીખી, બોલવામાં મીઠાશ વપરાવા લાગી અને વર્ત્તન વિનયના સ્વરૂપમાં ફરી ગયું. કુવારી કન્યાઓ પરણીને સાસરે જતાંજ એમનાં સુશીલ વર્ત્તન અને સ્વભાવની કસોટી થઇ. એવી અનેક પ્રકારની કેલવણીથી આ સંસ્થાઓ સમાજમાં ઘણી ઉપયોગી થઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાની જાત મહેનત અને દ્રવ્યનો સદ્વ્યય થતો જોઇ પ્રીતિમતીનું હૃદયપણ ઉત્સાહવંત બન્યું. સમાજમાં એ કલ્યાણી–દેવી તરીકે પૂજાવા લાગી. જગડુશાહ પણ પોતાની પુત્રીના આવાં લોકોપયોગી કાર્યો એની વ્યવસ્થા જોઇ તેમજ સંસ્થામાંથી સારાં ફળ પાકતાં જોઇ ખુશી થયા. વધારે ખુશાલી તો એ હતી કે પોતાની પુત્રીએ જીવનતો ઉદ્દેશ સારામાં સારો શોધી કાઢયો હતો. શોકમાં સંતાપમાં અને આર્ત્તધ્યાનમાં એનું જીવન પસાર થતું હતું એથી એ દિલગીર હતા કેમકે એક તો પૂર્વના પાપકર્મના ઉદયથી આ ભવમાં પણ પુત્રીને છતી સમૃદ્ધિએ દુ:ખ વૈધવ્ય આવ્યું અને એના શોકથી આર્ત્તધ્યાન કરી આગામી જીવન પણ એ બગાડતી હતી. કેમકે આર્ત્તધ્યાન જીવને તિર્યંચગતિમાં ખેંચી જાય છે, ત્યારે રૌદ્રધ્યાન નરકગતિમાં લઇ જાય છે.

આજે તો આટલી બધી વ્યવસ્થાના વ્યવસાયમાં પ્રીતિને કોઇની સાથે વાત કરવાની પણ ફુરસદ મળતી નહોતી તોપછી નકામા વિચારો કરવાનો સમય કે શોક કરવા માટે સમય તે કયાંથી મલે. જેથી યશોદેવનો ગમ–શોક તે સદંતર ભૂલી ગઈ હતી. પોતાને હજી સમયની આવશ્યકતા હોવાથી વખત ફાજલ પાડવાને તે સમયની ઘણી કરકસર કરતી ને થોડો ઘણો સમય મેલવીને પ્રીતિ વૈરાગ્યનાં પુસ્તકો, ધર્મશાસ્ત્રનાં, અને આત્મજ્ઞાન સંબંધીના પુસ્તકોના મનન સાથે અધ્યયન–પઠન કરી પોતાના આત્મભાવમાં–વૈરાગ્યભાવમાં અહર્નિશ જાગૃત રહેતી. એવી સ્થિતિમાં પણ પ્રીતિમતી દેવ, ગુરૂ અને ધર્મની ભકિત

करवानुं भुलती नंही. हमेश नियमित समये ते तीर्थंकरदेवनी सेवा पूजा करी, गुरुने वांदी एमनो उपदेश सांभळती अने यथाशकित व्रतपच्चख्खाण–तपस्या वगेरे करी धर्मनुं पण आराधन करती हती. कारण के आत्मानी पूरेपूरी ओळखाण हजी थई नहोती, तेमज सर्वथा त्यागधर्म स्वीकारवानी के आत्मध्यानमां रकत थवानी पण एनामां योग्यता नहोती. ज्यां सुधी एवा निश्चय समकितनी सर्वांशे प्राप्ति न थाय त्यां लगी देव,गुरु अने धर्मनीभकित करी मन, वचन अने कायाथी व्यवहार समकित पालन करवुं ए सर्वथा योग्य हतुं.

जेम जेम संस्थाओनी प्रसिद्धि देशपरदेशमां थती गई तेम तेम देशना अनेक नामांकित पुरुषो अने स्त्रीओ संस्थानी मुलाकात लेवाने आवतां. एवा मेमानो माटे प्रीतिए दरेक सगवडताओ करी राखी हती. मुलाकात लेनाराओ संस्थानुं कार्य जोई पोतानो आनंद व्यकत करता अने पोताना बाळकोने पण संस्थामां शिक्षण लेवराववाने ललचाता हता. अत्यारे तो प्रीतिए पोताना जीवननो उद्देश लोक कल्याणने माटे नियत कर्यो हतो ते अधिकअंशे परिपूर्ण थयो हतो.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૪ મું.

## ગધેડાને માથે બે શિંગડાં ઉગાડીને પણ દુર્ગ બંધાવીશ.

જગડુશાહ ભદ્રેસરને ફરતો દુર્ગ બંધાવે છે. એ વાત નગરમાં ફેલાતાં લોકો ઘણા ખુશી થયા હતા. સજ્જન વર્ગ પણ એમની પ્રશંસા કરવા લાગ્યો. ભદ્રેસરનો અધિકારી વર્ગ અને એનો હાકેમ પણ જગડુશાહના કાર્યની સ્તુતિ કરતાં મનમાં પ્રસન્ન થયો હતો. ઇતિહાસની દૃષ્ટિએ તેમજ રાજકિય પ્રકરણને અંગે પણ ભદ્રેસરને દુર્ગ ઘણોજ જરૂરનો હતો. ભદ્રેસરના હાકેમ પાસે એટલું નાણું નહોતું. તેમજ પોતે પણ એટલો બધો બાહોશ અને વિચારજ્ઞ નહી હોવાથી એણે દુર્ગ સમરાવવાની વાત પડતી મુકી હતી. પણ જગડુશાહ બંધાવે છે એ વાત સાંભળતાં એના હૈયામાં હર્ષ ઉત્પન્ન થયો હતો. જો કે એ અધિકારી સત્તાધિશ મહારાજ વીરધવલ તરફથી નિમાયેલો હતો, છતાં જગડુશાહ પણ અનેક ગુણાલંકૃત અને દાતાર હોવાથી ભદ્રેસરપતિ એમનું માન સાચવતો. તેમાંય વળી જગડુશાહ પણ ગુજરાતના રાજા વીરધવલના માનિતા હતા. વીરધવલે એમના ગુણથી પ્રસન્ન થઇને જગડુશાહને નગરશેઠની પદવી આપેલી તે આપણે જાણી ગયા છીએ.

જોતજોતામાં જગડુશાહે કીલ્લો બંધાવવાનું કાર્ય પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શરૂ કરી દીધું હતું એ પણ આપણે વાંચી ગયા છીએ. કીલ્લો બંધાવવાનું મુહુર્ત્ત ભદ્રેસરના અધીશ્વર પાસેથી કઢાવી કામ શરૂ કરી દીધું. નામિચા ગણાતા દેશ પરદેશના શીલ્પીઓને તેડાવી એમને સર્વ વાત સમજાવી મજબુતમાં મજબુત ગઢ બાંધવાની સૂચના કરી એમના હાથ નીચે અનેક કારીગરો રોકવામાં આવ્યા. ગરીબ–મજુર વર્ગને પણ એ બ્હાને રોજી મળવાથી તેઓ પણ ખુશી થયા ને જગડુશાહની ઉદારતાનાં વખાણ કરી એમને શુભ દુવાઓ દેવા લાગ્યા. એવી રીતે ઉત્તમ કારિગરોની દેખરેખ નીચે દુર્ગ બંધાવવાનું કાર્ય આજ કેટલાક દિવસ થયાં શરૂ થઈ ગયું હતું.

દુર્ગ બંધાવવાનું કાર્ય નિયમિત ચાલતું જોઈ જગડુશાહનું મન પ્રસન્ન થયું હતું. અઢારે વર્ણને એ કામ પસંદ હતું. એટલું જ નહી પણ નગરના બીજા પ્રતિષ્ઠિત ગ્રહસ્થોએ પણ એ કાર્યને સહાનુભૂતિ આપી હતી. કેટલાકોએ પોતાનો જાતિભોગ આપ્યો હતો. શહેરના મુખ્ય અધિકારીએ પણ તન, મન અને ધનથી મદદ કરી જગડુશાહને વ્યવસ્થા કરવામાં માણસો આપીને પણ ઘણી મદદ કરી હતી તે સિવાય બીજી પણ કેટલીક સગવડ કરી આપી હતી.

એક દિવસ જગડુશાહ પ્રહર દિવસ વિત્યે પોતાના દિવાનખાનામાં બેઠા હતા. ભદ્રેસરનો અધિકારી ભાડલસિંહ પણ અત્યારે એમને ત્યાં આવેલો હતો. તે સિવાય એની સાથે બીજા અધિકારીઓ તેમજ નગરના પ્રતિષ્ઠિત ગ્રહસ્થો આવેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે બધા અત્યારે નિરાંતે બેઠા હતા. તે સમયે ભાડલસિંહે કહ્યું. " શેઠજી ! તમે નગરને દુર્ગ બંધાવો છો એવા સમાચાર આપણે મહારાજ વીરધવલને જણાવીએ તો તે પણ ઘણા ખુશી થશે. જ્યારે પીઠદેવે કીલ્લો તોડી પાડ્યો તે સમાચાર આપણે એમને જણાવેલા, જેથી એમને અધિક દુઃખ થયેલું પણ બીજા વ્યવસાયને લઇને હજી પીઠદેવની એમણે ખબર લીધી નથી. વળી મેં પણ એ માટે કાંઇ અગત્યતા જણાવી નથી. ફરીને કીલ્લો બંધાવવાનો એમનો વિચાર હતો જેથી જ્યારે તેઓ તમે કીલ્લો બંધાવો છો એવી વાત સાંભળશે તે વખતે ખચીત ઘણા રાજી થશે. "

" મહારાજને ખબર તો અવશ્ય આપવી જ જોઇએ. બાપુ ! ખુશી થાય એ તો ઠીક પણ હું નગરને કીલ્લો બંધાવું એમાં એમને નારાજ થવાનું તો કાંઇ કારણ નથી. કારણ કે આ તો એમનું કામજ હું કરી રહ્યો છું. વળી નગરના ગ્રહસ્થોની મને સહાનુભૂતિ છે. આપના જેવા પણ મને સહાય કરી રહ્યા છે. " જગડુશાહેજ પ્રત્યુત્તરમાં જણાવ્યું.

" મને લાગે છે કે નારાજ તો ફક્ત એક જણ થશે. " વચમાં ભાડલસિંહના કારભારી–પ્રધાન બોલ્યા. કારભારીનું કથન સાંભળીને બધા ચમકયા. જગડુશાહે એની સામે જોયું અને પૂછયું. " કોણ નારાજ થશે. "

" પીઠદેવ ! " કારભારીએ કહ્યું.

" પીઠદેવ ! પીઠદેવ શા માટે નારાજ થાય, આપણે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણા નગરના બચાવને માટે નગર ફરતો કોટ કરીએ એમાં એને નારાજ થવાનું કારણ શું ? " વચમાં ભદ્રેસરપતિએ કહ્યું.

" ક્ષત્રીયોનું એવું જ કાર્ય હોય, તેમાંય રાજાઓમાં બહુધા એવું જોવાય છે કે પોતે ગમે તેવું કરેલું કાર્ય બીજો ફેરવી નાખે તો એમાં પોતાનું અપમાન સમજે છે. એ અપમાનનું વેર લેવાને પણ ચુકતા નથી. મહારાજ. " કારભારીએ કહ્યું.

" તમારૂં કહેવું સત્ય હશે. પણ અહીં કાંઇ પીઠદેવનું રાજ્ય નથી. મહારાજ વીરધવલની આ ભૂમિ છે. એક વખત આવીને એ ફાવી ગયો ને ગઢ તોડી પાડ્યો એથી શું આપણે એનો ડર રાખીને ન કરાવીએ. છતાં હજી સુધી પીઠદેવ નારાજ થયો હોય એવા સમાચાર આપણે સાંભળ્યા નથી. " વચમાં જગડુશાહ બોલ્યા.

" બાકી પીઠદેવ છે તો જબરો, એ નારાજ થયો હોય તો ચડી આવ્યા વગર રહે નહી એવો છે ? " ભદ્રેસરપતિએ કહ્યું.

" પીઠદેવ માનો કે આ દુર્ગની વાત સાંભળીને તોડી પાડવાને ચડી આવે તો આપ આ વખતે શહેરનો બચાવ કરો કે નહી ? " જગડુશાહે પૂછયું.

જગડુશાહનું કથન સાંભળીને તે વિચારમાં પડ્યો. "મારૂં ચાલે ત્યાં લગી તો બચાવ કરૂં ! પણ એની પાસે, લશ્કરી, બળ ઘણું છે ને એ પોતે પણ જબરો છે. "

" અત્યારે એ પીઠદેવ ક્યાં ભદ્રેસર ઉપર ચડી આવવાને નવરો પડ્યો છે મુકોને એ વાત ? કાંઇ બીજી વાતો કાઢો ? " વચમાં એક જણાએ કહ્યું.

એટલામાં એક નોકરે આવીને એમની ચાલુ વાતોમાં ભંગાણ પાડયું. " શેઠ સાહબ ? બહાર કોઇ માણસ આવ્યો છે તે આપને મળવા માગે છે. "

" મને મળવા માગે છે. કોણ છે એ માણસ ? તેં એને પૂછયું કંઇ ? " જગડુશાહે પોતાના નોકરને પૂછયું. બધા વિચારમાં પડી ગયા. " કોણ માણસ હશે એ ? "

" હા ? મેં એને પૂછયું ? "

" શું કહ્યું એણે ? "

" એ માણસ પીઠદેવ નૃપતિના સમાચાર આપને પહોંચાડવાને આવ્યો છે ? " નોકરે કહ્યું.

પીઠદેવનું નામ સાંભળીને સર્વે માણસો અજાયબ થયા. એ આવેલા સમાચાર સાંભળવાને આતુર થઇ રહ્યા. "શું હશે એ સમાચાર ? "

" પીઠદેવનો માણસ આવ્યો છે ? ઠીક છે એને અંદર તેડી લાવ ? " જગડુશાહે પોતાના અધર કરડતાં કહ્યું. જગડુશાહનો હુકમ સાંભળીને નોકર ચાલ્યો ગયો.

બધા માણસો અંદર અંદર ગુસપુસ વાતો કરવા લાગ્યા. ભદ્રેસરપતિ પણ પીઠદેવનો માણસ આવેલો જાણીને મુંઝાયો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

"કોણ જાણે શું હશે એ મોહકાણુના સમાચાર ? ન કરે નારાયણ ને ફરીને વળી આફત આવે ? "

બધાની આતુરતા વચ્ચે નોકર પીઠદેવના દૂતને લઇને દિવાનખાનામા આવ્યો. પીઠદેવનો દૂત જગડુશાહનાં વિશાળ ભુવન એમની સમૃદ્ધિ અને વૈભવ જોઇને અજાયબ થયો. અત્યારે નાનામોટા નગરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો તેમજ અધિકારીઓ જગડુશાહ આગળ બેઠેલા હતા, નિર્ભયપણે જગડુશાહ બધાની સાથે વાત કરી રહ્યા હતા. ભદ્રેસરપતિને પણ જગડુશાહની સમીપમાં બેઠેલા પીઠદેવના દૂતે જોયા. એ લક્ષ્મીથી શોભતા જગડુશાહની ભવ્યતા જોઇ દૂત અંજાઇ ગયો.

કાસદે–દૂતે સ્વસ્થતા મેળવીને જગડુશાહને નમીને પોતાના સ્વામીનો સંદેશો સંભળાવ્યો, "જગડુશાહ ! આપ વિપુલ લક્ષ્મીના માલિક હશો, પણ કાંઇ સત્તાધીશ નથી. ઠકુરાઈવાળા નથી. આપ વણીક છો. વણિક હમેશાં ચતુર હોય છે જેથી એમને સમજાવતાં વાર લાગતી નથી ડાહ્યા પુરૂષો પોતાના અને પરના બળનો વિચાર કરીનેજ કાર્યની શરૂઆત કરે છે છતાં આપે એ ડહાપણનો બરાબર ઉપયોગ કરેલો જણાતો નથી. ? "

"શા માટે તારે એમ કહેવું પડે છે અવિચારી કાર્ય મેં શું કરેલું છે. વળી તું કોણ છે ? અને કોના તરફથી આવેલો છે ? એતો જણાવતોજ નથી. પ્રથમ મુદ્દાનીવાત કહે બીજી પછી ? " જગડુશાહે કહ્યું. બધાની આંખો આ દૃષ્ય નિહાળવામાં આતુર હતી હૈયાં ધડકી રહ્યાં હતાં.

"હા! હું હવે મુદ્દાની વાત ઉપરજ આવું છું. શેઠજી! મુદ્દાની વાત ઉપર આવતાં આટલી તો પ્રથમ પ્રસ્તાવના થઇ. આપે ભદ્રેસરનો દુર્ગ બંધાવવા માંડયો છે એ સમાચાર મારા સ્વામી થરપારકરના નૃપતિ પીઠદેવ મહારાજને મલતાંજ એ ઘણા ગુસ્સે થયાછે તેઓ લશ્કર લઇને આપને કેદ કરી ભદ્રેસરની ભૂમિને તારાજ કરવાને આવતા હતા પણ ડાહ્યા પ્રધાનોની સલાહથી એમણે પ્રથમ આપને એક સંદેશો મોકલાવ્યો છે ?" કાસદે સફાઇથી વાત કરવા માંડી પોતાના સ્વામીની ઉત્કૃષ્ટતા બતાવવા માંડી. એ સંદેશો સાંભળવા સર્વેનું ચિત્ત અધિરૂં થઇ રહ્યું.

"શું છે તારા સ્વામીનો સંદેશો ?" જગડુશાહે ઓષ્ટ ડંસતાં કહ્યું.

"સાંભળો ? એ સંદેશો ? મારા સ્વામી તમને હુકમ કરી જણાવે છે કે ભદ્રેસરનો દુર્ગ મેં તોડી પાડેલો તે ચણાવવાની જગતમાં કોઇની તાકાત તો છે નહી. છતાં જગડુશાહ એ દુર્ગ લક્ષ્મી મદથી ઉદ્ધત બનીને બંધાવે છે તો વિચાર કરવો પડશે. પહેલીવાર તો ભદ્રેસરનો દુર્ગ તારાજ કર્યો. બીજી વખત હવે જ્યારે આવીશ ત્યારે ભદ્રેસર શહેરનો નાશ કરી નાખીશ માટે જગડુશાહ આ હુકમ મલતાંજ દુર્ગ જેટલો થયો હોય તેટલો તોડી પડાવી તારૂં કાર્ય બંધ કરી દેજે, કેમકે "ગધેડાના માથા ઉપર જો બે શિંગડાં ઉગે તોજ ભદ્રેસરને હવે તો મારા જીવતાં ફરીને કોઇ કિલ્લો બાંધી શકે ?" મારા સ્વામીનો એ હુકમ તમારે ઝટ પાળવો જોઇએ ને કીલ્લાનું કામ હવે સદં-

તર બંધ કરી દેવુ કે જેથી તમારા કુટુંબનું તથા નગરનું રક્ષણ થાય, તમારી ઇજ્જત આબરૂ સચવાય." એટલું બોલીને દૂત જગડુશાહનો જવાબ સાંભળવા થોભ્યો. દૂતની કઠોરવાણી સાંભળીને બધા તે જડ જેવાથઈ ગયા. ભદ્રેસરનો અધિપતિ પણ શું જવાબ આપવો એના વિચારમાં પડયો. એતો આભોજ થઇ ગયો.

પણ સર્વે કોઈ જગડુશાહ આનો શું જવાબ આપે છે તે સાંભળવાને આતુર થઇ રહ્યા. પીઠદેવનાં આવાં કઠોર વચન સાંભળીને વીરહૃદયવાળા જગડુશાહનું હૈયું ક્રોધથી ફફડયું. ગુસ્સાથી રેખાઓ વદન ઉપર સ્પષ્ટ જણાવા લાગી. ક્રોધથી એમની આંખો લાલ લાલ થઇ ગઈ.

"શું તારો સ્વામી એટલો બધો ગર્વ ધરાવે છે, આ ભૂમિ કાંઇ તારા સ્વામીની નથી. એ એણે ખાસ ધ્યાનમાં રાખવું. જ્યારે આ ભૂમિજ એની નથી તો પછી અમારે એની આજ્ઞા માન્ય કરવાનું કાંઇ કારણ નથી. એક વખત તારો સ્વામી કીલ્લો તોડીને ફાવી ગયો જેથી બીજીવાર ભદ્રેસર તારાજ કરવાનો શું ભય બતાવે છે? અમે અહીંયાં દુર્ગ બંધાવીએ એમાં એના બાપનું કાંઇ જાય છે ?" જગડુશાહે ગુસ્સાથી કહ્યું.

"અરે જગડુશાહ ? વિચાર કરો ? મોટાની સાથે વેર ન કરો ? તમારા સમાચાર હું જણાવીશ કે તરતજ મારો સ્વામી મોટા લશ્કર સાથે ચડી આવી તમારા સહીત ભદ્રેસરનો નાશ કરી નાખશે. પછી તમારો સ્વામી વીરધવલ તો ગુજરા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમાંથી લશ્કર લઇને આવશે ત્યારની વાત ત્યારે ! હજી પણ વિચાર કરીને સમજી જાઓ ! બળીયા સાથે વેર કરવાથી શું ફાયદો ?" દૂતે ભયનું દર્શન કરાવી જગડુશાહને સમજાવ્યો.

"બેશક! તારા સ્વામીને જઇને તું જણાવ? કે જગડુશાહ **'ગધેડાને માથે બે શિંગડાં ઉગાડીને પણ અવશ્ય કીલ્લો બંધાવશે.'** સમજ્યો જગડુ લીધેલું કાર્ય કોઇ દિવસે અધુરૂં મુકતોજ નથી." જગડુશાહે પોતાનો નિશ્ચય જણાવ્યો. એ શબ્દો જુસ્સાથી ભરેલા અને સ્પષ્ટ નિશ્ચયને દેખાડનારા હતા. એનું વીરહૃદય પણ ક્રોધથી કંપી રહ્યું હતું. જગડુશાહનું પ્રચંડ શરીર અત્યારે ક્રોધથી કંપ્યા કરતું હતું. કેટલાકને લાગ્યું કે– " જગડુશાહ બળીયા સાથે વેર બાંધે છે એ ઠીક નથી કારણકે ગમે તેમ તોય એ–રાજા દેશનો ધણી ને આપણે ભલેને લક્ષ્મીવાળા રહ્યા તોય વણીક ! "

ભદ્રેસરપતિ પણ જગડુશાહનો આવો સંદેશો સાંભળીને તાજુબ થયો. " શું જગડુશાહ મારી ઉપર આધાર રાખીને આવો સંદેશો આપતા હશે ? કાલે સવારે એનું લશ્કર ચડી આવશે ત્યારે હું એનો બચાવ કરી શકું તેમ નથી તો તેમની અત્યારે શું ઇચ્છા હશે. " ભદ્રેસરપતિ પણ વિચારમાં પડયો.

" શું ત્યારે તમારો આ જુવાબ આખરનો છે ? અરે જગડુશાહ ! સમજો જરી ? અત્યાર સુધી હું તો સમજતો હતો કે વણિક જાત ડાહી હોય છે પણ મારી એ માન્યતા તમે

ખોટી પાડી અતિશય દ્રવ્યના અભિમાનથી તમે મારા સ્વામી સાથે વિરોધ કરીને નાહક તમારા કુળનો ક્ષય કરાવશો ? આજે પૃથ્વી ઉપર એવો કયો વીરપુરૂષ છે કે જે મારા સ્વામીના તેજ સાથે સ્પર્ધા કરીને સુખી રહ્યો હોય ? કેમકે દીવાનું તેજ જોઈ પતંગીયું તો આમાં પડીને નાશજ પામે ! અરે જગડુશાહ ! તમારા જેવા વૈશ્ય સાથે યુદ્ધ કરતાં પણ મારો સ્વામી શરમાશે જેણે મોટા પ્રચંડ ભુજબળોથી દંડ કરનાર, સઘળા શત્રુ રાજાઓના પ્રતાપ એક ક્ષણ માત્રમાં હરી લીધા હોય એને તમારો તે વળી શું હીસાબ. કેસરીસિંહ આગળ બકરાનું શું જોર ? માટે મારા સ્વામીના હુકમ કબુલ કરી ડીલ્લો બાંધવાનો તમારો પ્રયત્ન હજી પણ છાડી દ્યો ! અને બંધુ વર્ગની સાથે તમારી લક્ષ્મીનો સુખેથી તમે ઉપભોગ કરો ! પછી તો આગ લાગ્યા પછી કુવો ખોદવા એ નકામું છે. પાણી પહેલાંજ પાળ બાંધવી કે જેથી પાછળથી પશ્ચાત્તાપ કરવાનો સમય ન આવે. " દૂતે પોતાની ચાલાકી પૂરેપૂરી અજમાવી જોઈ.

દૂતનાં વચનની જગડુશાહને કાંઈ પણ અસર ન થઈ. એ તો નિર્ભય અને નીડર હતો " અરે વાચાળ. તારો સ્વામી કાંઈ જગતનો ધણી નથી કે એનાથી હું ડરી જાઉં. જા ! હવે એક શબ્દ પણ ના બોલતો મેં તને કહ્યું તેમ ગધેડાને માથે બે શિંગડાં ઉગાડીને પણ હું ડીલ્લો અવશ્ય બંધાવીશ. હું કંઈ તારા સ્વામીથી ડરતો નથી સમજ્યો. " એમ કહીને દૂતનો જગડુશાહે તિરસ્કાર કર્યો.

જગડુશાહે તેપછી તરતજ દૂતને પોતાનો સંદેશો કહી સંભળાવી એનો આતિથ્ય સત્કાર કરી એને વિદાય કરી દીધો એણે જઇ જગડુશાહનો સંદેશો સભા સમક્ષ પીઠદેવ નૃપતિને કહી સંભળાવ્યો. રાજા પીઠદેવ જગડુનો ઉદ્ધત સંદેશો સાંભળીને ઘણોજ ગુસ્સે થયો.

પીઠદેવના દૂતના જવા પછી સઘળા વિચારમાં પડયા કે પીઠદેવ હવે જરૂર ચઢી આવવાનો, એના બચાવ માટે શું કરવું ! આતો ઉલટું બકરી કાઢવા જતાં ઉંટ ઘુસી ગયું. બધાના ચહેરા જગડુશાહના આ સંદેશાથી ફીક્કા પડી ગયા. જગડુશાહે એમને આશ્વાસન આપ્યું.

" બંધુઓ ! તમે જરીયે ફીકર ન કરશો. હું એ પીઠદેવને પહોંચી વળીશ. હું જાણું છું કે ભદ્રેસરમાં એનો બચાવ કરવા જેટલી આપણી પાસે યુદ્ધ સામગ્રી તેમજ યોદ્ધાઓની સંખ્યા નથી. તેની પરવા નહી. એનો રસ્તો હું કરી લઇશ. "

" તમે શું કરશો જગડુશાહ ? ભદ્રેસરપતિએ કહ્યું. " કાલે સવારે એ ભદ્રેસર ઉપર આવશે ત્યારે આપણી લાજ શી રીતે રહેશે ? "

" તમે રજપુત ક્ષત્રીય શૂરવીર થઇ આવું નિર્માલ્ય શું બોલો છો ? બાપુ ! હું આવતી કાલેજ મહારાજ વીરધવલ પાસે જેમ બને તેમ જલદી જઇને એમને આ સઘળી વાત નિવેદન કરીશ. એમની પાસેથી કેળવાયેલ લશ્કરની મદદ લઇ આવીને કીલ્લો ચણાવીશ. પણ કીલ્લો તો હું અવશ્ય ચણા-

વીશ. " જગડુશાહની વાત સાંભળીને બધા તો ઠરીજ ગયા. ભદ્રેસરપતિને પણ એ વિચાર ઉમદા જણાયો.

સર્વે જાણતા હતા કે—" જરૂર ગુર્જરપતિ વીરધવલ જગડુશાહને મદદ કરશે. એમનું કાર્ય અવશ્ય સિદ્ધ થશે."

" આપનો એ વિચાર ઉત્તમ છે માર્ગમાં આપ સંભાળીને પ્રવાસ કરજો. કે જેથી શત્રુ તરફનો કોઇ માણસ આપને હરકત કરે નહી તેમાટે હું આપની સાથે લશ્કરની એક ટુકડી મોકલી આપીશ. " અધિકારીએ વિવેક કર્યો.

" મને એની કાંઇપણ જરૂર નથી. એવી રીતે પ્રવાસ કરતાં તો શત્રુને ખબર પડી જાય હું કોઈ ગુપ્ત વેશે કચ્છમાંથી નીકળી ગુજરાત તરફ જઇશ, વળી વીરધવલ મહારાજના પ્રધાનો વસ્તુપાલ અને તેજપાલ અમારા સાહધર્મિક હોવાથી મને ઠીક સગવડતા રહેશે. મહારાજનો મેલાપ–વાતચિત પણ તુરત થશે. જેમ બનશે તેમ લશ્કર લઇને હું જલદી ભદ્રેસર આવી પહોંચીશ. " જગડુશાહે કહ્યું.

" આપના કાર્યની અમે ફત્તેહ ઇચ્છીએ છીએ. ભદ્રેસર નગરનો અધિષ્ઠાયક આપને સહાયકારી થાઓ ? આપની મુસાફરી–સફળ સફળ થાઓ ? " બધાઓએ જગડુશાહની સફર સફળ ઇચ્છી.

" તમારી વાણી ફળો ? પણ તમે બધા જો ભદ્રેસરના અને મારા હિતસ્વી હોતો એક કામ કરજો. મારી ગુજરાત જવાની વાત તમે જરાપણ તમારા સિવાય બીજાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાવશો નહી તો મને મુસાફરીમાં ઘણી સગવડના રહેશે. ” જગડુશાહે કહ્યું.

“ બેશક, તમારૂં વચન અમને માન્ય છે, અમારાં અંતરમાંજ એ વાત રહેશે, તમારા હિતમાં જ અમારૂં હિત છે. ભદ્રેસરને લાભ તો અમને પણ લાભ છે, ” સર્વેએ એ વાત કબુલ કરી તે પછી સર્વે પોતપોતાને મકાને ગયા. ભદ્રેસરનો અધિકારી પણ પોતાના અધિકારીઓ સાથે પોતાને સ્થાનકે ગયો.

તેપછી બીજેજ દિવસે જગડુશાહ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવાને માટે પોતાનાં આપ્ત માણસો સાથે ગુજરાત તરફ ચાલ્યા ગયા. પરમદેવસૂરિપણ વિહાર કરી ગયા હતા. કેમકે ઉત્તમ મુનિઓ ચોમાસા સિવાય એક સ્થાનકમાં લાંબો સમય રહેતા નથી.

## પ્રકરણ ૨૫ મું.

### શાસન.

જયંતસિંહની પ્રીતિમતી સાથેની છેલ્લી મુલાકાત પછી એના હૃદયમાં ઘણું પરિવર્ત્તન થઇ ગયું હતું. જે પ્રીતિમતી તરફ એનું દીલ વર્ષો પર્યંતથી લોભાયેલું હતું. જેને માટે તે મનમાં અનેક પ્રકારના વિકારમય સંકલ્પવિકલ્પો કર્યા કરતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો, એ દ્રષ્ટિ, એ બુદ્ધિમાં હવે પરિવર્ત્તન થયું હતુ. અત્યારસુધી એનામાં વિકારમય બુદ્ધિ હતી હવે પ્રીતિ તરફ જેતશ્રીને પૂજ્ય દૃષ્ટિ ઉત્પન્ન થઇ હતી. એના તેજ, ગૌરવમાં એને સદ્‌ભાવ ઉત્પન્ન થયો હતો છેલ્લી મુલાકાત પછી એને ખાતરી થઇ કે પ્રીતિમાં માનુષી નહી પણ દૈવી ગુણો હતા. આટલી નાની ઉમરમાં એની દુ:ખ સહન કરવાની શક્તિ, એની ગંભિરતા, એની ધિરજ એને અદ્દભૂત લાગ્યાં. એ સદ્‌ગુણોનું, દૃઢતાનું અને શીયલનું અપૂર્વ તેજ એના વદન ઉપર ઝળહળી રહ્યું હતું, એના જીવનની ઉચ્ચતા આગળ એને પોતાનું જીવન તુચ્છ લાગેલું. આહા ? પોતે પુરૂષ છતાં બુદ્ધિમાન અને ગુણવાન છતાં કેવું પોતાનું તુચ્છ વિકારમય જીવન ? એને પોતાના એ તુચ્છ જીવન માટે ઘણોય પશ્ચાત્તાપ થયેલો, અને એના પ્રાયશ્ચિતના બદલામાં એના મનમાં થયું કે આપણે પણ પ્રીતિમતીનેજ માર્ગે ચાલવું. પરણીને સંસારી થવા કરતાં સંસારમાં યથાશકિત ધર્મ સાધન કરી સત્યમાર્ગે ચાલી આત્મ કલ્યાણ કરતાં મનુષ્ય જીવન શામાટે સફલ ન થાય ! એને પણ ત્યાગ માર્ગનો રસ્તો વધારે ઉચિત જણાયો. પરણીને ઉપાધીમાં પડવા કરતાં પરમાર્થમાં—યાગમાં વિશેષ લાભ જણાયા.

છેલ્લી મુલાકાત પછી જયંતના મનમાં બેન તરીકેની વિશુદ્ધ ભાવના જાગૃત થઇ હતી. પોતાની સગી બ્હેન હોય એના કરતાંપણ પ્રીતિને અધિક ભક્તિ—પૂજ્ય બુદ્ધિથી બ્હેન તરીકેના સદ્‌ભાવથી સન્માનતો હતો, તેમાંય પ્રીતિમતીનાં

પરમાર્થીક કાર્યો, એનાં સારાં ફ્લ જોઈને તો એના મનમાં પ્રીતિ તરફ અધિક.પૂજ્ય બુદ્ધિ જાગૃત થઇ હતી. પોતે તરૂણ સુંદર યુવક છતાં જગડુશાહની મહેરબાનીથી અત્યારે પાસે સારૂં દ્રવ્ય છતાં જયંતસિંહે પણ મનને દૃઢ કરવાનો અભ્યાસ કરવા માંડયો. વિષય વિકારો પોતાને પીડે નહી તે માટે તે સાદુ ભોજન જમતો, સાદાં વસ્ત્રોમાં આનંદ માનતો. ન છુટ-કેજ વિગ્ર્ય વાપરતો બહુ ઓછુ હસતો ઓછુ બોલતો, અને હંમેશાં ગંભિર રહેતો. બની શકે તો પરોપકારના કાર્યમાં તન મન અને ધનથી જાતિ ભોગ આપી સેવા બજાવતો ફુર-સદને સમયે તત્વજ્ઞાનનાં, આત્મતત્વનાં પુસ્તકો વાંચી ધર્મના ઊંડાં તત્વોનો અભ્યાસ કરતો. એના મનનમાં ચિત્તને એકાગ્ર કરી એ ધર્મ ધ્યાનમાંજ લીન થઇ જતો.

જયંતસિંહ હોંશીયાર, ચાલાક અને જગડુશાહનો મા-નિતો મુનિમ હોવાથી એની પાસે મુડી પણ સારી થયેલી, જેથી એની ન્યાતવાળા પોતાની છોકરીઓ આપવાને તલપી રહ્યા હતા. પણ ઉપકાર સાથે એ સર્વેની માગણીઓને ના પાડતો. પુત્રની આવી રીત ભાતથી એની માતાનું મન ઘણું કચવાતું હતું. તે વારંવાર જયંતને લગ્ન કરવાને સમજાવતી, છતાં પુત્ર કદિ પોતાનો નિશ્ચય ફેરવતો નહી. એણે તો હવે સાધુ જીવનજ પસંદ કર્યું હતું. સંસારિક વાસનાઓથી તૃપ્તિ કરતાં ત્યાગમાંજ આત્મકલ્યાણ હતું. મોક્ષનો એ માર્ગ હતો. ગરીબ બિચારી એની માતા! પુત્રના નિશ્ચય આગળ એનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાંઇ ફાવતું નહી. જેથી મનમાં દુ:ખ ધરતી, શોકનાં આંસુ પાડતી સમય નિર્ગમન કરતી હતી. વહુને ઘરમાં રમતી ફરતી જોવાની કઈ સાસુને અભિલાષા ન હોય !

જેતસી કોઇ કોઇ વાર સમય મળતાં પ્રીતિમતીની સંસ્થાઓનું નિરિક્ષણુ કરવાને જતો તેમજ પ્રીતિ સાથે પણુ તેને અંગે કેટલીક વાતચિત કરી પોતાનો અભિપ્રાય આપતો હતો. તેમજ ફુરસદને સમયે જુદા જુદા ધર્મ સંબંધી વિષયોમાં ચર્ચા પણ કરતો હતો.

એક દિવસે બપોરના સમયે પ્રીતિમતી જમી પરવારીને હાથમાં આત્મજ્ઞાનનું પુસ્તક લઇને બેઠી હતી, અત્યારે એને થોડીક ફુરસદ હોવાથી કેટલીક શંકાઓનું સમાધાન કરવા એણે જેતસીને બોલાવ્યો. જેતસીએ આવીને એની કેટલીક શંકાઓનું સમાધાન કર્યું. તે સિવાય પ્રથમ એને મન જડ સ્વભાવવાળું છતાં આત્મા ઉપર આટલી બધી હકુમત ચલાવે છે એ સંબંધી શંકા થયેલી, તે ઉપર પણ કેટલીક ચર્ચા બન્ને વચ્ચે થઇ.

ચર્ચા પૂરી થતાં જેતસીએ બ્હેનની રજા લેવા માંડી. એટલે પ્રીતિએ કહ્યું. “ ભાઇ ? જરી બેસ, મારે તને આજ એક વાત કહેવી છે ? ”

“ શી વાત કરવી છે બ્હેન ? ” એમ કહીને જયંતસિંહ પાછો પોતાના આસને બેસી ગયો. પ્રીતિમતી ખિન્નતાથી

J. ૧૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્દોષપણે જેતસી તરફ જોઇ રહી. "તું આજકાલ કેટલાય સમયથી હમેશાં ઉદાસ કેમ રહે છે વારૂ ? તારૂ હેયું ભરેલું શાને રહે છે. ભાઈ ?"

"મને ઉદાસી ? ના ? ના ? બ્હેન ! એમાં તમારી કંઈક ભૂલ થાય છે. શામાટે હું ઉદાસ રહું ?"

"ત્યારે શું હું ખોટું કહું છું ? મારી માન્યતા કાંઈ ભૂલ ભરેલી છે ?" પ્રીતિમતી બોલી.

પોતાની આંખો પ્રીતિમતી તરફ ફેરવી જેતસી બોલ્યો "હા"

"હા, કહીને તું વાત ઉડાવશે તે નહી ચાલે ! શું તારા હૃદયમાં દુઃખનો કંઈ ભાર નથી?" પ્રીતિમતીએ પ્રેમ ભાવે કહ્યું.

"મારા હૃદયમાં દુઃખનો ભાર છે. એમ તમને કોણે કહ્યું બ્હેન ?" શાંતિથી જેતસી બોલ્યો.

"કોઈ શું કહે? તારાવર્ત્તન ઉપરથી, તારી ગંભિરતા ઉપરથી અને ત્હારા ઉદાસ ચ્હેરા ઉપરથી શું હું એટલું પણ અનુમાન ન કરીશકું ? પણ એતો કહે ભલા કે તેં ત્હારા જીવનનો શું ઉદ્દેશ ઘડયો છે. ?"

"મારા જીવનનો ઉદ્દેશ ? એ તમે જાણીને શું કરશો બ્હેન ? એમાં કંઈ માલ નથી. પુરૂષના જીવનના તે વળી શા ઢંગ ઘડા હોય." જેતસીએ વાત ઉડાવી. "જે વાતમાં માલ નહી તે કરવાથીયે શું ફાયદો ?" જેતસીની વાત પ્રીતિમતીના હૃદયમાં ઠસતી નહોતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"શું ત્યારે તેં જીવનનો કંઇ પણ ઉદ્દેશ નક્કી કર્યો નથી કે ?" પ્રીતિમતીએ ફરીને ચોકસી કરી.

"પણ આજે આ વાત કરવાનું કાંઇ કારણ ?"

"હા, કારણ છે. એ તો કહે ભલા પ્રથમ તો તું સ્ત્રીઓના સન્માનની વાતો કરતો હતો. આજે એ સ્ત્રીઓ તરફનું તારૂં સન્માન છે કે નષ્ટ થયું વારૂ ?"

"સ્ત્રીઓ તરફની મારી માન બુદ્ધિ કાંઇ નાશ પામી નથી. મેં તમને જે કહેલું તે તદ્દન વ્યાજબીજ કહ્યું છે." જેતસીએ વાસ્તવિક ઉત્તર આપ્યો.

"એ....મ. જ્યારે સ્ત્રીઓ તરફ તું આટલી બધી સન્માનની નજરથી જુએ છે તો તું પોતે લગ્ન કરીને સમાજને તે કેમ બતાવી આપતો નથી ?" પ્રીતિમતીએ મુદ્દાની વાત કરી.

"હું લગ્ન કરૂં તોજ સમાજમાં સારો દાખલો બેસાડી શકું, એવો કાંઇ નિયમ છે, બ્હેન ? લગ્ન વગર પણ મનુષ્ય હ્રદયમાં રહેલાં સ્ત્રીઓ તરફનાં માન, સન્માન કાંઇ ઢાંક્યાં રહેતાં નથી."

"તો શું ત્યારે લગ્ન કરવાનો તારો ઇરાદો નથી કે ?" આતુરતાથી પ્રીતિમતિએ પૂછયું,

"ના ?" તેણે ટુંકમાં પતાવ્યું.

"લગ્ન નહીં કરવાનું કાંઇ કારણ ?" પ્રીતિમતીએ કારણ જાણવા માગ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"કારણ કાંઇ નહીં ? મને લાગે છે કે લગ્ન કરવાથી હુ સુખી નહી થઈ શકુ ?"

"ત્યારે શું તું અત્યારે સુખી છે. ?"

"બેશક ! પવિત્ર જીવન ગુજારૂં છું. ધર્મશાસ્ત્ર ઉપરાંત તમારી માફક આત્મજ્ઞાનનાં પુસ્તક વાંચી એમાંજ હું મજા માનું છું." જેતસીએ ખુલાસો કર્યો.

"અને લગ્ન કરે તો તને આત્મકલ્યાણ કરવાનો સમય ન મળે કેમ ?"

"એતો ઉપાધિમાં પડવાનું, ગળામાં જોતરૂં ભરાવવાનું, એ બંધનમાં બંધાયા પછી મારાથી તો કાંઇ ન થઇ શકે. એવાં મોહ બંધનો તો આપણે તોડવાં જ જોઈએ. તોજ આત્મતત્વને ઓળખી શકીયે, ત્યાગના માર્ગે આપણે આગળ વધી શકીયે. જેતસીએ જણાવ્યું."

"તો શું તું જીંદગી પર્યંત કુંવારો રહીશ."

"બ્રહ્મચર્યનું પાલન કરીશ. તમારા પગલે ચાલી જીવન સફલ કરીશ."

"શામાટે તું બલાત્કારે આટલો બધો સંયમ કરે છે. તું સમજતો નથી કે સ્ત્રી અને પુરૂષોના જીવનમાં ઘણોજ તફાવત છે તે ?"

"બલાત્કારે શામાટે, હું મારી રાજીખુશીથી મનને સંયમમાં રાખતાં શીખું છું. મને એ ગમે છે." જેતસીએ કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તું એ બધું ઉપર ઉપરથી કહે છે. તારો ઉદાસ ચહેરો રોજ કહી આપે છે કે તારૂં હૈયું દુઃખથી કેવું ભરેલું છે !"

તમારો એ ખાલી ખ્યાલ છે. મને શું જગતમાં ઓછું છે. શેઠની મારી ઉપર રહેમનજર છે. માતાનો સ્નેહ છે. તમારા જેવાં સુશીલ બ્હેન છે."

"તે છતાં હજી ઓછું છે. લગ્ન સિવાય એ બધુ અધુરૂં જ કહેવાય."

"લગ્ન તો વાસનાઓની તૃપ્તિને માટે છે. જેની વાસનાઓ નષ્ટ થઇ હોય એવા પુરૂષને માટે લગ્ન ઉચિત નથી. નેમિનાથ ભગવાન્ કયાં પરણ્યા હતા !"

"ત્યારે જો તારૂં મન આટલી હદ સુધી વૈરાગ્યમાં આગળ વધેલું છે તો પછી ત્યાગ-દીક્ષા કેમ લેતો નથી ?"

"માતાને દુઃખ થાય તે માટે ?" જેતસીએ કહ્યું.

"તારી માતાના અવસાન પછી ત્યારે તું દીક્ષા લઇશ કે?"

"ભાવના તો અત્યારે છે. બનવું ન બનવું એતો ભાવીને હાથ છે."

"ખોટું શામાટે મારી આગળ બોલે છે. ? તારી માતાને દુઃખ થાય એવું તું કાંઇ કરતો નથી કે ?"

પ્રીતિમતીનો આ પ્રશ્ન સાંભળીને જેતસી ચમકયો. "એમ કેમ કહો છો ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"હું પૂછું એનો સાચો કે ખોટો જવાબ દે."

"મારી માતાને સુખી રાખવા હું પ્રયત્ન તો અવશ્ય કરૂં છું. કવચિત અમારા વિચાર ભેદમાં એને દુઃખ થાય તેમાં હું નિરૂપાય છું."

"જો તારી માતાને તારે સુખી કરવી હોય તો તારે પરણવું જ જોઇએ. તું ભલે વૈરાગી હોય, છતાં માતાના સુખની ખાતર, એમની ઈચ્છા તારે પુરવીજ જોઇએ. તું નેમનાથ ભગવાનનો દાખલો આપે છે, પણ એ ભગવાન પણ માતા પિતાના આગ્રહથી પરણવા તો ગયા હતા. અરે! જંબુસ્વામીને પ્રભાતે દીક્ષા લેવાની હતી છતાં પણ માતા પિતાની આજ્ઞા માન્ય રાખી આઠ સ્ત્રીઓ સાથે એમણે લગ્ન કર્યાં હતાં. માતાના ઉપકારનો બદલો તો ત્યારેજ વાળી શકાય કે પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ માતાની આજ્ઞા માન્ય રાખે."

પ્રીતિમતીની વ્યાજબી દલીલ સાંભળીને જયંતસિંહ મૌન થઇ ગયો. "તમારી આગળ હું હારી ગયો બ્હેન!"

"જો હારીશ તો તારે લગ્ન કરવાં પડશે, તારી માતાને ખુશી કરવા ખાતર પણ તારે પરણવું પડશે." પ્રીતિએ કહ્યું.

"પણ આજે તમને થયું છે શું? કે એની એ વાત કરો છો?" જયંતે કંટાળો ખાતાં કહ્યું.

"કોઇ પણ રીતે હું તને પરણેલો જોવાને ઇચ્છું છું. માટે જો મારૂં વચન નહી માનશે તો પિતાજી આવશે એટલે

એમને કહીને પણ તારાં લગ્ન માટે હું ભલામણ કરીશ. ” પ્રીતિમતીએ પોતાનો નિશ્ચય જણાવ્યો.

“ ત્યારે શું મારે પરણવું જ પડશે ? અને ન પરણું તો તમે બધાં શું કરશો ?” જયંત બોલ્યો.

“ ત્યારે શું તું અમારા બધાનાં વચન ઉથાપશે કે ? ”

“ તમે ખોટી જીદ કરો છો ? અત્યારે જેવો હું સુખી અને સંતોષી છું તેવો પરણ્યા પછી નહી થાઉં ? ”

“ ભલે તું ન થા ? અમે બધાં તો થઈશું ને ? ”

“ કોઇ દિવસ નહીં ને આજે તમને આવું કોણે સમજાવ્યું ? ”

“ સમજાવે કોણ ? મારે તને પરણેલો જોવો છે, તારી વહુ જોવી છે–તને સુખી જોવો છે. ”

“ હું તો સુખીજ છું. અને નથી તો ભલે નથી. મારૂં સુખ તો શેઠની નોકરીમાં, તમારી માફક પરમાર્થમાં અને ધર્મ-શાસ્ત્રના પઠનમાં સમાયું છે. મારા જીવનનો આજે તો એજ ઉદ્દેશ ઘડાયો છે. એનાથી વધારે સુખ મેળવવા જાઉં તો વળી હાથ ઘસતો રહી જાઉં ? ”

“ નહી, તારી ચતુરાઇમાંની એક પણ મારી આગલ ચાલવાની નથી. તારે પરણવું જ પડશે. ”

“ ઠીક છે ! તો મને વિચાર કરવાદ્યો ? ” આખરે જેતસીએ કંટાળો ખાતાં કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રીતિમતી અને જયંતસિંહને એ પ્રમાણે રકઝક થતી હતી એ અરસામાં કંઇ કાર્ય પ્રસંગે વિજયા ત્યાં આવી પહોંચી. સત્તર-અઢાર વર્ષના નવીન તારૂણ્યના યૌવન હિંડોળે ઝુલી રહેલી વિજયા અત્યારે સાદાં વસ્ત્રો છતાં અનુપમ લાગતી હતી. એનું ભરેલું શરીર, નિર્દોષ હાવભાવો, એનું ચાતુર્ય, લાવણ્યતા અને ઘાટીલું સુડોળ ગૌર શરીર પુરૂષને આકર્ષવાને પુરતું હતું.

આ બંનેને રકઝક કરતાં જોઇ વિજયા પ્રવેશ કરતાં અટકી. તરતજ પ્રીતિમતીએ કહ્યું. "આવની વિજયા! અત્યારે અમે ભાઈ બ્હેન કજીઓ કરી રહ્યાં છીએ. તું બરાબર ટાંકણેજ આવી છે માટે અમારો ઇન્સાફ કર?"

પ્રીતિમતીના સત્કારથી વિજયા અંદર આવી પ્રીતિમતીની જોડમાં બેઠી. "શું કજીઓ કરી રહ્યાં છો બેન?" વિજયાએ જયંતસિંહ તરફ દૃષ્ટિ કરતાં કહ્યું. "કેમ બેન! જયંતસિંહ સાથે શું રકઝક કરી રહ્યાં છો?"

વિજયા જયંતસિંહના સુડોળ ઘાટીલા અને સુંદર વદન તરફ એક નજરે જોઇ રહી.

"ભાઇ? તું વિજયાને ઓળખે છે કે?" પ્રીતિમતીએ જેતસીને પૂછયું.

જેતસીએ મસ્તક ધૂણાવીને કહ્યું. "ના!"

"ગામમાં રહે છે કે જંગલમાં? આ વિજયા પણ તારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન્યાતિનીજ છે-ઓશવાળ છે! અને મોંકમશાહની પુત્રી થાય છે ?" પ્રીતિમતીએ ખુલાસો કર્યો.

"એ શેના ઓળખે; અમે રહ્યાં ગરીબ માણસ, ને એ મોટા માણસ ?" આસ્તેથી મૃદુ હાસ્ય કરતાં વિજયાએ કટાક્ષયુક્ત વાગ્બાણ છોડયું. કોણ જાણે એ બાણ છોડતાં એનુ દઢ હૈયું કેમ શિથિલ જણાતું હતું.

વિજયાના વચન સાંભળીને જયંતસિંહ ચમકયો. વિજયા તરફ એક તીવ્ર દષ્ટિ ફેંકી પોતાના વિશાળ નયન એના તરફ ફેરવ્યાં. વિજયાની આકર્ષક મુખમુદ્રાએ પણ એના મનનું આકર્ષણ કર્યું હતું.

ચારે આંખો ભેગી થતાં વિજયા શરમાઈ ગઇ અને એણે પોતાનાં નયન નીચે ઢાળી દીધાં.

# પ્રકરણ ૨૬ મું.

## ધવલક્કપુરમાં.

આપણી નવલ કથાના સમયમાં ધવલક્કપુરમાં પાટણનો માંડલિક વીરધવલ ગુજરાતને ફરી ઉન્નત બનાવવા વસ્તુપાલ અને તેજપાલને પડખે રાખીને નવું રાજ્યતંત્ર સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યો હતો. વીરધવલને ગુર્જરેશ્વર ભોળાભીમદેવે યુવરાજ પદવી આપી, પોતાની પાછળ ગુજરાતનો રાજમુ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કુટ એને અર્પણ કરેલો હોવાથી એને નવું રાજ્યતંત્ર સ્થાપન કરવામાં ઠીક અનુકુળતા થઈ હતી. એણે પોતાના પરાક્રમથી પાટણના માંડલીકો–સામંતો બધા સ્વતંત્ર થઇ બેઠા હતા તેમને યુદ્ધભૂમિ ઉપર જીતી પોતાના તાબેદાર બનાવ્યા હતા. કેટલાક યુદ્ધ ભૂમિમાંજ મરણ પામતાં એમની ગાદીએ એમના વારસોને બેસાડી પોતાની આણ મનાવી હતી. કાઠીયાવાડ, કચ્છ, સિંધ તથા ગુજરાતમાં સ્વતંત્ર થઈ બેઠેલા રાજ્યો તાબે કરી સર્વત્ર શાંતિનું સ્થાપન કર્યું હતું. તેમજ શત્રુઓની લક્ષ્મી લુંટીને અખુટ ખજાનો પણ તર કર્યો હતો. એણે વસ્તુપાળ અને તેજપાળની સહાયથી દક્ષિણના યાદવોને, મારવાડના રાજાઓને પણ તોબાહ પોકરાવી હતી અને મહારાષ્ટ્ર સુધીનો મુલક કબજે કર્યો હતો. વીરધવલના શાંતિ સ્થાપન કર્યા પછી દેશમાં આબાદી, ઉન્નતિ વ્યાપાર, હુન્નર આદિ વધ્યે જતાં હતાં, તેમજ નીચ, હલકા, અને જાલિમ માણસોની સંખ્યા નાબુદ થતાં ખુન ચોરી વગેરે ગુન્હાઓ પણ ઓછા બનતા હતા. અને કરમાં ઘટાડો કરેલો હોવાથી પ્રજાનો પણ રાજા તરફ સારો સદ્ભાવ હતો. અને જે કર લેવાતો તે પ્રજાનાં સુખ, સગવડના સાધનમાં વપરાતો હતો. ટુંકમાં ગુજરાત ફરીને આબાદ–જાહોજલાલીને શિખરે પહોંચેલું જણાતું હતું.

યુવરાજ વીરધવલ પણ પ્રજાવત્સલ સાથે ગુણગ્રાહક હોવાથી વિદ્વાનોનું સારૂ સન્માન કરતો હતો. રાજસ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ભામાં પંડિતો સાથે ઘણીવાર જુદા જુદા વિષયો ઉપર તે ચર્ચા કરતો હતો. રાજ્યગુરૂ સોમેશ્વર, હરિહર કવિ, માણિકયસૂરિ મલ્લવાદિસૂરિ, બાલચંદ્રકવિ, વસ્તુપાલ આદિ મુખ્ય વિદ્વાનો હતા. કેટલાક પંડિતોને રાજ્ય તરફથી સારૂં વર્ષાસન મલતું હતું. વળી મહાઅમાત્ય વસ્તુપાળ વિદ્વાન હોવાથી તે પણ વિદ્વાનોની કદર સારી રીતે કરતા હતા. પરાક્રમથી શત્રુઓને તાબે કરી શાંતિ સ્થાપ્યા પછી યુવરાજ વીરધવલ શાંતિપૂર્વક સુખ–વિનોદમાં પોતાનો કાળ વ્યતિત કરતા હતા.

યુવરાજ વીરધવલના પિતા મહામંડલેશ્વર લવણપ્રસાદ ઘણોખરો સમય પાટણમાંજ ભીમદેવની સેવામાં રહેતા હતા. એમનું પરાક્રમ તે જમાનામાં પ્રસિદ્ધ હોવાથી શત્રુ રાજાઓ એમનું નામ સાંભળીને કંપતા હતા. યુવરાજને શાંતિ સ્થાપન કરવામાં પિતાનું વિક્રમપણુ ડીક કામ લાગ્યું હતું. પિતાની સલાહથીજ યુવરાજે ધવલક્કપુરમાં નિરાળુ રાજ્યતંત્ર સ્થાપન કર્યું હતું. જો કે મહામંડલેશ્વર લવણપ્રસાદ અણહિલ્લપુરમાંજ રહેતા હતા; છતાં ધવલક્કપુર પણ આવતા જતા હતા. જો કે શત્રુ રાજાઓને દબાવી હાલમાં એઓ નિર્ભય થયા હતા. છતાં દિલ્હી તરફનો ભય ભારતના સ્વતંત્ર રાજયોને માથે જઝુમી રહ્યો હતો. એ આફત કયારે ફાટી નીકળશે એ અચોક્કસ હતું, જેથી એ તરફની નિરંતર ચિંતા રહ્યા કરતી હતી.

હાલમાં શાંતિ હોવાનું કારણ આ સમયે દિલ્હીમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજ્ય ખટપટ ચાલી રહી હતી. દિલ્હીની સુલ્તાના રજીયા બેગમ એક ગુલામ ઉપર આશક થવાથી અમીર-ઉમરાવો તથા સરદારો એની ઉપર ખફા થયા હતા. એની મોટી મોટી ખટપટો ચાલી રહી હતી; છતાં પરિણામે રજીયા બેગમ રાજ્યભ્રષ્ટ થઇ. અને એના ભાઇના હાથમાં રાજ્યસત્તા આવી. સુલતાના રાજ્યભ્રષ્ટ થવા છતાં બહારથી મદદ મેળવીને દીલ્હીનું તખ્ત ફરીને હાથ કરવા અનેક ખટપટો કરી રહી હતી. જેથી એનો ભાઇ મૌજુદ્દિન પોતાની સલ્તનત સ્થિર અને નિર્ભય કરવાના પ્રયાસમાં પડી ગયો હતો. એજ ગુજરાતને માટે શાંતિનું કારણ હતું. બાકી તો મુસલમાન સુલતાનો ગુજરાત જીતવાને તો ટાંપીને બેઠા હતા. અનુકુળ સમયનીજ રાહ જોતા હતા. પણ ખુદ પોતાની રાજ્યધાનીની ખટપટોમાંથી એમને કુરસદ જ કયાં મલતી હતી!

મહા મંડલેશ્વર લવણપ્રસાદના ધવલક્કપુર આવ્યા પછી એક દિવસ મહામંડલેશ્વર, યુવરાજ વીરધવલ અને વસ્તુપાલ ખાનગી એ વિષયનેજ લગતી વાતો કરતા બેઠા હતા. તેઓ દીલ્હીમાં શું ખટપટો ચાલે છે? સુલતાનો શું કરે છે? શું નવીન બને છે? એની રોજે રોજની ખબરો ચાલાક દૂતો દીલ્હીમાં રાખીને મેળવતા હતા. એ વિષયની વાતચિત કરતાં કંઇક નિર્ણય કર્યા બાદ સામંતો, માંડલિકોની વાતપર આવ્યા. એ અરસામાં દ્વારપાલ પ્રવેશ કરી નમન કરીને ઉભો રહ્યો. "મહારાજ! જગડુશાહ નામના ગૃહસ્થ કચ્છદેશના ભદ્રેસર

નગરથી આપની મુલાકાતે આવ્યા છે. કોઇ અગત્યના કામ માટે આપની પાસે આવવાની રજા માગી રહ્યા છે. ”

જગડુશાહને પિતા, પુત્ર જાણતા હતા જેથી એમણે મહા અમાત્ય વસ્તુપાલ સામે જોયું. અને દ્વારપાલને જગડુશાહને અંદર તેડી લાવવાની આજ્ઞા આપી.

દ્વારપાલ થોડીજવારમાં જગડુશાહને લઇને અંદર આવ્યો, જગડુશાહે પિતા પુત્રને તેમજ મહાઅમાત્ય વસ્તુપાલને જોયા. પિતા પુત્રને પ્રણામ કરી ઉત્તમ ઉત્તમ ભેટો, સુંદર આભૂષણો વગેરે લાવેલા હતા તેનું નજરાણું કર્યું. પિતા પુત્રે પણ જગડુશાહ તરફ મીઠી નજર કરી. જગડુશાહની ઉમ્મર પચ્ચાશેક વર્ષની હતી. એનો ભરાવદાર ચહેરો, સ્થૂલ શરીર, વિશાળ આંખો અને શ્રીમંતાઇને શોભે એવાં એમના અંગ ઉપર વસ્ત્રો હતાં. ગૌરવર્ણયુક્ત વદન અને શારીરિક સંપત્તિ તંદુરસ્ત હોવાથી દેવસમાન કાંતિ જણાતી હતી. જગડુશાહે નજરાણું મુકીને લવણપ્રસાદ અને યુવરાજ વીરધવળને નમન કર્યું. તે પછી મહાઅમાત્ય વસ્તુપાલને પ્રણામ કર્યા.

એ નમનના પ્રત્યુત્તરમાં પિતા પુત્રે એક મીઠું હાસ્ય કરીને જગડુશાહનું સ્વાગત કર્યું. યોગ્ય જગ્યાએ બેસવાની સૂચના કરી કુશળ વર્તમાન પૂછયા. ભદ્રેસરની–કચ્છદેશની ખબરો પૂછી. પ્રજાના સુખ દુઃખની વાતો પણ પૂછી લીધી. જગડુશાહે તે બધાના ઉત્તર રીતસર આપવાથી પિતા પુત્ર ખુશી થયા.

કચ્છદેશની - ખબરો આપતાં જગડુશાહે પણ સમયને અનુસરીને એમની સ્તુતિ કરી. " હે દેવ ? સર્વે શત્રુઓનો નાશ કરીને તમે બધે શાંતિ સ્થાપન કરી, ત્યાં ભદ્રેસરનું તો પૂછવુંજ શું ? તમારા પ્રતાપથી શત્રુઓનાં તેજ ઝાંખાં પડી ગયાં છે. તમારી તલવારે ઠેઠ યમુનાજીના પ્રવાહમાં સ્નાન કરી આવી અનેક શત્રુઓને પ્રાણ ત્યાગ કરાવ્યા છે. પણ એક પીઠદેવ આપની આજ્ઞા નહી માનતો હોવાથી આજે ભદ્રેસર ભયમાં આવી પડયું છે. મહારાજ ? "

" શું પીઠદેવથી ભદ્રેસર ભયમાં આવી પડયું ? એ પીઠદેવ કોણ છે ? ભદ્રેસરનો કીલ્લો તોડી પડાવ્યો તેજ કે એ પીઠદેવ ? " યુવરાજ વીરધવળ બોલી ઉઠયો.

" હા ! મહારાજ ! એજ પીઠદેવ ! આજે એટલામાં એ બળવાન થઇ પડયો છે. એનું નામ સાંભળીને શત્રુઓ રાડ પાડી રહ્યા છે. " જગડુશાહે કહ્યું.

જગડુશાહનો જવાબ સાંભળી યુવરાજ હાથ ઉપર હાથ ઠોકતો બોલ્યો. " ઓહ ! મંત્રીશ્વર ! આપણે તો એની ખબર લેવી ભૂલીજ ગયા. નાનો રજવાડો જાણીને આંખ આડા કાન કર્યા. પણ એતો ફાટી ગયો લાગે છે શું ? "

" એ થરપારકરનો રાજા છે શું ? થરપારકર તમારા કચ્છ દેશની નજીકમાંજ આવેલું છે. જેથી એ તોફાન કરી રહ્યો છે કે ? " મહાઅમાત્ય વસ્તુપાલે જગડુશાહને પૂછયું.

" જી ? કચ્છના રણની ઇશાન કોણે થરપારકર નામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાનો દેશ આવેલો છે. ત્યાંનો એ રાજા છે. બળવાન સૈન્યથી એટલા આસપાસના મુલકોમાં એની રાડ પડે છે. " જગડુશાહે જણાવ્યું.

" પણ ભદ્રેસર ઉપર એના તરફથી ભય આવવાનું શું કારણ છે ? " લવણપ્રસાદે પૂછયું.

" આપણે ત્યાં અધિકારી તો રાખ્યો છે ખરૂંને મંત્રીશ્વર ? નગરનો બંદોબસ્ત અધિકારી રાખતો નથી કે શું ? " વીરધવલે પૂછયું.

" આપણો અધિકારી તો ત્યાં છેને ?" મહાઅમાત્યે કહ્યું.

" આપનો નિમેલો અધિકારી જો કે ભદ્રેસરના રક્ષણ માટે તેનાથી બનતી કાળજી રાખે છે; પણ આસપાસનો કોઇ રાજા કે કીલ્લેદાર ચડી આવતાં યુદ્ધમાં ઉતરવાને પ્રસંગ આવે તો તે સમયે એની પાસે પૂરતું સૈન્ય નહી હોવાથી તેમ એટલી બધી હોંશીયારી નહી હોવાથી એ સમયે શહેર અવશ્ય ભયમાં આવી પડે. " જગડુશાહે સ્પષ્ટીકરણ કર્યું. " હાલમાં પણ એક એવો પ્રસંગ ઉભો થયો છે માટે હું આપની પાસે મદદ લેવા આવ્યો છું. "

" શું પ્રસંગ ઉભો થયો છે, ભલા ?" લવણપ્રસાદે પૂછયું.

" મહારાજ ? સ્વર્ગસ્થ મહારાજાધિરાજ ભીમદેવ બાણાવળીએ ભદ્રેસર ફરતાં બંધાવેલો મજબુત દુર્ગ થરપારકરના રાજા પીઠદેવે કેટલાક સમય પહેલાં તોડી પડાવ્યો એતો આપની ધ્યાનમાંજ છે. નગરજનોનાં સુખ, સગવડ અને રક્ષ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણુને માટે એ દુર્ગ હાલમાં ફરીથી બંધાવવાની મેં શરૂઆત કરી છે. આ વાત પીઠદેવના જાણવામાં આવતાં એણે મને ભયનું દર્શન કરાવ્યું છે, ભદ્રેસર તારાજ કરવાનું કહ્યું છે ને ઉપરથી મને જણાવે છે કે " ગધેડાને માથે બે શિંગડાં ઉગે, તોજ તું દુર્ગ બંધાવી શકે. " જગડુશાહ એટલું બોલીને શ્વાસ લેવા થોભ્યા.

" તમે એનો શું જવાબ આપ્યો ? " યુવરાજે હસીને પૂછ્યું.

" મહારાજ ? મેં પણ એનો એવોજ સખ્ત જવાબ આપ્યો છે કે ' ગધેડાને માથે બે શિંગડાં ઉગાડીને પણ હું અવશ્ય કીલ્લો બંધાવીશ. ' જેથી વહેલો મોડો પીઠદેવ સમય જોઈને ભદ્રેસર ઉપર ચડી આવશે પણ ત્યાંના અધિકારી પાસે સૈન્ય બળ નહી હોવાથી ભદ્રેસરને માથે સંપૂર્ણ ભય આવી પડવાનો સંભવ છે. માટે હું આપની પાસેથી શૂરવીર પુરૂષોનું ઉત્કૃષ્ટ પરાક્રમવાળું સૈન્ય લેવાને આવ્યો છું. આપના એ સૈન્યની મદદથી મારૂં કામ નિર્વિઘ્ને પરિપૂર્ણ થશે. ભદ્રેસરને માથેથી આફત પણ ટળી જશે. " જગડુશાહે કહ્યું.

જગડુશાહનું વચન સાંભળી પિતા પુત્ર પીઠદેવ ઉપર ગુસ્સે થયા. અને વિચાર કરવા લાગ્યા. " બાપાજી ? પીઠદેવે ભદ્રેસરનો ગઢ તોડી નાખ્યો એ તો આપણે જાણીયેજ છીએ, પણ આપણે બીજાં યુદ્ધ વગેરેના કાર્યમાં રોકાયેલ હોવાથી એ વાત પણ ભૂલી ગયા હતા. ભદ્રેસરને ફરી ગઢ બંધાવવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ આપણો વિચાર છે. તો પછી નગરશેઠ જગડુશાહ પોતેજ કોટ બંધાવે તો ભલે બંધાવે, આપણે એમને સૈન્યની મદદ આપીએ." વીરધવલ એ પ્રમાણે કહી પિતાનો જવાબ સાંભળવા થોભ્યો.

"તારૂં કથન વ્યાજબી છે, પણ પીઠદેવ શું એટલો બધો જોરાવર અને ઉદ્ધત થઇ ગયો છે કે તે કોટ બંધાવવાના કાર્યમાં વિઘ્ન નાંખવાનું ને આપણો ક્રોધ વ્હોરી લેવાનું સાહસ કરી રહ્યો છે ?" લવણપ્રસાદે પૂછયું.

પિતાનો પ્રશ્ન સાંભળી યુવરાજે મંત્રીશ્વર સામે જોયું. એટલે મહાઅમાત્ય વસ્તુપાલ બોલ્યા. "મહારાજ ! પીઠદેવ એટલો બધો જોરાવર નથી પણ ઉદ્ધત અને મિથ્યાભિમાની તો છે, તેથી આપણા અધિકારીની નબળાઇનો લાભ લઈ ભદ્રેસર ઉપર ચડી આવે એ સંભવિત છે માટે આપણે શેઠને અવશ્ય મદદ કરવી જોઇએ." મંત્રીશ્વરે પોતાનો અભિપ્રાય આપ્યો.

"ત્યારે એ અધિકારી આપણને કેમ કાંઇ જણાવતો નથી ?" લવણપ્રસાદે પૂછયું.

"એટલી એનામાં બુદ્ધિની ખામી અને બેદરકારી છે." મહાઅમાત્યે કહ્યું.

"મંત્રીશ્વર ! તાબાના અધિકારીઓ આવી બેદરકારી રાખી ખરી વસ્તુથી આપણને અજાણ રાખે એ તો ઠીક ન કહેવાય. એમને તો શિક્ષા કરવી જોઇએ. તમે એ ભદ્રેસરના અ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધિકારીને અહીંયાં બોલાવી તેની જગ્યાએ બીજા કોઇ સારા અધિકારીની નિમણુક કરો ? ” યુવરાજે આજ્ઞા સૂચક શબ્દો કહી સંભળાવ્યા.

“ આપની આજ્ઞાનો તરતજ અમલ થઇ જશે. મહારાજ ? હું આપના વિચારને મળતો થાઉં છું ” મહાઅમાત્યે યુવરાજની આજ્ઞાનો સ્વીકાર કરતાં કહ્યું.

“ બાપાજી ? નગરશેઠ જગડુશાહે જે હકીકત જણાવી એ માટે આપની શું સલાહ છે ? ” યુવરાજે જગડુશાહ તરફ જોઇ વાતનો નિવેડો લાવવાને લવણપ્રસાદને પૂછયું.

“ નગરશેઠની વાત મને સત્ય જણાય છે. વળી દુર્ગ બંધાવવાનું કામ તો આપણું છે. તેમ છતાં આપણું–રાજ્યનું જ કામ જ્યારે એ પોતે કરવાને તૈયાર થયા છે તો આપણી ફરજ છે કે આપણે અવશ્ય એમને મદદ કરવી. જગડુશાહની સાથેજ એમની મદદમાં આપણું સૈન્ય મોકલી આપવું, અને દુર્ગ બંધાઈ રહે ત્યાંસુધી તે ત્યાં રહે એવી ગોઠવણ કરવી. ” લવણપ્રસાદે અભિપ્રાય આપ્યો. જગડુશાહના દુર્ગ બંધાવવાથી મહામંડળેશ્વર અધિક પ્રસન્ન થયા હતા.

“ હું પણ આપના વિચારને મળતોજ થાઉં છું. શેઠને આપણે સહાય કરવી. ધનની આવશ્યકતા હોય તો તે પણ આપવી કે મંત્રીશ્વર ! તમારી શું સલાહ છે ? ” પિતાને જવાબ આપી યુવરાજે મંત્રીશ્વરનો અભિપ્રાય માગ્યો.

“ આપનો વિચાર શ્રેષ્ઠ છે. એમને ધન, અને સૈન્યની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મદદ કરવી એજ આપણું કર્ત્તવ્ય છે. એવા રાજ્યભક્ત અને દેશવત્સલ પુરૂષને આપણે અનુકૂળ સગવડો આપવીજ જોઇએ." મંત્રીશ્વરે પણ અનુમોદન આપ્યું.

"મહારાજ ?" જગડુશાહ અંતરમાં આનંદ પામતાં બોલ્યા. "આપનો પ્રજા પ્રેમ, લોકોના રક્ષણ માટેની કાળજી અને ઉદારતા જાણી હું ઘણોજ આનંદ પામ્યો છું અને તે માટે આપનો ઉપકાર માનું છું. આપનું રાજ્ય અમર તપો? અને પ્રજા સુખમાં રહો. પણ નામવર ! મને ધનની તો આવશ્યક્તા જરાય નથી; કારણ કે આપના પુણ્ય પસાયે મારી પાસે પુષ્કળ ધન સંપત્તિ છે, પણ મને માત્ર જરૂર છે આપના સૈન્ય બળની. અને એ ચિંતા આપે મારી ટાળી દીધી એટલે હવે હું નિશ્ચિંત થયો છું."

જગડુશાહનું કથન સાંભળીને પિતા પુત્ર હસ્યા. પછી યુવરાજે મંત્રીશ્વર વસ્તુપાળને આજ્ઞા કરી કે—"શેઠને પાંચ હજાર સૈનિકોનું સૈન્ય આપો ? કે જેથી એમનું કામ નિર્વિઘ્ને સમાપ્ત થાય."

યુવરાજનું વચન વસ્તુપાલે માન્ય કર્યું. તે પછી લવણ-પ્રસાદે કહ્યું. "હાલમાં તો દસ દિવસ રોકાશોને ? મંત્રીશ્વર ? શેઠની બરાબર બરદાસ્ત કરજો" પ્રથમ જગડુશાહને કહી પછી મંત્રીશ્વરને જણાવ્યું. "ને ભદ્રેસર મોકલવાના સૈન્યની આજ્ઞા યુદ્ધમંત્રી તેજપાળને આપી દેજો."

એમ કહીને સમય થઈ જવાથી પિતા–પુત્ર ઉભા થયાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે મંત્રીશ્વર અને જગડુશાહે પણ એમનું અનુકરણ કર્યું. "મહારાજ આપના આગ્રહ માટે હું આપનો આભાર માનું છું. પણ અહીયાં વધારે રોકાવું મને પાલવે એમ નથી. આપની મદદથી કોટનું કામ જેમ બને તેમ જલદીથી પુરૂં કરવાની ઇચ્છા છે." જગડુશાહે આભાર માનતાં કહ્યું.

જગડુશાહનું વચન સાંભળી પિતા પુત્ર માત્ર સ્મિત કરીને ત્યાંથી ચાલ્યા ગયા. તેમના ગયા પછી વસ્તુપાળ જગડુશાહને સાથે લઇ પોતાના મકાને વાતો કરતા કરતા આવ્યા.

તે પછી દસ–બાર દિવસ જગડુશાહ મંત્રીશ્વરનું આતિથ્ય સ્વીકારીને પાંચ હજાર ઉત્તમ યોદ્ધાઓને લઇ ભદ્રેસર તરફ રવાને થયા.

# પ્રકરણ ૨૭ મું.

## યુવરાજ વીરધવલ.

વિક્રમની ચોથી સદીમાં વલ્લભીપુરની જાહોજલાલી અપૂર્વ હતી. સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર વલ્લભીપુરનું રાજ્ય સર્વે રાજ્યોમાં કેન્દ્ર સમાન ગણાતું હતું. સંવત ૩૭૫ માં વલ્લભીનો કાકુ નામના વૈશ્યની ખટપટથી ભંગ થયો તો પણ એનો સંપૂર્ણ વિનાશ થયેલો નહી હોવાથી એણે બીજી પણ બે ત્રણ સદીઓ જોઈ હતી; કેમકે ત્યારપછી સંવત ૪૭૭ માં તે પછીના શિલાદિત્યના સમયમાં શ્રી ધનેશ્વરસૂરિએ એજ વલ્લભીપુરમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શત્રુંજય મહાત્મ્યની રચના કરી રાજાને પ્રતિબોધ્યો છે; તેમજ સંવત ૫૧૦ માં શ્રી દેવર્દ્ધિ ક્ષમા શ્રમણ ગણિએ વલ્લભીપુરમાં જૈનાગમો પુસ્તકારૂઢ કર્યાં ને વલ્લભી વાચના ત્યારથી શરૂ થઇ. ગમે તેમ પણ વિક્રમની ચોથી સદી પછી વલ્લભીની જાહોજલાલીના તેજનો ક્ષય તો અવશ્ય થયો.

વલ્લભીપુર પછી વિક્રમની આઠમી સદીમાં વઢીયારદેશમાં પંચાસરની જાહોજલાલી આર્યા વર્ત્તનું ધ્યાન ખેંચી રહી હતી. ત્યાંનો છેલ્લો રાજા જયશિખરી ચાવડો પણ પરાક્રમી અને પ્રજાવત્સલ હતો. એની પહેલાં કોણ રાજા પંચાસરની ગાદી ઉપર આવ્યો અને પંચાસરમાં રાજ્યગાદી ક્યારે અને કોણે સ્થાપી એ બધું હજી અપ્રસિદ્ધ છે. માત્ર એટલુંજ ઇતિહાસથી સિદ્ધ થાય છે કે જયશિખરીના સમયમાં પંચાસરની જાહોજલાલી આર્યાવર્ત્તના ઉચ્ચ શિખર ઉપર હતી. એવી રીતે વલ્લભીના તેજનો ક્ષય થતાં પંચાસરના ભાગ્યનો ઉદય થયો.

પંચાસરા પાર્શ્વનાથની ઘણા મહાત્મ્યવાળી પ્રતિમા પણ વલ્લભીમાં હતી. વલ્લભીક્ષય થતાં પહેલાં અધિષ્ઠાયક દેવના પ્રભાવે ત્યાંથી અદ્રશ્ય થઇને પંચાસરમાં આવી. કેટલોક કાલ પંચાસરમાં પૂજાણી. એથી એ પાર્શ્વનાથનું નામ પંચાસરા પાર્શ્વનાથ પડયું. હવે પંચાસરના તેજનો ક્ષય થવાનો સમય પણ આવી પહોંચ્યો.

વિક્રમની આઠમી સદીના લગભગ મધ્યકાળમાં એ પંચાસરની જાહોજલાલી દક્ષિણ દેશમાં આવેલા કલ્યાણીનગ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રના ભુવડ સોલંકીને ખુંચી. જેથી તે મોટા લશ્કર સાથે ગુજરાત ઉપર ચડી આવ્યો. એ યુદ્ધમાં લડતાં જયશિખરી રણમાં પડયો અને એની ગર્ભવંતી રાણી રૂપસુંદરી પોતાના ભાઇ સુરપાલ સાથે વનમાં નાશી ગઈ. પરદેશી રાજ્યનો અમલ થતાં ગુજરાતમાં અંધાધુંધી ચાલી. જુલમ, ત્રાસ પ્રજા ઉપર વર્ત્તાઇ રહ્યાં હતાં.

ગર્ભવંતી રાણી રૂપસુંદરીને પુત્રનો જન્મ થયો. વનમાં જન્મેલો હોવાથી એનું નામ વનરાજ રાખવામાં આવ્યું. રાણી રૂપસુંદરીને જૈનાચાર્ય શ્રી શિલગુણસૂરિનો આશ્રય મલવાથી સૂરિના આશ્રયમાં મા દિકરો ગુપ્તપણે રહ્યાં દરમીયાન દસ વર્ષ વહી ગયાં.

રાજબીજ વનરાજનું ભાગ્ય જોર કરતું હોવાથી તે પછી તે તેના મામાના આશ્રયમાં રહ્યો. ત્યાં થોડો વખત ચોરી લુંટફાટ કરી પોતાની લડાયક શક્તિઓને ખીલવી. એ અરસામાં ચાંપરાજ નામના એક જૈન વણિકનો એને પરિચય થયો. અને તેને પોતાના મંત્રી તરીકે રાખ્યો. એક વખત ભુવડનું લશ્કર સોરઠ દેશની ખંડણી ઉઘરાવીને જતું હતું તે બધી ખંડણી વનરાજે ચાંપાની મદદથી લુંટી લીધી. એ આખીય આઠમી સદી મારફાડમાં વનરાજે પૂર્ણ કરી. નવમી સદીની શરૂઆતમાંજ ગુજરાત ઉપર સોનાનો સૂરજ પ્રકાશવા લાગ્યો.

વિક્રમ સંવત ૮૦૨ માં વનરાજે જાંબ મંત્રી (ચાંપરાજ) ની મદદથી નવું નગર વસાવ્યું. ગુજરાતના કેંદ્ર સમા એ પાટ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગરની વાત સાંભળીને શ્રીમાલપુરથી ઘણા શ્રીમાલીઓ ત્યાં વસવાટ કરવાને ઉતરી આવ્યા; તેમજ બીજા પણ મથાં દેશ અનેક જૈનો આ નવાનગરમાં વસવાને આવ્યા. પોતાના રાજ્યાભિષેક થયા પછી વનરાજે ચાંપરાજને મહા અમાત્યની પદવી આપી. નિન્નગમંત્રી ને મંત્રી બનાવ્યો એના પુત્ર લહીરને એની યુદ્ધ કુશલતાથી પ્રસન્ન થઇને પાટણના દંડનાયકની પદવી આપી. તે સિવાય બીજા અનેક શ્રીમાલીઓને મંત્રીના, કારભારીના, ભંડારીના, ખજાનચીના વગેરે અનેક હોદ્દા આપ્યા. એ રીતે પાટણની શરૂઆતથીજ જૈનો રાજ્ય વ્યવસાયમાં પડી ગયા. પોતાના રાજાને અને પાટણને પોતાનું ગણી તન મન અને ધનથી નિમકહલાલી બતાવી કાર્ય કરી રહ્યા હતા.

પંચાસરમાં રહેલી શ્રી પંચાસરા પાર્શ્વનાથની પ્રતિમા પંચાસરના તેજનો ક્ષય થતાં મહાભૂજ વનરાજે પોતાની માતાની પૂજાને અર્થે પાટણ આણી ને એક મોટું રમણીય મંદિર બંધાવી તેમાં પ્રતિષ્ઠિત કરાવી. અને પોતાની ભક્તિ નિમિત્તે પોતાની પ્રતિમા પણ ત્યાં બેસાડી.

ચાંપરાજ (જાંબમંત્રી) તેમજ અનેક જૈનોના પરિચયથી તેમજ શિલગુણસૂરિના ઉપદેશથી વનરાજ જોકે જૈન જેવો હતો; છતાં પોતે રાજા હોવાથી દરેક ધર્મો ઉપર ઉદાર ભાવ રાખી દરેક દેવાલય-મંદિરોમાં દર્શને જતો હતો. છતાં અહિંસામય ધર્મનો એ ચુસ્ત ભક્ત હતો.

વનરાજના વંશમાં એ પછી અનુક્રમે સાત રાજા થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાતમો રાજા સામંતસિંહ દારૂના વ્યસનમાં પડી જવાથી રાજરક્ષા તેનાથી થઇ શકી નહી. જેથી સંવત ૯૯૮ માં ચાવડા વંશની ગાદી સોલંકી વંશમાં એટલે સામંતસિંહના ભાણેજ મૂળરાજને હાથ ગઇ. એ રીતે ૧૯૬ વર્ષ પર્યંત ચાવડા વંશના રાજાઓએ ગુજરાતનુ તખ્ત ભોગવ્યું.

મૂળરાજે ગુજરાતના તાજની જવાબદારી લીધા પછી એણે રાજ્યમાં ઘણો વધારો કર્યો. જુનાગઢ, કચ્છ, સિંધ વગેરે જીતીને પોતાનો મુલક વધાર્યો. એણે તિલંગ દેશના સેનાપતિ બારપને યુદ્ધમાં ભગાડ્યો ને સાંભરનો રાજા પણ એની સામે લડવા આવેલો તે એને પરાક્રમી જાણીને નાશી ગયો. દીર્ઘકાળ પર્યંત ગુજરાતનું વિશાળ રાજ્ય ભોગવ્યા પછી એનો કુંવર ચામુંડરાજ ગુર્જરેશ્વર થયો. ચામુંડરાજ યુવરાજ હતો ત્યારથીજ એનું પરાક્રમ પ્રસિદ્ધ હતું. એણે લાટના રાજાને હરાવી તાબે થવાની ફરજ પાડી હતી. એની પછી વલ્લભરાજ, દુર્લભરાજ ગાદી ઉપર આવ્યા. દુર્લભરાજ જૈનાચાર્ય જીનેશ્વર સૂરિનો ભક્ત હતો. એજ રાજા તરફથી જીનેશ્વર સૂરિને ખરતરગચ્છનું બિરૂદ મળ્યું હતું.

દુર્લભરાજ પછી એનો ભત્રિજો યુવરાજ ભીમદેવ તરૂણ વયમાંજ ગુર્જરેશ્વર થયો. એણે માળવાના ભોજને હરાવ્યો હતો. તે સિવાય એના સમયમાં ગિજનીનો સુલતાન મહમદ અણહિલ્લપુર ઉપર ચડી આવ્યો. રાજાને એના પરાક્રમથી હારીને નાશી જવું પડયું. મહમદે સોરઠ જઇને સોમનાથનું પ્રસિદ્ધ દેવળ તોડી નાખ્યું અને પુષ્કળ ધનસંપત્તિ ત્યાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઇ ગયો. તે સાથે સોમનાથના શિવલિંગના ટુકડા કરીને તેને પણ ગિજની ઉપાડી ગયો. અને પોતાના રાજદરબારમાં ચડવાનાં પગથીયાં હતાં ત્યાં દટાવ્યા જેથી દરેક લોક એની ઉપર પગ મુકીને દરબારમાં જઇ શકે. સંવત ૧૦૭૮ માં ભીમદેવ ગાદી ઉપર આવ્યો અને ૧૦૮૦ માં મહમદે સોમનાથ તોડયું. તે પછી દીર્ઘ સમય પર્યંત ભીમદેવ બાણાવળીએ ગુજરાતનું તાજ ભોગવ્યું. એનો સેનાપતિ વિમલમંત્રી વનરાજના દંડનાયક લહિરના વંશમાંથી ઉતરી આવેલો હતો. વિમલમંત્રીનો પિતા વીરમંત્રી દુર્લભરાજનો મંત્રી હતો. ભીમદેવને બે રાણીઓ હતી. ઉદયમતી અને બહુલાદેવી !

ભીમદેવ પછી ઉદયમતીનો પુત્ર કર્ણ સંવત ૧૧૨૮ માં ગુર્જરેશ્વર થયો. તેની પછી ૧૧૫૦ માં તેનો પુત્ર સિદ્ધરાજ માત્ર ત્રણ વર્ષની ઉમરે ગુર્જરેશ્વર થયો. સિદ્ધરાજ પરાક્રમી અને બળવાન હતો. એણે અનેક યુદ્ધો કરીને અઢાર દેશ ઉપર પોતાની આણ વર્ત્તાવી હતી. એનો મંત્રી મુંજાલ મહા અમાત્ય હતો. ત્યારપછી શાંતુ મહેતા મહા અમાત્ય થયા. મુંજાલ કર્ણદેવનો પણ મહા અમાત્ય હતો. સિદ્ધરાજ જૈન રાજા હતો. એના સમયમાં સોરઠ જાંબમંત્રી (ચાંપરાજ) ના વંશમાં ઉત્પન્ન થયેલા સજ્જન મંત્રીને હાથ હતું. ખંભાતનો ધણી ઉદયન મંત્રી હતો. વસ્તુપાળ મહા અમાત્યના પૂર્વજ ચંડપ્રસાદ સિદ્ધરાજના કોશાધિકારી હતા. તેમજ એનો (ચંડપ્રસાદનો) પુત્ર સોમ મંત્રી સિદ્ધરાજનો મંત્રી હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સિવાય તેનો કપર્દિ મંત્રી પણ જૈન મંત્રી હતો વગેરે અનેક જૈન મંત્રીઓથી સિદ્ધરાજ વીંટાયેલો હતો. સિદ્ધરાજ જગત પ્રસિદ્ધ હેમાચાર્યનો ભક્ત હતો.

સિદ્ધરાજ પછી એનો ભત્રિજો કુમારપાળ ગુર્જરેશ્વર થયો. સંવત ૧૧૯૯ માં, ઇ. સ. ૧૧૪૩ થી ૧૧૭૪ સુધી કુમારપાળે ગુજરાતનું તખ્ત શોભવ્યું એના સમયમાં તો જૈનોની જાહોજલાલી જગતપ્રસિદ્ધ હોવાથી અત્ર ઉલ્લેખ કરવામાં આવતો નથી. અહિંસાના ચુસ્ત ભક્ત કુમારપાળ પછી ૧૧૭૪ અને સંવત્ ૧૨૩૦ માં અજયપાલ ગાદી ઉપર આવ્યો. એ જૈનોનો દ્વેષી હતો. ત્રણ વર્ષ રાજ્ય કર્યા પછી એનું કમોતે મોત થતાં બાળ મૂળરાજ પછી ૧૧૭૯ સંવત્ ૧૨૩૫ માં ભીમદેવ ગુજરાતના તખ્ત ઉપર આવ્યો. અજયપાલે ત્રણ વર્ષના રાજ્યત્વકાળમાં કુમારપાળે કરાવેલા ધર્મસ્થાનકોનો દ્વેષ બુદ્ધિથી નાશ કરી નાખ્યો. કપર્દિમંત્રીને તેલની કડાઇમાં બાળીને મારી નાખ્યો. રામચંદ્રકવિ ( હેમચંદ્રસૂરિના પટ્ટશિષ્ય ) ને ધગધગતી તાંબાની પાટ ઉપર બેસાડીને માર્યા. અને ગુજરાતના પ્રસિદ્ધ સુભટ આંબડ–આમ્રભટ્ટને પણ મારવાનો ઉપાય રચ્યો પણ આમ્રભટે એની સાથે યુદ્ધ કરતાં શૂરવીરને છાજે તેવી રીતે પોતાનો પ્રાણ અર્પણ કર્યો. આખરે અજયપાળ પણ થોડાજ દિવસમાં ત્રણ વર્ષ રાજ કરી, મરીને દુર્ગતિએ ગયો.

ભોળોભીમ સંવત્ ૧૨૩૫ સને. ૧૧૭૯ માં ગુર્જરેશ્વર થયો. એનો સમય એ ઇતિહાસમાં મોટું પરિવર્ત્તન કરનારો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમય છે. એના સમયમાં આબુમાં પરમાર જેતસિંહ રાજ્ય કરતો હતો. અજમેરમાં સોમેશ્વર ચૌહાણ, દીલ્હીમાં એનો પુત્ર પૃથ્વીરાજ ચૌહાણ, કનોજમાં જયચંદ્રરાઠોડ, ચિત્તોડમાં સમરસિંહ વગેરે પરાક્રમી રાજાઓ રાજ્ય કરતા હતા. આ આર્યાવર્ત્તના દુર્ભાગ્યે આવાં જબરાં રાજ્યો વિદ્યમાન છતાં અંદર અંદર કુસંપ ઉત્પન્ન થયો. એ કુસંપનું કારણ આબુના રાજા જેતસિંહની કુંવરી ઇચ્છનકુમારી ભારતની દુર્દશાનું નિમિત્ત બની. એને નિમિત્તે ભોળા ભીમદેવને આબુ સાથે અજમેર સાથે અને દીલ્હીના રાજા પૃથ્વીરાજ સાથે યુદ્ધ થયું. આ યુદ્ધમાં ભીમદેવની જો કે હાર થઇ; છતાં પૃથ્વીરાજને એ વિજય ઘણો મોંઘો મળ્યો હતો. એના અનેક વીરયોદ્ધાઓ આ યુદ્ધ ભૂમિ ઉપર હંમેશને માટે મોતની પથારીએ સૂતા હતા.

આ કુસંપનો લાભ શાહબુદ્દિન ઘોરીએ લીધો, એ પહેલાં ઘણી વખત ભારત ઉપર ચડી આવેલો, એને પૃથ્વીરાજે સાત સાત વખત હરાવેલો, બે વખત ભોળા ભીમદેવે હરાવેલો; છતાં એ નાહિમ્મત થયો નહી. પોતાની સ્વારીઓ એણે ભારત ઉપર ચાલુજ રાખી. અધુરામાં પુરૂં કનોજરાજ જયચંદ્રને પૃથ્વીરાજ સાથે વેર બંધાવાથી એણે ગિજનીના સુલતાનને મદદ કરી. ભારતના દુર્ભાગ્યે મોટા મોટા રાજાઓ એક બીજાની પડતી જોવાને આતુર થઇ રહ્યા હતા. જો એ બધા સંપીને રહ્યા હોત ને પરદેશી હુમલાની સામે એક સાથે બચાવ કર્યો હોત તો તે સમયે આર્યાવર્ત્ત ઉપર પરાધિનતાની બેડી પડવા પામત નહી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભારતનાં મોટાં મોટાં રાજ્યો અંદર અંદર લડીને નબળાં પડી ગયાં એ તકનો લાભ લઇને શાહબુદ્દિન સને. ૧૧૯૩ માં ભારત ઉપર ચડી આવ્યો અને પૃથ્વીરાજ પાસેથી દીલ્હી અને શાકંભરી ( અજમેર ) જીતી લીધાં. પૃથ્વીરાજને કેદ કરીને ગિજની ઉપાડી ગયો. એનો બનેવી સમરસિંહ પોતાના પુત્ર સાથે હમેશને માટે યુદ્ધ ભૂમિ ઉપર સૂતો. સને. ૧૧૯૪ માં ભારતનો દ્રોહ કરનાર જયચંદ્રરાઠોડ પાસેથી કનોજ જીતી લીધું તે પછી કાશી પડાવ્યું. રાઠોડો તે પછી રાજપુતાનામાં આવ્યા.

એજ સાલમાં ગુજરાતનો પણ વારો આવ્યો. શાહબુદ્દિન તો દીલ્હી જીતીને પોતાના સરદાર કુતુબુદ્દિનને દીલ્હી સોંપીને ગિજની ચાલ્યો ગયો. એ કુતુબુદ્દિને સને ૧૧૯૪ માં ગુજરાત પણ જીતી લીધું. ગુજરાતની હાર થવાથી ભીમદેવને પણ નાશી જવું પડયું હતું. એનો સેનાપતિ જીવનરાજ બહાદૂરીથી કુતુબુદ્દિન સાથે લડ્યો પણ આ યુગ આર્યાવર્ત્તની પરાધિનતા માટે નિર્માણ થયેલો હોવાથી મુસલમાનો ફાવી ગયા ને એમણે દીલ્હીનો પોતાનો પાયો મજબૂત કર્યો. દીલ્હી, અજમેર અને કનોજની સાથે સને ૧૧૯૪ માં પાટણ–ગુજરાત પણ પરાધિન બન્યું.

જો કે પાટણ પરાધિન બન્યું અને પાટણના પતિને અનિચ્છાએ નાશી જવું પડયું પણ મુસલમાનોએ તે સમયે પાટણમાં રાજ્ય સ્થાપવા ઈરાદો કર્યો નહોતો. તેઓ પ્રજાને લુંટી દીલ્હી તરફ ચાલ્યા ગયા. માત્ર એક સુબો નામનો રાખેલો તે પ્રજા

ઉપર જુલમ ત્રાસ વર્તાવતો હતો. એના અમલથી પ્રજા ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહી હતી.

એ દરમિયાન ભોળા ભીમદેવના સામંતો અને માંડલિકો તેમજ સરદારો પોતાનો સ્વાર્થ સાધવામાંજ પડેલા હતા. એવા સ્વાર્થીઓને દેશની દાઝ શેની હોય. ફક્ત વાઘેલા સરદારોજ દેશની આવી દુર્દશા જોઇને મનમાં બળી રહ્યા હતા ને અનુકુળ સમયની રાહ જોતા હતા. સોલંકી સરદાર અર્ણોરાજ–આનાજી ગુર્જરેશ્વર કુમારપાળના માસા ધવલકનો પુત્ર થતો હતો; તેમજ અર્ણોરાજ કુમારપાળનો સામંત હતો. કુમારપાળે ધોળકા અને તેની આસપાસનો મુલક પોતાના માસા ધવલકને આપી દીધેલો, તેથી તેઓ ત્યાંના માંડલિક ગણાતા હતા. તેમજ વાઘેલ નામે સ્થળ તેમના કબજામાં હોવાથી તેઓ–અર્ણોરાજના વંશજ વાઘેલા કહેવાયા.

અર્ણોરાજને લવણપ્રસાદ ( લુણોજી ) નામે પુત્ર હતો. આ બન્ને પિતા–પુત્ર પાટણના વિશ્વાસુ સામંતો હતા. યુદ્ધમાંથી નિરૂત્સાહ બનીને ચાલ્યો ગયેલો ભોળો ભીમ તેમનીજ મદદથી ગુજરાતનું તાજ ફરીને મેળવી શક્યો હતો. ગુજરાતને માટે આ સમય પણ અંધાધુંધીનો હતો.

જો કે ભોળોભીમ ગુજરાતના તખ્ત ઉપર તો આવ્યો પણ એટલો બધો નબળો પડી ગયેલો હોવાથી એના ઘણા સામંતો, માંડલિકો અને સરદારો સ્વતંત્ર થઈ ગયા હતા. બની શકે તો પાટણ હાથ કરવાને પણ ટાંપીને બેઠા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવા કટાકટીના સમયે વાઘેલાઓએ ભીમદેવને ઘણીજ સારી મદદ કરી. એમાં અર્ણોરાજનું મૃત્યુ થયું.

એ અરસામાં કુમારપાલે દેવલોકમાંથી ભોળા ભીમને સ્વપ્નામાં દર્શન દીધાં અને લવણપ્રસાદને મહા મંડલેશ્વર અને એના પુત્ર વીરધવલને યુવરાજ પદ આપી પોતાનો ઉત્તરાધિકારી બનાવવાની સૂચના કરી અદૃશ્ય થઇ ગયા. તે પછી થોડા સમયમાં લવણપ્રસાદ પાટણના મહા મંડલેશ્વર થયા અને તેના પુત્ર વીરધવલને મોટો દરબાર ભરીને ભીમદેવે પોતાનો ઉત્તરાધિકારી ઠરાવી યૂવરાજ પદવી આપી તેની સેવાની કદર કરી.

પાટણના સામંતો ઉદ્ધત અને મદોન્મત્ત હોવાથી એમને તાબે કરવાનું કામ ઘણું કઠીણ હતું. કઇ રીતે એમને તાબે કરવા એ માટે પિતા પુત્ર અનેક વિચાર કરતા હતા. કેમકે મહારાજ ભીમદેવ તો વૃદ્ધાવસ્થાના માંડવે પહોંચેલા તેમજ સંન્યાસી જેવું જીવન ગાળી બધો ભાર યુવરાજને માથે મુકેલો હોવાથી એ તો કંઇ પણ કરી શકે એમ નહોતું આખરે ઘણા વિચારને અંતે લવણપ્રસાદે મહારાજની પાસે રહીને પાટણ સાચવવું અને યુવરાજે ધવલક્કપુરમાં જઇને નવું રાજતંત્ર સ્થાપન કરી સૈન્ય બળ વધારી ઉદ્ધત સામંતોની ખબર લેવી એમ ઠર્યું.

તે પછી થોડા વખતમાં યુવરાજ વીરધવલે ધોળકા–ધવલક્કપુરમાં આવીને રાજ્યનો પાયો મજબુત કરવા માંડ્યો. એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અરસામાં ભોળા ભીમના મંત્રી અશ્વરાજના પુત્ર વસ્તુપાળ અને તેજપાળ માંડલ નગરમાં રહેતા હતા.

કલ્યાણી નગરના ભુવડ સોલંકીએ ગુજરાત જીતેલું એ વાંચકો જાણી ગયા છે. એણે ગુજરાત જીતીને પોતાની પુત્રી મિનળદેવીને કંચુકીમાં આપી દીધેલું જેથી ગુજરાતની ઉપજ કુંવરી મિનળદેવીને મળ્યા કરતી હતી. આયુષ્ય પુર્ણ થતાં એ મિનળદેવી મરીને વ્યંતર લોકમાં દેવીપણે ઉત્પન્ન થઇ. ગુજરાત ઉપરના મોહને લીધે તે ગુજરાતની અધિષ્ઠાતા દેવી–ભાગ્યલક્ષ્મી થઇ.

ગુજરાતની અધિષ્ઠાયિકા દેવીએ યુવરાજ વીરધવલને સ્વપ્નામાં દર્શન દઇને ગુજરાતને જાહોજલાલીએ પહોંચાડવાની આજ્ઞા કરી ને વસ્તુપાલ તેજપાલને મંત્રી તેમજ સેનાપતિપદ આપવાની સૂચના કરી. તે મુજબ યુવરાજે રાજગુરૂ સોમેશ્વર પાસે વસ્તુપાલ તેજપાલને માંડલથી ઓલાવીને મંત્રી બનાવ્યા, એ ભાગ્યદેવીએ લવણપ્રસાદને પણ સ્વપ્નામાં આવીને કહ્યું હતું. કે " અફસોસ ગુર્જર રાજાઓ મરી ગયા છે માટે તું મને બચાવ, તારો વિજય થશે અને વસ્તુપાલ તેજપાલને મંત્રી બનાવજે. " એમ કહી તેના ગળામાં ફુલની માળા ( વિજયમાલ ) પહેરાવી.

વસ્તુપાલ તેજપાલની મદદથી યુવરાજ વીરધવલે ધીરે ધીરે રાજ્યની જડ મજબુત કરવા માંડી. વસ્તુપાલ અને તેજપાલ યુદ્ધમાં આગળ પડતો ભાગ લેનારા હોવાથી તેમજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજ્ય વ્યવસ્થામાં પણ નિપુણ હોવાથી યુવરાજને શત્રુઓને હંફાવવામાં ઘણી અનુકુળતા થઈ ગઈ.

યુવરાજે કેટલોક સમય યુદ્ધમાં ગાળીને ગુજરાતના સામંતોને અને જુનાગઢ, કચ્છ, સિંધ વિગેરેના માંડલિક રાજાઓને હરાવીને પોતાના તાબેદાર બનાવ્યા. યુદ્ધનો દંડ વસુલ કરી સમૃદ્ધિથી તિજોરી પણ તાજી કરી ને સૈન્યબળમાં પણ વધારો કર્યો. એ રીતે યુવરાજે ફરીને ગુજરાત આદિ દેશોમાં શાંતિ ફેલાવી. અને વ્યાપાર, હુન્નર વગેરેથી એકવાર ફરી પાછો આબાદ થયો.

# પ્રકરણ ૨૮ મું.

## પરિવર્ત્તન.

સમાજ સેવામાં પ્રીતિમતીની સાથે રહીને કાર્ય કરનારી વિજયાના વિચારો પરમાર્થમાં એટલા તો પ્રીતિવાળા થયેલા હતા કે એ કાર્ય સિવાય બીજા કોઈ પણ કાર્યમાં એનું મન લાગતું નહોતું. કુમારિકાવ્રત ગ્રહણ કરી મનને સંસારના કોઇપણ વિષયોમાં ન જવા દેતાં સંસ્કારિત બનાવી ઉચ્ચ વિચારોમાં, શુભ ભાવનામાં, જ્ઞાનમાં, વૈરાગ્યમાં અને સમાજ સેવાનાં કર્ત્તવ્યમાં હમેશાં તલ્લીન રહેવું, પવિત્ર જીવન વ્યતિત કરવું, સમજણ વિગેરે આવતાંજ એના વિચારો પૂર્વના રૂણાનુબંધે હૃદયમાં જન્મ પામ્યા હતા. ધીરે ધીરે આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચારોની શુભ ભાવના એના હૃદયમાં દૃઢ થતી હતી. એના માત પિતાએ લગ્ન યોગ્ય થવાથી એના વિવાહને માટે તૈયારી કરેલી પણ માતાને પોતે સ્પષ્ટ રીતે પોતાનો જીવન ઉદ્દેશ કહી સંભળાવેલો, લગ્ન સંબંધમાં માતા સાથે વિજયાને ખુબ ચર્ચા થયેલી પણ દૃઢ મનની વિજયાના આદર્શ અને ઉચ્ચ વિચારો આગળ માતા હારી ગઇ.

માતપિતાના અધિક આગ્રહથી છેવટે વિજયાએ લગ્નની જુવાબદારી પોતાના ઉપર લીધેલી કે મને યોગ્ય વર મલશે તેમજ મારી લગ્ન કરવાની જ્યારે મનોવૃત્તિ થશે ત્યારે હું તમને જણાવીશ એમ કહીને માતાપિતાનું મન મનાવેલું હતું.

અત્યાર અગાઉ વિજયાએ ઘણીકવાર જયંતસિંહને જોયેલો, પણ તે સાધારણ અને ઉપલક હોવાથી તેમજ બીજા વિષયોમાં એનું ચિત્ત પરોવાયેલું હોવાથી જોયા છતાં એનું લક્ષ્ય ઓછું ખેંચાયું હતું. જયંતે પણ જો કે વિજયાને સામાન્ય રીતે જોયેલી છતાં એ કોણ છે અને કોની દિકરી છે એ સંબંધી વિચાર કરવાની એને હજી લગણ ફુરસદ મળેલી નહતી. જેથી બન્ને જણ એક બીજાને સામાન્ય રીતે ઉપલક ઓળખતાં હતાં.

જગતમાં કોઇ પળ ચોઘડીયું સારા મુહુર્ત્તનું આવી જાય છે કે તેનો મહિમા એવો અપૂર્વ જણાય છે એવા કોઇ પળ ચોઘડીયામાં અણધાર્યું કાર્ય થઇ જાય છે. જે બનાવની

J. ૧૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રીને પણ આશા નથી. એવો બનાવ એ પળ ચોઘડીયામાં બની જાય છે. તેમજ દિવસોના દિવસો પર્યંતની તનતોડ મહેનતથી જે કાર્ય બનતું નથી તે એવા પળ ચોઘડીયામાં બની જાય છે. એવું પળ ચોઘડીયું કાંઇ વારંવાર નથી આવતું છતાં મનુષ્યની જીંદગીમાં તે કવચિત આવે છે. જો એ પળ-ચોઘડીયું શુભ આવે છે તો પુણ્ય યોગે લાભનું કામ સત્વર પાર પડી જાય છે. તેમજ જો અશુભ આવે છે તો અણધાર્યો વિદ્રોહ, કલેશ, કંકાશ કે આફત ફાટી નીકળે છે. પરન્તુ એ પળ ચોઘડીયું જગતમાં આવેલું વ્યર્થ જતું નથી.

એવુંજ પળચોઘડીયું વિજયા અને જયંતની આ મુલાકાત વખતે આવી પહોંચ્યું હતું. વિજયા અને જયંત જો કે લગ્ન નહિ કરવાના વિચારમાં અત્યાર લગી તો ચુસ્ત હતાં. પ્રીતિમતીના એટલા આગ્રહ છતાં જે જયંતનું મન નહોતું ભેદાયું એ મુલાકાતના સમયમાં આ પળ ચોઘડીયે બન્નેનાં દ્રઢ મન શિથિલ કરી નાખ્યાં કારણ કે મનુષ્ય ઇચ્છા કરતાં વિધિ ઇચ્છા બળવાન છે.

દૈવ પોતાની મરજી મુજબ હમેશાં નિડરપણે કર્યેજ જાય છે ફક્ત એ અનુકુળ સમયનીજ રાહ જુએ છે. કાલ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મ એ પાંચ કારણથી કાર્ય સ્વાભાવિક બની જાય છે. એમાં એ કારણની મુખ્યતાએ બીજા ગૌણપણે એના સહાયકારી ગણાય છે. માણસના ગમે તેવા દ્રઢ વિચારો છતાં વિધિની ઇચ્છા થઇ તો એ દ્રઢ વિચારો આપો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ ઢીલા પડી જાય છે.—બદલાઇ જાય છે. વિધિ જે કરવા ધારે છે તેવાજ વિચારો એ માણસના પણ થાય છે. એટલું જ નહી પણ આ નવા વિચારોમાંજ એને ફાયદો સમજાય છે તે પ્રથમના એવા દૃઢ વિચારોમાં પણ જાણે એને ભૂલનો ભાસ થતો હોય એમ એ સમજે છે.

અત્યારે વિજયાને જયંત માટે અનેક વિચારો ઉત્પન્ન થયા. એના દૃઢ મનના પાયા શિથિલ થયા ને હૃદયની સ્થિતિ ડામાડોળ જેવી થઇ. જયંતનો મનોહર ચ્હેરો એના સુંદરવાળ અને ગૌરવદન તરફ વિજયાની આંખો જાણે લલચાઇને જોતી હોય એમ જણાયું. એ તેજ અને ગૌરવભર્યું જયંતનું મુખાર્વિંદ કોણ જાણે વિજયાને ગમી ગયું હોય એમ હૃદયના અપૂર્વ ભાવપૂર્વક નિહાળવા લાગી. પ્રીતિમતી સાથેની જયંતની વાત કરવાની ચતુરાઇ સફાઇ એને કંઇ નીરાળીજ લાગી. વિજયાનું મન પણ જયંત સાથે વાત કરવા લલચાવા લાગ્યું, તેમજ સ્ત્રીઓ તરફની એની સન્માનની ભાવના જાણીને વિજયા હૃદયમાં ખુશી થઇ. અત્યારે વિજયાને જયંત કંઇ વિલક્ષણ જણાયો. એને જોવાથી કોણ જાણે એના હૈયામાં શું થતું હતું એની વિજયાને કાંઈ સમજ પડી નહીં. આવા અનુભવ વગરની આ યૌવનને આંગણે આવેલી બાળાની અંતરની ગુંચ કોણ ઉકેલી બતાવે !

જયંતને જોવાથી જેમ વિજયાના મનમાં અનેક તરંગો ઉઠતા હતા, તેવીજ રીતે વિજયાનું લાવણ્ય એના હાવ ભાવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને મધુર હાસ્ય જયંતને આકર્ષવાને પૂરતાં હતાં. એના હૃદયની દ્રઢ સાંકળો પણ ઢીલી પડવા લાગી. એક નિમેષ માત્રમાં મનની સ્થિતિ કેમ બદલાઇ ગઇ તેની એને ખબર પડી નહી. અરે! મારા દ્રઢ વિચારો ભેદવાની કોઈની પણ તાકાત નહોતી છતાં આ બાળાને જોતાંજ મારા વિચારો બદલાય છે. પ્રીતિમતી કરતાં પણ એ ઉતરે એવી કયાં છે! કેવી મારા સન્મુખ જોઇ રહી છે! શું જોતી હશે? મને જોઇને એની આંખો કેવી હસી રહી છે. વગેરે મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. એ વૈરાગ્યથી ભરેલાં બન્નેના મન પ્રેમના માર્ગ તરફ ધીરે ધીરે લપસવા લાગ્યાં.

ચારે આંખો ભેગી થતાં વિજયા શરમાઈ ગઇ પણ શરૂઆતમાં પોતાનો ભેદ પ્રીતિમતી કળી ન જાય એ માટે તે સાવધ થઇ મનને અનેક પ્રકારના ગુંચવાડામાંથી સ્વસ્થ કરી તે બોલી. “ કેમ પ્રીતિબ્હેન ? તમે શું રકઝક કરતાં હતાં વારૂ?” એમની રકઝકનું કારણ જાણવાના ઉદ્દેશથી તેમજ વાતને લંબાવવાની ઇચ્છાથી વિજયાએ પૂછયું.

“ હા, બ્હેન ? એતો હું તને કહેવું ભૂલીજ ગઇ ? આ જોની તું જેમ કુમારિકા રહેવાનું પણ લઇને બેઠી છું એમ મારો ભાઈ પણ લગ્ન કરવાની ના પાડે છે. ” પ્રીતિએ ખુલાસો કર્યો.

“ કારણ ? ” વિજયાએ પૂછયું.

“ કારણ શું વળી ? એક જાતની એ લત–આદત ? તું કંઈ કારણ આપે છે કે એ પણ આપે, પ્રીતિએ કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" શું વિજ્યાએ પણ નહી પરણવાનું વ્રત લીધું છે ?" વચમાં જેતસીએ પૂછયું.

જેતસિંહના પૂછવાથી વિજ્યા શરમાઇ ગઇને વચમાંજ ખુલાસો કરી નાખ્યો. " ના વ્રતતો નહી પણ મનનો એક પ્રકારનો એ નિશ્ચય છે. કે બનતા સુધી સમાજ સેવા, સ્ત્રી સેવા અને પ્રભુસેવામાંજ જીવન વ્યતિત કરી યથાશકિત પરમાર્થ કરવો ? "

" એતો તમે લગ્ન કર્યા પછી પણ કરી શકો વિજ્યા ?" જેતસિંહે જણાવ્યું.

" લગ્ન એતો એક જાતનું બંધન કહેવાય, સાસરૂં કોણ, જાણે કેવું મલે ? વર કેવો મલે ? જગતમાં બધુંય પોતાની અનુકુળતા પ્રમાણે કાંઇ ઓછુંજ મલે છે ? " ધીરે ધીરે વિજ્યાનો સંકોચ દૂર થવા લાગ્યો અને બોલી.

" એ વાત તો તમારી સાચી ! પણ તમને તમે જેવું ચાહો છો તેવું મલે તો ? " જેતસીએ કહ્યું.

આસ્તે આસ્તે બન્નેને વાતમાં પડેલાં જોઇ પ્રીતિમતીને ખસી જવું યોગ્ય લાગ્યું. એની ચકોર અને દીર્ઘ દષ્ટિને આનું પરિણામ કંઈ જુદૃજ જણાતું હતું. ન કરે નારાયણને આનું પરિણામ સારૂ આવે ને બન્ને એકગાંઠથી જોડાઈ જાય. એની ભાવના સારી હોવાથી એને લાગ્યું કે જો પોતે હશે તો એમને છુટથી વિચારોની આપલે કરવાની તક મલશે નહી માટે એણે એક ઉપાય શોધી કાઢયો.

"ભાઈ? જરી બેસજે હો? હું એક પુસ્તક લઈ આવું છું? ઠીક થયું યાદ આવ્યું તે? એક બાબતમાં મને શંકા પડી છે તે શંકાનું નિવારણ ઝટ થઈ જાય, વિજયા? તું પણ બેસજે હું આ આવી? એમાં તારો વિચાર પણ મને કામ લાગશે?" વચમાં પ્રીતિમતી બોલી અને ત્યાંથી ચાલી ગઈ.

પ્રીતિમતીના જવાથી અત્યારે બન્નેનાં હૈયાં હરખાતાં હતાં, ને એક બીજાની શરમ પણ દૂર થતી જતી હતી. તે છતાં બન્ને બહારથી પોતપોતાના વિચારમાં ચુસ્ત રહી નમતું આપવા શરમાતાં હતાં. અત્યાર સુધીની મનની દૃઢ ભાવનાઓને છોડતાં તે લજાતાં હતાં. મનમાં ગમે તેમ હોય પણ ઉપરથી બાહ્ય ડોળ દમામ બતાવી મોઢું લાલ રાખવાને પણ તે તૈયાર હતાં. પણ એકદમ મનની સ્થિતિમાં પરિવર્ત્તન કરવાને તે અચકાતાં હતાં. ગમે તેમ પણ પ્રીતિમતીના જવા પછી એમને છુટથી વાતો કરી લેવાની તો તક મલી હતી. વાતો કરવી એમને હાથ હતી. એનું પરિણામ તો વિધાતાને હાથ હતું. હૈયાની દૃઢ ભાવનાઓ મૃદુ થવા છતાં બહારથી એમણે દૃઢતા બતાવવાનો નિશ્ચય રાખ્યો હતો.

તો પણ શું? એ સંસારિક પાંજરામાં પુરાયેલાં પક્ષીઓ બિચારા કશું પણ કરી શકતાં નથી એ તમે નથી જોતાં! બિચારાં એ પાંજરામાંજ મ્હાલીને એમાં આનંદ માને છે. એ અલ્પ આનંદની ખાતર સંસારિક કેટલાં કષ્ટો સહન કરે છે.

" જેને તમે અલ્પ સુખ આનંદ માનો છો ? એ અલ્પ સુખ છે એમ તમે કયા અનુભવથી કહી શકો છો ? વિજ્યા ? દુન્યામાં બધાંય મનુષ્યો એવાં મુર્ખ અને બેવકુફ ન હોય કે જે અલ્પ સુખની ખાતર અનેક આફતો વ્હોરી લે ?"

" જો તમે એમાં સુખ માનતા હો, તો પછી તમે શા માટે લગ્ન કરતા નથી ? તમે તો સ્ત્રીઓ તરફ પણ સન્માનની દૃષ્ટિથી જોનારા છો."

" મારી તો ઇચ્છા નથી. તેમજ મને એવી અનુકુળતા કે સગવડતા નથી. જેમ તમને સંસારમાં બીક લાગે છે કે વર કોણ જાણે કેવો મલે ? જો મનને અનુકુળ મળે તો તો ઠીક નહીતર આખું જીવન બળતરામાં ગાળવું પડે. પણ મને તો ત્યાગમાર્ગ તરફ પ્રીતિ હોવાથી એ બંધન બાંધવા હું ઇચ્છતો નથી."

" જેમ તમને ત્યાગમાર્ગ પ્રિય છે તેમ મને પણ સેવા ધર્મ વ્હાલો છે. એ સેવા ધર્મ પરણ્યા પછી કેવી રીતે બની શકે ? પરણ્યા પછી તો સાસુ સસરાની ને પતિની આજ્ઞા એજ અમારૂં કર્ત્તવ્ય રહે, અમારી આજની ભાવનાને તે સમયે અમારે તિલાંજલિ આપવી પડે."

" તમારી ભાવના અને કર્ત્તવ્ય ઘણાંજ સારાં છે તે તમે લગ્ન પછી પણ પાળી શકો એવા પતિ સાથે કદાચ તમારો સંબંધ થાય કે એ પતિ પણ તમારી ભાવનાને અનુકુળ થઇ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારા કર્ત્તવ્યમાં સહાયકારી થાય, તો શું તે પણ તમને ઈચ્છા નથી ? ” જયંતસિંહે પૂછયું.

“ તદ્દન અશકય ? મારી ભાવનાને અનુકુળ થાય એવો માણસ મળે એ વિચારો હવાઇ–ખ્યાલો જેવા છે. સંસારમાં એમ કાંઇ ઇચ્છયું તરતજ મલી જતું નથી. ”

“ત્યારે શું જીવનભર તમે કુમારિકાજ રહેવા માગો છો?”

“ અત્યારે તો એવી ભાવના છે. પણ કહોતો ખરા તમે શા માટે ત્યાગમાર્ગ તરફ આકર્ષાયા છો ? તેમ છતાં તમારી ત્યાગની ઇચ્છા હોય તો ભલે એતો હજી ભવિષ્યની વાત છે. પણ અત્યારે તમે લગ્ન કરવા માગો તો તમે કરી શકો છો ? ”

બન્ને એક બીજાનું હૃદય ભેદવાને આતુર થઇ રહ્યાં હતાં. જયંતનું મન હવે ધિરજ ધરી શકયું નહી. નકામો વખત ગુમાવવો એને ગમતો નહી જેથી ભેદ ભરેલી દૃષ્ટિ વિજયા તરફ ફેંકી “ વિજયા ? તમે કહો છો એ સત્ય છે ! પણ સંસારમાં પત્ની જો સરખા સ્વભાવની નમલે તો સંસાર એળે જાય અમને બન્નેને દુઃખ થાય, એક બીજાના સ્વભાવ મળતા આવે એવાં માણસો શું સહેલાઇથી મળી શકે છે ? ”

“ મળી શકે ? શા માટે ન મળી શકે ? જે પુરૂષ ગુણવાન હોય છે એને પત્ની તો શું પણ જગત આખુય અનુકુળ હોય છે એ તમે જાણતા નથી ? ”

“ તમારૂં કહેવું સત્ય છે એવી અનુકુળ બાળા સાથે

લગ્ન કરવા કદાચ મારૂં મન લલચાય. વિજયા ? પણ મારી એવી ઇચ્છા છે કે તમે પણ પરણો તો કેવું સારૂં ? ”

વિજયા જયંતસિંહનો જવાબ સાંભળીને શરમાઈ ગઈ. જયંતને શું જવાબ આપવો એ માટે તે વિચારમાં પડી ગઈ.

“ જયંત ! તમારા જેવા સર્જન અને રસિક પુરૂષો જગતમાં કાંઇ ઘેર ઘેર પાકતા નિપજતા નથી. જો કે સમાજ સેવા એ મારો ખાસ વિષય છે એ મારી ભાવનાને પોષણ કરનારો, મારા વિચારને અનુકુળ જો કોઇ પણ પુરૂષ પ્રગટ થશે તે સમયે શું થશે એ હું કહી શકું નહી. આપણી જ્ઞાતિમાં એવા પુરૂષોજ કયાં છે ? કે જેથી મારા વિચારો ફેરવાય ? ”

“ વિજયા ? શા માટે એમ બોલો છો ? તમારો અને મારો સ્વભાવ મળતો આવે છે આપણે એકજ જ્ઞાતિનાં છીએ એક બીજાને જોઇને આપણા હૈયાં હર્ષથી ઉચ્છાળા મારી રહ્યાં છે. એમ મને લાગે છે તમને જોઇને જેમ મારૂં મન હરખે છે તેમ શું તમારૂં હૈયું નથી હરખાતું ? ”

જવાબમાં વિજયા હસી ને એક નેત્ર કટાક્ષ જયંત ઉપર ફેંકયું. જયંતની વાતચિત સાંભળવી વિજયાને ગમતી હતી. હજી સુધી પ્રીતિમતી નહી આવી છતાં વાતોના રસમાં ચડેલાં એ બન્ને પ્રીતિને તો ભૂલીજ ગયાં, વાતોમાં કેટલોય સમય પસાર થયો છતાં આ નવીન પરિચયમાં આવનારાંને એની કયાં ખબર હતી.

“ કેમ વિજયા ! તમે લગ્ન કર્યા પછી પણ સ્વતંત્રતાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમાજસેવા, અને પ્રભુસેવા કરી શકો તમારી ભાવનાને તે સમયે પણ પોષી શકો તો તમને શું અડચણ છે ? અત્યારે ગમે તેવાં તો પણ તમે કેવાં એકલાં અટુલાં લાગો છો. લગ્ન પછી એક બીજાની સહાયથી તમને આ કાર્યમાં ઘણી સરળતા થશે, માટે તમે પણ તમારા વિચારો છોડી દ્યો ! ”

“ જયંતસિંહ ? તમારા જેવા સુશીલ માણસો ભાગ્યવતી બાળાનેજ મળે છે એવી કોણ ભાગ્યહીણ હોય કે હાથમાં આવેલું રત્ન જતું કરે. મને લાગે છે કે તમે સર્વ રીતે યોગ્ય અને લાયક છો ? પણ ? ”

“ પણ શું ? ”

“ મને વિચાર કરવા દ્યો ? તેમજ મારાં માતા પિતાની આજ્ઞા મારે મેળવવી જોઇએ. ”

“ તમારો વિચાર હોય તો તમારાં માતા પિતાનો પણ વિચાર થઇ શકે વિજયા ? ”

“ હવે એ વાત જવા દ્યો ? પ્રીતિ બ્હેન હજી લગી કેમ ન આવ્યાં ? ” શરમાઇને વિજયાએ વાતની દીશા ફેરવી. રમતી આંખે અને હસ્તે વદને તે જયંતને નીરખી રહી એનું હૈયું ધબકી રહ્યું હતું જયંતનો જવાબ આપવાને તલપતું હતું છતાં શરમાતું હતું.

તરતજ પ્રીતિમતીએ પ્રવેશ કર્યો. હાસ્યની છટા એના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વદન ઉપર પથરાયેલી જોઈ બન્ને જણ શરમાઈ ગયા હતાં. બંનેના યુદ્ધમાં પ્રીતિમતીનો આજે વિજય થયો હતો ને આ બન્ને હારીને આખરે એક થઇ ગયાં હતાં જેથી શરમાઇને નીચે જોઇ રહ્યાં.

" વિજયા ! અમારા કજીયાનો ઈન્સાફ તેં ઠીક કરી નાખ્યો ? હાશ ? ઠીક થયુ ? " પ્રીતિમતી વિજયા તરફ ભેદ ભરી દૃષ્ટિ નાખીને બોલી. "કેમ ભાઇ ? શું નિશ્ચય કર્યો ! કુંવારા રહેવાનો ને ? " જવાબમાં જયંત હોઠમાં હસીને વિજયા તરફ દૃષ્ટિ ફેંકી ચાલ્યો ગયો ને પ્રીતિ તેમજ વિજયા ત્યાંથી નીકળી પોતાના કાર્ય માટે ચાલ્યાં ગયાં.

# પ્રકરણ ૨૯ મું.

## મદ મર્દન.

વીરધવળ પાસેથી પુરતી રીતે સૈન્યની મદદ મેળવી મહાઅમાત્યની દશ પંદર દિવસની મેમાનગતિનો સ્વાદ લઈ જગડુશાહ સૈન્યની સાથે ભદ્રેસર તરફ જવાને રવાને થઇ ગયા. ભદ્રેસર આવ્યા પછી દુર્ગનું કામ એમણે તડામાર ચાલુ કરાવી દીધું. નગરના લોકો પણ જગડુશાહને ગુર્જરરાજ તરફથી મદદ મળેલી જાણીને ખુશી થયા ને ભયનાં વાદળ ભદ્રેસરને માથે લટકતાં હતાં તે હવે ટળી જવાથી નિશ્ચિંતપણે

વ્યાપાર આદિ કરવા લાગ્યાં. પાટણ તરફથી સૈન્ય સહિત આવ્યા પછી જગડુશાહનું માન, સન્માન બહુ વધી ગયું. ભદ્રેસરના અધિકારી કરતાં પણ લોકો જગડુશાહનું ગૌરવ વધારે સાચવતા હતા તે કાંઇ ભયથી નહીં પણ જગડુશાહના પરમાર્થીક કાર્યોથી, એમની ઉદારતાથી, એમની શક્તિથી ?

કુદરત જો કે માણસનામાં કોઇ એકજ ખાસ ગુણ મુકે છે કે જેનાથી માણસ જગતમાં ગમે તેવાં મુશ્કેલીના સમયમાં પણ પોતાનો બચાવ કરે છે, સંસારમાં ઇજ્જત ભેર રહી શકે છે એ ગુણ જીવનના ઘણા પ્રસંગોમાં એને અણમોલ સહાય કરનારો થઇ પડે છે.

જગડુશાહમાં એવા એકથી વધારે ગુણોનો નિવાસ હોવાથી લોકોનો સદ્ભાવ એમના ઉપર અપૂર્વ હતો. એમની ઉદારતા, પરમાર્થ રસિકતા, વચનની મીઠાશ દુનિયાને જીતવાને બસ હતી. એમની કાર્ય કરવાની શક્તિ એક વીર નરને શોભે એવીજ હતી હાથમાં લીધેલું કામ ગમે તેવા મુશ્કેલીના પ્રસંગોમાં પણ છોડે નહી એવું અપૂર્વ ધૈર્ય, મનોબળ હતું. દુનિયાના કલ્યાણ માટે એમનું જીવન હતું. જગતના સુખ માટે પોતાની લક્ષ્મી હતી. સૌને સંતોષ થાય એવી મૃદુ ભાષા હતી. એવા નર લોકપ્રિય થાય એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. લોકો પોતાની ઉલટથી ભક્તિથી જગડુશાહનું ગૌરવ વધારતા હતા.

દુર્ગનું કાર્ય પ્રતિદિવસ નિયમિત ચાલ્યા કરતું હતું

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ એ દુર્ગના સંબંધમાં એક અજાયબી જેવો બનાવ બનતો હતો. દુર્ગ દિવસના જેટલો તૈયાર થતો હતો એટલો ભાગ રાતના પડી જતો હતો. ગમે તેવું મજબૂત ચણતર કરવા છતાં બીજા દિવસની પ્રભાતમાં એ કાર્ય જમીનદોસ્ત થતું હતું આ એક આશ્ચર્ય કારક બનાવ હતો. આનું કારણ કાંઇ સમજાયું નહી, નગરમાં જેમ જેમ આ વાત ફેલાતી ગઇ તેમ તેમ લોકોના મનમાં કૌતુક વધી પડયું. જગડુશાહે એને માટે અનેક ઉપાયો કર્યા પણ કાર્ય સિદ્ધ થયું નહી.

અનેક વિચાર કરતાં આખરે દૈવાધિષ્ઠિત આ કાર્ય સમજાયા પછી બળી બાકુળા આપી જગડુશાહે વિઘ્ન કરનાર દેવને પ્રસન્ન કર્યો. દેવે જગડુશાહને દર્શન આપી કહ્યું. "અરે શેઠ? તમારો બાંધેલો દુર્ગ હું તોડી પાડું છું શા માટે મને યાદ કર્યો."

"આપ કોણ છો? અને શા માટે દુર્ગ બાંધવામાં દખલગિરિ કરો છો?" જગડુશાહે પૂછયું. "હું આ નગરનો અધિષ્ઠાયક ભદ્ર નામે દેવ છું." દેવતાએ કહ્યું.

"અહો આપ તો મારી ઉપર પ્રસન્ન છો, આપે તો મને સહાય કરવી જોઇએ એને બદલે આપ શા માટે વિઘ્ન ઉપસ્થિત કરો છો એ સમજાતું નથી." મીઠા વચનથી જગડુશાહે કહ્યું.

"તું દુર્ગ ઉપર મારૂં સ્થાનક કરાવ, તારૂં કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થશે." દેવે કહ્યું.

"બીજું કાંઇ ફરમાન ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"નહી, એજ કિલ્લા ઉપર મારૂં સ્થાનક કરાવજે."

"બહુ સારૂં ?" જગડુશાહે ભદ્રસૂરનું વચન અંગીકાર કર્યું.

જગડુશાહે દેવતાનું વચન સ્વીકારતાં ભદ્રસૂર તરતજ અદ્રશ્ય થઇ ગયો.

વિઘ્નનું કારણુ દૂર થતાં કિલ્લાનું કામ પૂરતી ઝડપથી ચાલવા લાગ્યું. શત્રુને બચાવવાને માટે જગડુશાહ કીલ્લાને ફરતી ખાઇ કરાવવી પણુ ભૂલ્યા નહોતા. છ મહિનામાં કીલ્લો તૈયાર થઇ ગયો. દુર્ગ ઉપર ભદ્રસૂરનું રમણીય મંદિર બંધાવી, ભદ્રસૂરની સુંદર મુર્ત્તિ પધરાવી. ભદ્રસૂર નગરનો અધિષ્ઠાયક હોવાથી તેમજ પરોક્ષ રીતે નગરનું રક્ષણુ કરનારો હોવાથી લોકો એની પૂજા માનતા કરવા લાગ્યા. એ ભદ્રસૂરનું નામ અને સ્થાનક નાના બાળકથી તે વૃદ્ધ પર્યંત જાહેર-જાણીતું થઇ ગયું.

જગડુશાહને પોતાની પ્રતિજ્ઞા ધ્યાનમાંજ હતી. પીઠદેવને જે સંદેશો મોકલાવ્યો હતો એ સંદેશાનો અમલ કરવાનું પણુ એના લક્ષ્ય બહાર નહોતું. અનેક શત્રુઓને જીતનાર પીઠદેવના ગર્વનું મર્દન કરવાનો ઇરાદો જગડુશાહ શેઠનો સર્વાંશે હોવાથી પીઠદેવને જે પ્રમાણે કહેવરાવ્યું હતું તે મુજબ કીલ્લાના એક ખુણામાં પત્થરનો એક ગધેડો તૈયાર કરાવી એને સુવર્ણમય બે શિંગડાં કરાવ્યાં.

* * * * *

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના દૂત પાસેથી જગડુશાહનો આવો ગર્વ ભરેલો સંદેશો સાંભળી એક વણિકની આવી નિડરતા જોઈ પીઠદેવ ઘણો વિચારમાં પડી ગયો. એને ઘણો ગુસ્સો આવ્યો. જગડુશાહ ઉપર વેર લેવાને તે એક પગે તૈયાર થઇ ગયો. સેનાપતિને સૈન્ય તૈયાર કરવાનો હુકમ આપ્યો.

એના મનમાં વિચાર આવતો કે એક વાણિયાને પકડી લાવવો એમાં મોટા સૈન્યની શી જરૂર છે ! શું કીડી ઉપર તે કટક હોય. સૈન્ય લઈ જગડુશાહ ઉપર ચડતાં એને મનમાં લજ્જા આવવા લાગી. છતાં સૈન્યની જરૂર તો રાજકિય દૃષ્ટિએ અવશ્ય જણાઇ આવી. કેમકે ભદ્રેસરનો અધિકારી એના બચાવમાં રહી યુદ્ધ કરવા તૈયાર થાય, જગડુશાહનો પક્ષ લઇને પ્રજા હથીયારો લઇ બહાર પડે, બીજા કોઈ સીપાઇ સપરાં એની સેવામાં હોય તે એના બચાવમાં પ્રાણ આપવાને તત્પર થયા હોય, તો પ્રાણ લેનારા સૈનિકોની અવશ્ય જરૂર હતી. જેથી સૈન્યની તૈયારી કરી શુભ મુહૂર્ત્તે જવાનું નક્કી કર્યું. કેમકે આખુ ભદ્રેસર શહેર જમીનદોસ્ત કરવા એનો ઈરાદો હતો. જગડુશાહને કેદ પકડી જન્મભર જેલની હવા ખવડાવવી એવાં અવનવાં ખુશનુનાં સ્વપ્નાં તે નિહાળી રહ્યો હતો. પોતાના કારભારી–પ્રધાન સાથે તે યુદ્ધ સંબંધી મસલત કરતો બેઠો હતો. તે સમયે એક દૂતે આવી સમાચાર આપ્યા કે—

" મહારાજ ? જગડુશાહ ભદ્રેસરમાંથી ગુમ થઈ ગયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. આજ બે દિવસથી તે ભદ્રસરમાં નથી ક્યાં ગયા એનો કોઇ પત્તો આપતું નથી. ” દૂતે કહ્યું.

“ શું જગડુ ગુમ થઇ ગયો ? ક્યાં ગયો ? ” પીઠદેવ આશ્ચર્ય પામ્યો.

“ ગમે ત્યાં ગયો પણ ભદ્રેસરમાં તો નથીજ ? ” દૂતે ફરીને કહ્યું.

પીઠદેવે દૂતને રજા આપ્યા પછી કારભારીને પૂછયું. “ કેમ તમે શું ધારો છો ? જગડુ ક્યાં ગયો હશે ? ”

“ એ કંઇક એની સગવડમાં હશે આપની સાથે એણે વેર કર્યું છે તે વિચારીનેજ કર્યું હશે. મને લાગે છે કે આપને કેમ પહોંચી વળવુ એની એ વેતરણમાં હશે. ” કારભારીએ જણાવ્યું.

“ અંહ....એ શું કરવાનો હતો ? નાહક તમે લાંબા લાંબા વિચાર કરો છો ? ” પીઠદેવે બેદરકારી બતાવી. “ એનો પત્તો મલે ત્યાં સુધી ભદ્રેસર ઉપરની ચડાઇ મુલતવી રાખવી, ”

“ આપનો એ વિચાર ઠીક છે. ” કારભારીએ અનુમોદન આપ્યું.

તેપછી થોડાક દિવસો વહી ગયા ને ગુજરાતથી સૈન્ય સહિત જગડુશાહ ભદ્રેસર આવી પહોંચ્યો. કીલ્લાનું કામ શરૂ થયું. એ સમાચાર ચરપુરૂષો દ્વારા પીઠદેવને મલ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુજરાતના રાજાનું સૈન્ય જગડુશાહની મદદે આવેલુ જાણી પીઠદેવ નરમ પડયો, એના ગર્વનું ખંડન થયું, એનું માન ગળી ગયું અને એનો મદ જતો રહ્યો એ બળવાન સૈન્ય સાથે પીઠદેવ લડી શકે એમ નહોતું તેથી શું કરવું એ માટે તે વિચાર કરવા લાગ્યો. છતાં એને નમણું આપવા કરતાં લડવું ગમતું હતું. એની રગેરગમાં પ્રસરતો ક્ષત્રીય ધર્મનો જુસ્સો એને ઉશ્કેરી મુકતો હતો. એનો ઉતાવળીઓ આકરો સ્વભાવ તડને ફડ કરવાને તલ્પી રહ્યો હતો.

કારભારી તેમજ બીજા એના સરદારોની સલાહથી એના ઉતાવળીયા સ્વભાવને દબાવવાની એને ફરજ પડી. એને લાગ્યું કે જગડુશાહ સાથે વેર કરી યુદ્ધમાં ઉતરવું હવે નકામું હતું. એ મોટા બળવાન સૈન્યને પહોંચી વળવાનું એનામાં સામર્થ્ય નહોતું. મને કે કમને પીઠદેવે જગડુશાહ સાથે સલાહ કરી.

છમાસ પછી કીલ્લો તૈયાર થયો એ સમાચાર પણ પીઠદેવને મલ્યા. પોતાનો તોડાવેલો દુર્ગ જગડુશાહે ફરીને બંધાવ્યો તે પ્રથમના જેવો મજબૂત થયો છે કે નામનોજ કીલ્લો બાંધ્યો છે એ કીલ્લો બંધાવવાનું કામ તો રાજાઓનું છે વણિકોનું નથી. રાજાઓ તપાસ કરી મજબૂત કીલ્લો બંધાવે એવો અનુભવ હીન વાણીયાઓ શી રીતે બનાવી શકે ! માટે બચીત જગડુશાહે નામનોજ દુર્ગ બાંધ્યો હશે જે યુદ્ધ પ્રસંગે સહેલાઈથી તોડવાને ઠીક પડશે. યુદ્ધ નીતિને અનુસરીને એ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કીલ્લાનું નિરક્ષણ તો કરવું જોઇએ. બારીક નિરિક્ષણ કરી કઈ બાજુથી ઘા કરતાં કીલ્લાને ઝટ તોડી શકાય એ પણ જાણી લેવું જોઇએ એમાટે જગડુશાહના મેમાન થઇ એ કાર્ય કરવું જોઇએ. એ પ્રમાણે વિચાર કરતો પીઠદેવ પોતાના પ્રધાનની સલાહ લઈ દુર્ગ જોવાને ભદ્રેસર જવા તૈયાર થયો.

પોતાના આપ્તમંડલ સાથે પીઠદેવ ભદ્રેસર આવ્યો. જો કે પોતાનો તોડેલો કીલ્લો ફરી જગડુશાહે બંધાવી એનું અપમાન કરેલું, એ અપમાન એને ઘણું સાલતું હતું, છતાં એ વિષનો ઘુંટડો ગળામાં ઉતારી અત્યારે દુર્ગનું નિરિક્ષણ કરવાને તે જગડુશાહનો મેમાન બન્યો. વ્યવહાર અને આતિથ્ય વિધિમાં કુશળ જગડુએ પીઠદેવનો ઘણોજ આદરસત્કાર કર્યો. અનુકુળ સમયે કૈલાસના જેવો દુર્ઘર્ષ અને તેજસ્વી તેમજ જેને ફરતી ખાઈ આવેલી, એવો શોભતો મનોહર કીલ્લો જગડુશાહે પીઠદેવને બતાવ્યો. રાજાએ સંપૂર્ણ કાળજીથી કીલ્લાનું નિરિક્ષણ કર્યું. એના કારભારી તેમજ આપ્તમંડલે આ વજ્રસમા મજબુત કીલ્લાની પ્રશંસા કરી. અંતરના અપમાનની આગથી ધુંધવાતો પીઠદેવ પણ કીલ્લાની મજબુતાઈ એની શોભા અને યુદ્ધના સમયમાં શહેરનો બચાવ કરી શકે એવો દ્રઢ જોઇને જગડુશાહના ચાતુર્યની પ્રશંસા કરવા લાગ્યો સંપૂર્ણપણે દુર્ગને જોયા પછી પીઠદેવ અને તેનું આપ્તમંડળ જવાને તૈયાર થયું ગુજરાતથી આવેલા સૈન્યના અધિપતિઓ પણ આ સમયે પીઠદેવની હીલચાલ ઉપર સંપૂર્ણ ધ્યાન રાખતા એની સાથેજ હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" રાજાજી ? આપે કીલ્લો તો સંપૂર્ણ જોયો પણ હજી એક વાત જોવાની રહી ગઈ. " જ્યારે પીઠદેવે પોતાના ઉતારા તરફ કદમ લંબાવવા માંડ્યા એ સમયે પીઠદેવને જગડુશાહે કહ્યું.

જગડુશાહનું કથન સાંભળી પીઠદેવ જગડુશાહ તરફ ફર્યો. " હવે શું જોવાનું બાકી છે શેઠ ? "

" રાજાજી ? આપે સંદેશો પાઠવેલો તે ? " જગડુશાહે મર્મમાં કહ્યું.

" એટલે ? " સમજણ નહી પડવાથી પીઠદેવે કહ્યું.

" આપ નજરે જોશો એટલે સમજાશે મારી સાથે ચાલો ?"

એમ કહી જગડુશાહ પીઠદેવની સાથે કીલ્લાના એક ખુણામાં આવ્યા. વચમાં આડુ-રહેલું ફાટક ખસેડી નાખ્યું એટલે પીઠદેવ અને સર્વેની સમક્ષ શું નજરે પડયું. એને જોઈ જે એનો મર્મ સમજતા હતા તે બધા આભા બની ગયા. પીઠદેવનું મગજ પણ એ દૃશ્ય જોતાં ફરી ગયું. જાણે પૃથ્વી ફરતી હોય તેમ. આંખે અંધારાં આવવા લાગ્યાં. અને ચિત્રામણમાં આલેખ્યા જેવો મંત્ર મુગ્ધ સ્થિર થઈ ગયો. "રાજાજી ? આજે મારી પ્રતિજ્ઞા પૂરી થઇ. " જગડુશાહે એ દૃશ્ય બતાવતાં રાજાને કહ્યું.

એ દૃશ્ય તે દુર્ગના એક ખુણામાં પત્થરનો પીઠદેવના પ્રમાણ જેવડો ગધેડો બનાવ્યો હતો. એને પત્થરનાં શિંગડાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરાવેલાં, એ પત્થરનાં શિંગડાંને અતિ સુંદર રીતે સુવર્ણથી સુશોભિત કર્યાં હતાં. પોતાનાજ પ્રમાણોવત શિંગડાંવાળો ગધેડો જોઈ પીઠદેવનું માથું ફરી ગયું. પણ જગડુશાહને અત્યારે તે કાંઇ કહી શકે તેમ નહોતું. જગડુશાહની આવી હિમત જોઇ પીઠદેવને ક્રોધ, આશ્ચર્ય અને સંતાપ એક સાથે ઉત્પન્ન થયાં.

આ અપમાન પૂર્વના અપમાન કરતાં પણ એને અસાધારણ જણાયું. પત્થરનો ગધેડો જોતાં જ ઉત્પન્ન થયેલો ક્રોધ, સંતાપ પણ ઘણોજ વધી ગયો હતો. એ અસાધારણ ક્રોધ, સંતાપ જો બહાર જ નીકળે તો જરૂર પોતાનેજ નુકશાન કરે છે. અને થયું પણ તેમજ !

પીઠદેવનો મદ ગળી ગયો. રહ્યું સહ્યું ક્ષત્રીય તેજ પણ એનું નષ્ટ થઈ ગયું. શરીર ઉપર જાણે ઘણા દિવસના મંદવાડથી ફીક્કાશ છવાઈ હોય એવી રીતે એનો ચહેરો ફીક્કો પડી ગયો. આ અણધાર્યો બનાવ જોઇ એનું શરીર લથડતું હોય એમ લાગ્યું. સમકાલે ઉત્પન્ન થયેલા ક્રોધ અને સંતાપની તીવ્ર લાગણીથી તે બે ભાન–દિવાના જેવો થઇ ગયો. તરતજ પીઠદેવ જગડુશાહની સાથે પાછો ફર્યો.

તે પછી એક બે દિવસમાં ત્રાસ અને સંતાપની તીવ્ર લાગણીથી ઉશ્કેરાયેલો તે પોતાના દેશ ચાલ્યો ગયો. દુઃખના અસાધારણવેગથી–તીવ્ર જુસ્સાથી એના પ્રચંડ શરીરના સાંધા–નાડીયો પણ તુટી ગઇ. એનું મોં અપમાનની લાગ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ણીથી શ્યામ થઈ ગયું. પોતાના નગરમાં આવ્યા પછી પીઠદેવ થોડાજ દિવસમાં એ ત્રાસ અને સંતાપથી મુંજાઇ મુંજાઇને આ લોકમાંથી પ્રયાણ કરી ગયો.

પીઠદેવના મરણના સમાચાર દેશ પરદેશ ફેલાઇ ગયા. ભદ્રેસરમાં એ સમાચાર જગડુશાહને પણ મળ્યા એ સમાચાર મળવાથી જગડુશાહની રહેલી થોડી ઘણી ચિંતા પણ હવે દૂર થઈ ગઇ. ગુજરાતનું સૈન્ય આવેલું તેને કીલ્લો તૈયાર થયા પછી કેટલુંક પોતાની પાસે રાખીને બાકીનું યૂવરાજ વીરધવલને પાછું મોકલાવી દીધું. પીઠદેવના મરણથી જગડુશાહ નિશ્ચિંતપણે પોતાના દિવસો ધર્મધ્યાન પૂર્વક સુખમાં વ્યતિત કરવા લાગ્યા. પીઠદેવના મરણથી સિંધરાજ આદિ બીજા આસપાસના રાજાઓ પણ જગડુશાહને પોતાથી અધિક પરાક્રમવાળો ગણીને એને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરતા હતા.

# પ્રકરણ ૩૦ મું.

## સુખ શેમાં છે ?

જયંતસિંહ અને વિજયાની છેલ્લી મુલાકાતમાં બન્નેના હ્રુદયમાં એક બીજા માટે પ્રેમના અંકુરા પ્રગટ્યા હતા, જે અનુભવો આજ સુધી ઢંકાઈ ગયા હતા તે અનુભવો વિજયામાં પ્રત્યક્ષ પ્રગટાવા લાગ્યા. એનું જીવન હવે બદલાવા લાગ્યું

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અત્યાર લગી સમાજ સેવાના કાર્યમાંજ ચિત્તનો પ્રવાહ વળેલો, એ પ્રવાહનો ક્રમ બદલાઇ ગયો. હવે તો એ કાર્યમાં પણ એનું ચિત્ત લાગતું નહી. એ હૃદય ભૂમિમાં નવીન અંકુરા ફુટતાં મનનું વાતાવરણ બદલાઈ ગયું હતું. પરમાર્થ ભાવના આસ્તે આસ્તે પ્રેમ ભાવનામાં પલટાવા લાગી. હરેક કાર્ય કરતી વખતે, વાંચતાં, કે કોઇની સાથે વાત કરતાં જયંતનો સુક્ષ્મદેહ એની ચક્ષુઓ આગળ ખડો થતો હતો. અને એમાં એનું ચિત્ત એકાગ્ર થતાં બાહ્ય કાર્યમાં તરતજ સ્ખલના થતી હતી. એવી રીતે એ દૃઢ મન પણ શિથિલ થતું જતું હતું. તેમ તેમ એનું હૈયું જયંત તરફ ચાહ ધરાવતાં શિખ્યું હતું. જેથી અનેક પ્રકારના કર્ત્તવ્યોમાં ગુંથાયેલી હોવા છતાં વિજયાનું મન સ્નેહીને જોવાને અધિરૂં રહ્યા કરતું હતું. દૃઢ મનની સ્થિતિ અસ્થિર થતાંની સાથેજ જીવન ભર કુમારાં રહેવાના વિજયાના સંકલ્પો સુકાઇ ગયા હતા. દાંપત્ય જીવનનાં એને સ્વપ્નાં આવવા લાગ્યાં. એને કુમારિકા ધર્મ પાળવાના પોતાના સંકલ્પમાં ભૂલ થઈ હોય એમ લાગ્યું અને લગ્નનાં સુખો જે એના અનુભવમાં પણ નથી, જેનું એને જ્ઞાન પણ નથી, એવા પતિ મિલનનાં સુખો એની નજર આગળ તરવરવા લાગ્યાં. લગ્નમાંજ એને સુખનો ભાસ થવા લાગ્યો ' અરે ત્યારે સુખ તે ક્યાં રહ્યું છે ? લગ્નમાં કે કુવારામાં ? ' એવા સંકલ્પો એના મગજમાં થવા લાગ્યા. પણ એનો જુવાબ કોણ આપે ? કેમકે પોતે અનુભવહીન બાળા હતી.

વિજયાની માફક જેતસીના મનની સ્થિતિ પણ પલટાઇ ગઇ હતી. વિજયાને સામાન્ય રીતે એણે ઘણીવાર જોયેલી છતાં છેલ્લી મુલાકાતમાં એનું જ્ઞાન, ચાતુર્ય, એની ઉચ્ચ આદર્શ મય ભાવના, એ લાવણ્ય, સર્વે એને અનુપમ લાગ્યું. જેમ જેમ એના વિચાર આવતા તેમ તેમ તેનું મન જાળની માફક અધિક બંધાવા લાગ્યું. પ્રીતિ કરતાં વિજયા એને અધિક આકર્ષક લાગી. એને લાગ્યું કે વિધિ જે કરે છે તે સારૂં કરે છે. દુઃખ પણ એજ આપે છે દુઃખીમાંથી સુખી કરવાં એ પણ એને આધિન છે હવે એ રત્ન કેવી રીતે પ્રાપ્ત થાય એ માટે એના મગજમાં અનેક વિચારો આવવા લાગ્યા. વિજયાએ છેલ્લો જુવાબ સ્પષ્ટ રીતે નહી આપેલો હોવાથી એના મનની સ્થિતિ ડામાડોલ જેવી હતી. " શું વિજયા મારી માગણીનો સ્વિકાર કરશે કે નહી ? આહા ! વિજયા તે ખચિત વિજયાજ હતી. ભાગ્યયોગેજ આવી સર્વોત્તમ પત્ની તો પુરૂષને મળી શકે ? એને પ્રાપ્ત કરવાનું કોનું સદ્ભાગ્ય હશે ? અમારા બન્નેનો સંબંધ થાય તો કેવું સારૂ ? આહા ! તે દિવસે એને જોતાંજ મારા શુષ્ક અંતરમાં ભાવી સુખના અનેક ફણુગા ફુટવા લાગ્યા. એ મૃત થઇ ગયેલી આશાઓ નવિન ચૈતન્યપણાને પામી. અનેક રૂપો પ્રગટ કરવા લાગી. હૈયાના તુટી ગયેલા સ્નેહના તારો પાછા એને જોતાંજ સંધાવા લાગ્યા. મનમાં કંઇ કંઇ ભાવનાઓ જાગૃત થવા પામી. " એવા અનેક વિચારો જેતસીના મગજ ઉપર વારંવાર આવવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે મુલાકાત પછી વચમાં કેટલાક દિવસ પસાર થયા એ અરસામાં બંનેના હૃદયમાં ઉત્પન્ન થયેલી એ નવીન ભાવનાએ પોતાનું કાર્ય કરવા માંડ્યું. જેમ જેમ એ ભાવના દૃઢ થતી ગઈ, પોષાવા લાગી તેમ તેમ એક બીજાનું આકર્ષણ વધતું ગયું. બંનેનાં હૈયાં એક બીજાને મળવાને-ભેટવાને ઉત્સુક રહેવા લાગ્યાં. છતાં એવી સ્થિતિમાં પણ કેટલોક સમય પસાર થઇ ગયો. તે દરમિયાન એકબીજા મળતાં અને મીઠી મીઠી વાતો કરી છુટા પડતાં હતાં તેમ તેમ એ સ્નેહને પોષણ મલતું હતું. બંને રસિક હતાં, યુવાન અને સુંદર હતાં, એક બીજાને ચાહતા શિખ્યાં હતાં છતાં હજી એમના મિલનની વાર હતી, એ સ્નેહ મિલન માટે એકબીજાની ઉત્કંઠા ઘણીજ વધી ગઇ. પણ શું કરે લાચાર !

વિજયાના મનની સ્થિતિનો ફેરફાર એના માતાપિતાના જાણવામાં પણ આવી ગયો હતો. પ્રીતિએ એ સંબંધી કેટલીક વાતનું સ્પષ્ટીકરણ એની માતા આગળ કરી જયંત સાથે વિજયાનો સંબંધ બાંધવાની-લગ્ન કરવાની ભલામણ કરી હતી. વિજયાની માતાએ એના પિતા મોકમચંદ શેઠને પણ આ વાત કરી હતી. જેથી એનાં માતાપિતા પણ રાજી થયાં હતાં. જેતસિંહ સર્વ રીતે એમને યોગ્ય જણાયો જેથી એમનું મન અધિક પ્રસન્ન થયું હતું, હવે તે અનુકુળ સમયનીજ રાહ જોતાં હતાં.

દુર્ગનું કાર્ય પણ સમાપ્ત થયું અને એનું નિરિક્ષણ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવાને પીઠદેવ આવ્યો અને ગયો. જગડુશાહ પીઠદેવની ચિંતામાંથી મુક્ત થયા. ને એક દિવસ પ્રીતિમતીએ પિતા સાથે વાતો કરતાં આ વાત પણ કરી નાંખી.

તે પછી થોડાજ દિવસમાં જેતસિંહના વિજયા સાથે ધામધુમથી લગ્ન થયાં. અને એ એક બીજાને ભેટવાને આતુર થયેલાં હૈયાં મિલનનો સમય નજીક આવેલો જોઈ ધબકવા લાગ્યાં. અત્યાર લગી જે સુખનાં સ્વપ્નાંનો આનંદ માત્ર કલ્પનાઓથી મળતો હતો તે હવે પ્રત્યક્ષ દેખાવા લાગ્યો.

ચંચળ મનની ગતિ તો જુઓ. અત્યાર સુધી એજ મન કુંવારા રહેવાનો દૃઢ આગ્રહ લઇ બેઠેલું હતું એમાંજ એણે સુખ માન્યું હતું. અત્યારે બદલાઇ ગયું. હવે એને સ્નેહ મિલનમાં, પ્રેમમાં, દાંપત્ય જીવનમાં સુખ દેખાવા લાગ્યું. ત્યારે સાચું શું ? જગતમાં સુખ કયાં છે ? લગ્નમાં કે કુંવારામાં ? એ પ્રશ્ને એને મુંજવી નાખી.

લગ્ન થતાંજ વિજયા પરણીને સાસરે ગઇ. વહુનાં સ્વપ્નાં જોતી સાસુ વિજયા જેવી લાયક વહુ મળવાથી ગાંડી ઘેલી થઇ ગઇ. વિજયાએ સાસુને પગે પડી એની સુભઆશિષ મેળવી, સ્વામીને મળવાની. લગ્નનો આનંદ અનુભવવાની, એક અણમોલ સુખનો લ્હાવો લેવાની ક્ષણ જેમ જેમ સાયંકાળ થતો ગયો તેમ તેમ નજીક આવતી જાણી એના હૈયામાં ધબકારા થવા લાગ્યા. પ્રથમ જે જેતસી સાથે છુટથી વાત કરતી હતી. તે અત્યારે હવે જુદોજ જણાયો. અત્યારે એના

મોં સામે જોવાની પણ એનામાં તાકાત નહોતી. એટલાં બધાં શરમનાં પડલ ફરી વળ્યાં હતાં એની પાસે જતાં એ . શરમ આડે આવતી હતી છતાં હૈયું તો ઉત્સુક થઇ રહ્યું હતું.

એજ અરસામાં જયંતસિંહ આવી પહોંચ્યો. શયન ગૃહના દ્વાર પાસે આવીને પ્રિયાની વ્યાકુળતા જોવાને તે ક્ષણ ભર દ્વાર પાસે ઉભો રહ્યો. એના મનમાં પણ અનેક વિચારો આવવા લાગ્યા ધીમે ડગલે ચાલતો જયંત વિજયાની પાસે જઇને ઉભો રહ્યો પતિને એકદમ પાસે આવેલા જોઇ વિજયા એકદમ પલંગ ઉપરથી નીચે ઉતરી ગઇ. વિનોદની વાતોમાં પરસ્પર આનંદ અનુભવવા લાગ્યાં.

# પ્રકરણ ૩૧ મું.

## પરમદેવસૂરિ.

સમય તો પોતાનું કાર્ય કર્યેજ જાય છે પૂર્વની ઘટના બન્યા પછી વચમાં કેટલોક સમય પસાર થઇ ગયો વિક્રમની તેરમી સદી પરિપૂર્ણ થતાં ચૌદમી સદીનો શરૂઆતનાં વ્હાણાં વાહવા લાગ્યાં. એક પછી એક દીવસો ચાલ્યા જાય છે. નવાનું જુનું અને જુનુ તે પૂરાતન–પ્રાચિનની ગણનામાં ગણાય છે છતાં સંસારી માણસો મનુષ્ય ભવ પ્રાપ્ત કરી જગતના કાર્યમાં, કોઈ સુખમાં તો કોઇ દુઃખમાં એવા અંધાઈ ગયા છે કે જતા કાલને

પણ જાણતા નથી. આજે આ કાર્ય કરવાનું છે. આવતી કાલે અમુક કરવાનું છે. એવી એક પછી એક કાર્યની સંકલનામાં જીવન સમાપ્ત થઈ જાય છે અને ધર્મ રહિતપણે હાથ ઘસતાં કાળના કોળીયા થવાનો સમય આવી પહોંચે છે આગ લાગ્યા પછી કુવો ખોદે એ ન્યાયે મનુષ્ય આખુ જીવન તો સ્ત્રી પુત્ર ધન અને કુટુંબની સારવારમાં પૂરૂં કરે એ સમયે આત્મકલ્યાણ માટે ધર્મ કરવાની જરૂરીયાત તો ન જણાઈ. હવે અંત સમયે પશ્ચાતાપ કર્યે શું વળે ?

સંસારીઓની જ્યારે આવી સ્થિતિ છે ત્યારે ત્યાગીઓ આત્માનાજ કલ્યાણમાં મશગુલ હોય છે ધર્મના એક એક માર્ગનું અવલંબન લઈને આત્મ કલ્યાણ સાધવામાં ત્યાગીએ: જાગૃતજ હોય છે કોઇ જ્ઞાનતત્વ વિચારણામાંથી કલ્યાણનો માર્ગ મેળવે છે કોઇ તપનું અવલંબન લે છે. કોઈ ધ્યાન ના માર્ગમાં આગળ વધી જાય છે તો કોઇ ભાવનાથી ભવનો નાશ કરી નાંખે છે. જેને જેને જે નિમિત્ત અનુકુળ આવ્યું તેણે તે નિમિત્તનું અવલંબન લઈને આત્માનું કલ્યાણ સાધ્યું. પણ મનુષ્ય જન્મનો અમુલ્ય સમય વ્યર્થ ન જવા દીધો કે જેથી પાછળથી પસ્તાવો થાય. ધર્મના મર્મને સમજનારા ત્યાગીઓજ સાધુઓ :પોતાના ચારિત્રમાં અચળ રહી મોક્ષના માર્ગને સહેલાઈથી મેળવી શકે. ધન્ય છે એવા ઉતમ ચારિત્રશીલ મુનિઓને!

જગડુશાહના ગુરૂ પરમદેવસૂરિ તપસ્યા કરવામાં ઘણાજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આગળ વધી ગયા હતા, પૂર્વના રૂણાનુબંધથી વિવિધ પ્રકારના તપ કરી ભવોભવનાં ગાઢ કર્મોનો નાશ કરી નાખતા હતા. જેવા સૂરિવર તપસ્વી હતા તેવાજ શ્રી સંખેશ્વર પ્રભુના ભકત–ઉપાસક હતા. તપ સાથે શ્રી સંખેશ્વરનાથનું ધ્યાન ધરી અનેક પૂર્વોપાર્જીત અશુભ કર્મોનો નાશ કરતા હતા. દાન, શિયલ અને ભાવનાથી શોભતા પરમદેવ ગુરૂ અપૂર્વ વૈરાગ્ય ભાવને ધારણ કરનારા હતા. આવા મહાપુરૂષોનો ઉપદેશ સહેલાઈથી બીજાને અસર કરનારો નિવડતો હતો. શ્રી સંખેશ્વરપ્રભુ પ્રતિ એમનું દિલ આકર્ષાવાથી વારંવાર શ્રી સંખેશ્વરના દર્શને જતા હતા. ઘણીજ ભક્તિ અને શુદ્ધ ભાવનાથી શ્રી પાર્શ્વનાથની આરાધના કરતા હતા.

એમણે પાર્શ્વનાથને ઉદ્દેશીને '**આચામ્લવર્ધમાન**' નામનું તપ શરૂ કરેલું જે નિર્વિઘ્ને પરિપૂર્ણ થતાં સંવત ૧૩૦૨ ના માગશર સુદી ૫ ને દિવસે શ્રવણ નક્ષત્રનો જોગ આવે છતે કટપદ્ર નામના ગામમાં દેવપાલને ઘેર પારણું કરી એને પણ મોટો લાભ આપ્યો.

હાલમાં કેટલાક સમયથી શ્રી સંખેશ્વર જતા યાત્રાળુઓને મંદિરમાં રહેલા સાત યક્ષો વિઘ્ન કરતા હતા. જેથી સંખેશ્વર જતા–આવતા યાત્રાળુઓને ઘણી અડચણ પડતી હતી. પણ એ અડચણ કેવી રીતે દૂર કરી શકાય, મનુષ્યકૃત ઉપસર્ગ હોય તો રાજાઓ કે બીજા સમર્થ મનુષ્યોની મદદથી નિવારી શકાય, પણ આ દેવશક્તિથી યાત્રાળુઓને વિઘ્ન થતું હતું તે

કોઈ સમર્થ પુરૂષ વગર દૂર થવું અશક્ય હતું. એ યક્ષોના ઉપસર્ગથી સંખેશ્વર જતા યાત્રાળુઓ ઘણાજ ઓછા થઈ ગયા. જૈન જનતામાં આ વાત પ્રસરી ગઈ વિઘ્ન દૂર કરવા માટે અનેક ઉપાયો કરવા લાગ્યા. બલિ બાકુલાથી એ યક્ષોને સંતોષવા માંડયા પણ મિથ્યાત્વથી વાસિત થયેલા યક્ષોના ઉપસર્ગ હમેશાં ચાલુજ રહ્યા. જેથી સંઘમાં મોટો વિક્ષોભ ઉભો થયો —ચિંતા પેઠી.

જૈનોમાં શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ એ તીર્થ પણ પ્રાચિન અને પ્રભાવિક ગણાતું હોવાથી એને માટે સંઘને ચિંતા થાય એ સ્વાભાવિક છે શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ એ તીર્થ વઢીયાર દેશમાં ઘણા કાલ પહેલાં ઉત્પન્ન થયેલું એ તીર્થને પ્રગટ કરનાર જગત વિજેતા નવમા વાસુદેવ શ્રી કૃષ્ણ હતા.

શ્રી કૃષ્ણજીને જરાસંઘ સાથે યુદ્ધમાં ઉતરવું પડેલું. તે સમયે જરાસંઘે હરિના લશ્કરમાં જરા નામની ભયંકર વિદ્યા મુકેલી જેથી એમનું સૈન્ય મુર્છિત થઇ મોતના બિછાના ઉપર સુતું. એ સમયે શ્રી નેમિનાથના કહેવાથી અઠ્ઠમ તપ કરી નાગલોકના સ્વામી ધરણેંદ્ર પાસેથી એ પ્રતિમા મેળવી. તેના સ્નાત્રજળથી જરા રાક્ષસી દૂર નાશી ગઇ. જેથી હર્ષથી શ્રી હરિએ ત્યાં શંખ પૂર્યો. જેથી જરાસંઘના મનોરથ નિષ્ફળ થયા. તેમજ શ્રી નેમિનાથે પણ શંખ પુરીને સૈન્યનું રક્ષણ કરેલું હોવાથી ત્યાં શંખપુર નામે ગામ વસાવ્યું ને પાર્શ્વનાથનું નામ પણ શ્રી સંખેશ્વર પાડયું.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ વાસુદેવ સહિત યાદવોથી પૂજાયા. નવમા વાસુદેવના મરણ પછી કેટલેક સમયે નેમિનિર્વાણ ગિરનાર ઉપર થયું.

એ નેમિનિર્વાણ પછી ૮૩૭૫૦ વર્ષે ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથનું નિર્વાણ–મોક્ષ ગમન થયું ને તે પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું નિર્વાણ થયું. એ જ્ઞાતપુત્ર મહાવીર સ્વામીને મોક્ષ ગમનને આજે ૨૪૫૨ વર્ષ થયાં. એટલા સમયથી [1]સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા અવિચ્છિન્ન પણે પૂજાતી આવે છે. જ્યારે એ પ્રતિમાનો નિર્માણ સમય તો ગઇ ચોવીસીમાં નવમા દામોદર નામે તીર્થંકરનો સમય હતો.

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ ઉપર સંપૂર્ણ શ્રદ્ધાવાળા પરમ દેવસૂરિએ યક્ષોનો ઉપસર્ગ દૂર કરવા અને યાત્રાળુઓનું સંકટ નિવારણ કરવાનો વિચાર કર્યો. કેવી રીતે યક્ષોનો ઉપસર્ગ દૂર કરવો એ માટે અનેક વિચાર કરવા લાગ્યા. “ શું એ યક્ષોને વશ કરવા માટે કોઈ સમર્થ દેવતાનું આરાધન કરવું, કે મંત્ર શકિતથી એમને વ્યાકુલ કરવા. અથવા તો પ્રથમ એમને ઉપદેશ આપી પ્રતિબોધ કરવાનો પ્રયત્ન કરવો, ઉપદેશની જો એમને અસર નહી થાય તો બીજો માર્ગ જોઈ લેવાશે. હાલમાં તો મારે શ્રી સંખેશ્વર જઇને તેમને પ્રતિબોધ આપવો

૧ એનો સંપૂર્ણ ઇતિહાસ જાણવાને માટે વાંચો ‘ સંખેશ્વર પાર્શ્વનાથ ’ નામનું જૈન સસ્તી વાંચનમાળાનું સંવત ૧૯૮૧ ની સાલનું પુસ્તક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એજ ઠીક છે કે જેથી યાત્રિકોની અગવડતા દૂર થાય ને સંઘમાં જયજયકાર થાય.

કેમકે પૂર્વે સમર્થ પુરૂષોએ દેવતાઓને પણ પ્રતિબોધ કરી ધર્મમાં સ્થિર કર્યા છે. ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત ઉપર પુંડરિક કંડરિક અધ્યયનથી તૃર્યંગ્ જૃંભકદેવને પ્રતિબોધ્યો હતો. વજાસ્વામીએ શત્રુંજય પર્વત ઉપર કપર્દિને પ્રતિબોધી શત્રુંજયનો અધિષ્ઠાયક બનાવ્યો હતો. માટે મારે પણ સંખેશ્વર જવું.

પરમદેવસૂરિએ સંખેશ્વર જવાનો નિશ્ચય કરી મનમાં શ્રી સંખેશ્વરજીનું ધ્યાન ધરતા શુભ મુહુર્તે સંખેશ્વર જવાને વિહાર કરી ગયા. એમની સાથે બીજા સાધુઓ તેમજ શ્રાવક શ્રાવિકાઓનો પરિવાર પણ હતો.

શ્રી સંખેશ્વર મંદિરના એકાંત ભાગમાં અત્યારે એક મહાપુરૂષ ધ્યાન ધરતા બેઠેલા છે. સમય મધ્ય રાત્રીનો થવા આવ્યો છે; જગતમાં સર્વત્ર શાંતિ પથરાયેલી હોવાથી ક્વચિત શિયાળીયાના શબ્દો સંભળાતા હતા. એવા ઘોર અંધકારના સમયમાં જગત જ્યારે નિદ્રા દેવીને ખોળે પડેલું હતું, ત્યારે આ મહા પુરૂષ જાગતાજ હતા. પરમાત્માના ધ્યાનમાં એકાગ્ર ચિત્ત હતા.

એવા શાંતિના સમયમાં પણ દુઃખીયાઓને, પિશાચોને, ચોરી, વ્યભિચાર કરનારાઓને શાંતિ હોતી નથી. તરતજ એ ક્ષણે આ મહાપુરૂષને ઉપસર્ગ કરવા પેલા યક્ષો

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રગટ થયા. ભયંકર સિત્કાર કરતા એમની આગળ અટ્ટહાસ્ય કરવા લાગ્યા, અનેક બિભત્સ, કટુક વચનો બોલી એ ધ્યાનમાં બેઠેલ પુરૂષના ધ્યાનને ચલિત કરવા લાગ્યા. ભયંકર રૂપો બનાવીને, ભય પમાડવા લાગ્યા. અનેક પ્રકારની ધમકીઓ આપવા લાગ્યા. યક્ષોની એવી અનેક કુચેષ્ટાઓ અને કદર્થનાઓ છતાં એ પુરૂષ પોતાના ધ્યાનમાંજ નિમગ્ન હતા. એ મહાપુરૂષ બીજા કોઇ નહી પણ જગડુશાહના ગુરૂ પરમદેવસૂરિજ હતા.

એમના ઉત્કૃષ્ટ ચારિત્ર, અને વૈરાગ્યના પ્રભાવથી યક્ષો એમની પાસે જઈ શકતા નહી, પણ દૂરથીજ પોતાની શકિત ફોરવતા એમને–મુનિને ત્રાસ આપી રહ્યા હતા. છતાં મુનિનું ધૈર્ય અડગ હતું, એમના અડગ ધૈર્યને જોઇ આખરે તે યક્ષો એ મુનિની–સૂરિની સ્તુતિ કરતા એમના ચરણમાં નમ્યા. આખરે તો જગતમાં સત્યનોજ જય થાય છે નીતિ આગળ બદી હારી જાય છે. "મુનિવર ! તમારા ધૈર્યથી અમે પ્રસન્ન થયા છીએ ! ફરમાવો અમને શી આજ્ઞા છે ?"

ઉપસર્ગનો ત્રાસ રાત્રીના ત્રીજે પ્રહરે પૂરો થયા પછી એ યક્ષો મુનિ ચરણમાં નમ્યા. સૂરિએ પણ પોતાનું ધ્યાન પૂર્ણ કરી અરજ કરતાં યક્ષોને જણાવ્યું. "મહાનુભાવ ? તમે યાત્રાળુઓને વિઘ્ન કરવું આજથી છોડી દ્યો ?"

સૂરિનું વચન સાંભળીને એક યક્ષે કહ્યું. "ભગવન્ ? એ અમારે માન્ય છે. પણ આપ બીજુ કાંઇ અમારી પાસે માગો ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" બીજુ એ કે તમે જીનેશ્વરના ભક્ત થાવ, અહિંસા ધર્મના રાગી થાવ, દેવ, ગુરૂ અને ધર્મની ભક્તિ કરી તમે સમકિત પ્રાપ્ત કરો ?" સૂરિએ કહ્યું.

" સૂરિવર ? એતો અમારા સ્વાર્થની વાત થઇ. પણ આપ પોતાને માટે અમને કેમ આજ્ઞા કરતા નથી." યક્ષો બોલ્યા.

" દેવાનુપ્રિય ? જીનેશ્વર–સંખેશ્વર પાર્શ્વનાથના ધ્યાનમાં પ્રીતિવાળા અમે તો ત્યાગી પુરૂષો છીએ. જગતની કઇ ચીજની વાસના અમોને હોય કે જેથી અમે તમારી પાસે માગીયે, અમે તો ફક્ત એક મોક્ષ, મુક્તિ વધુની વરમાળ પહેરવાની હોંશ રાખીએ બાકી તો તમારા સ્વાર્થમાંજ–પરમાર્થમાંજ હવે તો અમારો સ્વાર્થ રહેલો છે. તમે અહિંસામયધર્મપાળી જીનેશ્વરના ભકત થશો એ લાભ અમને પણ કાંઇ થોડો છે ?" સૂરિવરે કહ્યું.

સૂરિવરની નિષ્તૃષ્ણા જોઇ યક્ષો અધિક પ્રસન્ન થયા. " ભગવાન્ ? તમારા ઉપદેશથી તમારા ગુણાનુરાગથી અમે હવે સત્યને માર્ગે ચાલી બીજાઓને પીડા કરવાનો હિંસાનો માર્ગ તજી દેશું. એટલુંજ નહી પણ આજથી શ્રીજીનેશ્વરના શ્રી પાર્શ્વનાથ પ્રભુના ભક્ત–સેવક થઇશું.

" એમ કરવાથી તમારા આત્માનું કલ્યાણ થશે આ સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાની તમે સેવા ભક્તિ શુદ્ધ મને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરજો ને યાત્રાળુ વગેરેને દુઃખમાં-અગવડતામાં સહાય કરજો આ પ્રતિમાને સધર્મેંદ્ર આદિ અનેક દેવતાઓએ પૂજેલી છે છેવટે ધરણેંદ્ર પાસેથી હરિએ મેળવી છે તે આજ કેટલાક સમયથી પૂજાય છે." પ્રતિમાને લગતો ઇતિહાસ સૂરિવરે યક્ષને કહી સંભળાવી ધર્મોપદેશ આપ્યો એમને ધર્મમાં સ્થિર કર્યો.

સૂરિવરની વાણીનું પાન કરી પોતાના આત્માને પવિત્ર કરી પ્રાતઃકાળ થવા પહેલાં યક્ષો અદૃશ્ય થઇ ગયા. સૂરિવર પણ ધ્યાન સમાપ્ત કરી નિશ્ચિંત થઇ થોડીક રાત્રી શેષ રહેવાથી આરામ લેવા લાગ્યા. શ્રી પાર્શ્વનાથના પ્રભાવે આ પ્રતિબોધ કરવાનું કાર્ય સફળ થવાથી શ્રાવકોએ ત્યાં અઠાઈ મહોત્સવ કરી પોતાનો આનંદ પ્રગટ કર્યો.

થોડા દિવસ પછી શ્રાવકો સહીત સૂરિવર પણ મનમાં શ્રી શંખેશ્વરનું ધ્યાન કરતા ત્યાંથી વિહાર કરી ગયા ને યક્ષોએ પણ સત્યને માર્ગે ચાલી ત્યાર પછી કોઇને વિઘ્ન કર્યું નહિ. ગુર્જર ભૂમિનાં અનેક નાનાં મોટાં શહેર પોતાની ચરણ રજથી પાવન કરતા પરમદેવસૂરિ ઝીંઝુવાડા તરફ વિહાર કરી ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૨ મું.

## દુર્જનશલ્ય રાજા.

એક પ્રચંડ પુરૂષ અત્યારે એક સુંદર મંદિરમાં ધ્યાન ધરતો બેઠેલો છે. એ પુરૂષનું પ્રચંડ શરીર, એની ભવ્ય મુખ મુદ્રા તેજ અને ગૌરવ યુક્ત છતાં કોઢના રોગથી હાલમાં વિવર્ણ-વિરૂપ થઇ ગયાં હતાં આજ કેટલાય દિવસથી આ પુરૂષ મંદિરમાં દેવની ઉપાસના કરી રહ્યો હતો છતાં હજી એને દેવ પ્રસન્ન થયા હોય એમ જણાતું નહોતું. કોઢ રોગથી એની પ્રચંડ કાયાને ઝાંખપ લાગેલી તેમજ એનું બળ પણ નરમ પડેલું છતાં પોતાનું મનોબળ દૃઢ રાખી એક ચિત્તે એ પુરૂષ દેવની ઉપાસના કર્યે જતો હતો 'देहं पातयामि वा कार्यं साधयामि' એ એનો મહામંત્ર હતો. ગમે એટલાં કષ્ટ પડે અને ગમે તેટલા દિવસો વહી જાય છતાં ધીરજ છોડી દે એવો એ પુરૂષ નિર્બળ ન હતો. જે મંદીરમાં આ પુરૂષ એક મને દેવની ઉપાસના કરતો હતો એ મંદીર તે ઝીંઝુવાડામાં આવેલું પ્રખ્યાત સૂર્યદેવનું મંદિર હતું.

જેવી રીતે મોઢેરામાં સૂર્યદેવનું મંદિર પ્રસિદ્ધ હતું દૂર દૂર દેશથી લોકો એની માનતા કરવાને આવતા એવો એનો પ્રભાવ જેમ જાણીતો હતો તેવોજ ખાસ પ્રભાવ ઝીંઝુવાડાના સૂર્યદેવનો પણ હતો. આ દેવની માનતા પણ લોકમાં અધિક

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાલતી હોવાથી લોકોની ભક્તિ એની ઉપર વધારે હતી જેથી મંદિરની જાહોજલાલી આ જમાનામાં અપૂર્વ હતી. મંદિરની ઉન્નતિ અભ્યુદય એક એમાં બિરાજેલા સૂર્યદેવનો અભ્યુદય હતો. દૂર દેશથી લોકો એના દર્શને આવતા હતા. કાંઇક ચમત્કારિક હોવાથી પ્રસંગવશાત્ કોઇ કોઇ સમયે એમનો પરચો સાચો પડતો હોવાથી એમની તરફ લોકોનું આકર્ષણ વધારે હતું. એ જગતપ્રસિદ્ધ ઝીંઝુવાડાના મંદીરમાં એકાગ્ર મને ધ્યાન કરનાર પુરૂષ દૂર્જનશલ્ય રાજા હતો.

દુર્જનોને શલ્ય–કાંટા સમાન આ રાજા દુર્જનશલ્ય પોતાના દેશમાં રાજ્ય કરતો હતો. સુખેથી પોતાનું રાજ્ય ભોગવતાં આ રાજાને અકસ્માત્ દૈવયોગે પૂર્વકર્મના ઉદયથી કોઢનો રોગ ઉત્પન્ન થયો એ કોઢનો રોગ મટાડવાને રાજાએ અનેક ઉપાય કર્યા. દેશ પરદેશના વૈદ્યોને, હકીમોને આમંત્રી એમની પાસે પોતાના રોગની ચિકિત્સા કરાવી પણ કોઇ રીતે એ રોગ મટ્યો નહીં.

જ્યારે વૈદ્યો એ રોગ મટાડી શકયા નહી ત્યારે મંત્ર તંત્રના જાણ લોકોને બોલાવી પોતાના રોગનો ઉપાય પૂછયો પોતાના દરબારમાં પગાર ખાનારા પંડિતોને, જ્યોતિષીઓને રોગ નાશ કરવાનો ઉપાય પૂછયો. પણ કોઇએ એ રોગ મટાડવાનો ઉપાય શોધી કાઢ્યો નહી.

અનેક જાણ પુરૂષોને પૂછવા છતાં રાજાને જ્યારે પોતાનો રોગ નાશ કરવાનો ઉપાય જડયો નહી

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

નિરાશાએ રાજાના દુઃખમાં વધારો કર્યો. રાજાના દુઃખે દુઃખી રાજાના પુરોહિતે પંડિતો સાથે મલી ચર્ચા કરી રાજાને સૂર્ય-દેવનું આરાધન કરવાનો ઉપાય બતાવ્યો.

પુરોહિતે દુર્જનશલ્ય રાજાની આગળ સૂર્યદેવના મહાત્મ્યનું વર્ણન એના મનમાં શ્રદ્ધા–ભાવના જાગૃત કરી કેટલાક પૂર્વના સૂર્યદેવના ચમત્કારીક દાખલા રાજાને સંભળાવ્યા. જેથી રાજાના મનમાં એના તરફ ભક્તિ ભાવ ઉત્પન્ન થયો. એણે તરતજ પોતાના નગરમાં આવેલા પ્રખ્યાત સૂર્યદેવના મંદિરમાં જઇ શુભ મુહુર્ત્તે એની ઉપાસના કરવા માંડી.

એ સૂર્યદેવનું આરાધન કરતાં કેટલોક સમય વચમાં પસાર થઇ ગયો. ભક્તની ભક્તિથી પ્રસન્ન થયેલા સૂર્યદેવે એક દિવસની મધ્ય રાત્રીને સમયે રાજાને પ્રત્યક્ષ દર્શન દીધાં. સૂર્યદેવ રાજા આગળ પ્રત્યક્ષ થયા.

પોતાની આગળ સૂર્યદેવને પ્રગટ થયેલા જોઇ રાજા એ સૂર્યદેવના તેજથી અંજાઇ ગયો. સ્વાસ્થ્ય મેળવી રાજાએ સૂર્યદેવની મનોહર શબ્દોમાં સ્તુતિ કરવા માંડી, એની સ્તુતિથી પ્રસન્ન થયેલા સૂર્યદેવ બોલ્યા, " રાજન્ ? કહે ? શા માટે મને યાદ કર્યો ? "

" દેવ ? જગત ઉપર આપનો ઉપકાર હમેશાં વર્ષ્યાજ કરે છે. આપનું ગૌરવ વર્ણવાને કોણ સમર્થ છે ? આપ પ્રસન્ન થયા હો તો મારા શરીરમાં રહેલો કોઢ–રોગ નિવારણ કરો ને મને આરામ કરો ? " રાજાએ કહ્યું.

" રાજન્ ? પૂર્વના દુષ્ટ કર્મના વિપાકથી થયેલો એ કોઢ મટાડવાની મારામાં શક્તિ નથી, હજી તારે એ કર્મના વિપાકો ભોગવવાના છે ? " સૂર્યદેવે પોતાની અશક્તિ જણાવી.

" હેં........શું આ રોગ મટાડવાને આપ અશક્ત છો ! આપ સમર્થ દેવ છતાં શું અશક્ત છો ? " રાજાએ અજાયબી પામીને કહ્યું. " એતો આશ્ચર્ય ? મારો પરિશ્રમ વ્યર્થ ગયો. "

" રાજન્ ! કર્મના સારા મોટા વિપાકો કોઇ પણ ટાળવાને સમર્થ નથી. કર્મની આગળ સમર્થ પુરૂષો પણ રાંક છે સોળ હજાર દેવતાઓ સાતિથ્યકારી અને છન્નુ કોટી પાયદલનો ધણી બ્રહ્મદત્ત ચક્રી એક સામાન્ય ભરવાડથી અંધ થયો, મગધરાજ શ્રેણીકને એના પુત્ર અજાતશત્રુએ જ બંધિવાન બનાવ્યો, અરે હમણાંનીજ વાત ગુર્જરેશ્વર મહારાજ સિદ્ધરાજે પુત્ર મેળવવાને થોડા ઉપાય કર્યા ! છતાં પુત્ર ન થયો. ખુદ સોમેશ્વર પણ પુત્ર ન આપી શકયા. તેમજ કુમારપાલ પોતાની પછી ગાદી ઉપર ન આવે તેને માટે એને મારવાના અનેક ઉપાય કર્યા પણ એ સર્વે વ્યર્થ ! ભાગ્યમાં લખાયેલ વિધિના લેખ ટાળવાને કોઇ સમર્થ નથી. તારે પણ આ દુઃખ ઘણો કાળ ભોગવવા લખાયું છે." સૂર્યદેવે રાજાને આશ્વાસન મળે એવી રીતે કર્મના મર્મો કહી સંભળાવ્યા.

" હા ? ત્યારે મારો રોગ છૂટવાને હવે સંસારભરમાં કોઇ ઉપાયજ નથી ? " રાજા દુર્જનશલ્યે નિઃશ્વાસ નાખ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" છતાં તને એક રસ્તો બતાવું છું. રાજન્ ? નિરાશ થઇશ નહીં. તારો પરિશ્રમ વ્યર્થ નહીં જાય." નિરાશ થયેલા રાજાને સૂર્યદેવે આશા આપી એનો ઉત્સાહ વધાર્યો.

" આપ શું રસ્તો બતાવો છો ?" ઉત્કંઠિત હૃદયે રાજાએ પૂછ્યું.

" તારા ગામમાં પરમદેવસૂરિ પધાર્યા છે, તે મહા પ્રભાવિક, ચારિત્રશીલ અને વૈરાગ્યવંત હોવાથી એ મહાપુરૂષ તારા રોગનો ઉપાય કરશે." સૂર્યદેવે ઉપાય બતાવ્યો.

"તો શું આપના કરતાં મનુષ્યની શક્તિ વધારે છે કે જેથી મારા રોગનો એ ઉપાય કરશે." રાજાએ પૂછ્યું.

" ના ? અમારા કરતાં મનુષ્યોમાં વધારે શકિત તો નથી. છતાં સંસારના મોહ બંધનથી રહિત, મહા ત્યાગી પુરૂષોના ગુણોને દેવતાઓ પણ પૂજે છે. દેવશક્તિથી જે કાર્ય થતું નથી તે એ ત્યાગી પુરૂષો કરે છે. તક્ષશીલામાં મરકીનો રોગ ઉત્પન્ન થયેલો તે માનદેવસૂરિએજ પોતાની શકિતથી શાંત કર્યો હતો. દેવશકિતથી નહિ. સંઘમાં મરકીનો ઉપદ્રવ કરનાર દેવતાની શકિતને રોકવાને ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્ર રચી વિઘ્ન કરનાર દેવને નિસ્તેજ કરી નાખ્યો ત્યાગની પરાકાષ્ઠાએ પહોંચેલા એવા ચારિત્રશીલ પુરૂષોની તો અમે પણ સેવા કરીએ છીએ, કારણ કે અમે સર્વ કાર્ય કરવાને શક્તિવાન છીએ છતાં એ ત્યાગને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માર્ગે ચાલવાની અમારી શકિત નહીં હોવાથી એમની ભકિત કરી અમે અમારો ગુણાનુરાગ બતાવીએ છીએ."

"જેવી આપની આજ્ઞા ? હું ગુરૂદેવને રોગની શાંતિનો ઉપાય પૂછી જોઇશ." રાજાએ સૂર્યદેવનું વચન અંગિકાર કરતાં કહ્યું.

"અને મારી આશીષ છે કે તારો પરિશ્રમ સફલ થાવ?" સૂર્યદેવ આશિર્વાદ આપીને અદ્રશ્ય થઇ ગયા. એ શેષ રાત્રિ રાજાએ જાગૃતાવસ્થામાં વ્યતિત કરી.

પ્રાતઃકાલે રાજા પોતાને મહેલે આવ્યો. તે પછી કેટલોક દિવસ ચડયો ત્યારે પોતાના આપ્ત મંડળ સાથે પરમદેવસૂરિનાં દર્શને ગયો. વ્યાખ્યાનનો સમય પૂર્ણ થયા પછી રાજાએ ગુરૂ પાસે આવી સુખ શાતા પૂછી. અને પોતાના રોગનું મૂળ સ્વરૂપ ગુરૂ આગળ નિવેદન કરી એનો ઉપાય પૂછયો.

"રાજન્? આ રોગ એવો છે કે શાસ્ત્રમાં એને રાજરોગ કહેલો છે. આ રોગ ઉત્પન્ન થાય તે છેવટ પર્યંત સુધી મનુષ્યને હેરાન હેરાન કરી એની જીંદગી ટુંકી કરી નાંખે છે. હજારો દવાદારૂ કરતાં પણ આ રોગો પોતાનો સ્વભાવ તજતા નથી. જગતમાં ભગંદર, ક્ષય, દમ, કંઠમાળ, કોઢ વગેરે રોગો તે રાજરોગ કહેવાય." ગુરૂ પરમદેવસૂરિએ રોગનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું.

"તો શું ભગવન્? આપ પણ એમજ કહો છો કે મારો રોગ રાજરોગ હોવાથી નહિ મટે?" રાજાએ નિરાશ થતાં કહ્યું.

"જો કે એ રાજરોગ કહેવાય છે છતાં એવા રોગોમાંથી પણ મનુષ્યો સારા થાય છે. પૂર્વે રઘુવંશમાં થયેલા અજય રાજાના એકસોને આઠ કોઢ આદિ રોગો અજારાપાર્શ્વનાથના નમણથી જતા રહ્યા હતા. એલેચપુર નગરમાં થયેલા એલેચ રાજાનો (શ્રીપાલરાજાનો) કોઢ રોગ પણ અંતરીક્ષ પાર્શ્વનાથના પ્રભાવથી નષ્ટ થયો હતો. તેમજ શ્રીપાલ રાજાનો કોઢ રોગ પણ નવપદની ઓળીના ને જીનેશ્વરની ભક્તિનાપ્રભાવથી દૂર થયો હતો. છેલ્લાં થયેલા અભયદેવસૂરિને પણ કોઢનો રોગ થયેલો, એમણે પણ જયતિહુઅણ સ્તોત્ર બનાવી થંભણ પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ કરી, એ પ્રતિમાના દર્શન માત્રથી સુરિશ્વરનો કોઢ નષ્ટ થયો હતો. માટે જગતમાં એવું કંઇ એકાંત નથી કે આ રોગ નજ મટે." ગુરૂએ આશા આપી. નિરાશાવાદીમાંથી એનો ઉત્સાહ વધાર્યો.

"ત્યારે ભગવન્ ? મારો કોઢ મટે એવો કોઇ ઉપાય શોધી કાઢો ?" રાજાએ કહ્યું.

"તમે પાર્શ્વનાથનું આરાધન કરો ? એમના પ્રભાવથી તમારો રોગ નષ્ટ થશે. કેમકે જગતમાં પાર્શ્વનાથ અધિક પ્રભાવવાળા છે. વીતરાગ છતાં આદેય કર્મધારી હોવાથી એ પ્રભુ પુરીસાદાની–પુરૂષને ઇચ્છિત દેનારા છે. જો કે તીર્થંકરો ઋદ્ધિ સમૃદ્ધિએ કરીને સર્વે સમાન છે છતાં પણ જગતમાં પાર્શ્વનાથની ભક્તિ કરનાર ભકતનાં મનોવાંચ્છિત તાત્કાલિક ફળે છે, આ કળિકાળમાં એ કલ્પવૃક્ષથી પણ અધિક પ્રગટ

પ્રભાવવાળા છે. કારણ વિશેષે કરી ૧૦૦૮ તો એમનાં જગતમાં નામ પ્રસિદ્ધ છે. દુનીયાના સમસ્ત દેવોમાં એમનાથી વધીને ત્રીભુવન બીજો કોઇ દેવ નથી. માટે એ સમર્થ દેવની ભકિત કરવાથી તમારો કોઢ રોગ દૂર થશે. પૂર્વે પણ એજ ભગવંતની ભકિતથી ઘણાના રોગો નાશ પામ્યા છે–કોઢ પણ ગયા છે એ વાત મેં તમને કહી છે. માટે જગતમાં અધિક પ્રભાવવાળા પાર્શ્વનાથની ભક્તિ કરવાથી તમારૂં વાંચ્છિત સિદ્ધ થશે એ ભગવંતની ભક્તિ કરતાં જો કાર્ય ન સર્યું તો પછી ત્રિભુવનમાં એનું કાર્ય સિદ્ધ થવાનું નથી. માટે એથીજ તમને ઇષ્ટફલની સિદ્ધિ થશે.” પરમદેવસૂરિએ કહ્યું.

“આપ કહેશો એવી રીતે એ પાર્શ્વનાથપ્રભુનું હું ખુશીથી આરાધન કરીશ.” રાજાએ કહ્યું.

“તો તમે શ્રી સંખેશ્વર પાર્શ્વનાથજીનું આરાધન કરો. એ પ્રતિમા ઘણી પ્રાચીન, પ્રભાવવાળી અને મહાચમત્કારિક હોવાથી તમને જલદી કાર્યસિદ્ધિ થશે. માટે તમારા કાર્યને માટે હું પણ શ્રી સંખેશ્વર જાઉં છું ને તમે પણ સંખેશ્વર જઇ હું બતાવું તે વિધિએ ભગવનનું આરાધન કરો ?”

“તો આપ પણ મારી સાથેજ સંખેશ્વર ચાલો ? આપણે શુભ મુહૂર્તે સંખેશ્વર જઇએ કે જેથી કાર્ય સિદ્ધ થાય.” રાજાએ કહ્યું.

તે પછી શુભ દિવસે રાજા પોતાના આપ્ત મંડલ સાથે ગુરૂ સહિત સંખેશ્વર વિદાય થયો. ત્યાં જઇને ગુરૂએ રાજાને

યોગ્ય વિધિ આપી અનુષ્ઠાન બતાવ્યું તે પ્રમાણે રાજાએ સંખેશ્વરની ઉપાસના કરવા માંડી બીજી તરફથી ગુરૂ પણ મંત્રનો જાપ કરતા ધ્યાન ધરીને બેઠા, કેટલાક દિવસો એ વાતને વહી ગયા.

રાજા દુર્જનશલ્યનું શરીર તે પછી ભગવાનના સ્નાત્ર-જલથી રોગરહિત થવા માંડયું. જેમ જેમ એનું દુષ્કર્મ ક્ષય થતું ગયું તેમ એના શરીરને સારૂં થતું ગયું.

એવી રીતે દઢ મનથી બન્ને જણા મંત્ર ધ્યાન કરતા. જેથી રાજાના અશુભ કર્મનો નાશ થઇ ગયો. એની કાયા કંચનવર્ણીય થઇ ગઇ. શરીર ઉપર નામ માત્ર જેટલો કોઢ પણ રહ્યો નહીં, ત્યારે એમણે પોતાનું ધ્યાન સમાપ્ત કર્યું. અને તપનું પારણું કરી હર્ષ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો.

ગુરૂ ઉપર અપૂર્વ શ્રદ્ધા થવાથી દુર્જનશલ્ય રાજા પરમ-દેવસૂરિનો અનન્ય ભકત–જૈન થયો. પછી ત્યાં મંદિરનો એણે જીર્ણોદ્ધાર કરાવ્યો. સંખેશ્વર પાર્શ્વનાથનો પણ ભકત થયો. પછી રાજા પોતાના આપ્તમંડળ સાથે પોતાના નગર ઝીંઝુવાડા-માં આવ્યો. પરમદેવસૂરિ પણ રાજાને પ્રતિબોધી ધર્મમાં સ્થિર કરી ભવ્યજનોને પ્રતિબોધવા અન્ય સ્થાને વિહાર કરી ગયા.

જે માણસે ધર્મનાં પ્રગટ ફલ જોયાં છે એવા માણસો ધર્મમાં દઢ રહીને હંમેશાં ધર્મકાર્યમાં રકત રહે છે. ઉપદેશના અભાવે પણ હમેશાં એ પુરૂષો ધર્મમાં જાગૃત જ રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૩ મું.

## શત્રુંજયની યાત્રા.

પૂર્વની ઘટના બન્યા પછી કેટલોક સમય પસાર થઇ ગયો. એ અરસામાં જગડુશાહ પોતાનો સમય સુખમાં વ્યતીત કરી રહ્યા હતા. એમના ભાઈ રાજ અને પદ્મ પણ શુભ કાર્યમાં લક્ષ્મીનો સદ્ઉપયોગ કરતા, મનુષ્ય ભવ સફલ કરી પૂર્વભવના પુણ્યથી મળેલી લક્ષ્મીનો ઉપભોગ કરતા હતા. એ દરમિયાન જગડુશાહના વચલા ભાઈ રાજની સ્ત્રી રાજલ્લદેવીએ વિક્રમસિંહ નામના પુત્રનો જન્મ આપ્યો, તે પછી ધાંધો અને હાંસબાઇ નામે પુત્રી જન્મી. બે પુત્ર ને એક પુત્રીના પરિવારવાળી રાજલ્લદેવીનું સૌભાગ્ય અધિક વૃદ્ધિગત થયું. એ પુત્ર પુત્રીના પરિવારથી જગડુશાહને ઘણો આનંદ થયો. એમની પુત્રની ચિંતા પણ આ રીતે દૂર થવાથી જગડુશાહના દિવસો સુખમાં પસાર થવા લાગ્યા.

ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા પરમદેવસૂરિ વિહાર કરતા કરતા ભદ્રેસર શહેરમાં પધાર્યા. જગડુશાહે અધિક મહોત્સવથી એમનો પ્રવેશ મહોત્સવ કર્યો. જગડુશાહના આગ્રહથી કેટલોક સમય ગુરૂ પરમદેવસૂરિ ભદ્રેસરમાં રહ્યા. એ દરમિયાન ભાવસાર કુળમાં ઉત્પન્ન થયેલી મદના નામની સ્ત્રીએ આચામ્લ વર્ધમાન નામનું તપ કરવા માંડયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂએ એને એ તપ નહી કરવાને સમજાવ્યું. “ મહાનુભાવ ? એ તપ દેવતાની કૃપા વગર થવું અશક્ય છે માટે તું એ સિવાય બીજુ તપ કરી તારા આત્માનું કલ્યાણ કર ?”

ગુરૂના વચનને નહી માનતી એ મદના શ્રાવિકાએ એ તપનો પ્રારંભ કર્યો. કેટલાક દિવસ તો શરૂઆતમાં નિર્વિઘ્ને એ બાઇએ પસાર કર્યા. પણ એક દિવસ કોઈ ખરાબ પળ ચોઘડીયે કોઇ અસુર એના તપની દૃઢતા જોવાને આવ્યો. અસુરના ઉપસર્ગથી એ બાઇ અધુરા તપે આલોકમાંથી પ્રયાણ કરી ગઇ.

એક દિવસ જગડુશાહને પરમદેવસૂરિએ શત્રુંજય અને ગિરનારની તીર્થ યાત્રા કરવાનો ઉપદેશ કર્યો. એનાં મહાત્મ્ય વર્ણવી ત્યાં સંઘ લઇ જનાર સંઘવીને સંઘવી પદ પામવું કેટલું દુર્લભ છે. વગેરે વર્ણન શાસ્ત્રઆધારે ગુરૂએ કહેવાથી જગતના જીવોને સંતોષ આપનાર જગડુશાહે શત્રુંજય ગિરનારની સંઘ સહિત યાત્રા કરવાનો વિચાર કર્યો.

મોટી ધામધુમથી એણે સંઘ કાઢવાની તૈયારી કરવા માંડી. દેશ પરદેશવાસી અનેક નરનારીઓને સંઘમાં આવવાને માટે આમંત્રણ મોકલવામાં આવ્યાં, જેથી હજારો નરનારીઓ એની સાથે સંઘમાં જવાને તત્પર થયાં. જગડુશાહે ભિન્ન ભિન્ન પ્રકારની વ્યવસ્થા કરીને સંઘના જુદા જુદા માણસોને પોતપોતાના કાર્યની જોખમદારી સોંપી દીધી. ઇંદ્રની પાછળ જેમ સામાનિક દેવતાઓ ચાલે તેમ હજારો ધનવાનો જગડુશાહે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાઢેલા સંઘમાં જવાને તૈયાર થયા. તેમજ અનેક વિદ્વાનો પણ જગડુશાહની સાથે જવાને તૈયાર થયા.

પરમદેવસૂરિએ શુભ મુહુર્ત્તે જગડુશાહને સંઘવીપદનું તિલક કર્યું. શુભ મુહુર્ત્તે એ સંઘે ભદ્રેસરમાંથી પ્રસ્થાન કર્યું એના પ્રસ્થાન સમયે અનેક પ્રકારનાં મંગલમય વાજીંત્રો વાગવા લાગ્યાં, નગરની સૌભાગ્યવંતી રમણીઓ ધવલ મંગલનાં ગીત ગાવા લાગી અનેક પ્રકારની ધ્વજા, પતાકા, હાથી, ઘોડા, રથ, ગાડાં, ગાડીઓ વગેરેથી સંઘ ભદ્રેસરમાંથી નિકળ્યો. જાણે કલિયુગને હણવાને ધર્મરાજનું સૈન્ય જતું હોયને શું ?

હાથી ઘોડા રથ અને પાયદલ વડે કરીને શોભતો એ સંઘ માર્ગમાં આવતી નાની મોટી યાત્રાઓ કરતો અનુક્રમે ગુજરાતની ભૂમિમાં આવ્યો. અણહિલ્લપુર પાટણમાં જઇને સંઘવી જગડુશાહે વિશળદેવ ગુર્જરેશ્વરને પ્રણામ કરી રત્નોના ઢગનું નજરાણું કર્યું. રાજાએ ખુશી થઇ સંઘવીનો સત્કાર કર્યો. માર્ગની સરળતા માટે હાથી ઘોડેસ્વાર સૈન્યની સહાય આપી. બીજી કેટલીક સગવડતાઓ રાજાએ કરી આપી.

યુવરાજ વીરધવલ ગુર્જરેશ્વર મહારાજ ભીમદેવની હયાતીમાંજ મરણ પામવાથી પોતે ગુર્જરેશ્વર છતાં ગુર્જરેશ્વરની પદવી ધારણ કરી નહોતી મહારાજ ભીમદેવના મરણ પછી યુવરાજ વીરધવલના પુત્ર વિશલદેવે ગુર્જરેશ્વર પદવી ધારણ કરી અણહિલ્લપુરના તખ્ત ઉપર બેસી ગુજરાતનો રાજમુકુટ ધારણ કર્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશલદેવને નમી સંઘવી જગડુશાહ સંઘ સહિત ત્યાંથી આગળ ચાલ્યા, સાધુ, સાધ્વી સહિત શ્રાવક શ્રાવિકાની સંખ્યા નહી ગણી શકાય તેવી હતી.

માર્ગમાં જગડુશાહે સ્થળે સ્થળે જૈનમંદિરો ઉપર ધ્વજાઓ ચડાવી. સાધુ સાધ્વીઓને અન્ન વસ્ત્ર પાત્ર આપી જીનભક્તિ સાથે સુપાત્ર દાનનો લાભ પણ પ્રાપ્ત કર્યો. પગલે પગલે યાચકોને સુવર્ણનાંદાન આપી એમનાં મન સંતુષ્ટ કર્યાં.

મજલ દર મજલ કરતો નિર્વિઘ્નપણે સંઘ પાલીતાણે પહોંચ્યો. જગડુશાહે ગુરૂ સાથે સંઘ સહિત ડુંગરને સોનાને ફુલડે, મોતીડે વધાવ્યો, એની પૂજા કરી ઉપર ચડ્યા. શ્રી આદિશ્વરદાદાનાં દર્શન કરી અનેક કાલનાં સંચય કરેલાં કર્મરૂપી મલનો નાશ કર્યો. સ્નાનથી પવિત્ર થઇ વિધિસહિત ભગવાનને પૂજ્યા. શત્રુંજયની પ્રાચિનતા સંબંધી તેમજ મોટા ઉદ્ધારને લગતી કેટલીક હકીકત ગુરૂએ કહી સંભળાવી અને છેવટમાં કહ્યું કે.

" આ મંદિર હાલમાં થોડાં વર્ષ ઉપર ગુજરાતના મહાઅમાત્ય વાગભટ્ટ મંત્રીએ કુમારપાલના સમયમાં સંવત ૧૨૧૩ માં બંધાવેલું છે તે તો તમે જાણો છો ને ? "

" જી હા ! આ મૂળ પ્રાસાદ પહેલાં લાકડાનો હતો એને મહાઅમાત્ય બાહડમંત્રીએ પત્થરનો બંધાવ્યો અને કામ ઘણુંજ મજબૂત કરાવ્યું. ધન્ય છે એવા મહા પુરૂષોને જગડુશાહે સ્તુતિ કરતાં કહ્યું.

"અને આ કુમારપાળનું દેરાસર? આ સંપ્રતિરાજાનું!" વગેરે અન્યમંદિરોની પણ કેટલીક હકીકત કહી સંભળાવી.

"શત્રુંજય! એનું નામજ કેવું સુમધુર છે વાહ? શત્રુનોજય એટલે શત્રુને જીતનારૂ?" જગડુશાહે કહ્યું.

"હા? મહાનુભાવ? અહીંયાં પ્રભુની ભાવથી ભક્તિ કરતાં કર્મરૂપી શત્રુઓ અવશ્ય જીતાઇ જાય, પૂર્વે અહીયાં તપ કરનારા અનેક મહાપુરૂષોએ કર્મરૂપી શત્રુઓને હણીને મુકિતની વરમાળ ગ્રહણ કરી છે. મહા પાપ કરનારા, પણ આ તીર્થનું આરાધન કરવાથી પાપ મુક્ત થાય છે, જે ભવ્ય (મુક્તિને યોગ્ય) હોય છે એજ આત્મા આ ગિરિવરને સ્પર્શી શકે છે. એવો એનો પ્રભાવ છે. પોતાની લક્ષ્મી જેમણે આ પર્વત ઉપર વાપરી છે એમણે તો પોતાની લક્ષ્મીને ખચિત કૃતાર્થ કરી છે," ગુરૂએ કહ્યું.

"વાહ? આવા પવિત્ર ગિરિરાજના દર્શનથી સેવા ભક્તિથી મારો જન્મ કૃતાર્થ થયો મારી લક્ષ્મી સફળ થઇ. સૌભાગ્યવતી થઈ." જગડુશાહ સુકૃતની અનુમોદના કરવા લાગ્યા.

"હમણાંજ થોડા વર્ષ પહેલાં ગુજરાતના મહાઅમાત્ય વસ્તુપાળ તમારી માફક મોટા સંઘ સહિત અહીયાં યાત્રાએ આવેલા હતા. એમણે અહીયાં પણ નેમિનાથ અને પાર્શ્વનાથનું મંદિર કરાવ્યું. એક ભવ્ય મહાવીર સ્વામીનું પણ મંદિર બંધાવ્યું છે તે સિવાય એમણે પોતાની લક્ષ્મી અન્ય પ્રસંગોમાં સારી વાપરી છે.

“ આહા ? જેમણે અહીંયાં આવીને પોતાની લક્ષ્મી વાપરી એમણે તો લક્ષ્મી :વડે માને કે મુક્તિવધુ સાથે સગપણનું સારૂં કર્યું. ” જગડુશાહે કહ્યું.

અત્યંત ભક્તિથી ભરેલા હૃદયવાળા જગડુશાહે અષ્ટ પ્રકારી, ચોસઠ પ્રકારી, સત્તર પ્રકારી પુજાઓ ભણાવીને માનવ ભવનો લ્હાવો લેવા માંડ્યો, ભાટ, ચારણ અને યાચકોને મુક્ત હાથે દાન આપી સંતોષવા માંડ્યા. સ્વામી વત્સલ કર્યાં, અનેક પ્રકારે પોતાની લક્ષ્મીનો આ તીર્થ સ્થાનમાં સદ્વ્યય કરવા માંડ્યો.

કેટલાક દિવસ પર્યંત પાલીતાણા રોકાઇ ત્યાંથી સંઘ ગિરનાર જવાને ઉપડ્યો, ત્યાં જઈ :બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથને ભેટ્યા, ભાવથી એમની પૂજા સેવાભક્તિ કરી નૃજન્મનો લ્હાવો લીધો. અહીંયાં પણ કુમારપાળનું મંદિર, સંપ્રતિ મંદિર, વગેરે મંદિરોનાં દર્શન કરીને લાભ લીધો. ગિરનારનો કેટલોક પ્રાચિન ઇતિહાસ સંભળાવતાં કહ્યું કે “ આ મંદિરનો ઉદ્ધાર પણ હમણાંજ સંવત ૧૧૮૫ માં સજ્જનમંત્રીએ કરાવેલો છે. ગુર્જરેશ્વર સિદ્ધરાજના સમયમાં સજ્જન મંત્રી સોરઠના દંડનાયક હતા. આ મંદિરમાં સોરઠ દેશની બાર વર્ષની ઉપજ ખર્ચાઇ ગઇ છે. લગભગ સોરઠની કમાઇના ૧૮૦૭૨૦૦૦૦૦ તે સમયનાં ચાલતાં નાણાંનો ખર્ચ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો છે. આ પ્રાસાદનું નામ પણ કર્ણમેરૂપ્રાસાદ કહેવાય છે." પરમદેવસૂરિએ જણાવ્યું.

"અને આ પર્વતનાં પગથીયાં તો આંબડ મંત્રીએ બંધાવેલાં ખરૂં ને ?" જગડુશાહે પૂછયું.

"હા ? કુમારપાળ ગુર્જરેશ્વરના સમયમાં સંવત ૧૨૧૦ પછી ઉદયન મંત્રીનો બીજો પુત્ર આંબડ આમ્રભટ જ્યારે સોરઠનો દંડનાયક સજ્જનમંત્રીના પુત્ર પરશુરામ પછી થયો ત્યારે તેણે આ પગથીયાં બંધાવ્યાં હતાં."

"વાહ ? શું એ મહાપુરૂષોની ધર્મભાવના ! જેવા એ રાજ્ય વ્યવહારમાં કુશળ હતા તેવાજ ધર્મ વ્યવહારમાં પણ હતા." જગડુશાહે સ્તુતિ કરી.

ગિરનાર પર્વત ઉપર પણ નેમીનાથ ભગવાનનાં દર્શન કરી ભાવ પૂર્વક સેવા ભક્તિ કરી સંઘ સહિત જગડુશાહ કૃતાર્થ થયા. કેટલાક દિવસ પર્યંત સંઘે ત્યાં સેવા ભક્તિનો લાભ લીધો. તે પછી સંઘ ત્યાંથી આગળ પ્રયાણ કરી ગયો.

શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી સંઘ સહિત જગડુશાહ પોતાના આત્માને ધન્ય માનતા છતા સ્વદેશના માર્ગે વળ્યા. અનેક દીન, દુઃખી, અને ગરીબોને મુક્ત હાથે દાન આપતા અને સ્વામીભાઈનાં દુઃખોને દૂર કરતા જગડુશાહ પોતાના નગર ભદ્રેસરમાં આવી પહોંચ્યા. સંઘમાં આવેલાં નરનારીઓનો યોગ્ય રીતે સત્કાર કરી પોતપોતાને ઘેર વિદાય કર્યા.

નિર્વિઘ્ને શત્રુંજયની યાત્રાનું કાર્ય પરિસમાપ્ત થયેલું હોવાથી જગડુશાહે પોતાના શહેર ભદ્રેસરમાં આવીને પણ અનેક દીન, દુઃખી યાચકોને કંઇ પણ પ્રકારનું અંતર ગણ્યા વગર મુક્ત હાથે દાન આપી પોતાની લક્ષ્મી કૃતાર્થ કરી. ધન્ય છે એવા જગત્વત્સલ પુરૂષોને ?

# પ્રકરણ ૩૪ મું.

## વિભૂતિનો સદ્વ્યય

" दानं भोगो नाश, स्तिस्त्रो गतयो भवंति वितस्य
यो न ददाति नभुक्ते, तस्य तृतीया गतिर्भवति " ॥ १ ॥

**ભાવાર્થ**—દાન, ભોગ અને નાશ એ ત્રણ સ્થિતિ લક્ષ્મીની જગતમાં હોય છે. જે માણસ પોતાના પાસે રહેલા ધનને સુકૃતિમાં વપરાતો નથી, અથવા તો પોતે પણ ભોગવતો નથી, એના ધનની ત્રીજીગતિ થાય છે અર્થાત નાશ પામે છે.

શત્રુંજયનો સંઘ કાઢીને જગડુશાહે દેવને પણ દુર્લભ એવું સંઘવીપદ ધારણ કરીને મનુષ્ય જન્મ મળેલી લક્ષ્મીથી સફલ કર્યો. એ યાત્રામાં અનેક જનોના મનની ઇચ્છા એમણે પૂર્ણ કરી, ગુરૂ પરમદેવસૂરિના ઉપદેશથી યાત્રા કરી આવ્યા પછી એમણે પોતાની લક્ષ્મી સુકૃતને માર્ગે વાપરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંડી. સરળ હૃદયવાળા જગડુશાહે ભદ્રેસરપુરમાં શ્રી વીરસૂરિએ કરાવેલું વીરનાથનું મંદિર હતું એ મંદિર ઉપર સુવર્ણનો મોટો કળશ તેમજ સોનાનો દંડ બનાવ્યો, મંદિરની શોભામાં વધારો કર્યો.

પ્રીતિમતીના કલ્યાણ નિમિત્તે આરસપહાણના ઉમદા પત્થરની ત્રણ દેરીયો કરાવી ભગવાનની મુર્તિઓ પ્રતિષ્ઠિત કરી તેમજ અષ્ટાપદનું મોટું મંદિર બંધાવી ૨૪ તિર્થંકરોની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી. વળી ત્રિખંડાપાર્શ્વનાથની મૂર્તિ ઉપર સુવર્ણનું પતરૂં મઢાવ્યું.

રાજની પુત્રી હાંસુબાઇને ઉદ્દેશીને એના કલ્યાણ માટે આરસપહાણના ઉમદા પાષાણની ૧૭૦ તીર્થંકરોની મૂર્ત્તિઓ ભરાવી. તેમજ એ બધી જીનેશ્વર ભગવાનની મૂર્ત્તિઓની સેવા ભક્તિને માટે જગડુશાહે નગરમાં એક વિશાળ ફુલવાડી બાગ તૈયાર કરાવ્યો.

પૂર્વે ગુર્જરેશ્વર મૂળરાજ સોલંકી અને કુમારપાળ મહારાજે તળાવ બંધાવેલાં હતાં તે અત્યારે જીર્ણ સ્થિતિમાં હોવાથી જગડુશાહે ફરી એ તળાવનો ઉદ્ધાર કરાવી નવેસરથી બંધાવ્યાં. તેમજ ગુર્જરેશ્વર કર્ણદેવની વાવનો પણ પુનરોદ્ધાર કર્યો.

ઢંકાનગરી (ઢાંકનગર) માં જગડુશાહે એક નવીન આદિશ્વર ભગવાનનું મંદિર બંધાવ્યું હતું. આ ઢાંકનગર કાઠીયાવાડમાં પોરબંદરની ઇશાન કોણમાં ૧૫ ગાઉ ઉપર આવેલું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. અસલ તે મોટું શહેર હતું પણ હાલમાં ત્યાં ખંડેર સિવાય બીજું કાંઇ દેખાતું નથી. એ ઢાંક શહેર જેઠવાની રાજધાની ભુમલીને તાબે હતું. જેઠવાઓએ વાળાકુળમાં ઉત્પન્ન થયેલા વનાજીને આપેલું જેથી વાળાઓ ઢાંકમાં રાજ્ય કરતા હતા. ભુમલી પડી ભાંગ્યા પછી વાળાઓ સ્વતંત્ર થયા હતા. કાળાંતરે એ શહેર ધરતીકંપથી ઢંકાઇ ગયું, એની જગાએ જે નવું ગામ વસાવ્યું તેનું પણ ઢાંક નામ પાડયું. આશરે દોઢસો વર્ષ પહેલાં ત્યાંના વાળાઓએ ગોંડળ રાજનું સર્વોપરીપણું સ્વીકારેલું તે હજીપણુ ચાલ્યું આવે છે નવા ઢાંકની પશ્ચિમે એક પથ્થરનો ડુંગર આવેલો છે તેના ઉપર એક જુનો પડી ગયેલો ગઢ છે તેમજ બીજા દેવલો, મંદિરો, મંજુશ્રી નામે વાવ, ગુફાઓ વગેરે ત્યાં આવેલાં છે.

કાઠીયાવાડના ઝાલાવાડમાં આવેલા વર્દ્ધમાનપુર નગરમાં ચોવીશ તિર્થંકરનું અષ્ટાપદજીનું વિશાળ મંદિર કરાવ્યું. તેમજ તે નગરમાં મમ્માણિક-( વવાણિયાના ) પથ્થરની બનાવેલી વીરનાથની મુર્ત્તિ મોટા મહોત્સવ પૂર્વક સ્થાપન કરી.

આ શહેર ભોગાવો નદીને કિનારે આવેલું છે. આ વર્ધમાનપુર ( વઢવાણ ) ની પૂર્વ બાજુએ ભોગાવો નદીના કિનારાપર મહાવીર સ્વામીનું નાનું દેવળ છે. ત્યાં નદીના કિનારાપર એક કોતરમાં શૂલપાણી નામે યક્ષ-દેવતા રહેતો હતો. મનુષ્યની હિંસા કરનાર આ યક્ષ ગામના લોકોને બહુજ ત્રાસ આપતો હતો તેમ ઘણા મનુષ્યોનો નાશ થવાથી જ્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં હાડકાં રઝળતાં હોવાથી ગામનું નામ પણ એ સમયમાં અસ્થિગ્રામ પડેલું હતું.

અનુક્રમે ૨૪ મા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી દીક્ષા લીધા પછી વિહાર કરતા એ ગામ આવ્યા ને એક રાત્રીએ યક્ષના મંદિરમાં રહી એને પ્રતિબોધ કર્યો. ત્યારથી એ યક્ષ જીવહિંસાથી વિરક્ત થઇ અહિંસામય ધર્મનો ઉપાસક થયો. મહાવીર સ્વામીનું અપર નામ વર્દ્ધમાન સ્વામી હોવાથી એ અસ્થિરગ્રામનું નામ પણ વર્ધમાનપુર કહેવાયું કાળાંતરે એનું અપભ્રંશ વઢવાણ થયું.

વિક્રમની ત્રીજી ને ચોથી સદીમાં ત્યાં વાળાઓનું રાજ્ય હતું તે પછી ચાવડા રાજપુતોને હાથ આવ્યું સંવત ૬૩૯ માં ચાવડા વંશનો ૪ થો રાજા ધરણીવરાહ રાજ્ય કરતો હતો. ચાવડાઓ પછી સોલંકીઓને હાથ ગયું. અણહિલ્લપુરના સોલંકી રાજાઓનો ત્યાં અમલ ચાલતો હતો. વઢવાણથી જુનાગઢ સુધીની સડક ગુર્જરેશ્વર સિદ્ધરાજે રા. ખેંગારને જીતવા જતાં લશ્કરની સરળતા માટે બંધાવી હતી તે સડક ઠેઠ સોમનાથ પાટણ–પ્રભાસપાટણ સુધી લંબાઇ હતી. વઢવાણ પૂર્વે જૈનોનું અપૂર્વ સ્થળ હતું જેથી જગડુશાહે પણ અહીંયા દેવળો બંધાવી જૈન ધર્મનું–પોતાના ધર્મનું ગૌરવ વધાર્યું હતું.

શતવાટી નગરમાં બાવનદેરીથી સુશોભિત રૂષભદેવનું ઉત્તમ મંદિર કરાવ્યું તેમજ શત્રુંજય પર્વત ઉપર સાત દેરીયો કરાવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુલક્ષણપુરની નજીક દેવકુળ નામના ગામમાં સોળમા તિર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું પોતાના ગામનો મોહ રાખ્યા વગર જગડુશાહે દેશપરદેશમાં અનેક જીનમંદિરો બંધાવી જૈન શાસનની શોભામાં વૃદ્ધિ કરી ગારવ વધાર્યું.

ભદ્રેસરપુરમાં પોતાના ગુરૂને માટે એક મોટી પૌષધશાળા બંધાવી તેમજ ગુરૂની ભક્તિ નિમિત્તે શ્રી સંખેશ્વર પાર્શ્વનાથના રૂપાના બે પગલાંવાળું પિત્તલનું સુંદર દેવળ ચણાવ્યું તેમજ એ વિશાળ પૌષધશાળામાં–ઉપાશ્રયમાં ગુરૂને અર્થે સુવાને માટે ત્રાંબાના મોટી પાટ બનાવી, એ વિશાળ ઉપાશ્રયમાં ગુરૂને પધરાવ્યા. એમના પટ્ટ શિષ્ય શ્રીષેણ નામના સાધુને મહા મહોત્સવ પૂર્વક આચાર્ય પદવી અર્પણ કરી. એ મહોત્સવમાં જગડુશાહે પુષ્કળ દ્રવ્યનો વ્યય કરી પોતાની લક્ષ્મીને કૃતાર્થ કરી શાસનની શોભા વધારી.

પૂર્વે સુસ્થિતદેવનું જ્યાં આરાધન કર્યું હતું અને એ દેવે પ્રગટ થઇ વરદાન આપ્યું હતું તે જગાએ એક દેરી બંધાવી એમની મુર્તિ સ્થાપન કરી જગતના ભલાને માટે જગડુશાહે ગામેગામ ને નગરે નગર અમૃત જેવા મીઠા પાણીની સેંકડો વાવો બંધાવી લોકોનો તેમજ મુંગા પ્રાણીઓનો આશિર્વાદ લીધો.

એક વખતે મુગલ લોકોનું ધાડુ આવેલું. તેણે ભદ્રેસરને તેની આસપાસના મુલકને લુંટફાટ કરી રંજાડવા માંડ્યો. એ ધાડાની વાત સાંભળતાંજ જગડુશાહે વીશળદેવના લશ્કરવડે

મુગલ લોકો સામે ધસી જઇ એમને હરાવી ભગાડ્યા ને જગતમાં શાંતિ ફેલાવી.

જગડુશાહનું જીવન એવી રીતે પરોપકાર માટે હતું. એમની લક્ષ્મીપણ જગતના ઉપર ઉપકાર કરવાને હતી. જગડુશાહે પોતાનો અને પરનો ભેદ જાણ્યા વગર દુનિયાનાં ઉપકાર માટે પોતાની લક્ષ્મી વાપરી છે. સમાજના હિત માટે અનેક લોકોપયોગી કાર્યોપણ એમણે કર્યાં છે જેથી આજેપણ ભાટ ચારણો તો શું પણ બીજાય લોકો જગડુશાહની મુક્ત કંઠે પ્રશંસા કરે છે—એમની ઉદારતાના વખાણ કરે છે.

એક દિવસ વ્યાખ્યાનમાં પરમદેવસૂરિએ દાનનું મહાત્મ્ય વર્ણવા માંડયું. દાનના ભેદ સમજાવતાં એમણે અન્નદાન વસ્ત્રદાન દેવાનું ફલ જણાવ્યું. અભયદાન, સુપાત્રદાન, ઉચિતદાન, અનુકંપાદાન અને કીર્ત્તિદાન એ એક એક ઉપર વ્યાખ્યા કરવા માંડી. "અભયદાન અને સુપાત્રદાન શ્રેષ્ઠ અને મુક્તિનાં નિદાનભૂત છે છતાં ઉચિત દાન અને અનુકંપાદાનનું માહાત્મ્ય કાંઇ ઓછું નથી, સગાં, સંબંધી તેમજ અન્યજનોને તેમને યોગ્ય હોય તેવું નિઃસ્વાર્થ બુદ્ધિથી આપવું. જાતિનો ભેદ ગણ્યા વગર નાના મોટા; દીન,હીન અને દુઃખીજનોને દયા બુદ્ધિથી આપવું તે અનુકંપાદાન, જેણે જગતને જીવાડયું એણેજ જગતમાં જીવી જાણ્યું છે લક્ષ્મી તો સર્વે કોઇ પ્રાપ્ત કરે છે પણ એથી શું ? જેમ બકરીના ગળામાં રહેલા બે આંચળ નકામા છે તેમ કંજુસની લક્ષ્મી પ્રાપ્ત થયા છતાં પણ નકામી છે નથી તો એ દાન કરી શકતો, નથી તો

પોતે પણ ભોગવતો, એ કંજુશની લક્ષ્મી કાંતો નાશ પામે છે અથવા તો એની લક્ષ્મી એના મુઆ પછી બીજાના ઉપભોગમાં આવે છે. માટે જગત ઉપર ઉપકાર કરતાં જે જીવે છે. તેજ જીવતો છે. લક્ષ્મી મલ્યા છતાં જેણે સામાજીક હિત તો શું પણ પોતાના જ્ઞાતિબંધુઓનું પણ ભલું કર્યું નથી, ને જે સ્વાર્થમાંજ પ્રીતિવાળો થઇને અનેક પ્રકારનાં પાપબંધન કરી રહ્યો છે તે એ પાપનું કારણ લક્ષ્મીને છોડીને મુવા પછી દુર્ગતિએ જાય છે માટે હે જગડુશાહ ! પ્રથમ તારા જાતિ ભાઇઓને સુખી કર ? તારો સાધર્મીક ભાઈ કોઇ તારા જીવતાં દુ:ખી ન રહેવો જોઇએ. તું આવી દૌલત ભોગવે, ગાડીઘોડામાં ફરે ને તારોજ જ્ઞાતિ ભાઈ રોટલાના ટુકડા માટે રખડે એ તારી લક્ષ્મીને શરમાવનારૂં છે. માટે આ મારો સગો છે કે આ મારો સંબંધી છે એવો ભેદ રાખ્યા વગર નિ:સ્વાર્થ બુદ્ધિથી તારા ગરીબ દુ:ખી સ્વામી ભાઈની વ્હારે ધા ? એ અનાથ, રંકજનોનાં દુ:ખ સાંભળનાર આજે તારા સિવાય બીજો કોઇ નથી. એમના આર્ત્તનાદો શાંત કરી એમની શુભાશિષ મેલવ, જેનું જગતમાં મોટું ભાગ્ય હોય તેજ એવી શુભાશિષો મેલવી શકે છે. અરે આજે પોતાના સ્વાર્થમાં રક્ત થઇને ગરીબોના ભોગે શ્રીમંત બનેલા ધનિકો એજ ગરીબોને સતાવી રહ્યા છે. એમની હાય લઇ રહ્યા છે. એવા ગરીબ અનાથ જનનો બેલી કોણ થાય. વિધિએ તને આજના જમાનામાં એ દુ:ખીઓને મદદ કરવાને મોકલ્યો છે એમ માની તું એવા ગરીબની વારે ધા ? તારી લક્ષ્મીથી તારા જ્ઞાતિ બંધુઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમીર બનાવી દે ? તોજ તારૂં જીવ્યું જગતમાં સફલ છે. તને લક્ષ્મી મળી તે પણ પ્રમાણ છે.

પોતે ગાડી ઘોડે ફરતો હોય અને પોતાનોજ ધર્મ પાળનાર સાધર્મીક ગરીબ ચીંથરે હાલ ઉદ્યમ વગર રખડતો હોય એવા દુ:ખી બંધુને જોતાં પણ જેના હૃદયમાં દયાની લાગણી પ્રગટતી નથી તેને વિતરાગનો ધર્મ પ્રાપ્ત થયો છે એમ સમજવું નહી. એનું પાષાણ હૃદય વજ્રથી પણ કઠોર જાણવું. અરે આ પંચમ કાલમાં લોક લજ્જાથી, વ્યવહારની ખાતર, મોટાઇની ખાતર, કીર્ત્તિ–વાહવાહ કહેવડાવવાની ખાતર ધનિકો જેટલું કરી રહ્યા છે એટલું જો નિ:સ્વાર્થવૃત્તિથી થતું હોત તો થોડી લક્ષ્મીથી પણ એ ઘણો લાભ મેલવી શકે. મનુષ્યના આજના અલ્પ જીવનમાં પણ ઘણું કરી શકે. પણ એ કાંઇ થતું નથી. ભારે કર્મી અને કીર્ત્તિની લાલસાવાળા જીવો બાહ્ય જીવનનેજ જીવન માની એના લાભ માટે જેટલું બને તેટલું કરી રહ્યા છે. જગડુશાહ ! જગતમાં નિ:સ્વાર્થ ઉપકાર કરનારા વીરલાજ છે. માટે તું તારા જ્ઞાતિ બંધુઓના ઉદ્ધાર માટે તારી લક્ષ્મીનો સદ્‌વ્યય કર ?

આપણા સાતે ક્ષેત્રોનો આધાર જ્ઞાતિજનોના ઉદ્ધાર ઉપર રહેલો છે અનેક મંદિરો બંધાવો પણ એની પૂજા કરનાર નહી હોય તો એ મંદિરો કોણ સંભાળશે માટે તારા જ્ઞાતિજનોનું તું પ્રથમ પોષણ કર ? એ લોકો જો સુખી હશે તો બીજાં ક્ષેત્રોનું પણ પોષણ કરશે. જગતને આજે તો તારા જેવા ઉદાર પુરૂષોની જરૂર છે કે જેઓ પોતાના દુ:ખી બંધુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓને ઉદ્યમે ચડાવી પોતાના સરખા ઋદ્ધિમાન બનાવે. જે શ્રીમંતોએ પોતાના જ્ઞાતિબંધુઓને સુખી કરી સમૃદ્ધ બનાવ્યા છે એજ જગતમાં મુવા પછી પણ જીવતા છે. જો કે પૂર્વના પુણ્યથી તને દ્રવ્ય મલ્યું છે છતાં એમાં તારો એકલાનો હીસ્સો છે એમ સમજીશ નહી. અનેક મનુષ્યોનાં ભાગ્ય એ દ્રવ્યની સાથે જોડાયેલાં છે છતાં તું કંજુસ થઇ પરોપકાર રસિક થઇશ નહી તો કુદરતનો ગુન્હેગાર થઇશ. માટે જ્ઞાતિના દુ:ખી બાંધવોની સેવા કર ? નિરૂદ્યમીઓને દ્રવ્યની સહાય આપી ધંધે લગાડ, અનાથ, અપંગ વૃદ્ધજનોનો સત્કાર કરી તેમની અગવડતાઓ દૂર કરી એમના અંતરના આશિર્વાદ લે. જગતમાં જેનું કોઈ નથી એનો તું થા ? જેવી રીતે તારા જ્ઞાતિ બંધુઓની સેવા કરે તેવીજ કંઇપણ અંતર રાખ્યા વગર જગતના તમામ લોકો ઉપર નિ:સ્વાર્થ બુદ્ધિથી ઉપકાર કર ? " ગુરૂએ જગડુશાહને સમાજની ઉન્નત્તિ કરવાનો ઉપદેશ આપ્યો. જ્ઞાતિબંધુઓના ઉદ્ધાર માટે વિશેષ ભાર મુકયો.

ગુરૂના વચનનું મહાત્મ્ય વધારવાને જગડુશાહે કુમારપાલની માફક વર્ષે દિવસે કરોડોની સંખ્યામાં ગણાતું દ્રવ્ય જ્ઞાતિબંધુઓના ઉદ્ધાર માટે વાપરવા માંડયું કેટલાક મધ્યમ વર્ગના લોકોની ગરીબાઇ ધ્યાનમાં રાખી એમને ગુપ્ત દાનથી સહાય કરી. કેટલાક અનાથ, વૃદ્ધ, અપંગને અન્નક્ષેત્રો ખુલ્લાં મુકીને તેમને ખાવા પીવાની તેમજ રહેવાની સગવડ કરી આપી. કેટલાક નિરૂદ્યમીજનોને દ્રવ્યની મદદ કરી તેમને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધંધે લગાડી સુખી કર્યા. વિદ્યા શીખવા માટે મોટાં મોટાં વિદ્યાલયો બનાવીને ખુલ્લાં મુકયાં, હુન્નર, કળા અને વાણિજ્યને લગતું શિક્ષણ લેવા માટે કળા ભૂવનો પ્રગટ કર્યા. અનાથ ગરીબ વિધવાઓ કોઇને ગુપ્ત તો કોઇને પ્રગટ રીતે મદદ કરી એમનાં દુઃખ હરણ કર્યા. એમની શુભાશિષ લીધી. જ્ઞાતિજનોના ઉપકાર માટે જગડુશાહે પોતાની લક્ષ્મીનો યથાયોગ્ય ઉપયોગ કર્યો. જગડુશાહ જેવા પુણ્યવંતનાં જ્યાં પગલાં થતાં ત્યાંથી દારિદ્ર અને દુર્ભાગ્ય મુઠીયો વાળીને ભાગતુંજ. ઓ પૃથ્વી ! આજે તું એવા જગડુઓને કાં પ્રગટ નથી કરતી.

એક દિવસ ખાનગીમાં પરમદેવસૂરિએ જગડુશાહને બોલાવીને કહ્યું. "હે મહાનુભાવ ? વિક્રમ સંવત ૧૩૧૨ની સાલ વીત્યા પછી સર્વ દેશોમાં ત્રણ વર્ષ પર્યંત ( સંવત ૧૩૧૩–૧૪–૧૫ ) દુષ્કાળ પડવાનો છે. માટે સર્વ દેશોમાં તારા પ્રવીણ માણસો મોકલી સર્વે જાતિના ધાન્યનો તેમની પાસે સંગ્રહ કરાવ, એ ધાન્યથી દુષ્કાળના સમયમાં જગતના લોકોને જીવતદાન આપી સમુદ્રનાં મોટાં મોજાં સમો ઉજ્વળ યશ સંપાદન કર ? "

" બહુ સારૂં ? " કરીને જગડુશાહે ગુરૂનું વચન તરત જ અંગીકાર કર્યું.

ગુરૂનું વચન માથે ચડાવીને જગડુશાહે પોતાના અનેક માણસોને દ્રવ્ય આપી દેશોદેશ મોકલી દીધા. જે ભાવથી મળ્યું તે ભાવથી અનેક પ્રકારના ધાન્યનો સંગ્રહ કરાવ્યો.

દેશ પરદેશમાં જગડુશાહની અનાજની ખરીદીથી ધાન્યના ભાવ ચઢી ગયા. ને સારો ભાવ આવવાથી લોકોએ ખાવા પુરતું રાખીને દ્રવ્યની લાલચે ધાન્ય વેચવા માંડયું. એ સર્વે ધાન્ય મોંઘે ભાવે પણ જગડુશાહે ખરીદી લીધું. અને ગામે ગામ એના કોઠારો ભરાવી અનગળ અનાજ જગતમાંથી ખરીદી લીધું.

# પ્રકરણ ૩૫ મું.

## જગડુશાહ કે જગતનો પાલણહાર.

પરોપકારમાંજ જીવનની સફળતા સમજનારા જગડુશાહે ગામેગામ ધાન્યના કોઠારો ભરાવી દીધા એ સમય પછી વચમાં કેટલોક સમય પસાર થયો સંવત ૧૩૧૨નું વર્ષ પણ પસાર થઇ ગયું ને સંવત ૧૩૧૩માં મેઘનાં દર્શન જગતને દુર્લભ થયાં, લોકો વર્ષા વગર હાહાકાર કરવા લાગ્યા. ને દુષ્કાળે પોતાના પંજામાં જગતને સપડાવ્યું જગતમાં ભૂખમરો વધવા લાગ્યો. તે જોઇને જગડુશાહે દુષ્કાળથી પીડાતા લોકોને અનાજ આપવા માંડયું. દુષ્કાળના ત્રાસથી પીડા પામેલા જગતનું રક્ષણ કરવામાં સમર્થ જગડુશાહે દેશપરદેશમાં પણ પોતાનાં માણસોદ્વારા અનાજ આપવાનું શરૂ કર્યું. જગડુશાહના અનાજથી અસંખ્ય લોકો મોતના પંજામાંથી બચી ગયાં. આખા ભારતવર્ષ—આર્યાવર્ત્ત ઉપરનો દુષ્કાળનો જુલમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અસહ્ય હતો. એ સર્વે ઠેકાણે જગડુશાહે અન્નગૃહો ખોલી મુકત હાથે અનાજ આપી લોકોનું રક્ષણ કરવા માંડયું એવી રીતે ભૂખે મરતા મનુષ્યોનું રક્ષણ કરતાં બેબે વર્ષ વહી ગયાં પણ વર્ષાદે દેખાવ દીધો નહીં.

ઉપરા ઉપરી બેબે દુષ્કાળ પસાર થયાને ત્રીજા વર્ષનો દુષ્કાળ પણ પોતાનાં ભયંકર કદમો લંબાવતો આવી પહોંચ્યો. ત્રણ ત્રણ વર્ષ થયાં વર્ષાદનું તો કયાંય નામ નિશાન પણ નહીં હતું. જગડુશાહે બબે વર્ષથી જગતના જીવોનું રક્ષણ કરવા છતાં એમની પાસે હજી ધાન્યના ભંડારો ઘણા ભરેલા હતા. પણ રાજાઓ પાસેથી કોઠારોમાં ભરેલો સર્વે દાણો ખુટી ગયો. અનાજ એટલું તો મોઘું વેચાતું કે લોકોને એક દ્રામ [૧](ચલણી નાણું–ચાર આનાનો દ્રામ )ના તેર ચણા મળવા લાગ્યા. દુષ્કાળની અસર રાજાઓને પણ હવે જણાવા લાગી. એમનાં મન હવે ઉપરા ઉપર દુષ્કાળ પડવાથી ચિંતાતુર થયાં. હવે શી રીતે જગતનું અને પોતાનું રક્ષણ કરવું એ માટે અનેક સંકલ્પ વિકલ્પ તેમના મગજમાં ઉત્પન્ન થવા લાગ્યા.

આ સમયે અણહિલ્લવાડના તખ્ત ઉપર વિશલદેવ રાજા રાજ્ય કરતો હતો. ગુજરાતનો રાજમુકુટ એના મસ્તક ઉપર છતાં એના કોઠારો પણ ખાલી થઇ ગયા ત્યારે પોતાના પ્રધાન નાગડને ભદ્રેશ્વર મોકલીને જગડુશાહને સન્માન સહિત પોતાની પાસે બોલાવ્યો.

---

૧ વીશ કોડીની કાકિણી, ચાર કાકિણીનો પૈસો અને સોળ પૈસાનો દ્રામ.

ગુર્જરેશ્વર વિશલદેવના આમંત્રણને માન આપી સરલ હૃદયી જગડુશાહ વેપારીઓ સાથેપાટણ આવી ઉત્તમ રત્નોનું નજરાણું રાજાને ભેટ કરી પ્રણામ કર્યા.

લક્ષ્મીના ગૌરવનું સૂચન કરનારાં ઉત્તમ લક્ષણોથી યુકત જેનું શરીર છે એવા જગડુશાહને જોઇ રાજા મનમાં વિસ્મય પામ્યો. રાજા જગડુશાહની ઉદારતાનાં મનમાં વખાણ કરતો એને કહેવા લાગ્યો એટલામાં એક ભાટ–ચારણે રાજાના મનનો અભિપ્રાય જાણીને પ્રસંગને અનુસરતું કહી સંભળાવ્યું.

'હે સોળનંદન ? જગતમાં તારા જેવું પુણ્ય બીજા કોનું હોય, કેમકે મનુષ્યોનાં ભૂખથી ચીમળાઇ ગયેલાં આંતરડાં તારા વગર કોણ જોઇ શકે ? આ દુષ્કાળના દુખથી ભૂખે ટળવળતા મનુષ્યોને તો તું એકજ ભોજન આપી શકે ?

ચારણના એ કથનથી રાજા વિગેરે સમસ્ત સભા પ્રસન્ન થઇ પછી રાજાએ શ્રેષ્ઠીને કહ્યું.

" શેઠ ? તમે ગરીબ લોકોને અનાજ આપી જગતની કિમતી સેવા બજાવી છે. તે અણમોલ છે. તમારી એ પરમાર્થ વૃત્તિથી હું તમારી ઉપર પ્રસન્ન છું. તમારા જેવા લક્ષ્મીવંતને હું વિશેષ શું માન આપી શકું ? તમેજ આજે તો જગતને દુઃખમાંથી બચાવી એનું પાલન કર્યું છે." રાજાએ સ્તુતિ કરી.

" મહારાજ ? ભૂખ્યાને ભોજન આપવું એ અમારી ફરજ છે. અમારા ધર્મનું મૂળ દયા છે. એ દયા બોલવામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહીં પણ કર્તવ્યમાં જો સમય આવતાં હું ન ખતાવું તો મારી લક્ષ્મી ને મારૂં જીવતર શા ઉપયોગનાં છે ? "

"હે શેઠ ? બએ વર્ષના દુષ્કાળથી અમારા કોઠારો પણ ખાલી થઇ ગયા. અમે તમને અહીંયા બોલાવ્યા છે તેનું કારણ તમારી ધ્યાનમાં છે કે ? " મહારાજ વિશળદેવે પૂછ્યું.

"આપે શા માટે મને આપની હજુરમાં બોલાવ્યો છે તે આપ કહેશો એટલે મારા સમજવામાં આવશે, ફરમાવો ? આપનો શું હુકમ છે ? " જગડુશાહે વિવેકથી કહ્યું.

"અમે સાંભળ્યું છે કે અહીંયાં પાટણમાં તમારા સાતસો કોઠારો ધાન્યના ભરેલા છે. તો તે તમારી પાસેથી લેવાને અમે તમોને અહીં બોલાવ્યા છે. " રાજાએ કહ્યું.

" વિશળદેવનું એ પ્રમાણેનું કથન સાંભળીને જગડુશાહ હસીને બોલ્યા.

" હે સ્વામિન્ ? આપે કહ્યું કે મારા સાતસો કોઠારો ધાન્યના ભરેલા છે પણ આ શહેરમાં કોઇ ઠેકાણે મારો દાણો છે જ નહીં. કદાચ મારા શબ્દોમાં આપને સંદેહ પડતો હોય તો કોઠારોમાં રહેલા તામ્રપત્રના અક્ષરો જુઓ એટલે આપને ખાતરી થશે."

જગડુશાહે એ પ્રમાણે કહી એ ધાન્યના કોઠારોમાંથી પોતાના માણસો મોકલી તામ્રપત્ર મંગાવી રાજાને અર્પણ કર્યા. રાજાએ એ તામ્રપત્ર વાંચ્યા તો એમાં લખેલું હતું કે " જગડુશાહે આ અનાજ રંક–ગરીબ જનોને માટે અર્પણ કરેલું છે. "

P. P. Ac. Gunratnasuriji M.S.		Jin Gun Aaradhak Trust

આ પ્રમાણેના અક્ષરો વાંચી રાજા વિશલદેવ આશ્ચર્ય પામ્યો. રાજાએ મુકતકંઠે જગડુશાહની પ્રશંસા કરી. "ખચીત જગડુશાહ ? આ ત્રણ વર્ષના દુષ્કાળમાંથી જગતનું પાલન કરવાનેજ તમે જન્મેલા છો. તમે આ દાણો તો રંક જનોને માટે કલ્પેલો હોવાથી હવે અમારાથી કેમ લેવાય. અમને પણ અનાજની જરૂર તો હતીજ પણ હવે શું થાય."

રાજા વિશલદેવનું એ પ્રમાણેનું કથન સાંભળીને દાન, દયા અને યુદ્ધ એ પ્રકારની લક્ષ્મીથી શોભતા શ્રીમાલ વંશમાં રત્ન સમાન જગડુશાહે આઠ હજાર મૂડા અનાજ તેજ વખતે વિશલદેવને અર્પણ કર્યું. જગડુશાહની આવી ઉદારતા જોઈ સભામાં બેઠેલા સોમેશ્વર આદિ સર્વ કવીશ્વરોએ જગડુશાહની સ્તુતિ કરી.

બીજા કવીએ અન્યોકિતથી સ્તુતિ કરી. "ચાર ભૂજાવાળા શ્રીકૃષ્ણે એકજ ગોવર્ધન પર્વતનો ઉદ્ધાર કીધો-ઉંચો કર્યો પણ આશ્ચર્ય છે કે બે હાથવાળા જગડુશાહે તો અનેક રાજાઓનો અન્નદાન દેવા વડે ઉદ્ધાર કર્યો."

એક ત્રીજા કવિએ વિશળદેવના દરબારમાં પોતાની ચતુરાઇ બતાવી. "ઇંદ્રના ચાર લોકપાળ દેવતાઓ કહેવાય છે. એ તો ખચીત નામના જ લોકપાળ છે. પણ ખરૂં જોતાં તો જગડુશાહથી લોકોનું-જગતનું પાલણ થયું માટે એજ લોકપાળ કહેવાવા જોઈએ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" અરે દાનેશ્વરી બળી રાજાને વિષ્ણુએ પાતાળમાં ચાંપી દીધો તેમાં એ વિષ્ણુએ શું સારૂ કર્યું ? શિવે પણ કામદેવને બાળી નાખ્યો એમાં શું કીર્તિ મેળવી. પણ ત્રણ ત્રણ વર્ષથી પડેલા દુકાળનો નાશ કરી જગતનું રક્ષણ કરનાર એક જગડુજ વખાણવા યોગ્ય છે. " એક કવિએ કહ્યું.

ગુર્જરેશ્વર વિશળદેવના દરબારમાં અનેક કવિઓ હતા. અત્યારે કવિઓમાં પણ સ્પર્ધા ચાલી. જગડુશાહની કીર્તિ એવી રીતે એકએક કવિએ પોતાની ચતુરાઇથી વધારવા માંડી.

" અરે આ કળીકાળમાં વિષ્ણુનો ત્રીજો અવતાર વરાહ પણ બળહીન થઇ ગયો. શેષનાગે પણ પોતાનું મસ્તક નમાવી દીધું અને વિષ્ણુનો બીજો અવતાર કચ્છપ–કાચબો તો કાદવમાં રમત કરવા લાગ્યો. આવા જગતના દુઃખના સમયમાં તો એક જગડુએજ જગતનું પાલન કર્યું. "

" ગરીબ બિચારા દેવતાઓ કે જેઓ કલ્પતરૂ, ચિંતામણિરત્ન અને કામધેનું હોવા છતાં પણ જગતનું કષ્ટ હરણ કરી શકયા નહી તે અમને આશ્ચર્ય થાય છે કે જગડુએ નિમેષ માત્રમાં ભેદી નાખ્યું. "

ગુર્જરેશ્વરના દરબારમાં કવિઓ અનેક પ્રકારે જગડુશાહની સ્તુતિ કરવા લાગ્યા. એ સ્તુતિથી સોળ નંદને લજ્જા પામીને નીચે જોયું. છતાં કવિઓ પોતાની ચતુરાઈ પ્રગટ કર્યે જતા હતા.

દરેક કવિઓને પુષ્કળ ધન આપીને જગડુશાહે પ્રસન્ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા તે પછી ગુર્જરેશ્વરનો સત્કાર પામીને જગડુશાહ પોતાને વતન ગયા. આવા દુકાળના સમયમાં દેશપરદેશમાં જગતનું પાલન કરવામાં જગડુશાહની જ કીર્તિ ગવાતી હતી. દરેક રાજાઓના ભંડારમાં અનાજ ખુટી ગયું હતું જેથી એ રાજાઓ અનાજ માટે જગડુશાહ પાસે આવ્યા. જગડુશાહના સમયમાં સિંધ દેશની ગાદી ઉપર હમીર નામે રાજા રાજ્ય કરતો હતો એને ૧૨૦૦૦ મુડા (પચ્ચાસ મણનો મુડો) અનાજ આપ્યું. મેવાડના રાજાને ૩૨૦૦૦ મુડા અનાજ આપ્યું.

ઉજ્જન–માળવાના રાજા મદનવર્મનને ૧૮૦૦૦ મુડા તે વખતે આપ્યા. કાશીના રાજા પ્રતાપસિંહને ૩૨૦૦૦ મુડા અનાજ આપ્યું ને કંધાર દેશના રાજાને ૧૨૦૦૦ મુડા અનાજ આપ્યું.

એ સમયમાં ભારતના પ્રખ્યાત પાટનગર દીલ્હીના તખ્ત ઉપર નાસરૂદ્દિન બાદશાહ રાજ્ય કરતો હતો. નાસરૂદ્દિન ઇ. સ. ૧૨૪૬ માં દીલ્હીના તખ્ત ઉપર આવ્યો એણે ૧૨૬૬ સુધી દીલ્હીનું તખ્ત ભોગવ્યું. નાસરૂદ્દિન બાદશાહ જગડુશાહની કીર્તિ સાંભળી એની પાસે અનાજ માગવા આવતાં જગડુશાહ એની સામે ગયા. જગડુશાહને જોઇ સુલતાને પૂછયું. " તું કોણ ? "

તેના જવાબમાં જગડુશાહે કહ્યું. " હું જગડુ ? "

" તું જગડુ ? તું દાન આપે છે તેથી જગત્પિતા કહેવાય છે તે વ્યાજબી છે. હું પણ તારી પાસે અનાજ લેવા આવ્યો છું. " સુલતાને કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" મારી ઉપર આપ નામવરની કૃપા થઇ. " જગડુએ વિવેક કર્યો.

એટલામાં કોઠારો ઉપર ' નિર્ધન માટે ' એવા અક્ષરો લખેલા વાંચી સુલતાન ચમકયો ને જગડુશાહને કહેવા લાગ્યો. " શેઠ ! હું રંકનું ધન લઇશ નહી, માટે જાઉ છું. " સુલતાને જવાની તૈયારી કરી.

" બાદશાહ સલામત ! આપ નામવર મારા રંકની ઝુંપડી પાવન કરી ખાલી પાછા ફરો તો મારી સાત પેઢી લાજે હું આપનો સત્કાર કરીશ. " જગડુશાહે સુલતાનને અરજ કરી.

એ રંક ઉપરાંતના ધાન્યમાંથી ૨૧૦૦૦ મુડા અનાજ સુલતાનને આપ્યું. સુલતાન નાસરૂદ્દિન પોતાના આસમંડલ સાથે દીલ્હી તરફ ચાલ્યો ગયો.

અનેક રાજાઓને મદદ કરવા ઉપરાંત દેશપરદેશમાં મળીને ૧૧૨ દાનશાળાઓ જગડુશાહે મંડાવી હતી. તેમાં ૫૦૦૦૦૦ પાંચ લાખ મનુષ્યો દુષ્કાળના સમયમાં જમતા હતા.

પાટણની ધર્મશાળાની દાનશાળામાં વીશ હજાર ૨૦૦૦૦ માણસો જમતાં હતાં તે જોવાને રાજા વિશળદેવ એક દિવસ ત્યાં ગયો. અનેક માણસોને જમતાં જોઇ રાજાને પણ ભાવ થવાથી રાજાએ જગડુશાહને કહ્યું. " શેઠ ! ભલે તમારૂં અન્ન પીરસાય પણ મારૂં ઘી પીરસાવો ? "

રાજાની આજ્ઞાથી રાજા તરફનું ઘી પીરસાવા લાગ્યું.

ઘી પીરસતાં ખુટયું ત્યારે રાજાએ તેલ પીરસાવવા માંડયું. એટલે જગડુશાહે રાજાને સમજાવી પાછું પોતાનું ઘી પીરસવું શરૂ કર્યું.

દુષ્કાળના સમયમાં એવી રીતે જગડુશાહે ગામેગામ દાનશાળાઓ ખુલ્લી મુકી તે સમયે એની પરિક્ષા કરવા 'કાળ' દુર્બળ મનુષ્યનું રૂપ ધારણ કરી ખાવાની યાચના કરવા લાગ્યો. જગડુશાહે એને ખૂબ ખાવાનું આપ્યું પણ ધરાયો નહીં. છેવટે ખૂબ ખાતાં કાળનું પેટ ફાટવા લાગ્યું ત્યારે ખાતાં બંધ થઇ ગયો. ત્યારે જગડુશાહે કહ્યું "હજી તારે ખાવું પડશે."

જગડુશાહનાં વચન સાંભળી કાળ લાચાર થઇ ગયો અને બોલ્યો. " હવે મને છોડી દે ? હું વચન આપું છું કે કોઇવાર પન્નોત્તરો નહિ પડું" એમ કહી તે જગડુશાહ પાસેથી ચાલ્યો ગયો. એવી રીતે જગડુશાહે કાળને પણ પેટ ભરી જમાડ્યો.

કોઇ બીજીવાર કાળ જગડુ પાસે માગવા આવ્યો કે " મને બહુ ભૂખ લાગી છે મારે પરનાળે ઘી પીવું છે. "

"બહુ સારૂ ? પણ ઘી પીતાં તું જતો તો નહી રહેને ?" જગડુશાહે પૂછયું.

" નહી ! તું તારે મને ઘી પા ? "

" તને બાંધીને ઘી પાઉ ? રખેને કદાચ જતો રહે તો ? "

જગડુએ કાળને બાંધી પરનાળે ઘી પાવા માંડયું પુષ્કળ ઘી પીવા પછી કાળ જ્યારે અકળાવા લાગ્યો. ત્યારે બોલ્યો. " હવે મને મુકી દે ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"તેમ થાય નહી તારે હજી બીજું વધારે ઘી પીવું પડશે."
જગડુશાહના વચનથી અકળાઇને કાળ બોલ્યો.

" છોડ જગડુશાહ જીવતો,
કે ફરી નહી આવું તારા ગામમાં. "

જે લોકો કુલિન–માગતાં શરમાય એવા હતા એમને લાડવામાં સોનાની મ્હોરો નાખીને રાત્રીના આપવા લાગ્યા. એવા કરોડો લજ્જા પિંડો સોનાની મ્હોરો નાખીને આપી કુલિન માણસોની ઇજ્જત રાખી.

એ દુષ્કાળના સમયમાં જગડુશાહે ૯૯૦૦૦ નવ લાખ નવ્વાણું હજાર મૂડા અનાજ તેમજ અઢાર કરોડ દામ ( તે સમયનું ચલણીનાણું ) ખર્ચ કરી અનેક જીવોને મોતના પંજામાંથી બચાવ્યા. અને આવા કળિકાળમાં પણ સત્યુગ પ્રવર્ત્તાવી દીધો. જે કલિયુગે નળરાય જેવા પુણ્યશ્લોક પુરૂષને પરાભવ પમાડ્યો તેને જગડુશાહે પોતાની હયાતીપર્યંત પૃથ્વીનો ત્યાગ કરાવ્યો.

પોતાના જ્ઞાતિબંધુઓના ઉદ્ધાર ઉપરાંત જગડુશાહે જગતના ઉપકાર માટે અનેક કામો કર્યાંને પરદુઃખ ભંજન વિક્રમને પણ લોકો જગડુશાહને જોઇ ભૂલી ગયા.

ત્રણ ત્રણ વર્ષના દુષ્કાળમાં દીન, હીન, અનાથ અને રંકજનોના મદદગાર, લાજને લીધે ન માગી શકે એવા કુલવંત જનોના બેલી એકજ અદ્વિતીય જગડુશાહ હતા. એ પુણ્યશાલી જેવો પૃથ્વી ઉપર કોણ થયો છે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુષ્કાળના સમયમાં જગડુશાહે રેવાકાંઠા, સોરઠ અને ગુજરાતમાં ૩૩ દાનશાળાઓ કરાવી. મારવાડ, ઘાટ અને કચ્છમાં ૩૦ દાનશાળા મંડાવી. મેવાડ, માળવા અને ઢાલમાં ૪૦ દાનશાળા સ્થાપન કરી અને ઉત્તર ભાગમાં ઢાલ મંડળમાં ૧૨ દાનશાળાઓ ચાલુ કરી. નવલાખ નવાણું હજાર મૂડા અનાજ તો દાનશાળાઓમાં વપરાવ્યું તે સિવાય રાજા મહારાજાઓને સહાય કરેલી તે તો જુદીજ.

૩૨૦૦૦ મુડા ધાન્યના મેવાડના રાજાને પણ જગડુશાહે આપ્યા હતા. એ પ્રમાણે પન્નોત્તરો કાળ જગડુશાહની મદદથી પસાર થયો ને અસંખ્ય મનુષ્યોના જાનમાલનું રક્ષણ થયું.

[1]માંધાતા, [2]પુરૂરવ, [3]શિવિરાજા, [4]ગાધિરાજા, અર્જુન, કાર્ત્તવીર્ય, ભરતરાજા, ભગીરથ, મનુ, હરિશ્ચંદ્ર, કર્ણરાજા, જન્મેજય, અને વસુ વગેરે રાજાઓ પૃથ્વી ઉપર જે પદ પામી શકયા નહી તે પદ રાજાઓનું પાલન કરવાથી જગડુશાહને પ્રાપ્ત થયું. અરે લોકો કહે છે કે ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપ જાય છે પણ આ જગડુશાહના દર્શનથી તો આશ્ચર્ય છે કે યાચકનું પાપ સાથે-દારિદ્ર પણ જાય છે. જગડુશાહનો સમય એ ખચીત સત્યુગ અને જગતને માટે સુખનોજ સમય હતો.

દાન, માન, વિવેક, સુવાણી, સુનીતિ, સાહસ, કીર્ત્તિ, ધૈર્ય, સભ્યતા, લજ્જા, ગુરૂજન તરફ નમ્રતા, ભાવના, દયા,

---

૧ સૂર્યવંશ રાજા. ૨ ચંદ્રવંશ રાજ્યનો સ્થાપનાર, ૩ ઇંદ્રના ત્રાસમાંથી અગ્નિને બચાવનાર. ૪ વિશ્વામિત્રનો પિતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગ્યતા, અને હિમ્મત એ સર્વે જગડુશાહમાં હતા. જે મનુષ્યો કંઇ કળા જાણતા ન હોય રાજાની સેવા કરતાં પણ ન આવડતી હોય, વેપારથી પણ અજાણ હોય તેમજ ખેતી વગેરે પણ ન કરી શકતા હોય એવા જડ બુદ્ધિવાળા પુરૂષો પણ જગડુ પાસે જઇ ઇચ્છિત પ્રાપ્ત કરી સુખી થતા હતા. જેવી રીતે પૂર્વે વિક્રમાદિત્ય રાજાએ પરદુઃખભંજન થઈ જગતનો ઉદ્ધાર કર્યો તેવીજ રીતે જગડુએ જગતનું પાલન કર્યું. વિધાતાએ દુષ્કાળના સમયમાં જગતનો ઉદ્ધાર કરવાના હેતુથી જ જગડુશાહને ઉત્પન્ન કરી કામધેનુ, ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ પાસેથી દાન શક્તિ ખેંચી લઈ જગડુના જમણા હાથમાં મુકી હતી. યુગે યુગે એવા જગડુ આ આર્યાવર્ત્તમાં ઉત્પન્ન થાઓ ? ? ?

# પ્રકરણ ૩૬ મું.

## શ્રીષેણસૂરિ.

જેવા પરમદેવસૂરિ પ્રભાવક હતા તેવાજ શ્રીષેણસૂરિ પણ હતા. શ્રીષેણસૂરિ પરમદેવસૂરિના પટ્ટશિષ્ય હતા ને ગુરૂએજ એમને આચાર્ય પદવી આપેલી એ વાત પૂર્વે કહેવાઇ ગઇ છે. જગડુશાહ જેવી રીતે પરમદેવસૂરિની સેવા કરતા હતા તેવીજ રીતે શ્રીષેણસૂરિની પણ સેવા કરતા હતા એક દિવસ શ્રીષેણસૂરિ પ્રભાતના સમયમાં વ્યાખ્યાનમાં નાગનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વાભાવિક સત્ય સ્વરૂપ સમજાવતા હતા, અનેક ભવ્ય જીવો એ ઉપદેશનું શ્રવણ કરી રહ્યા હતા, તે સમયમાં એક અધમ યોગી ત્યાં આવી ચડ્યો.

યોગી મંત્ર તંત્ર ને ઔષધિની વિદ્યામાં કુશલ હતો. મંત્ર તંત્રની વિદ્યાઓ સિદ્ધ કરતાં એને સંમોહની વિદ્યા સિદ્ધ કરવાનો શોખ થયો પણ સંમોહની વિદ્યા સિદ્ધ કરવામાં અનેક મુશ્કેલીઓ ઉભી હતી. એ મુશ્કેલીઓ દૂર કરી યોગીએ એ વિદ્યા સાધવાની હામ ભીડી. કેમકે એ વિદ્યામાં અનેક પુદ્ગલીક સુખોના લાભો રહેલા હતા. જેથી બાહ્યસુખોની લાલસાવાળા યોગીએ એ વિદ્યા સાધવાને એનાં સાધનો એકઠાં કરવા માંડ્યાં.

સંમોહની વિદ્યા સિદ્ધ થતાં એ વિદ્યાના પ્રભાવથી બીજા ગમે તે સ્ત્રી પુરૂષને સહેલાઇથી મોહ પમાડી શકાય, સ્ત્રી હો કે પુરૂષ, જેનો ઉપર એ વિદ્યા અજમાવી હોય તે એ યોગીનેજ દેખે, યોગી માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરે, તન, મન અને ધન યોગીની સેવામાં હાજર કરે. એવો એ સંમોહની વિદ્યાનો પ્રભાવ હતો.

પણ એ વિદ્યા સદ્ધ કરવાને પ્રથમ કોઇ ઉત્તમ અને શુદ્ધ સંસ્કારવાળા માણસની ખોપરી જોઇએ. એ ખોપરી ઉપર મેસ પાડી એનું અંજન કરવું, અને ખોપરીમાં મંત્રની ચીજો મુકી મંત્રનું સ્મરણ કરતાં જેનું નામ લેવામાં આવે તેના ઉપર એ મલીન વિદ્યા પોતાનું જોર અજમાવી મોહિત કરે.

હવે એ ઉત્તમ નરની ખોપરી લાવવી કયાંથી ? એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખોપરી માટે માણસને જીવતો મારવો પડે. એવા ઉત્તમ અને ગુણવાન પુરૂષનો જીવ લેવાનું ક્રુરકામ કરવા પણ યોગી તૈયાર થયો. સ્વાર્થમાં રક્ત થયેલા મનુષ્યોને બીજાનું શું થશે એની પરવા હોતી નથી.

ઉત્તમ માણસો જ્યારે નિઃસ્વાર્થ બુદ્ધિથી બીજા જનો ઉપર ઉપકાર કરે છે અપકારી ઉપર પણ ઉપકાર કરે છે મધ્યમ માણસો કંઇક સ્વાર્થની અપેક્ષા રાખી ઉપકાર કરે છે અથવા તો ઉપકાર કરનાર ઉપર ઉપકાર કરે છે, ત્યારે નીચ માણસો ઉપકાર કરનાર ઉપર પણ અપકાર કરે છે. પોતાના સ્વાર્થની ખાતર ગમે તેવું ક્રુર કામ કરવાને પણ અચકાતા નથી.

યોગીએ એવી ઉંચ્ચ સંસ્કારવાળી ખોપરી મેળવવા એવા ઉત્તમ, ગુણવાન પુરૂષની તપાસ કરવા માંડી. તપાસ કરતાં આ શ્રીષેણસૂરિ એને યોગ્ય જણાવ્યા, શ્રીષેણસૂરિનો વિચાર કરતાંજ એના મનમાં થયું કે—" વાહ ? આવા ગુણિયલ અને ત્યાગી, ઉચ્ચ સંસ્કારવાળા નરરત્નની ખોપરી આવે તો સંમોહની વિદ્યા સહેલાઇથી સિદ્ધ થાય અને મારે જીંદગી પર્યંતનું સુખ થઇ જાય. બસ કોઇ પણ રીતે એ મુનિની ખોપરી મારે હાથ કરવી જોઇએ એ ખોપરી હાથ કરવા એને મારી નાખવો જોઇએ. " કઈ રીતે એને મારવો એનો વિચાર કરવા લાગ્યો.

મનમાં અમુક નિશ્ચય કરી યોગી શ્રીષેણસૂરિ વ્યાખ્યાનમાં નાગનું સ્વરૂપ સમજાવતા હતા ત્યાં આવ્યો અને સભામાં સૂરિ સાથે નાગ સંબંધી વિવાદ કરવા લાગ્યો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

એમનો બન્નેનો વાદ વિવાદ સાંભળી એક બીજાની ખંડનમંડનની ચમત્કારિક શક્તિ જોઇ સભામાં બિરાજેલા વિચક્ષણ અને સભ્યજનો આશ્ચર્ય પામ્યા. એમના વાદવિવાદમાં કેટલોય સમય પસાર થઇ ગયો. આખરે વાદવિવાદ કરતાં યોગી હારી ગયો એટલે યોગીએ પોતાની મંત્રશક્તિના પ્રભાવે સૂરિનો પરાભવ કરવાનો વિચાર કર્યો. વળી એમની ખોપરીની તો યોગીને જરૂર હતીજ.

છેલ્લાં પરમદેવસૂરિએ જગડુશાહને ઉપદેશ આપી ધાન્ય સંગ્રહ કરવાની સૂચના કરી ત્રણ વર્ષના દુકાળની વાત કરી હતી એ આપણે જાણી ગયા છીએ અને જગડુશાહે પણ દુષ્કાળમાં અસંખ્ય લોકોને અનાજ આપીને ઉગાર્યા. એ ત્રણ વર્ષ બાદ મુશલધાર વર્ષાદ જગત ઉપર થયો, એ વર્ષાદથી પુષ્કળ ધાન્ય પણ ઉત્પન્ન થયું જેથી ત્રણ ત્રણ વર્ષના દુષ્કાળની અસર ભૂંસાઇ ગઇ ને જગતમાં ધાન્ય ધાન્ય થઇ રહ્યું. જગડુશાહનો યશ ગાતા લોકો ધાન્યની અતિ વૃદ્ધિ જોઇ આનંદિત થયા.

તે પછી કેટલોક સમય સુખમાં પસાર થઇ ગયો. એ દરામયાન પરમદેવસૂરિ પોતાના પટ્ટશિષ્ય શ્રીષેણસૂરિને પોતાની પાટે સ્થાપી સકલ સંઘની સાથે ખમતખામણાં કરી સમાધિમરણે કરી દેવબાળાઓના ઉત્સંગમાં રમવાને ગયા. એમના પરલોકગમનથી શિષ્યોમાં તેમજ સંઘમાં શોક ફેલાઇ રહ્યો. એમના સુશ્રાવક જગડુશાહને અતિ ખેદ થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ શોકનિવારણ માટે જગડુશાહે શ્રીષેણસૂરિ સહિત મોટા સંઘની સાથે શ્રીશત્રુંજય અને ગિરનારની યાત્રા કરી. વિવિધ પ્રકારે સુપાત્રે દાન આપી પોતાનું પુષ્કળ ધન કૃતાર્થ કર્યું. પરમદેવસૂરિના સ્વર્ગગમન પછી જગડુશાહ શ્રીષેણસૂરિના ચરણકમળની રાજહંસની માફક સેવા કરવા લાગ્યો. શ્રીષેણસૂરિ દેશપરદેશમાં વિહાર કરતા ભવ્ય જનોને પ્રતિબોધતા એક દિવસ ભદ્રેસરપુરમાં આવ્યા, તે સમયે યોગીની નજર ખોપરીને માટે શ્રીષેણસૂરિ ઉપર ફરી અને એ ખોપરી માટે તે યોગી શ્રીષેણસૂરિપાસે આવી તકરારનું બ્હાનું શોધવા વાદવિવાદ કરવા લાગ્યો. તે આપણે જાણી ગયા છીએ.

પોતાની હાર થવાથી ગુસ્સે થયેલા યોગીએ આકર્ષણ વિદ્યાથી વિષની જવાળા છોડતા એક સર્પનું આકર્ષણ કર્યું. એટલુંજ નહિ પણ એ નાગને શ્રીષેણસૂરિને ડંખ દેવાને મોકલ્યો. યોગીએ મોકલેલા નાગે શુદ્ધ મનના શ્રીષેણસૂરિની કોમલ અંગુલીના અગ્ર ભાગ ઉપર ડંખ માર્યો અને ચાલ્યો ગયો.

યોગીના અદૃશ્ય થવા પછી વિષની પીડાથી દુઃખ પામતા સૂરિ શિષ્યો અને શ્રાવકો આગળ રહેવા લાગ્યા. "આ ઝેર ઉતારવા માટે ધ્યાનકરવા હું અંદરના ઓરડામાં જાઉં છું."

ગુરૂનાં વચન સાંભળી શ્રાવકો ખુશી થયા. "ભગવન્ ? આપ ઝટ અંદર જાઓ, અમે આપની રાહ જોતા અહીંયાં બેઠા છીએ."

"પણ હું અંદર જઇશ એટલે પોતાની સંમોહના

વિદ્યા સાધવા માટે આ યોગી મારી ખોપરી લેવાને ટાંપી રહેશે, માટે તમારે બારણા બરાબર બંધ કરી નાગી તલવારે ઉભા રહેવું." ગુરૂએ ગુપ્ત ભેદનું સ્પષ્ટીકરણ કર્યું જેથી બધા આશ્ચર્ય પામ્યા.

ગુરૂના વચન પ્રમાણે કેટલાક શ્રાવકો તૈયાર થઇ ગયા ને તરવાર સહિત દ્વાર આગળ ઉભા રહ્યા. ગુરૂ ભક્તિ માટે પોતાના જાન આપવા પણ શ્રાવકો હાજર હતા. એમનાં જીવન દેવ, ગુરૂ અને ધર્મની સેવા માટે હતાં. આ શરીર મરણ બાદ અગ્નિમાં બળીને ભસ્મીભૂત થવાનું છે તો આવી રીતે દેવ, ગુરૂ અને ધર્મની સેવામાંજ એનો સદ્વ્યય થતો હોય તો એવો અણમોલ સમય કોણ જવાદે ?

શ્રાવકોને પોતાના કથન મુજબ તૈયાર થઇ ગયેલા જોઇ શ્રીષેણસૂરિ અંદર જતાં જતાં બોલ્યા. "મહાનુભાવો ? મારૂં કાર્ય જ્યારે સંપૂર્ણ થશે ત્યારે હું 'ઓંકાર' કહીશ એટલે તેનો અવાજ સાંભળતાં તમે અંદરના ઓરડાનું દ્વાર ઉઘાડી અંદર મને સુખરૂપ પદ્માસને બેઠેલો જોશો ?"

"બહુ સારૂ ! એ પ્રમાણે કરશું" ગુરૂના વચનમાં શ્રાવકોએ અનુમતિ આપી. ગુરૂની આજ્ઞા માથે ચડાવી તે પછી નિષ્પાપ એવા સૂરિવરે અંદરના ઓરડામાં જઇ પોતાનું મન શુદ્ધ હૃદય પરબ્રહ્મમાં જોડી દીધું.

શુભધ્યાનમાં સૂરિવરનું ચિત્ત એકાંત થવાથી એમના શરીરમાં વિષનો ફેલાવો થતો અટકી ગયો ને ધીમે ધીમે એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષ મૂળમાંથી પણ નાશ પામવા માંડયું. અનુક્રમે કેટલાક સમય પછી શરીરમાંથી સર્વથા ઝેર નષ્ટ થઇ ગયું અને વિષ-રહિત શુદ્ધ કંચનસમાન કાયા થઇ એટલે ' ૐકાર ' શબ્દનો ઉચ્ચાર કર્યો એમના ' ૐકાર ' નો ધ્વનિ સાંભળતાં સર્વ ભવ્યજનોને આનંદ થયો.

સૂરિવરે બહાર આવી ડંખમાં રહેલાં વિષનાં ટીપાં તે અંગુલીને છેદ પાડીપાડીને પીકદાનીમાં પાડી નાંખ્યાં વિષની પીડામાંથી મુકત થયેલા આ ઉત્તમસૂરિને તે યોગીએ ભક્તિ ભાવથી પ્રણામ કર્યા. અને અધ્યાત્મસ્વરૂપને લગતું એક સુંદર સ્તોત્ર એણે ગાવા માંડયું.

સૂરિવરની અપૂર્વશક્તિ જોઇ યોગી ખુશી થયો. એને મનમાં લાગ્યું કે "આવા શાંતમૂર્ત્તિ યોગીને હવે ફરીવાર છેડવા નહી. નહીંતર મને કદાચ અનર્થ થશે. કંઇ નહીં ખોપરી માટે હું કોઈ એવો બીજો નર શોધી કાઢીશ." એમ વિચારી તે સૂરિવર સાથે અનેક પ્રકારની વાતચિત જુદા જુદા વિષયો ઉપર કરવા લાગ્યો એ વાર્ત્તાલાપને અંતે સૂરિવરે પણ યોગીને કહ્યું કે " મહાનુભાવ ! મને એકવાત અત્યારે તમને જોતાં સ્પષ્ટ સમજાય છે ! "

" અને તે વાત આપ કૃપા કરી મને કહો ? " યોગીએ આતુરતાથી પૂછ્યું.

" તે તું જાણી શું કરશે ? એ સાંભળતાં તને દુઃખ થશે ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" એ વાત શું મારી સાથે સંબંધ નથી ધરાવતી ! જો મારા સંબંધી એ વાત હોય તો ગમે તેવી હોય તો પણ મારે જાણવી જોઇએ. " યોગીની આતુરતા વધી પડી.

"જોકે તારા સંબંધી એ વાત છે છતાં એ તારા ખરાબ ભાવીને લગતી છે. માટે તને જણાવતાં મારૂં મન અચકાય છે. સૂરિવરે કહ્યું

"મારૂં ગમે તેવું ખરાબ ભાવી હોય, છતાં આપ જણાવવા કૃપા કરો, એ જાણવાને હું અતિ આતુર થઇ રહ્યો છું, માટે મારૂં ભાવી કેવું છે તે કહેવા કૃપા કરો. " યોગીએ કહ્યું.

" તારી આટલીબધી આતુરતા છે તો કહું છું, બાકી તો અમારો કોઈનાં સારાં નરસાં ભવિષ્ય કહેવાનો આચાર નથી એવું કહેતાં અમને મુનિને તો પાપ લાગે. "

" છતાં પ્રભો ? કૃપા કરી મને કહી સંભળાવો ? "

" યોગી ? મને જણાય છે કે આજથી સાતમે દિવસે આજ સર્પથી તારૂં મોત થશે. " સૂરિવરે એ ભાવીની વાત કહી સંભળાવી.

પોતાનાં મરણની વાત સાંભળીને યોગી મનમાં કમકમ્યો, એને સૂરિના વચન ઉપર સંદેહ થયો " અરે શું એવાં ભવિષ્ય કથન તે કોનાં સાચાં પડયાં છે. એતો એમ કરી મને ભડકાવે છે પણ હું એમ ડરી જાઉં એવો કયાં કાચો છું. મારી શક્તિ ઉપર આધાર રાખનારો એ સર્પ મને શું ડસવાનો હતો " વળી વિચાર કર્યો. " આ સૂરિ પ્રભાવવાળો છે રખેને

એનું વચન સાચું પણ હોય ! ઠીક છે જે હશે તે સાત દિવસમાં જણાઈ જશે. " ઈત્યાદિ અનેક વિચારો એના મગજમાં આવ્યા.

હૃદયમાં ગ્લાનિ પામવા બાહ્યથી આડંબરમાં મસ્ત રહેનારો યોગી તે પછી સૂરિવર પાસેથી કંથકોટ તરફ ચાલ્યો ગયો. ત્યાં કોઈ ઉત્તમ યોગીંદ્ર એની નજરે ચડયો જેથી એની ખોપરી લેવા માટે એણે વિચાર કર્યો.

તે યોગીંદ્ર સાથે વાદ કરતાં આ યોગીએ આકર્ષણવિદ્યાથી ડંશ દેવા માટે સર્પનું આકર્ષણ કર્યું. સાતમે દિવસે તેજ સર્પે એ યોગીને બદલે એનેજ ડંસ દીધો. એ વિષની અસરથી યોગી પોતાના સ્વાર્થ માટે બીજાની ખોપરી લેવા જતાં પોતેજ આ લોકમાંથી કુચ કરી ગયો.

શ્રીષેણસૂરિનો ગુરૂની માફક આવો અપૂર્વ પ્રભાવ જોઇ સંઘ ખુશી થયો. જગડુશાહ પણ એમનો આવો પ્રભાવ જાણી અતિ વિસ્મય પામી મનમાં હર્ષ પામ્યો. એ ગુરૂના ઉપદેશથી જગડુશાહે સંઘ, યાત્રા વગેરે અનેક ધર્મકાર્યો કરી પોતાનાં તન, મન અને ધન કૃતાર્થ કર્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૭ મું.

## ગુર્જરેશ્વર વિશળદેવ.

ગુજરાતના નાથ ભીમદેવે બે વખત રાજ્ય ખોયું અને વાઘેલાઓની મદદથી પાછું ફરીને પ્રાપ્ત કર્યું. વાઘેલાઓના સરદાર લવણપ્રસાદ અને તેનો પુત્ર વીરધવલ હતા. મહારાજ ભીમદેવની આવી પડતી સ્થિતિમાં જ્યારે એના દરેક સરદારો, મંડલિકો અને સામંતો સ્વતંત્ર થઇ પોતપોતાનો સ્વાર્થ સાધવામાં મશગુલ થયા હતા ત્યારે આ સરદારો ગુજરાત અને એના ધણીના વફાદાર રહ્યા હતા. કુતુબુદ્દિન ગુજરાત જીતીને પોતાની તરફથી એક સુબો પાટણમાં મુકી દીલી તરફ ચાલ્યો ગયો. તે સમયે ગુજરાત નધણીયાતું હતું સુબાના—મુસલમાનોના ત્રાસથી પ્રજા કંટાળી ગઇ હતી એવા સમયે વાઘેલા સરદારોએ લશ્કર ભેગું કરીને પોતાના સ્વામી ભીમદેવને પડખે ઉભા રહી ગુજરાતનો રાજમુકુટ ફરી ભીમદેવના મસ્તકે મુકયો હતો. આર્યાવર્તના મોટાં મોટાં રાજ્યો જ્યારે મુસલમાની રાજ્યના અમલ તળે મુકાયાં ત્યારે ગુજરાત એક વાર ફરીને સ્વતંત્ર થયું. ગુજરાતની ભાગ્યદેવી હજી જાગૃત હોવાથી મુસલમાનો બીજા વ્યવસાયમાં પડવાથી ગુજરાત તરફ આવી શકયા નહીં. ગુર્જરેશ્વર ભીમદેવ વીરધવલને યુવરાજપદ આપી લવણપ્રસાદને મહા મંડલેશ્વર



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બનાવ્યા એ વાત પૂર્વે કહેવાઇ ગઈ છે. અને યુવરાજ વીરધવલે ધોળકામાં ગાદી સ્થાપી ને વસ્તુપાલ તેજપાલની મદદથી ગુજરાત, કચ્છ અને સોરઠ વગેરે મુલકો પોતાને આધિન કરી ફરીને ગુજરાત આબાદ કર્યું.

ભીમદેવે જોકે ફરી ગુજરાતનો રાજમુકુટ ધારણ તો કર્યો. છતાં એણે રાજ્યચિંતા લવણપ્રસાદ અને યુવરાજ વીરધવલને માથે નાખી પોતે એકાંત જીવન ગાળતો હતો એકતો મહારાજ વૃદ્ધ થઈ ગયા હતા તેમાંય એમનો પરમસ્નેહી મિત્ર જીવનરાય કુતુબુદ્દિન સાથે યુદ્ધ કરતાં મરાયો તેમજ પટરાણી લીલાદેવીના અકાળ મરણથી એમના હૃદયમાં અસહ્ય વેદના થતી હતી. વળી જે સામંતો પોતાને વફાદાર હતા તે આજે બેવફા થઇ પોતાની સામે થયા હતા. જગતની એવી વિચિત્રતાથી મહારાજનું મન સંસાર ઉપરથી ઉઠી ગયું હતું છતાં એ રાજમુકુટધારી સંન્યાસી જેવું જીવન ગાળતા હતા.

યુવરાજ વીરધવલે પોતાના પરાક્રમથી પ્રજાને ફરી આબાદ બનાવી જુલમી રાજાઓને જીતી શાંતિ ફેલાવી છતાં ભીમદેવ હયાત હોવાથી પોતે ગુર્જરેશ્વરનું પદ ધારણ ન કરતાં યુવરાજ પદવીથી સંતોષ માની પોતાની વફાદારી બતાવી હતી.

મહારાજ ભીમદેવ સને ૧૧૭૯, સંવત ૧૨૩૫માં ગુજરાતના તખ્ત ઉપર આવ્યા. એ રાજા પણ ભીમદેવ બાણુવળી અને સિદ્ધરાજ જેવો પરાક્રમી, શૂરવીર હતો. પરંતુ યુવાની-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માં રાજાએ નજીવા કારણસર યુદ્ધો કરી પોતાના બળનો ક્ષય કરી નાંખ્યો. જેથી મોટાં રાજ્યો નબળાં પડતાં મુસલમાન બાદશાહ શાહબુદ્દિને જીતી લીધાં એમાં ગુજરાત પણ પડયું પાછું ઉઠયું ને એના ધણીએ ફરીને રાજમુકુટ ધારણ કર્યો. પણ રાજ્ય કરવાની સત્તા ન હતી. જેથી રાજકારભાર લવણપ્રસાદ ચલાવતો હતો. યુવરાજપદ પામ્યા પછી વીરધવલે ધવલક્કપુરમાં રહી સંવત ૧૨૭૬ થી ૧૨૯૬ સુધી કારભાર ચલાવ્યો તેમાંય યુવરાજ વીરધવલે લગભગ દશ વર્ષ પર્યંત તો શાંતિથી રાજ્ય ચલાવ્યું.

યુવરાજ વીરધવલને વીરમદેવ અને વિશળદેવ એ બે કુંવરો હતા. વીરમ મોટો હોવાથી એને યુવરાજ પદ આપવામાં આવ્યું હતું. પણ એ સ્વભાવે ક્રોધી, અવિચારી, ઉદ્ધત અને ખરાબ સોબતમાં પડી જવાથી મંત્રીઓની અને પિતાની પ્રીતિ ગુમાવી બેઠો હતો. યુવરાજ વીરધવલે એને વીરમગામ રાખ્યો હતો જ્યારે વિશલદેવ ઓછાબોલો ને મળતાવડો હોવાથી મંત્રીઓને પ્રિય થઇ પડયો હતો.

યુવરાજ વીરધવલે લગભગ ૧૯ વર્ષ પર્યંત યુવરાજ પદવીને સંભાળી સ્વતંત્ર રાજ્ય ભોગવ્યું. સંવત ૧૨૭૬ થી ૧૨૯૫ સુધી ધવલક્કપુરમાં સ્વતંત્ર રાજ્યતંત્ર સ્થાપી પોતાનો વિજય વાવટો ફરકાવ્યો. સંવત ૧૨૯૬ ના વર્ષમાંજ યુવરાજ વીરધવળ મરણ પામ્યો. અને એની ગાદી ઉપર યુવરાજ વિરમદેવે આવવા માટે અનેક પ્રયત્ન કર્યા પણ મહાઅમાત્ય વસ્તુપાલ તેજપાલની મદદથી વિશળદેવ ધવલક્કપુરની ગાદીએ બેઠો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યુવરાજ વીરમદેવે સામે થઇ યુદ્ધ કર્યું. પણ ફાવ્યો નહી ને હારીને પોતાના સસરા જબલપુરના રાજા ઉદયસિંહના આશ્રયમાં ગયો. પણ ફાવ્યો નહી ને થોડા વખતમાં તે મરણને શરણ થયો.

વીશળદેવે તખ્ત ઉપર આવ્યા પછી નાગડ મંત્રી અને એના મામા સિંહની ભેળવણીથી વસ્તુપાલ પાસેથી પ્રધાનની મુદ્રા લઇ લીધી ને નાગડ નામના બ્રાહ્મણ મંત્રીને આપી, તેજપાળનું સેનાપતિપદ સિંહને આપ્યું. અઢાર વર્ષ પર્યંત ગુજરાતનું મહાઅમાત્યપદ ભોગવ્યા પછી વસ્તુપાલ તેજપાલ છુટા થયા.

યુવરાજ વીરધવલના મરણથી ગુજરાતના વયોવૃદ્ધ ધણી ભીમદેવને પાછી ચિંતા થઈ. વીરધવલે પોતાના પરાક્રમથી શત્રુઓને તાબે કર્યા હોવાથી તેમજ દેશને આબાદ થયેલો જોવાથી મહારાજ ભીમદેવ ખુશી થયા હતા. એમને નિરાંત હતી કે પોતાની પછવાડે પણ વીરધવલને ગુર્જરેશ્વરનું પદ ધારણ કરતાં કઇપણ અડચણ નડશે નહીં. પણ એમની ઈચ્છા કરતાં વિધિની ઈચ્છા યુવરાજને યુવરાજ પદવીમાંજ રાખવાની હોવાથી મહારાજ ભીમદેવના દેખતાંજ યુવરાજ વીરધવલ આ લોકમાંથી વિદાય થઇ ગયો. જેથી એમને ચિંતા થઈ કે હવે પોતાની પછવાડે પોતાનો ભત્રીજો ત્રીભુવનપાળ ગાદી માટે દાવો કરશે, બીજી તરફથી વીશલદેવ હક્ક કરશે જેથી બન્ને વચ્ચે લડાઇ થતાં એમના બળનો ક્ષય થશે અને

ગુર્જરેશ્વર થવાને ઘણોજ નબળો પડી જશે. લવણપ્રસાદને બોલાવી એ સંબંધી એણે મસલત કરવા માંડી. એનું પરિણામ આવે તે પહેલાં એ ગુજરાતનો ધણી પણ સંવત ૧૨૯૮ માં એટલે ઇ. સ. ૧૨૪૨ માં મોતની પથારીએ સુતો. લવણપ્રસાદને કેટલીક વાતોની ભલામણ કરી પોતે આ દુનિયામાંથી કુચ કરી ગયો. લવણપ્રસાદે ભીમદેવની યોજના પ્રમાણે ત્રીભુવનપાલને મહારાજ બનાવ્યો.

એજ વરસમાં વસ્તુપાલ પણ અધિકાર મુકત થયા ને સહેજ તાવ આવવાથી શત્રુંજયની યાત્રાએ કુટુંબ વર્ગ સાથે ગયા. પણ એ યાત્રા એમની અધુરીજ રહી. અંકેવાળીયા ગામે એજ વરસમાં એટલે સંવત ૧૨૯૮ ના ભાદરવા વદી ૧૦ ને દિવસે દેહ ત્યાગ કર્યો.

અઢાર વર્ષના અધિકાર દરમિયાન વસ્તુપાળે સાડાતેર યાત્રાઓ કરેલી. તે સિવાય આબુમાં રમણીય મંદિરો બંધાવ્યાં અને એમાં કરોડો દ્રવ્યનો વ્યય કર્યો. આજે પણ એ આબુનાં દેવલોની કોતરણી જગતને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. તે સિવાય શત્રુંજય, ગિરનાર આદિસ્થળે અનેક મંદિરો એમણે બંધાવ્યાં, અબજો રૂપિયા એમણે સુકૃત માર્ગમાં વાપર્યો.

એમના સમયમાં શ્રી મહાવીરસ્વામીની પાટે શ્રીમાન્ ગજત્ચંદ્રસૂરિ થયા. આ સૂરિ મહાભાગ્યવાન અને તપસ્વી હતા. દેવભદ્ર ઉપાધ્યાયની સહાયથી એમણે ક્રિયા ઉદ્ધાર કર્યો. એમણે ચિત્તોડના રાણાના દરબારમાં વાદ વિવાદ કરી બત્રીશ

દિગંબરી આચાર્યોને હરાવ્યા જેથી રાણાએ એમનું સન્માન કરી એમને ' હીરલા ' એવું બિરૂદ આપ્યું.

શ્રી મહાવીરસ્વામીથી ચુમ્માલીશમી પાટે જગતચંદ્રસૂરિ હતા. બાર વર્ષ પર્યંત આયંબિલનો તપ કરવાથી ચિત્તોડપતિએ પ્રસન્ન થઈને ' તપા ' એવું બિરૂદ આપ્યું. ત્યારથી વડગચ્છનું નામ તપાગચ્છ પડયું. આ બનાવ સંવત ૧૨૮૫ માં વસ્તુપાલના સમયમાં બન્યો. એ વડગચ્છની સ્થાપના શ્રી મહાવીરસ્વામીની ૩૬ મી પાટે આવેલા સર્વદેવસૂરિએ કરેલી હતી. સંવત ૯૯૪ માં ચોરાસી ગચ્છની ઉત્પત્તિ પણ ત્યારેજ થયેલી હતી. વડના વૃક્ષ નીચે સૂરિપદ આપવાથી પૂર્વથી ચાલ્યા આવતા નિગ્રંથગચ્છનું નામ વડગચ્છ પડયું.

વસ્તુપાલના સ્વર્ગગમન પછી કેટલોક સમય પસાર થઈ ગયો. સંવત ૧૩૦૦ ના વર્ષમાં લવણપ્રસાદ પણ આ લોકમાંથી વિદાય થઈ ગયો. જેથી ત્રીભુવનપાળ અને વિશલદેવનો યુદ્ધનો માર્ગ મોકળો થઈ ગયો. બન્ને વચ્ચે મોટું યુદ્ધ થયું એમાં વિશળદેવનો વિજય થયો. જેથી અણહિલ્લપુરમાં એણે ગુજરાતનો રાજમુકુટ ધારણ કરી ગુર્જરેશ્વરની પદવી ધારણ કરી. એ વિશળદેવને અર્જુનદેવ નામે પુત્ર હતો રાજાએ એને યુવરાજ પદવી આપી ઉત્તરાધિકારી ઠરાવ્યો.

વિશળદેવના સમયમાં દિલ્હીમાં નાસરૂદ્દિન બાદશાહ રાજ્ય કરતો હતો યુવરાજ વીરધવલના સમયમાં દીલ્હીશ્વરનુ એક મોટું લશ્કર ગુજરાત ઉપર આવેલું, પણ વસ્તુપાલને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથે હાર ખાધા પછી ફરીને તે આવ્યો નહોતો. સુલતાન અલ્તમશના મરણ પછી લગભગ એક દાયકો તો ત્યાં રાજ-કીય ખટપટમાં વહી ગયો. એક દાયકામાં તો દીલ્હીમાં ચાર પાંચ સુલતાનો બદલાઈ ગયા. અલ્તમશ સને ૧૨૩૬ માં એટલે સંવત ૧૨૯૨ માં મરણ પામ્યો ને ૧૩૦૨ માં નાસરૂદ્દિન દીલ્હીશ્વર થયો. વિશળદેવના સમયમાં એજ દીલ્હીશ્વર હતો.

ગુર્જરેશ્વર વિશલદેવને રાજ્ય કરતાં કેટલાંય વર્ષો પસાર થઇ ગયાં. ત્રણ વર્ષનો દુષ્કાળ પણ પસાર થયો એ દુષ્કાળ પછીના એક દિવસે રાજા વિશળદેવે પોતાના નાગડ નામના પ્રધાનને ભદ્રેસર મોકલ્યો. પોતાના માણસો સાથે નાગડ ભદ્રેસરમાં જગડુશાહનો અતિથિ થયો.

ભદ્રેસરના દરીયાઇ બારામાં રાજા વીશલદેવનું આખર મોશમમાં વીશ ઘોડા સહિત એક મોટું વહાણ આવવાનું હતું. પણ પવનના તોફાનથી એ વહાણ સમુદ્રમાંજ સમાઇ ગયું. એ વીશ ઘોડામાંથી એક ઘોડો સમુદ્રને કિનારે આવ્યો ત્યારે નાગડમંત્રીએ એને પોતાના સ્વાધિનમાં લેવાપ્રયત્ન કર્યો.

નાગડને એ પ્રમાણે અન્યાય કરતો જોઇ જગડુશાહે કહ્યું “ હે મંત્રીશ્વર ? તમે મારા ઘોડા માટે પ્રયત્ન કરવો છોડી દ્યો? ઉત્તમપુરૂષો બીજાની વસ્તુની કદાપિ ઇચ્છા કરતા નથી.”

જગડુશાહનું વચન સાંભળીને નાગડમંત્રી બોલ્યો “ હે સુભાગી ! આ ઘોડો તો મારા સ્વામીનો છે જો હું ખોટો પડું તો મારે વીશ ઘોડા તમને આપવા ? ” નાગડે સરત કરી.

" ભલે જેવી તમારી મરજી ? " જગડુશાહે એ સરત કબુલ કરી.

પછી એમણે ઘોડાના ગળામાં લપેટેલો ચામડાનો પટ્ટો લઈને એમાંથી પત્ર કાઢીને વાંચ્યો તો અંદર જગડુશાહનું નામ જોઇ નાગડમંત્રી વિલખો-ઝાંખો પડી ગયો.

જગડુશાહે મ્લાનમુખવાળા નાગડનું સમાધાન કરતાં કહ્યું, " એ સમુદ્રે મને વરદાન આપેલું હોવાથી મારી કોઇ પણ ચીજ એ રાખતો નથી. "

પણ નાગડ તો વીશ ઘોડાનીજ ચિંતામાં હતો. હવે જગડુશાહને વીશ ઘોડા આપવા ક્યાંથી એ વિચારમાં એને એક પણ રસ્તો ન સુઝવાથી નાગડ મુંઝાતો હતો.

એને પડી ગયેલા મુખવાળો જોઇ જગડુશાહે મંત્રીને ધિરજ આપી. " હે દ્વિજોત્તમ ? કરાર કરેલા વીશ ઘોડા મારે કાંઈ તમારી પાસેથી લેવા નથી માટે ચિંતા કરશો નહી. માત્ર આપણા વચ્ચે સ્નેહ ભાવ રહે એજ બસ છે ? "

જગડુશાહનું એ અમૃતસમાન વચન સાંભળીને નાગડ અત્યંત ખુશી થયો. ત્યારપછી થોડા દિવસ ભદ્રેસરમાં રહીને નાગડ અણુહિલ્લવાડ તરફ ચાલ્યો ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૮ મું.

## ઉપસંહાર.

જગડુશાહના એવા અનેક ઉપકાર તળે સમસ્ત જગત દબાયેલું છે. પોતાના અને પરના સમજ્યા વગર જગડુશાહે નિ:સ્વાર્થ બુદ્ધિથી ઊપકાર કર્યા છે. પરમાર્થ બુદ્ધિથી કરોડો રૂપિયા જગડુશાહે ખર્ચી નાખ્યા; છતાં જગડુશાહની લક્ષ્મીમાં કંઈ તોટો પડ્યો નહી. વિક્રમની માફક એની લક્ષ્મી પણ દાનમાં દેવાતાં છતાં વૃદ્ધિજ પામી. મધ્યમવર્ગના આબરૂદારવર્ગના લોકો ગરીબાઇથી પીડાતા હતા તેને તેમણે ઘરે જઈ મદદ કરી. એવી ગુપ્ત મદદો જગડુશાહની ઘણી થઇ હતી. એમના જીવનભરમાં કેટલું નાણું પરમાર્થમાં વપરાયું એની ગણતરી થઈ શકે એમ નથી. એવા દાતારો–જગડુશાહો યુગે યુગે ઉત્પન્ન થતા હોય તો જગતને કેટલું બધું આશ્વાસન મળે ! પણ આવા પંચમકાલમાં મનુષ્યોનું ક્યાંથી ભાગ્ય હોય કે એ પોતાના જમાનામાં જગડુશાહ જેવા દાતારનાં દર્શન કરી શકે. મોટા પુણ્યેજ એવા ભાગ્યવાનનું દર્શન થાય છે.

એક દિવસ ચાંચીયા લોકોને મીણથી ભરેલું વહાણ સમુદ્રમાંથી મલી આવ્યું, હવે એને શું કરવું ? એ માટે ચાંચીયા લોકો વિચારમાં પડયા. વિચાર કરતાં જગડુશાહ એમને યાદ આવ્યા. " ચાલો જગડુશાહ પાસે, આ વહાણનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મીણ એમને આપી આપણે ધન મેલવીએ. ” એવા વિચાર કરી તેઓ જગડુશાહ પાસે આવી બોલ્યા.

“ શેઠ ? મીણનું ભરેલું વહાણ અમને મલી આવ્યું તે તમે ધન આપી ગ્રહણ કરો ? ” ચાંચીયાઓના એક મુખીએ કહી સંભળાવ્યું.

જગડુશાહે એ મીણની ઈંટો મૂલ્ય આપીને ખરીદી લીધી. પછી જગડુશાહના નોકરો એ મીણની ઈંટોનાં ગાડાં ભરીને ઘેર લઈ જઈ ઘરની બહાર ચોકમાં એક ખુણે ઢગલો કર્યો.

મીણ એ પાપનો ધંધો હોવાથી જગડુશાહના કુંટુંબીઓનાં મન કચવાયાં. વચમાં ત્રણ માસ પસાર થયા.

તે પછીના એક દિવસે કાર્ય પ્રસંગે સગડીમાં તાપ કર્યો હશે તેમાં કોઇએ પેલી મીણની ઈંટ રમત કરતાં કરતાં નાખી. અગ્નિના તાપથી મીણ ઓગળી જતાં એ સુવર્ણની ઈંટ માલૂમ પડી. શેઠાણી યશોમતીને આ વાતની ખબર પડતાં તરતજ બહારથી જગડુશાહને બોલાવી પેલી સુવર્ણની ઈંટ બતાવી, મીણનો ઇતિહાસ કહી સંભળાવ્યો.

એ સુવર્ણની ઈંટોની જગડુશાહે બરાબર કસોટી કરાવી જોઇ તો તદ્દન શુદ્ધ સોનાની ઇંટ માલૂમ પડી. એટલે ચોકમાંથી બધી ઈંટો તરતજ ઘરમાં મુકાવી દીધી.

મીણ છુટું પાડીને વેચી નાંખ્યું એ બધી ઈંટો ૫૦૦ હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્મીના એ પ્રમાણેના આગમનનિમિત્તે ધર્મગુરૂને બોલાવી એમના ઉપદેશથી પુષ્કળ દ્રવ્ય દીન, દુઃખી, ગરીબ, અને અપંગના ઉદ્ધાર માટે ખર્ચી નાખ્યું. વિવેકીઓમાં શિરોમણી જગડુશાહ સમજતા હતા કે "આ ધન જોકે મારી પાસે આવ્યું છે છતાં એ મારૂં નથી એમાં અનેક મનુષ્યોનાં ભાગ્ય રહેલાં છે. એ ગરીબ માણસોના ભાગ્યથીજ મારી પાસે આવે છે. હું તો માત્ર નિમિત્તરૂપ છું. એમને આપીને કૃતાર્થ થાઉં છું. વળી જેટલી લક્ષ્મી મેં સુકૃતમાં, દાનમાં વાપરી એટલીજ મારી છે. બાકી તો તિજોરીમાં અઢળકનાણું ભરેલું હશે એમાં મારૂં કાંઇ નથી એ બધું છોડીને એક દિવસ આ સંસારમાંથી હું વિદાય થઇ જઇશ. એ પરદુઃખભંજન વિક્રમ ગયા, ભોજ ગયા, કુમારપાલ જેવા નરપતિ ગયા. જન્મ્યા એ બધાય આયુષ્ય પુર્ણ થતાં ચાલ્યા ગયા. પરન્તુ જેમણે જગતમાં જન્મ ધારણ કરી જગતને જીવાડયું છે-એમનું દુઃખ કાપ્યું છે. એજ મનુષ્યો મુઆ છતાં જીવતા છે તેમાંય વળી એવી રીતે દાન કરતાં જેટલું સુપાત્રમાં જાય છે. તેતો અનંતફલને આપનારૂં કહેવાય છે. માટે લક્ષ્મી મળી તો પરોપકારમાં શા માટે ન વાપરવી ? "

એ જગતના આધાર સ્વરૂપ જગડુશાહે જેમ જેમ ધન વાપરવા માંડયું તેમ તેમ ધન વધ્યાજ કરતું હતું. ધન સ્થિર થવાનાં બે કારણો જગતમાં ગણાય છે એકતો સંપ હોય ત્યાં લક્ષ્મીનો નિવાસ હોય છે. અને બીજું કારણ પુણ્ય ગણાય છે.

કહ્યું છે કે—દાનને અનુસારે કીર્તિ હોય છે, કર્મને અનુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારે બુદ્ધિ હોય છે, બુદ્ધિના અનુસારે વિદ્યા હોય છે ને પુણ્યને અનુસારે લક્ષ્મી હોય છે.

મળેલી લક્ષ્મી, જેમ જેમ દાનમાં વપરાતી જાય છે તેમ પુણ્ય વૃદ્ધિ પામે છે એ પુણ્યનો સંચય થતાં લક્ષ્મી આપોઆપ ગમે તેવા સંયોગોમાં પણ દાતારને ઘરે પ્રગટ થાય છે.

જગડુશાહે ત્રણવાર શત્રુંજયની યાત્રા કરી મનુષ્યજીવનની સાર્થકયતા કરી તે ઉપરાંત એમણે ૧૦૮ જુદે જુદે સ્થાને જીનમંદિર કરાવ્યાં.

દેવ, ગુરૂ અને ધર્મની શુદ્ધમને ભક્તિ કરતાં જગડુશાહનો કેટલોક સમય સુખમાં ચાલ્યો ગયો. કેમકે સમય કાંઇ કોઇની રાહ જોતો નથી. એતો પોતાનું કાર્ય કર્યે જાય છે અને દિવસ ઉગ્યે એક પછી એક સારા નરસા શિકારો હાથ કરતો જાય છે. પણ આપણે મનુષ્યો મનુષ્ય જીવનની કિંમત કેટલી અણમોલ છે તે સમજી શકતા નથી જેથી કરવા યોગ્ય કરતા નથી ને નહિ કરવાનાં કાર્યો કરી મનુષ્ય જીવન હારી જઇએ છીએ. પુણ્યની મીઠી સુવાસ લઇને આવ્યા હતા પણ પાપ કરી આ દુનિયામાંથી આપણે ઉઠાવગીરી કરીએ છીએ મનુષ્યને માટે એ કેટલું શરમાવનારૂં છે કે મનુષ્ય ભવમાં આવી સારો માર્ગજ ન શોધી શકયા. અરે લક્ષ્મી મળી તો કંજુસ થયા અથવા તો અનીતિ, અનાચારો, કે કજીયો કંકાસ કરી કોર્ટ દરબારમાં એનો વ્યય કર્યો. જગતમાં ડાહ્યામાં ગણના થઇ તો કઇકનાં સાચાં જુઠાં કર્યાં. અનેકનો ગેરઇન્સાફ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યો. માયા કપટમાં મસ્ત થઈ જગતમાં છાની રમતો રમી દુનિયાને ઠગી. બળવાન થયા તો તોફાન, મસ્તીમાં એનો ઉપયોગ કર્યો. કઇકને માર્યા, અનેક સાથે વેર-ઝેર ઉત્પન્ન કરી એમને સંતાપ્યા. જુલમ ત્રાસ વર્તાવ્યો. રાજા થયા તો અનેક અનાચારો અત્યાચારો પ્રજા ઉપર ગુજાર્યા. નજીવા કારણે, જર, જમીન અને જોરૂની ખાતર યુદ્ધો જગાડી અનેક જીવોની હિંસા કરી. પોતે પણ સપ્ત વ્યસનોમાં પ્રીતિવાળા થઈ અનેક દુરાચાર સેવ્યા.

એવી રીતે માનવ જીવન પામ્યા છતાં બાહ્ય વિષયોમાજ રાચી એને વ્યર્થ ગુમાવી દીધું. ચિંતામણિ રત્ન હાથમાં આવેલું ફેંકી દીધું પછી પશ્ચાત્તાપ કરવાથી શું વળે ?

છતાં ભવિતવ્યતા યોગ્ય જગડુશાહની માફક કોઇ જીવ પોતાનું આત્મકલ્યાણ મનુષ્ય ભવ પામી કરી જાય છે, તેમજ પોતાને જે શકિત મળેલી હોય એનો સદ્વ્યય કરવા તે અચકાતા નથી.

દાન અને ભોગ ભોગવતાં કેટલોક સમય પસાર થયો એવામાં એક દિવસ એવો સંતાપ જનક આવ્યો કે જે જગતને સંતાપ કારક થઇ પડયો. એ દિવસ સર્વ લોકને માટે શોક કરનારો થઈ પડયો. એ દિવસ જેમ બને તેમ નજીક આવતો ગયો. કેમકે જગડુશાહની કીર્ત્તિ આ ભૂમંડલમાં ભમીને પાછી સ્વર્ગલોકમાં ચાલી ગઇ હોવાથી એને જોવાને, ભેટવાને આતુર થયેલી દેવબાળાઓ ઉત્સુકતાથી એની રાહ જોવા લાગી. એ અધિરી દેવાંગનાઓની ઉત્સુકતા મટાડવા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તેમની સાથે અનેક પ્રકારની સ્નેહ રમતો રમવાને જગડુશાહ આલોકમાંથી વિદાય થઇ ગયા.

દેશોદેશમાં આ સમાચાર ફેલાતાં લોકોમાં શોક પ્રસરી રહ્યો લોકો બોલવા લાગ્યા કે ! "બસ ખલાસ, મનુષ્યોનું ભાગ્ય હવે પરવારી ગયું. જેથી કલ્પવૃક્ષ અહીંથી અદૃશ્ય થઇ સ્વર્ગ લોકનાં મનોરથ પૂરવાને ગયું. હા ? હતાશ ? દારિદ્રય આજ કળિયુગના ભયથી કયાંય છુપાયેલું ત હવે પ્રગટ થઇ નિર્ભયપણે જગતના જીવોને હેરાન કરશે. હે જગડુશાહ તારા વગર અમને કોણ બચાવશે ?"

દાન, દયા, લક્ષ્મી અને વીરતાથી શોભતા જગડુએ શત્રુઓનો નાશ કરી ધનથી જગતના અંધકારનો નાશ કરી નાખ્યો. એવો જગતને ચિંતામણિ સમાન ઇચ્છિત આપનાર જગડુ કાળને આધિન થતાં અફસોસ કે આ પૃથ્વી લક્ષ્મી વગરની, દાતાર વગરની થઇ ગઇ.

જગડુશાહના અવસાનના સમાચાર દીલ્હીના સુલતાન નાસરૂદ્દિનને મલતાં એને શોક થયો. ગુર્જરેશ્વર અર્જુનદેવને પણ બહુ પશ્ચાત્તાપ થયો. અને સિંધના રાજાને તો એના મરણના સમાચાર સાંભળતાં થોડા દિવસ પર્યંત ખાવું પણ ભાવ્યું નહી એમણે પોતાના રાજ્યમાં પણ એ શોક પાળ્યો, પળાવ્યો. એવો કયો મનુષ્ય હોય કે જેણે જગડુશાહનો શોક ન પાળ્યો હોય. એ લોકપ્રિય જગડુશાહનું નામ આબાલ વૃદ્ધ પર્યંત તે જમાનામાં આર્યાવર્ત્તમાં જાણીતું થયું હતું. એમના મરણથી લોકમાં ગમગીની ફેલાય એ સ્વાભાવિક છે. કારણ કે એમનો-જગતનો મોટો આધાર આજે ભાંગી પડયો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો. એનું કારણ એ નરનાયક જગડુશાહને તો બધી વસુધા એજ એનું કુટુંબ હતું. જેમ એક નાનકડા કુટુંબનો સુખી કુટુંબના સુખદુઃખમાં કાળજી રાખે છે તેમ જગડુશાહને તો આ બહોળા કુટુંબનું રક્ષણ કરવાનું હતું. જીવન પર્યંત એમણે એ કુટુંબનું રક્ષણ કરેલું હોવાથી દુનિયાએ આજે એક મોટો આધાર ગુમાવ્યો હતો.

રાજ, અને પદ્મ બન્ને ભાઇઓ તેમજ જગડુશાહનું કુટુંબ શોક સાગરમાં ડુબી ગયું. જગડુશાહના મરણનો અસહ્ય ઘા એમના હૃદયને સતાવી રહ્યો હતો. પણ સમયના જાણ, વિદ્વાન નરરત્ન શ્રીષેણ ગુરૂએ હમેશ અખંડ વૈરાગ્યમય, સંસારની અસારતાનો ઉપદેશ આપી એમનો શોક મુકાવ્યો– ધીરે ધીરે ઓછો કરાવ્યો.

ધીરે ધીરે શોક ઓછો થતાં રાજ અને પદ્મ એ બન્ને બંધુઓ પણ વડીલ બંધુના પગલે ચાલી પોતાની લક્ષ્મીનો સદ્‌વ્યય કરી ધર્મમાર્ગમાં અગ્રેસરપણે ભાગ લેતાં રાજા અર્જુનદેવના માનિતા થયા.

એ જગડુશાહને થઈ ગયે આજે વચમાં છસો છસો વર્ષથી અધિક વર્ષો વહી ગયાં છતાં એનું નામ જગતમાં જીવતું જાગતું ઉભેલું જ છે.

શાસન દેવતા હાલના શ્રીમંતોને સદ્‌બુદ્ધિ આપો ? જગડુશાહને પગલે ચાલી અન્ય જનોનું દુઃખ દૂર કરવાની એમના મનમાં અભિલાષા ઉત્પન્ન કરો ? ઉદારતાના અપૂર્વ મંત્રોના નાદ એમના કર્ણમાં રણકાર કરો ?

**સમાપ્ત.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રભાવના માટે છપાયેલા, અને સસ્તાં પુસ્તકો.

પ્રભાવના કરવા લાયક અમારાં પુસ્તકો એકી અવાજે વખણાયા છે કારણ કે બાળકોને તે ઉત્તમ પ્રકારનું ચારિત્ર આપી ઉચ્ચ સંસ્કારી બનાવે છે છપાઈમાં સુંદર શુદ્ધ છતાં કીંમત ઘણીજ સસ્તી છે ઘણા શ્રીમંતોએ અમારાં પુસ્તકો પાઠશાળાના ઇનામી મેળાવડામાં, લગ્નાદિ શુભ પ્રસંગોમાં સામટા મંગાવી વહેંચ્યા છે. કીંમત સો નકલના.

| | | |
|---|---|---|
| ૧ પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ પાકું રેશમી પુંઠું આવૃત્તિ બીજી પૃષ્ટ ૩૦૦ નવસ્મરણ સ્તોત્રો, છંદો, રાસ સાથે... | ૦–૧૦–૦ | ૫૦–૦–૦ |
| ૨ વિજય શેઠ અને વિજયા શેઠાણી. ... | ૦—૪—૦ | ૧૫–૦–૦ |
| ૩ ઇલાયચી કુમાર ચરિત્ર. ... | ૦—૩–૦ | ૧૦–૦–૦ |
| ૪ અરણીક મુની ચરિત્ર... ... | ૦—૩–૦ | ૧૦–૦–૦ |
| ૫ જૈન નિત્ય પાઠ સંગ્રહ નવસ્મરણ અને બીજાં સ્તોત્રો છંદો, રાસ વિ. ) ... | ૦—૩–૦ | ૧૦–૦–૦ |
| ૬ પ્રાતઃસ્મરણમાળા ( છંદો રાસ વિ. ) ... | ૦—૨–૦ | ૮–૦–૦ |
| ૭ સ્નાત્રપુજા શ્રીદેવચંદ્રજીકૃત તથા અષ્ટપ્રકારી પુજાના દોહા ... | ૦—૨–૦ | ૮–૦–૦ |
| ૮ પાંચ પદની અનુપૂર્વી ... | ૦—૧–૬ | ૬–૦–૦ |
| ૯ પુણ્ય પ્રકાશનું સ્તવન ... | ૦—૧–૦ | ૫–૦–૦ |
| ૧૦ રત્નાકર પચ્ચીશી ... | ૦—૦–૬ | ૨–૮–૦ |
| ૧૧ શ્રી કયવન્ના શેઠનું ચરિત્ર... | ૦—૨–૦ | ૧૦–૦–૦ |
| ૧૨ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ ... | ૦—૨–૦ | ૧૦–૦–૦ |
| ૧૩ ક્ષમાવીર ગજસુકુમાર ... | ૦—૨–૦ | ૧૦–૦–૦ |

લખો—જૈન સસ્તી વાંચનમાળા

રાધનપુરી બજાર—ભાવનગર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust